[illegible]

કરસનદાસ મૂળજી સ્મારક ગ્રંથમાળા નં. ૧૬.

શહાનશાહ જ્યોર્જ પાંચમા

નું

જીવનચરિત્ર.

ઘણાં ઇંગ્રેજી પુસ્તકોનું અનુસરણ

કર્તા

રા. રા. ડાહ્યાભાઈ પીતામ્બરદાસ દેરાસરી.

બેરિસ્ટર એટ લૉ.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૦. ઇ. સ. ૧૯૧૩.

કીમત બાર આના.

અમદાવાદમાં

ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ શામળદાસે છાપી.

કરસનદાસ મૂળજી સ્મારક ગ્રંથમાળાનો ઉપોદ્ઘાત.

સ્વર્ગવાસી કરસનદાસ મૂળજી સામાજિક સુધારાના એક આગેવાન હતા. ઈંગ્લાંડમાં પ્રવાસ કરીને આવ્યા પછી કાઠી-આવાડમાં તેમને સરકારી નોકરી મળી હતી. તે ઇ. સ. ૧૮૭૧ માં ગુજર્યા પછી તેમની સ્વદેશસેવાની યાદગીરી રાખવા કાઠી-આવાડમાં એક ફંડ રૂ. ૩૪૮૫ નું થયું હતું. તે ઈ. સ. ૧૮૮૩ માં સોસાઇટીને એવી સરતે સોંપવામાં આવ્યું તે કે, તેના વ્યાજમાંથી તેમને નામે પુસ્તકો રચાવવાં તથા છપાવવાં. આ ફંડની રૂ. ૩૨૦૦ ની નોટો સોસાઇટી હસ્તક છે. આજ સુધીમાં આ ફંડમાંથી નીચે પ્રમાણે પુસ્તકો પ્રકટ કરવામાં આવ્યાં છે:—

૧	પ્રાણીવર્ણન, ભાગ ૧ લો	(બીજી આવૃતિ એક ભાગમાં.)	૦—૮—૦
૨	,, ,, ૨ જો		૦—૮—૦
૩	,, ,, ૩ જો		૦—૮—૦
૪	મહાન આલફ્રેડનું ચરિત્ર. (પાંચમી આવૃત્તિ)		૦—૫—૦
૫	વનસ્પતિશાસ્ત્રનાં મૂળતત્ત્વ.		૦—૬—૦
૬	અનેક વિદ્યાનાં મૂળતત્વ.		૧—૮—૦
૭	સર વિલિયમ વોલેશ.		૦—૨—૦
૮	ઉદ્યોગી પુરૂષો. (બીજી આવૃત્તિ)		૦—૪—૦

૯ ધર્મનીતિ.	૦—૭—૦
૧૦ ન્યાયશાસ્ત્ર.	૦—૧૨—૦
૧૧ સ્વાતંત્ર્ય.	૧—૦—૦
૧૨ શિક્ષણ સૂત્ર.	૦—૨—૦
૧૩ ઈશ્વરચંદ્ર વિધાસાગર.	૦—૮—૦
૧૪ રાજા રામમોહનરાયનું જીવનચરિત્ર.	૧—૦—૦
૧૫ સામાજિક સેવાના સન્માર્ગ.	૦—૧૨—૦
૧૬ શાહાનશાહ જ્યોર્જ પાંચમાનું જીવનચરિત્ર.	૦—૧૨—૦

અમદાવાદ.
તા. ૧૨-૧૨-૧૯૧૩.

સાર્વભૌમ મહારાજા પંચમ જોર્જ.

પ્રકરણ ૧ લું.

બાલપણ—નૌકાસૈન્યની નોકરી.

સુરતના રસિલા કવિ નર્મદે પાંચેક દાયકા ઉપર

'દેશમેં આનંદ ભયો, જય જય વિકટોરિયા!'

એ પ્રમાણે ગાયું હતું.

તે કાળે હિંદુસ્થાનમાં શાંતિ પ્રવર્તાવવા અને કરોડોની વસ્તીને ઉદ્ધારવા, ઓનરેબલ ઈસ્ટ ઇંડિયા કંપનીના હાથમાંથી પરમ પવિત્ર દેવી શ્રી વિકટોરિયા—કૈસર-એ-હિંદ—એમણે હિંદુસ્થાનનો રાજકારભાર પોતાના હસ્તક લીધો હતો. તેમણે હિંદુસ્થાનનું રાજ્ય જ નહિ પણ પ્રજાજનનાં હૃદયો પણ સ્વાધીન કરી લીધાં હતાં. પ્રજાજનોનાં માતા—અને તે પણ પરમ કૃપાળુ અને સ્નેહાળ હૃદયવાળાં માતા સલાહ, શાંતિ, અપક્ષપાત, ન્યાય અને ધર્મથી રાજ કરી—દીર્ઘાયુષ ભોગવી

સ્વર્ગવાસી થયા પછી એજ દેવીના સુપુત્ર મહાન શાંતિપ્રિય નામદાર શહાનશાહ એડવર્ડે રાજ્યની સાથે પ્રજાજનનાં હૃદયનો પણ વારસો લીધો હતો. પ્રજાના હીન ભાગ્યે આ શાંતિપ્રિય શહાનશાહની કારકિર્દી બહુ લંબાઇ નહિ. એજ શાંતિપ્રિય શહાનશાહના પુત્ર, એજ સ્વર્ગીય દેવીના પૌત્ર, પાંચમા જોર્જ હાલ રાજગાદી દીપાવે છે. હિંદુસ્થાનના સંબંધની નિકટતા વધારવા અને ભારતવાસીઓના હૃદયની નૈસર્ગિક દ્દઢ રાજભક્તિ વધારે દ્દઢ કરવા સાર્વભૌમ શહાનશાહ જોર્જ પાંચમા હસ્તિના પુરમાં પુનઃ સિંહાસનારૂઢ થયા છે. આ શુભ ટાંણે અમે પણ ઉક્ત રસિક કવિનું અનુકરણ કરીને ગાઇશું કેઃ-

'દેશમાં આનંદ થયો, જય જય જય જોર્જનો !'

શહાનશાહ જોર્જ કેવી રીતે રાજ કરશે, કેવા નિવડશે એ વિષયે એમના ઇંગ્લાંડમાં રાજ્યારોહણ કાળે ઘણી તરફથી તર્કો થયા હતા. એટલું તો નિર્વિવાદ છે કે પોતાનાં પૂજ્ય મહાન વડીલોનાં વચનોને માન આપીને અને તેમને જ અનુસરીને એઓશ્રી રાજતંત્ર ચલાવી અસંખ્ય પ્રજાજનોને સુખી કરશે. ભવિષ્ય ભાખવાનું કામ અમારૂં નથી. પણ રાજકુમાર તરીકે, તેમજ વેલ્સના શાહજાદા તરીકે એ મહાનુભાવે પોતાનો ધર્મ કેવી રીતે બજાવ્યો છે તે આપણે જાણી શકીએ એમ છે; અને એથી અમે શહાનશાહ જોર્જ પાંચમાના બાલચરિત્રનો અને વેલ્સના શાહજાદા તરીકેના જીવનનો સંક્ષિપ્ત હુંડો આપવાનું આનંદ ભર્યું કામ આદરીએ છીએ.

આપણા આ મહાન જોર્જ પાંચમાના અત્યાર સુધીના

જીવનમાં કાંઈક મોહક અણુચિંતવ્યાપણું સમાયલું છે. એમના જીવનની ઘણી બાબતો અણચિંતવી બની આવી છે. બાલપણમાંથી જ આનંદી રમત અને નિર્દોષ ટિખલ એમને ઘણું પ્રિય છે. ભલા સ્વભાવના કુતુહળપ્રિય રાજકુમારે જાણે જનમ્યા પૂર્વે જ કુતુહળનો આરંભ કર્યો હોય નહિ એમ એઓશ્રીનું આ લોકમાં પ્રથમ શુભાગમન અણચિંતવ્યું જ થયું હતું. નામદાર માજી શહાનશાહબાનુ તંદુરસ્ત હાલતમાં હોઈ છડાં ફરતાં હતાં. એટલુંજ નહિ પણ પોતાના મહેલમાં નિમંત્રેલા મહેમાનોની ડઠવેઠ કરતાં હતાં. હશી ખુશીને મહેમાનોથી છૂટાં પડયા પછી ભાગ્યે જ બે એક કલાક થયા હશે અને અર્ધી રાત્રિયે કુમારશ્રીનો જન્મ થયો. ગણત્રી કરેલા સમયની ઘણા દિવશ પહેલાં અણચિંતવ્યા થયેલા આ જન્મથી સર્વત્ર અણચિંતવી જ ખુશી ફેલાઇ રહી. માત્ર રાજકુટુંબમાં જ નહિ પણ પ્રજાજનોમાં પણ હર્ષ હર્ષ વ્યાપી રહ્યો.

ઈ. સ. ૧૮૬૫ ના જૂન મહિનાની ત્રીજી તારીખે સવારે એક વાગે આ આનંદ ભર્યો બનાવ બન્યા પછી એકાદ મહિને માર્લબરોહાઉસ નામના મહેલમાં બાળ કુમારોને રહેવાના ભાગમાં અણચિંતવી આગ લાગી હતી. સહુથી પહેલું બાલ કુમારો અને તેમનાં માતુશ્રી—માજી શહાનશાહબાનુ અલેક્ઝાંડ્રાને એ જગાએથી બીજે ખસેડવાનું વિકટ કામ હતું. તે કર્યા પછી માજી શહાનશાહ—જેઓ તે કાળે વેલ્સના શાહજાદાના પદ ઉપર હતા—તેઓએ પોતે અને પચાશેક ખાનગી નોકરોએ ઘણી ત્વરા અને યુક્તિથી આગ ઓલવી નાંખી હતી. પોતાના

કુમારો અને પત્નીને બચાવવાની મહેનતમાં સ્વર્ગવાસી શહેનશાહ એડવર્ડ પડતા પડતા સ્હેજ જ બચી ગયા હતા. આ પ્રમાણે ઘણો ગજબ બનાવ બનતાં ઈશ્વર કૃપાથી અટકી ગયો હતો. આગ ઓલવવાના બંબા વગેરે આવી પહોંચે તે પહેલાં તો બધું શાંત થઇ ગયું હતું. શહાનશાહ એડવર્ડને આગ ઓલવવા તરફ સ્વાભાવિકજ વૃત્તિ હતી. ઘણીવાર એઓશ્રી મોટી આગો વખતે હાજર રહી બંબા ઉપર ચઢી જઇ પોતાને હાથે સુંઢ ઝાલી એ ખાતાં વાળાઓને મદદ કરતા. એઓશ્રીનો આ શોખ માત્ર મઝાને લીધે નહિ પણ હૃદયની દયા ભાવનાને લીધે હતો. બંબા ખાતાવાળા ઉપર એઓશ્રીની કૃપાછાયા હતી અને પોતાને એવી બાબતોનું ઘણું અનુભવસિદ્ધ જ્ઞાન હતું.

વિંડસરના રાજમહેલમાં જોર્જ કુમારને નામાભિધાન અને બાપ્તિસ્મા—જળ સંસ્કાર થયા હતા. ૧૮૬૫ ના જુલાઇની ૭ મી તારીખે એ મહેલમાં એક ભવ્ય મેળાવડો થયો હતો. આખું રાજકુટુંબ અને દરબાર, પરરાજ્યના વકીલો, બિશપો, ડીનો, કાન્ટરબરીના ધર્માધ્યક્ષ અને રાજકુટુંબના અમલદારો એકઠા થયા હતા. હાનોવરના રાજા, ડેન્માર્કના પાટવી કુમાર, લોર્ડ ચેંબરલેન, પ્રિન્સેસ એલીસ (હેસે-ડાર્મ્સ્ટાટનાં ડચેસ), કેંબ્રિજનાં ડચેસ, સેક્ષકોબર્ગ ગોથાના ડયૂક, અને લીનિંજનના પ્રિન્સ એમણે ધર્મપિતા અને ધર્મમાતાનાં પદ લીધાં હતાં. મેકલ્સફીલ્ડનાં કાઉન્ટેસે બાલ કુમારશ્રીને લઇને મહારાણીશ્રી વિકટોરિયાના હાથમાં આપ્યા અને એમણે એમનું નામ 'જોર્જ ફ્રેડિક અર્નેસ્ટ આલ્બર્ટ' એવું પાડયું. ધર્માધ્યક્ષે પવિત્ર જળ સિંચન

ફરીને બેપ્ટિઝમ્ આપ્યા પછી કુમારને પાછા પિતામહીએ પોતાના ગોદપર લીધા.

નામાભિધાનની ક્રિયા રાતા દિવાનખાનામાં કરવામાં આવી હતી. ત્યાર બાદ સઘળાં ખાણાપર બિરાજ્યાં હતાં. 'વેલ્સના પ્રિન્સ જોર્જ' ની સલામતી લેવાઇ હતી. આ ક્રિયા પછી નામદાર શહાનશાહ ખ્રિસ્તી ધર્મમાં અને રાજ્ય સંબંધમાં દાખલ થયા ગણાય. એઓશ્રીની રાજકીય જીંદગી ત્યારથી જ શરૂ થઇ. જો કે ત્યાર પછીનાં કેટલાંક વર્ષ માતાની અતુલ પ્રેમમય સંભાળ નીચે મોટા થવા શિવાય એઓશ્રીને બીજું કાંઈ કરવાનું નહોતું.

સ્વર્ગવાસી શહાનશાહ એડવર્ડ અને માજી શહાનશાહબાનુ અલેક્ઝાંડ્રાએ પોતાનાં ફરજંદોને બનતાં સુધી પોતાની સન્નિધ જ રાખ્યાં છે. કુમારોનું ભણવાનું નિયમિત રીતે ચાલુ થયું ત્યાં સુધી તો મુસાફરીમાં પણ તેમને જોડે રાખતાં. નિશાળમાં ભણવાનું શરૂ થયા પછી ન છૂટકે તેમનાથી છૂટાં પડતાં. જ્યાં જ્યાં વેલ્સના શાહજાદા એડવર્ડ અને તેમનાં પત્ની જતાં ત્યાં ત્યાં બન્ને રાજકુમારો જાણીતા થઇ ગયા હતા. રાજકુમારો ગમે તે કરવાના હોય પણ તેમને ઉંચા પ્રકારની કેળવણી તો મળવી જ જોઇએ. એમ હોવાથી તેમને અભ્યાસ વહેલો શરૂ કરવાનો હોય છે. નાનપણમાં પણ બન્ને કુમારોને કશું કરવાનું ન હોય એવો વખત ભાગ્યે જ મળતો. સ્વર્ગવાસી શહાનશાહના બન્ને કુમારોમાં જોર્જ કુમાર વધારે આનંદી અને વધારે છાતીઘડા હોવાથી મસ્તીમાં તેઓ વધારે આગેવાની લેતા. આથી

વિનોદમાં તેમને " ધી રાઇટ્ રોયલ પિકલ ", રાજવંશી તીખું મરચું, એવા ઉપનામથી ઓળખતા. રાજકુમાર જોર્જ નામદાર મહારાણી પાસે ઘણી વખત રહેતા. એક વખત જમતાં જમતાં તોફાન કરવાથી તે નામદારે ફરમાવ્યું કે કુમાર જોર્જ, જાઓ ડાહ્યા થાઓ ત્યાં સુધી ટેબલ નીચે બેસો. આજ્ઞાંકિત કુમાર તુરત ઉઠીને દીલગીર ચ્હેરે ટેબલ નીચે ભરાયા. થોડીવાર થઇ એટલે હજૂરમાંથી કોઇએ યાદ દેવરાવ્યું કે કુમારશ્રી ટેબલ નીચે છે. મહારાણીએ પુછયું કુમાર જોર્જ, ડાહ્યા થયા ? ના, માજી બરાબર નહિ, એવો જવાબ મળવાથી મહારાણીએ આજ્ઞા કરી કે ઠીક, બરાબર ડાહ્યા થાઓ ત્યાં સુધી ત્યાં જ રહો. ભોજન ચાલતું હતું, વાર્ત્તાલાપ થતો હતો અને કેટલોક વખત ગયા પછી પાછું મહારાણીશ્રીને કોઇએ સ્મરણ કરાવ્યું કે રાજકુમાર કયારનાએ ટેબલ નીચે છે. માજીએ ફરી પુછયું કે રાજકુમાર ! ડાહ્યા થયા ? થયા હો તો બહાર આવો. હા માજી બધો થયો, કહેતા રાજકુમાર બહાર આવ્યા ! શરીર ઉપરનાં એકેએક લુગડાં ફાડી નાંખી તેમને તદ્દન ઉઘાડા થયેલા જોઇને ગંભીર પિતામહીને પણ સ્હેજ સ્મિત આવ્યું !

વેલ્સના શાહજાદાના ' સૅન્ડ્રિંગ્હામ ' નામના રાજમહેલમાં કુમારો રહેતા. ત્યાં તેમની રહેણી કરણી તદ્દન સાદી અને સ્વતંત્રતા ભરેલી હતી. જ્યારે એઓ ' માર્લબરો ' મહેલમાં જાય ત્યારે તો દરબારી શિષ્ટાચાર પ્રમાણે વર્ત્તવું પડતું. એ મહેલમાં જાય ત્યારે પણ તેમને તદ્દન મોજ મઝા કરવાનું તો નહોતું. એ મહેલમાં કુમારોને બોલાવવા કરવામાં તેમની પદવી ઉપર લક્ષ આપવામાં આવતું નહિ. સામાન્ય રીતે એમને

બોલાવતાં 'રોયલ હાઇનેસ '' એ શબ્દો લગાડવા જોઇએ, તે ન લગાડતાં તેમને માત્ર 'પ્રિન્સ એડી,' 'પ્રિન્સ જોર્જ' એવી રીતે બોલાવવામાં આવતા. ગરીબમાં ગરીબ છોકરાંઓને જેમ આનંદ અને ક્ષુલ્લક મઝા મેળવવાની ઈચ્છા થાય તેમ રાજકુમારોને પણ થાય છે 'માર્લબરો' મહેલ આગળ સતત લશ્કરી પહેરો રહે છે. પહેરો બદલતી વખતે જોવા લાયક ભવ્યતા બની રહે છે અને છોકરાંઓ ઘણી રમુજથી એ દેખાવ જોવા ઉભાં રહે છે. એમની પેઠે પ્રિન્સજોર્જે પણ પોતાનાં ભાંડુઓની જોડે 'માર્લબરો' મહેલની વાડીના કોટ ઉપરથી ઘણીવાર આ દેખાવો હરખથી જોયા છે.

બિશપ વિલ્બર્ફોર્સે નામદાર કુમારશ્રીને વિષે કહ્યું હતું કે 'જોર્જ કુમાર જીવનશક્તિ અને ઉત્સાહ ભર્યા છે.' ચાર્લ્સ કિંગ્સ્લીને 'સેંડ્રીંગ્હામ' મહેલમાં સઘળાં ચહાતાં હતાં. એઓ તરૂણ કુમારોની સોબતમાં ઘણું રહેતા અને તેમને વાર્ત્તાઓ, કહાણીઓ વગેરે કહીને બહુ આનંદ કરાવતા.

સ્વર્ગવાસી શહાનશાહ એડવર્ડ જ્યારે વેલ્સના શાહજાદાના પદપર હતા તે વખત તેઓશ્રીએ હિંદુસ્થાનની મુસાફરી કરી હતી. ઇ. સ. ૧૮૭૫ નો આ સુખદ બનાવ હજુ આપણા મનમાં તાજો જ છે. આ સમયે તેમના બન્ને કુમારો નહાની વયના હતા. પ્રેમશૌર્યવાળા રજપુતો જેઓ સ્ત્રીજાતિના રક્ષણમાં સદા તત્પર રહેતા તેમનું અનુસરણ કરતા હોય નહિ તેમ નહાની વય છતાં પણ જ્યાં જ્યાં એમનાં માતુશ્રી જતાં ત્યાં ત્યાં બન્ને કુમારો જોડે જ રહેતા. આ પ્રમાણે ચોપડીને હાથ અરાડયા

પહેલાં વડીલો તરફ પૂજ્ય ભાવ અને વિનયનું પ્રથમ શિક્ષણ પોતાની જનની તરફથી તેમને મળ્યું હતું. દેવી શ્રી વિક્ટોરિયા અને તેમના પતિ ભલા આલ્બર્ટના વખતની વાત જૂદી હતી. તે કાળે કેળવણી સંબંધી વિચારો ભિન્ન હોવાને લીધે સ્વર્ગવાસી એડવર્ડને ઘણો સખ્ત અભ્યાસ કરવો પડતો. પરંતુ આ રાજવંશી કુમારોને ખાસ પોથીપંડિત બનાવવા તરફ લક્ષ આપવામાં નથી આવ્યું.

ઇંગ્લેંડના કાયદાની રૂએ દેવી શ્રી વિક્ટોરિયા પછી વેલ્સના શાહજાદા એડવર્ડ અને ત્યાર પછી અનુક્રમે રાજગાદીના વારસ સ્વ. રાજકુમાર એડવર્ડ હતા. આમ હોવાથી પોતાની ઉમ્મરનાં પ્રથમનાં બારેક વર્ષ સુધી રાજકુમાર જોર્જને યુવરાજ કરતાં ગૌણ પદવી મળતી. માતા પિતા તો બન્ને કુમારોને સરખા જ ગણતાં. પરંતુ પ્રજાજનોનું દીલ રાજગાદીના વારસ તરફ વધારે આકર્ષાય એ સ્વાભાવિક છે. બન્ને રાજકુમારોમાં પરસ્પર ઘણી મમતા હોઇને એક બીજાથી છૂટા ન પડાય એવું હતું. બન્ને પોતાનાં માબાપની સન્નિધ જ રહેતા. એ વર્ષોમાં રાજકુમારો ઘણીવાર મોસાળ પધારતા. તે વખતે ડેન્માર્કમાં કોપન્હેગનની પાસે બર્ન્સ્ટોર્ફ નામના કિલ્લામાં રહેતા. આ જગાએ તરૂણ રાજકુમારોના ઉપરનો અંકુશ ન જેવો રહેતો. તેઓ પોતાનો કાળ તરવામાં, માછલાં પકડવામાં, અને પોતાના જર્મન અને ડેનીશ સમાનવયસ્ક સગાંઓ સાથે ફરવા હરવામાં ગાળતા. રૂશીયાના હાલના નામદાર ઝાર, અને જર્મનીના હાલના કૈસર આ ગમ્મતોમાં સામીલ હતા. યૂરોપનાં ત્રણ મોટાં રાજ્યના

રાજકર્ત્તાઓ આ પ્રમાણે ભાઈઆચારાથી આનંદમાં રહેતા. તેથી ભવિષ્યમાં આ ત્રણે પ્રજાઓમાં સલાહ સંપ રહેશે એવું જણાય છે. સામાન્ય રીતે શિયાળામાં રાજકુમારો 'સેંડ્રિંગ્હામ' ના મહેલમાં વસતા, પરન્તુ શિયાળો ગયે જ્યારે દરબાર લંડનમાં પધારે છે ત્યારે તેઓ લંડન પધારતા. લંડનમાં માર્લબરો મહેલમાં રહીને પોતાના શિક્ષકોની સાથે લંડનનો કિલ્લો અને ઝૂ નામનો પ્રાણિઓના સંગ્રહવાળો બગીચો જોવાની મઝા ભોગવતા. સાધારણ રૈયતનાં બાળકોની પેઠે જ તેમને પણ આ અદ્‌ભુત જગાઓ આનંદદાયક થઇ પડતી. પાનખર ઋતુમાં રાજકુમારો એબર્ગેલ્ડી નામના કિલ્લામાં રહેતા. અને પોતાની પ્રિય પિતામહીને મળવાને હમેશ જતા. દેવી શ્રી વિક્ટોરિયા આઇલ ઓફ વાઇટમાં ઓસ્બર્ન નામના મહેલમાં રહેતાં. આ પ્રમાણે રાજકુમારોનું બાળપણ ખરેખરા સુખમાં, સાદાઇ ભરેલા નિરંકુશ આચારમાં વ્યતિત થયું છે. બન્ને ભાઇઓને નૌકાસૈન્યમાં દાખલ કર્યા ત્યાં સુધી સામાન્ય રીતે તેઓ ખલાસીનો પોશાક પહેરતા. કોઈ કોઇ વખતે સ્કાટલંડના ઉચ્ચ પર્વતવાસી જેવો પોશાક પણ ધારણ કરતા. ઇંગ્લંડની આજુ બાજુ સમુદ્ર વિંટાયલો છે. ડેન્માર્કની આજુબાજુ પણ દરીઓ વિંટાયલો છે. આવા સમુદ્ર વેષ્ટિત બન્ને દેશોના રાજકુટુંબના ફળ તરીકે રાજકુમાર જોર્જને સમુદ્ર તરફ પ્રીતિ હોય એ સ્વાભાવિક છે. એમને માટે કહેવાય છે તે એઓ રગે રગ 'નાવિક' છે. નાનપણમાંથીજ મોસાળના સમુદ્ર કિનારાથી ઘર તરફ અને ઇંગ્લંડના સમુદ્ર કિનારાથી મોસાળ તરફ પ્રેમની દૃષ્ટિઓ નાંખી હશે એ સ્વાભાવિક છે અને એથીજ એમને

સમુદ્રનો આટલો બધો મોહ લાગ્યો હશે. રાજકુમાર જોર્જ જેમ પિતામહી તેમજ માતામહીના પણ માનીતા હતા. મોસાળમાં જે જે વસ્તુઓ જોએલી તેનાથી એમના હૃદયપર ઉંડી છાપ પડી છે. ડેન્માર્કમાં દરીઆથી દૂર જવાય એમ નથી. પોતાના મોસાળ પક્ષના ડેનીશ પૂર્વજોનો જુસ્સો એમનામાં ઉતર્યો છે અને એ બધા જબરા નાવિકો હોવાથી રાજકુમારને પણ વહાણ અને દરીઓ એ પ્રિય પદાર્થો થઇ પડયા છે.

સમુદ્ર તરફની આ સ્વાભાવિક પ્રીતિ કેનન ડાલ્ટન અને ચાર્લ્સ કિંગ્સલીની વાર્ત્તાઓ સાંભળવાથી વખતે વધારે દૃઢ થઈ હશે. રાજકુમાર જોર્જ વારે ઘડીએ કહેતા કે કેવું સારૂં છે કે હું રાજા નથી થવાનો કેમકે મારે તો નાવિક થવું છે. ભાગ્ય દેવીએ કાંઇ જૂદું જ નિર્માણ કર્યું હતું. નૌકાશાસ્ત્રનું જ્ઞાન અને નૌકાસેનાધિપતિ તરીકે મેળવેલો અનુભવ રાજ્યરૂપી વહાણ ચલાવવામાં ઘણો ઉપયોગી થઇ પડશે.

માત્ર પોથીના પાંડિત્ય ઉપર ખાસ લક્ષ ન આપતાં એક રાજકર્ત્તાને છાજે અને જરૂર પડે એવું સર્વ દેશી બહોળુંજ્ઞાન મળવાનીજ ધારણા રાખીને શહાનશાહ એડવર્ડે પોતાના રાજકુમારોને પોતાને મળેલી કેળવણીના કરતાં જૂદી જ રીતે કેળવ્યા છે. આમ કરતાં તેમને ઘણા જૂના રિવાજોમાં ફેરફાર કરવો પડયો હતો. પોતાના કુમારોને પુસ્તક દ્વારા નહિ પણ અનુભવસિદ્ધ જ્ઞાન મળે, દરેક બાબત તેમના પોતાના મન ઉપર અસર કરે અને અણીની વખતે પોતે પોતાના વિચારને આધારે પોતાનું વર્ત્તન કરી શકે એવી એ નામદારની શુભ ધારણાઓ હતી. પોતાની ધારણા બર આવે

એવી કેળવણીનું મંડાણ કુમારોને નૌકાસૈન્યમાં દાખલ કરવાથી મંડાશે એમ એઓશ્રીનું માનવું હતું. નૌકાસૈન્યમાં દાખલ થનારને સખ્ત અંકુશમાં રહેવું પડે છે. ત્યાં કોઇ તરેહનું વગળ જોવામાં આવતું નથી. ત્યાં રહ્યાથી માણસનાં લક્ષણો કસાઇને તેનું ચરિત્ર બંધાય છે. મૂળમાં આટલો લાભ મળ્યા પછી એવા માણસમાં ભવિષ્યમાં સ્વાશ્રય, ધારિષ્ટ અને ગમે તે સ્થિતિમાં ઉકેલ કાઢવાની કળા આપોઆપ વધે છે. ત્યાં નોકરી કરનારને હુકમ ઉઠાવતાં આવડે છે તેથી પરિણામે હુકમ કરતાં પણ આવડે છે. પોતાના કુમારોને આવા ધંધામાં નાંખીને કેળવવાનો ઠરાવ શહાનશાહ એડવર્ડે કર્યો હતો.

ઈ. સ. ૧૮૭૭ ના જાન્યુઆરી મહિનામાં સરકારી આગબોટ 'બ્રિટાનિયા' ડાર્ટમથ ખાતે હતી. એ આગબોટ ઉપર અમલદારીના ઉમેદવારોને કેળવણી અપાતી. માત્ર બાર વર્ષની ઉમ્મરના રાજકુંવર જોર્જને એ આગબોટ ઉપર ઉમેદવાર તરીકે શિખવા મોકલવામાં આવ્યા. રાજકુમાર પોતે આ ગોઠવણથી ઘણા ખૂશી હતા. આગબોટ ઉપર શિખતા અને કેળવાતા સઘળા ઉમેદવારોમાં એઓશ્રી ઉમ્મરે નહાના હતા. રાજકુમાર એડવર્ડને પણ ત્યાંજ મોકલવામાં આવ્યા. પરંતુ થોડાજ કાળમાં રાજકુંવર જોર્જ દરેક વાતમાં આગળ પડતા થઈ ગયા અને સઘળા શિક્ષકોની ખાત્રી થઈ કે રાજકુંવર એડવર્ડ તો માત્ર નૌકા સૈન્યનો અનુભવ લેવાને ગયા હતા પણ નહાના કુમાર તો ખાસ કામ શિખવાને જ દાખલ થયા હતા.

પોતાનાં સંતાનો ક્યાં રહેશે, શું કરશે, તેમને રૂચશે કે

નહિ એવી લાગણી દરેક માતાને થાય એ સ્વાભાવિક છે. અને એવી લાગણીથી જ બુદ્દ શહેનશાહબાનુ અલેક્ઝાંડ્રા, રાજકુમારો ' બ્રિટાનિયા ' પર જઇને રહ્યા બાદ ' બ્રિટાનિયા ' પર પધાર્યા હતાં. રાજકુમારોને બીજા ઉમેદવારોની પેઠે જ રહેવાનું હતું. માત્ર તેમનું સુવાનું ખાસ તેમના પોતાના ઓરડામાં ટાંગવાની રજા મળી હતી. આ ઉમેદવારીના સમયમાં તેમને પોતાનાં મોજાં અગર લુગડાં પોતાને હાથે જ ટાંકોટુંકી કરી ઠીક કરવાં પડતાં. તેમને કવાયત કરવી પડતી અને પરીક્ષાને માટે તૈયાર થવાને અભ્યાસ પણ કરવો પડતો. સાર્વભૌમ રાજાના આ અભ્યાસક્રમ ઉપરથી એતદ્દેશીય રાજાઓએ અને શ્રીમંતોએ ખાસ શિક્ષણ લેવાનું છે.

' બ્રિટાનિયાની વાર્તાઓ ' નામના પોતાના પુસ્તકમાં કમાંડર સ્ટેથામે રાજ્યકુટુંબના આ કુળભૂષણો, ભવિષ્યના શહેનશાહ અને એમના ભાઇ–જૂના રજવાડી રીવાજોને કોરાણે મુકીને ભવિષ્યની રૈયતમાંના બીજા ઉમેદવારો જોડે સરખી પંક્તિના હોય એમ ભેળાવાને અને નૌકાસૈન્યની વિકટ તાલીમ લેવાને પધાર્યા હતા તેનું રસિક વર્ણન કર્યું છે.

તેઓ કહે છે કે રાજકુમારોને રહેવાને ખાસ ઓરડા આપવામાં આવ્યા હતા. પણ એ શિવાય બીજી બધી બાબતોમાં તેમને બીજા ઉમેદવારોના જેવાજ ગણવામાં આવતા. બીજા ઉમેદવારોને રાજકુમારો પ્રતિ કાંઇક મનોરંજક ભાવ ઉત્પન્ન થતો. રાજા એ દૈવી પ્રકૃત્તિ છે અને એમની સાથે છૂટ ન લેવાય એ માન્યતા જ્યાં નાહના છોકરાઓ એકઠા રહેતા હોય

ત્યાં ખરી પડતી નથી. બન્ને રાજવંશી ઉમેદવારોને ઘણીએ વખત તેમના સોબતીઓ અસંખ્ય સવાલો પુછતા. રાજકુમાર એડવર્ડ સખ્ત મંદવાડમાંથી તરતના ઉઠેલા હતા અને એમને આખરે નૌકાસૈન્યમાં રહેવાનું નહોતું. આમ હોવાથી એમને એમની રૂચિ પ્રમાણે અભ્યાસ કરવા દેવામાં આવતો. પરંતુ રાજકુમાર જોર્જ તો સઘળું કામ કરતા અને સઘળી પરીક્ષાઓ તેમણે ઘણી માન ભરી રીતે વટાવી હતી. એઓશ્રી પોતે જ પોતાના શિક્ષકોને કહેતા કે રાજકુમાર એડવર્ડને માટે ખાલી ચિંતા કરશો નહિ. એઓ કાંઈ નૌકાસૈન્યમાં રહેવાના નથી, પણ મારે તો નૌકાસૈન્યમાં સતત રહેવાનું છે; માટે મને જ કાળજી પૂર્વક શિખવો.

જમતી વખત પણ રાજકુમારોને બધા ઉમેદવારોની સાથે જ જમવું પડતું અને તેમને બેસવાની ખાસ જગા નિર્માણ કરવામાં આવી નહોતી. તેમને વહાણના કાયદા પાળવા પડતા. પોતાના ઉપરીની સાથે વાત કરતાં તેમને 'સાહેબ' કહીને બોલવું પડતું. તેમજ નૌકાસૈન્યની કેળવણીમાં નિર્માણ કરેલાં રીત રિવાજ અને સભ્યતા પ્રમાણે ચાલવું પડતું. દોરડાંપર ચઢી જવું, શઢ ગોઠવવા અને ફેરવવા, દોરડાંના છેડા વણીને સાંધવા અને હલેસાં મારવાં આતો એમનાં સહેલાં કામો હતાં. તેમને શિખવાના નૌકાશાસ્ત્રના ગહન જ્ઞાનની આગળ તો આ બધી ફરજો માત્ર રમત જેવી જ હતી. રાજકુમાર જોર્જે વહાણ હંકારવામાં અને હલેસાં મારવામાં ઘણાં ઇનામો જીત્યાં છે.

નાવિકના ધંધો કરનારને પણ સખ્ત કામ કરવાનું હોય તો

રૂચતું નથી. રાજકુમારો પણ બીજા તરૂણ જેવા જ હોય છે એ થોડી મુદતમાં જ જણાઇ આવ્યું. સામાન્ય તરૂણોની પેઠે જ તેઓ આનંદજનક મસ્તી કરવા હમેશ તત્પર રહેતા. થોડી મુદતમાં જ બીજા ઉમેદવારોએ એમનાં નામ પાડયાં. એઓ સહાધ્યાયીઓની સાથે કેવા એખલાસથી રહેતા હતા તે એટલા ઉપરથી જણાઇ આવે છે. રાજકુમાર એડવર્ડને ' સ્પ્રેટ ' અને રાજકુમાર જોર્જને 'હેરીંગ્' એવું ઉપનામ મળ્યું હતું. જે ટિખલ કે મસ્તી થતી હોય તેમાં એઓ સામીલ થઇ જતા અને તોફાનને અંતે મળતો ઠપકો પણ ખાઇ લેતા. સામા માણસને બનાવવા જેવી મજાકમાં તો બન્ને ભાઈ એક્કા જ હતા.

એક વખત ' બ્રિટાનિયા ' ના પહેલા લેફ્ટેનન્ટના બીછાનામાં ચાદર નીચે કોઇએ દોરડાં ઉકેલવાના ખિલા ઉભા મુકેલા માલમ પડયા હતા અને તેથી ખૂબ ગરબડ મચી રહી હતી. કેટલાક ઉમેદવારો ઉપર તે કરવાનો શક આવ્યો. રાજકુમાર જોર્જે જોયું કે વાત આગળ વધી એટલે પોતે કબુલ કરી દીધું કે તેમણે એ ખીલા મુક્યા હતા. આ વાંકને માટે તેમને થયેલી સજા પોતે મર્દાઇ ભરેલી રીતે ભોગવી લીધી. નિશાળનો ઓરડો છોડીને એક અઠવાડીઆ સુધી બીજે જવું નહિ અને કોઇ પણ તરેહની રજા ભોગવવી નહિ એવી સજા કરવામાં આવી હતી.

ડાર્ટમથ નાનું અને જૂની ઢબનું શહેર છે. ઘણા કાળથી ત્યાં નૌકાસૈન્યનું શિક્ષણ આપતી આગબોટો રહેતી હોવાથી એ શહેરના લોકો નૌકાસૈન્યના ઉમેદવારોનાં ટિખળથી ભોમીઆ થઇ ગયેલા છે. ઉમેદવારો રાત્રે છાનામાના આવીને દુકાનોનાં

નામનાં પાટીઆં એક જગાથી ઉખાડી બીજે ચો'ડી દે છે. સવારે જુવે તો દવા વેચનારનું પાટીઉં હજામની દૂકાને ઝુલતું હોય અને હજામની દુકાનનું લવારની દુકાને લટકતું હોય ! રાજકુમારો ત્યાં ભણુતા હતા તે દિવસોમાં ડાર્ટમથ અગાડી મોજ કરવા નીકળી પડેલાં મનુષ્યોને ભોગજોગે એક નહાનો તરૂણ એટલામાં ફરતો જણાય તો ઘણી સાવચેતી રાખવી પડતી કે એ કેવી રીતે અને શી મશ્કેરી કરશે તે કહી શકાય નહિ ! આ તરૂણ તે આપણા રાજકુમાર જોર્જ જ એ અમારા વાંચનારા સમજી જ ગયા હશે. એમ કહેવાય છે કે આગબોટનો કોઠારી બન્ને રાજકુમારોથી ચોંકતો ને ચોંકતો જ રહેતો. કોઠાર ઉપર બન્ને રાજકુમારોની તરાપ વારે ઘડીએ પડતી. બન્ને રાજકુમારોને દરાખ, અંજીર, સાકર, મુરબ્બો અને મધ બહુ ભાવતાં. કોઠારી કંટાળીને કહેતો કે આ વહાણ ઉપર દર અઠવાડીએ કોર્ટ ભરવી જોઈએ !

બન્ને ભાઈઓમાં રાજકુમાર જોર્જની શરીર સંપત્તિ સારી હતી. બાળપણમાં આપ્તજનોમાં ' રાઈટ રોયલ પિકલ ' એવું ઉપનામ મળ્યું હતું તે અમે કહી ગયા છીએ. જેમ જેમ મોટા થયા તેમ તેમ એજ સ્વભાવ વધારે ખીલીને એઓશ્રી બહુ ખુશ મીજાજી અને કુતુહલને ચાહનારા થયા છે. આવા સ્વભાવ છતાં પણ તેઓશ્રી હમેશ ગંભીર અને હિમ્મતવાન જણાયા છે. પોતે નાહના છતાં નહાવામાં, તરવામાં કે બીજી રમતોમાં હમેશ આગેવાની એમની જ હતી. રાજકુમાર એડવર્ડ પોતાના નાના ભાઈ તરફ મહોટાઈ ભર્યો વિશ્વાસ, અને અતુલ પ્રેમ રાખતા

જ્યાં સુધી એઓશ્રી નૌકાસૈન્યમાં રહ્યા ત્યાં સુધી આ કુતુહલપ્રિયતા ખાસ ટકી રહી હતી. ત્યાર બાદ એણે મૃગયાના શોખનું રૂપ ધારણ કર્યું હતું. અદ્યાપિ એ આનંદી સ્વભાવમાં ફેર પડયો નથી. પોતાનાં ફરજંદોની રમત ગમતોમાં એમના જેટલો ભાગ લેનારા પિતા થોડા જ હશે. રાજ્યની ચિંતા કોરાણે મુકીને પોતાના કુમારોની રમતોમાં દાખલ થતાં એઓશ્રીને વિલક્ષણ આનંદ લાગે છે. સુખમાં ગાળેલી પોતાની બાલ્યાવસ્થાના અનુભવથી પોતે માયાળુ અને ઉદારચિત્ત પિતા બની રહ્યા છે.

બ્રિટાનિયામાં કેપ્ટન ફેરફેક્સના તાબામાં રાજકુમાર જોર્જ બે વરસ રહ્યા તે દરમ્યાન તેમને સુભાગ્યે પ્રજાસત્તાક મતની કેળવણી મળી છે. તે કાળે સ્વપ્નમાં પણ નહોતું કે એઓ શહાનશાહ પદ દીપાવશે. પોતાના કુમારો સખ્ત અંકુશમાં ઉછરે અને સામાન્ય માણસો સાથે સ્પર્ધા કરીને પોતાની ઉંચી બુનિયાદ દેખાડી આપે એવો નામદાર સ્વર્ગસ્થ શહાનશાહ એડવર્ડનો સંકલ્પ હતો. એઓશ્રીનો નિશ્ચય હતો કે નૌકાસૈન્યના સખ્ત નિયમોમાં કેળવવાથી મનુષ્યમાં હિમ્મત અને બીજાની લાગણીની દરકાર રાખવાના ઉત્તમ ગુણ આવે છે. દરેક ગૃહસ્થમાં આ સદ્‌ગુણો આવશ્યક છે.

રાજ્યકર્ત્તાની ફરજો સંબંધી કેળવણી શરૂવાતથી રાજકુમાર જોર્જને મળી નહોતી. એ બધું રાજકુમાર એડવર્ડને શિખવાનું હતું. પરંતુ નૌકાશાસ્ત્રની આ કેળવણીએ બહુ કર્યું છે. બીજી કોઈ કેળવણી રાજ્યરૂપી નૌકા ચલાવવાને આથી વિશેષ લાયકી આપી

શકે એમ છે ? એ કેળવણીથી એઓશ્રીને નિયમસર અને સચોટ કામ કરવા તરફ પ્રીતિ ઉત્પન્ન થઈ છે. તેમજ પોતાની ફરજ તરત બજાવવાની આતુરતા પણ એ કેળવણીને લીધે જ અસ્તિત્વમાં આવી છે. માત્ર અમુક મોટાં માણસોને ખુશ કરવાને અમુક વર્ત્તન કરનાર તરફ એમનો તિરસ્કાર પણ એ કેળવણીને લીધે જ છે. એને લીધેજ દરેક આદમી પોતાની શ્રેષ્ટ શક્તિ વાપરવાને તત્પર થાય એવું દરેકની સાથે વર્ત્તન રાખતાં પણ આવડયું છે. નૌકાસૈન્યમાં એઓશ્રી પોતાના ખાસ ભાવથી દાખલ થયા હતા અને ત્યાં ઘણી કિંમતી કેળવણી લીધી હતી. પણ રાજકર્ત્તા તરીકેની ખાસ કેળવણીની જરૂર કાંઇ ઓછી નહોતી. રાજકર્ત્તા તરીકે બીજું એથી પણ ઉત્તમ શિખવાનું હોય છે. રાજકુમારશ્રીને નૌકાશાસ્ત્રની શાળા છોડયા પછીની કેળવણી પોતાના ઘરમાં જ અને પોતાના કુટુંબમાં જ લેવાની હતી.



પ્રકરણ ૨ જું.

દુનિયાનું પ્રથમ દર્શન. વેસ્ટ ઇંડિઝના ટાપુઓ.

બ્રિટાનિયા” માં તો કેળવણીની શરૂવાતની તૈયારી થઇ એમ કહેવાય. અનુભવસિદ્ધ ખરી કેળવણી તેઓ “બેકાન્ટે” નામની મનવાર ઉપર ગયા ત્યારથી શરૂ થઈ. એ મનવાર ‘કોવિઝ’ આગળ નાંગરેલી હતી. ઇ. સ. ૧૮૭૯ ના આગષ્ટ મહિનાની ૬ ઠી તારીખે બન્ને રાજકુમારો આ મનવાર ઉપર દાખલ થયા અને ખરૂં જોતાં ત્યાર પછીનાં ત્રણ વર્ષ તેમણે ત્યાંજ ગાળ્યાં. આ ત્રણ વર્ષનો અનુભવ વિસરાય નહિ એવો હોવો જોઇએ. તેમની લઘુવયમાં મળેલા આ અનુભવથી તેમનાં ચારિત્ર્યનું બંધારણ થવું જ જોઇએ. કુમારો આ આગબોટ ઉપર ગયા ત્યારે નહાના હતા. શિક્ષણ અને મુસાફરી પૂરી કરીને આવ્યા ત્યારે તેમની યુવાવસ્થા શરૂ થઇ હતી. આ ત્રણ વર્ષની હકીકત રાજકુમારોએ રસભરી વાણીમાં પોતે જ કહી છે. આ સઘળા વખતમાં તેઓ સંભાળપૂર્વક રોજના બનાવોની નોંધ રાખતા. તેઓ આગબોટ ઉપર હોય અગર જમીન ઉપર કોઇ જગાએ ગયા હોય તોપણ રોજ રાત્રે પોતાની રોજનિશી લખતા. ખાસ સંભાળ રાખવામાં આવતી કે તેઓ રોજના દરેક બનાવ નોંધે અને પોતાના મનમાં તે સંબંધી જે જે આવ્યું હોય તે લખે.

ખગોળવિદ્યાથી માંડીને જ્યાં જ્યાં જતા ત્યાંની વનસ્પતિ અને પ્રાણિઓનાં વર્ણન ધરાધરી લખાતાં. તેમજ તેઓ જે જે મનુષ્યના સંબંધમાં આવે તેને માટે પણ કાંઇ કાંઇ લખાણ કરવામાં આવતું. આ રાજકુમારોનો અનુભવ દરેક પ્રજા જાણી શકે એમ છે, કેમકે આ રોજનિશીઓનાં બે મોટાં પુસ્તક બન્યાં છે. આ પુસ્તકોનું 'બેકાન્ટેની સફર' એવું નામ રાખવામાં આવ્યું હતું. તેમના શિક્ષાગુરૂ રેવરંડ. જે. એન. ડાલ્ટને આ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. એ પુસ્તકોમાં ખાનગી હકીકતો, રાજકુમારોના પત્રવ્યવહાર અને સ્મરણનોંધોનો છૂટથી ઉપયોગ કર્યો છે. તે સાથે ઐતિહાસિક, રાજકીય, વ્યાપાર સંબંધી અને બીજું સૂચન એમણે પોતે ઉમેર્યું છે. આ પુસ્તકો ઘણાં મોટાં છે તથાપિ વાંચતાં રસ ઉપજી આનંદ થાય એવાં છે. બન્ને રાજકુમારોને નૌકાસૈન્યના નિયમોને તદન આજ્ઞાંકિત રહેવું પડતું; તેમને નૌકાશાસ્ત્રનો અને બીજી કેળવણીનો સખ્ત અભ્યાસ કરવો પડતો;તેમ છતાં પણ શહેનશાહતના તેમજ બીજા દેશોમાં તેમને જે અવિરલ આનંદ અને સુખ મળ્યાં તેનું તેમજ જે જે નિર્દોષ ગમ્મતો પડી તેનું છટાદાર વર્ણન કર્યું છે.

આ પુસ્તક સ્વર્ગવાસી દેવી શ્રી વિકટોરિયાને અર્પણ કરવામાં આવ્યાં છે. અર્પણપત્રિકા નીચે પ્રમાણે છેઃ—

નામદાર રાણીશ્રીને

આ અહેવાલ એઓશ્રીની સંમતિથી

એઓ નામદારના વ્હાલા અને આજ્ઞાંકિત પૌત્રો

આલબર્ટ. વિકટર. સી. એડવર્ડ
અને
જોર્જ ફ્રેડ્રિક. ઈ. આલ્બર્ટ

એમણે નજર કર્યા છે.

આ ગ્રંથોની પ્રસ્તાવનામાં રેવરંડ મી. ડાલ્ટન કહે છે કેઃ- આ પુસ્તકના કેટલાક ભાગ—મુખ્યત્વે કરીને બ્રિટિશ સંસ્થાનોની અને પરદેશની મુલાકાતવાળા ભાગ—સામાન્ય પ્રજા ઘણા હર્ષથી વાંચશે. આ સફરના હેતુ અને પરિણામની મહતા ખ્યાલમાં આવવાને ખાસ જાણવું જોઇએ કે લાંબા વખત સુધીની સમુદ્રની આ સફર પંડે રાજકુમારોને બહુ ઉપયોગી નિવડી હતી. લાંબી સફરોમાં ઘણો વખત જાય છે. એક પછી બીજો એમ દિવસોના દિવસ અને અઠવાડીઆનાં અઠવાડીઆં નિયમસર ચાલ્યાં જાય છે. તેથી વખતે એમ લાગે કે આ સફર કંટાળા ભરેલી થઇ પડી હશે. મનવારમાં સફર ન કરી હોય તેને અગર જેના મનને રોકેલું રાખવાને સાધન ન હોય તેને તો બેશક આવી સફર એકસરખી અને કંટાળાભરેલી લાગે. પણ મનવાર ઉપર દરરોજ નિયમસર કામ કરવાનું હોય છે. ફલાણે દહાડે અને ફલાણે કલાકે ફલાણું કરવું એ ઠેરવી મુકેલું હોય છે અને દરેક માણસને પોતે જે ખાતામાં હોય અને જે જે કામ કરવાનું હોય તેને માટે નિયમસર તે વખતે જ તૈયાર રહેવાનું હોય છે.

રાજકુમારોને શાળામાં જવામાં, અભ્યાસ કરવામાં અને નોકા

શાસ્ત્રના અભ્યાસમાં સમયસેવા આવડે તેમ જ બીજી બહારની ઉપાધિથી અંતરાય ન નડે એ ખાસ જરૂરનું હતું. દરીઆ ઉપર બહારની પિડાઓ બિલકુલ હોતી નથી. મનવાર ઉપરનો બધો વખત તેઓ શાળામાં જ હોય એમ હતું. જ્યારે જ્યારે જમીનપર જતા ત્યારે ત્યારે જાણે શાળામાંથી ઘેર રજા ઉપર આવ્યા હોય એમ લાગતું.

મહુંમ નામદાર વેલ્સના શાહજાદાએ પોતાના પુત્રોને નૌકાશાસ્ત્રની કેળવણી આપવાનો ઠરાવ કર્યો ત્યારે નૌકાસૈન્યમાં દરેક અમલદાર, દરેક ખલાસીઓ અને દરેક ઉમેદવારને રાત્રિએ અને દિવસે દરેક ક્ષણે ક્ષણે શું શું કરવું તે નિર્માણ કરેલું હોય છે; અને ત્યાં બધું કામ એક યંત્ર હોય નહિ એ પ્રમાણે નિયમસર જ ચાલે છે એ વાત લક્ષમાં લઇને તેઓ સરકારી નૌકાસૈન્યમાં ઉમેદવાર તરીકે દાખલ થાય એવો નિશ્ચય કર્યો હતો. રાજકુમારોને નીતિ અને મનની કેળવણી મળે એજ એઓશ્રીની શુભ વાંછના હતી.

નૌકાસૈન્યમાં દાખલ થનારને પોતે ગમે તેવો નહાનો કે મોટો અમલદાર હોય અને પોતાને સોંપેલું કામ ગમે તેવું મહાભારત કે ક્ષુલ્લક હોય પણ તે બરોબર નિયમસર અને નિમેલે વખતે જ બજાવવાની પોતાને માથે જોખમદારી છે એનું ભાન તરત થાય છે. વળી પોતાના ઉપરીનો હુકમ સંપૂર્ણ અને તાબડતોબ બજાવવાની ટેવ જ પડી જાય છે. દરરોજના આવા ક્રમથી આજ્ઞાંકિતપણું અને સ્વધર્મનિષ્ઠા તેઓ જાણે જન્મથી જ શિખ્યા ન હોય એમ કેળવાય છે. વળી વહાણ

ઉપર બહારના આદમીઓનો સંસર્ગ ન હોવાથી જોડે રહેનારાઓમાં એક બીજા જોડે જીવ જૂદા હોય નહિ એવા સ્નેહવાળો સંબંધ જોડાઈ જાય છે. એક માણસની ફરજની જોડે બીજાની ફરજ સાંકળના અંકોડાની પેઠે સળંગ જોડાયલી જ હોય છે.

આ આગબોટ બેકાન્ટે ઉપર પણ રાજકુમારોને બીજા ઉમેદવારોના જેવા જ ગણવામાં આવતા. માત્ર તેમને સુવાને જૂદી ગોઠવણ કરી હતી. દરેક રૂતુમાં, દિવસે કે રાત્રે તેમને બીજા ઉમેદવારોની પેઠે પોતાના વારા પ્રમાણે નોકરીપર ખડું થવું પડતું. બીજાઓની પેઠે જ તેમને સઢ ઉપર ચહડવું પડતું. બીજાઓની પેઠે જ તેમને કવાયત કરવી પડતી અને હોડી પણ ચલાવવી પડતી. ઓનરેબલ એચ. જી. કર્ઝન-હાઉ, આગબોટનો પહેલો લેફ્ટનન્ટ, તેમને નાવિકનું કામ શિખવતો. તોપોનો અધિકારી મી. સી. એચ. એડર તેમને તોપ સંબંધી જ્ઞાન આપતો. મી. જોન. ડબલ્યુ લોલેસ તેમના ગણિતના અભ્યાસનો શિક્ષક હતો. એજ ગૃહસ્થ તેમને નૌકાશાસ્ત્ર પણ શિખવતો. મી. જી. શીલની પાસે તેઓ ફ્રેંચ ભાષાનો અભ્યાસ કરતા. રાજકુમારો આગબોટ ઉપર હોય ત્યારે તેમના સંબંધી દરેક વાત ઉપર બેકાન્ટેના કપ્તાન—લોર્ડ ચાર્લ્સ સ્કોટની દેખરેખ અને હૂકમ હતો. મી. ડાલ્ટનના તાબામાં રાજકુમારોને સોંપ્યા હતા. પણ એ ગૃહસ્થનો અમલ રાજકુમારો જ્યારે કિનારા ઉપર પગ મુકે ત્યારથી તે પાછા આગબોટ ઉપર પધારે ત્યાં સુધી જ ચાલતો. આખી સફર દરમ્યાન આ ગૃહસ્થ મનવારના ધર્મગુરૂ તરીકે પણ કામ કરતા.

મનવાર બેકાન્ટે ૪૧૩૦ ટનની આગબોટ હતી. એની ઝડપ

૧૫ નોટની* હતી. તે ૩૦૭ ફીટ લાંબી, અને ૪૫૬ ફીટ પહોળી હતી. ૧૫ ફીટ અને ૭ ઇંચની ઉંડાઈવાળો ભંડાર હતો. અને એ પાણીમાં ૨૩ ફીટ અને ૯ ઇંચ ડુબેલી રહેતી. એનાં ઇંજીનો ૫૨૫૦ ઘોડાના બળવાળાં હતાં. મનવારના ઉપલા તુતક ઉપર સાડા ચાર ટનની આગળથી ભરવાની બે તોપો હતી. મુખ્ય તુતક ઉપર દરેક બાજુ ઉપર છ છ એમ બાર તોપો રહેતી. મનવારના કપ્તાનના ઓરડામાં ૬૪ પાઉંડનો ગોળો ફેંકી શકે એવી બે તોપો હતી. મનવાર ઉપર વ્હાઇટ હેડ જાતની ટોરપેડો, તેમજ યંત્રથી ફુટનારી ચાર તોપો હતી. ૩૯ અમલદાર, ૫૫ નાના અમલદાર, ૨૦૮ ખલાસી, આગવાળા, સુતાર અને નોકરો, ૩૬ નાના છોકરાઓ અને ૪૯ નૌકાસૈન્યના સિપાઇઓ, એ પ્રમાણે આ મનવાર પર કુલ ૪૫૦ આદમીઓનું સૈન્ય હતું. માત્ર પહેલા લેફ્ટેનન્ટના ઉમેદવારના વર્ગના કામનું વખતપત્રક જોવાથી જ મનવારપર કેવું કામ ચાલતું હતું તેનો ખ્યાલ આવે એમ છે.

તરવાર અને બંધુકની કવાયત.

સવારના	૭–૩૦ થી ૮.		દરરોજ.
,,	૯–૩૦ થી ૧૧–૩૦	નિશાળ.	,,
,,	૧૧–૩૦ થી ૧૨– ૦	તાકવાનું શિક્ષણ.	,,

* ગાંઠ–આગબોટો ઉપર વરાળયંત્ર પાસે એક ચક્કર ઉપર ગાંઠો વાળી પટ્ટી આગબોટના વેગના પ્રમાણમાં વિંટાયા કરે છે. અડધી મિનિટમાં જેટલી ગાંઠો વિંટાય તેટલા મૈલ એ આગબોટ એક કલાકે કાપે એવી ગોઠવણ હોય છે. એ હિસાબે આ મનવાર કલાકે પંદર મૈલની ઝડપે જનારી હતી.

,, ૧–૩૦ થી ૨–૩૦ તોપની કવાયત. સોમવાર.
,, ૨–૪૫ થી ૩–૪૫ નૌકાશાસ્ત્ર. ,,
,, ૧–૩૦ થી ૨–૩૦ કંપનીની કવાયત. મંગળવાર.
,, ૨–૪૫ થી ૩–૪૫ નૌકાશાસ્ત્ર. ,,
,, ૧–૩૦ થી ૨–૩૦ તોપ અને ટોરપેડોની કવાયત. બુધવાર.
,, ૧–૩૦ થી ૨–૩૦ વરાળયંત્ર. ગુરૂવાર.
,, ૧–૩૦ થી ૨–૩૦ વહાણુની સફર અને નિરીક્ષણુની નોંધ વગેરે લખાણુ. શુક્રવાર.

આ વખત આ મનવારે કુલ ૫૪૬૭૯ મૈલની સફર કરી હતી. નામદાર પ્રિન્સેસ ઓફ વેલ્સ અને ત્રણે શાહજાદીઓ ખાનગી રીતે 'બેકાન્ટે' ઉપર રાજકુમારોને રહેવાની સોઇ વગેરે જોવા આવી ગયાં હતાં. એડિન્બરોના નામદાર ડયૂક અને ડચેસ પણ કાવિઝ્રના તહેવાર દરમ્યાન બેકાન્ટે ઉપર જોવા આવ્યાં હતાં. નામદાર એડિન્બરોના ડયૂક જાતે પ્રવિણ નૌકાશાસ્ત્રી અને અનુભવી નાવિક હોવાથી રાજકુમારોને અપાતી કેળવણી વિશે તેમણે ખાસ સંભાળ પૂર્વક તપાસ કરી હતી.

તેમની પ્રથમ સફર વેસ્ટ ઇંડિઝ્ તરફની હતી અને તેમાં આખું એક વર્ષ વ્યતિત થયું હતું. રાજકુમારોની સ્મરણુનોંધ ઉપરથી એઓશ્રીનાં લક્ષણો સ્વભાવ વગેરે જણાઇ આવે છે. એક જગાએ મનવાર ઉપરથી દૂરથી જતાં વહાણો જોઇને તેમણે નોંધ કરી છે કે "આપણા જૂના મિત્રો બ્રિક્ષેમ

ટ્રાઉલર્સને જોયાં.' તેમજ 'એકાન્ટે' ના ઉપર તેમની તરૂણ નાવિકોના જેવી પ્રીતિ એક નાના વાકયથી જણાઈ આવે છે. તોફાની દરીઆમાં પણ આ મનવાર બીલકુલ ડોલતી નહોતી તેથી આનંદ પામીને તેઓ લખે છે કે 'મનવાર તોફાનમાં પણ એક દેવળની પેઠે અડગ રહી હતી.' રોજનિશીની બીજી નોંધો ઉપરથી રાજકુમારો પરીક્ષાને માટે શું શું વાંચતા તેની તેમજ તેમનામાં બીજા તરૂણોની પેઠે જ બ્રિટનની કીર્તિવર્ધક ખુશ્કી અગર દરીઆઈ લશ્કરનાં બહાદૂરીનાં કામોથી ઉપજતા આનંદની આપણને પ્રતીતિ થાય છે. કેટલીક નોંધોથી સફરમાં પણ પોતાના સુખી કુટુંબ અને ઘરની યાદ તાજીને તાજી રહેતી એવું એ જણાય છે. પાલમે ગયા ત્યાં એક દુકાને બહુ સ્વાદિષ્ટ મુરબ્બા જોઇને તેની એક પેટી ખરીદ કરીને ઘેર રાજકુમારી ઉપર પોતાની તરફથી ભેટ દાખલ મોકલી હતી. બેશક ફળની સુંદરતાને લીધે અને જે ભાવથી આ ભેટ મોકલવામાં આવી હતી તેને લીધે રાજકુમારીને ઘણો આનંદ થયો હશે.

ભૂમધ્ય સમુદ્રમાં આ મનવારે જે જે બંદર કર્યાં ત્યાં તેમને ઘણો આનંદ, ગમ્મત અને આવકાર મળ્યો હતો. દરેક જગાએ રાજકુમારોનું આતિથ્ય કરવા બ્રિટનો તૈયાર હતા. ઉમેદવારોએ મિનાર્કાના ટાપુ ઉપર પોતે માંહોમાંહ લૂંટારા હોય એવું ખોટું ટિખલ કર્યું હતું! એક બીજાના ઘોડા પકડવાનો ઢોંગ કર્યો હતો જેને પરિણામે ઘોડા જતા રહેવાથી બધાને મનવાર ઉપર ચાલતાં આવવું પડયું હતું! મનવાર ઉપર પણ ખુબ ગમ્મત પડતી. રાજકુમારોની રોજનિશી ઉપરથી જણાય છે કે 'વાંદ-

રાંને ગાળામાં પકડવાં હોય તો ગાળો બરોબર તેને ચપસીને આવે એમ કરવું જોઇએ. જો હાથ છૂટા રહ્યા તો પછી વાંદરાં સપડાતાં નથી.' મનવાર ઉપર જમ્યા પછી ઉમેદવારો ઘણી ગમ્મતો કરતા. બીજી નોંધ ઉપરથી 'પોતાના એક હાથમાં સળગેલી અને બીજા હાથમાં વગર સળગેલી એમ બે મીણબતીઓ લઇને તૂતક ઉપર ખાલી સીસાને આડા મૂકી તેના ઉપર બેશીને ઉથલી પડયા વગર સળગતી મીણબતીની શગે બીજી મીણબતી સળગાવવાની રમતથી પણ ઘણી રમુજ પડે છે" એમ જણાય છે !

જીબ્રાલ્ટર છોડીને મનવાર મડિરાના અને કેનેરી ટાપુઓ તરફ હંકારાઈ હતી. અને નાતાલના તહેવારો ઉપર બાર્બેડોઝ પહોંચી હતી. રાજકુમારોની રોજનિશી ઉપરથી મનવાર પર શો ક્રમ ચાલતો હતો તે માલમ પડે છે. તેઓ રોજનિશીમાં નોંધે છે કે 'ઉમેદવારોની છ માસિક પરીક્ષાનો આરંભ થયો;' 'વાયવ્ય કોણમાંથી જબરાં મોજાં આવવા માંડ્યાં અને મિનિટે નવને હિસાબે અમારી મનવાર આખી રાત્ર ડોલતી હતી;' 'દિવસ તો ઝલાં ઝલાં હતો પણ પવનનું નામ જ નહિ;' 'સવારે દશ વાગે કર્કવૃત્તમાં પેઠા;' 'પરીક્ષા હજી ચાલે છે;' 'વેસ્ટવર્ડ હો ! નામનું પુસ્તક પુરૂ કર્યું;' 'અથેલી પેરેડાઈસ' નામના પુસ્તકનો પ્રારંભ કર્યો;' 'કોલંબસનું જીવનચરિત્ર વાંચવા માંડયું,' 'સાંજરે પવન પડી ગયો અને દરીઓ બહુજ શાંત હોવાથી મનવાર મોજાં ઉપર આમ તેમ સઘળી દિશામાં તરફડતી હતી.'

બાર્બેડોઝ, પહોચતાં ઓર મઝા પડી; નિરંતર હાસ્ય કરતી હબસણ ધોબણનાં પ્રથમ જ દર્શન થયાં. 'ધોબણ

જેન આન સ્મીથ પોતાના મછવામાં સુકાન આગળ દબદબા ભરેલી રીતે બેઠી હતી. આ વખતે તો એ બાઇ જ એકલી મુખ્ય સન્નારી નજરે પડી. પ્રિન્સ આલ્ફ્રેડનાં લુગડાં એણે ઘણીએ વાર ધોયાં છે. અને કહેતી હતી કે હજુએ ઘણા પ્રિન્સોનાં લુગડાં હું ધોઇશ.' બ્રિટિશ સંસ્થાનોમાં જતાં એઓ-શ્રીનું સ્વાગત રાજકુમારો તરીકે જ થતું હતું. જ્યાં જ્યાં જતા ત્યાંનાં ભૂગોળ અને ઇતિહાસની જાતમાહિતી એઓશ્રીને મળતી. 'બાર્બેડોઝના ગવરનરે અમને બગીચામાં અને તાડ વૃક્ષની છાયાવાળા ઘાસના પગ રસ્તાપર બધે ફેરવ્યા. ત્યાં અમેરીકા તરફનું હરેક રસોડા આગળ રોપાતું પપૈયાનું ઝાડ અમારા જોવામાં આવ્યું. આ ઝાડ જાદુઇ ભરેલી શક્તિવાળું છે. એનાં પાંદડાં ઘસવાથી ગમે તેવું ચીવટ માંસ તુરત નરમ ને સુંવાળું બની જાય છે, અને એના ફળની સરસ ચટણી—ચટાકો અને અથાણું બનાવાય છે.'

બાર્બેડોઝમાં તિક્ષ્ણ સંધિવાના તાવથી તેઓશ્રીના શિક્ષક મી. જેમ્સ સીમ્સ મરણ પામ્યા. રાજકુમારો નોંધ લે છે કે એમને લશ્કરી લોકને દાટવાના મશાણમાં દાટયા. રાજકુમાર જોર્જ પોતે તે વખતે નોકરીપર હોવાથી પહેલા લેફટેન્ટના તાબાના ખલાસીઓ અને નૌકાસૈન્યના સિપાઇયોના ઉપરી તરીકે તેમને દાટવા ગયા હતા.'

નામદાર રાજકુમારોની સફર દરમ્યાન સ્વર્ગવાસી દેવી શ્રી વિકટોરિયા તરફ પ્રેમના ઉભરાને લીધે તેઓશ્રીના પૌત્રો તરફ સંસ્થાનવાસીઓ તરફથી ઘણી જ ભક્તિ દર્શાવવામાં

આવી હતી; તેમજ એઓશ્રીને અજબ ભેટો મળતી. બાર્બેડોઝમાં રાજકુમારોને જોવાને મળેલા હબસી લોકોના ટોળામાંથી એક ઘરડી હબસણે એ રાજકુમારોની ગાડી જતી હતી તેમાં કાગળમાં વિંટીને ત્રીજા જોર્જ રાજાના વખતની એક સોના મોહર નાંખી હતી. અને એ કાગળ ઉપર 'બાર્બેડોઝ તરફની યાદગીરી' એવું લખ્યું હતું. રાજકુમારો પોતાની રોજનિશીમાં લખે છે કે આ મહોર જોર્જ ત્યારથી હમેશ પોતાની ઘડીઆળના અછોડાની સાથે પહેરે છે.

રોજનિશીમાં ઠેકાણે ઠેકાણે 'ચાર્લ્સકિંગ્લી'નું નામ આવે છે. તેમજ તેમના લખાણના ઈસારા પણ આવે છે તેથી સ્વર્ગવાસી શહેનશાહને જ માત્ર નહિ પણ આખા રાજકુટુંબને ચાર્લ્સ કિંગ્લી તરફ કેવી પ્રેમાળ લાગણી હતી તે જણાઇ આવે છે. ખુશ્કી ઉપર રહેતા ખલાસીઓ તરફ પણ તેમની દયાભાવના જાગૃત જણાય છે. રાજકુમારો નોંધ કરે છે કે બિચારા ખલાસીઓ જમીન ઉપર આવે ત્યારે તેઓ કોઈથી ઠગાય નહિ એવી એમને રહેવાને કોઇ ઈલાયદી જગા નથી એ દીલગીરી ભરેલું છે. જ્યારે જ્યારે ખલાસીઓને અર્પણ કરેલી કોઇ ધર્મશાળા વગેરેનું ખાતમૂહુર્ત કરવાની તેમને તક મળતી ત્યારે તેઓશ્રીને ઘણો આનંદ થતો. અમારા વાંચનારાઓને ખબર જ હશે કે ખલાસીઓ ઘણા ભોળા અને છેતરાય એવા હોય છે; એટલે સુધી કે કાયદામાં એમને નાનાં બાળક જેવા ગણવામાં આવે છે.

મનવાર ઉપર રવિવાર–વિશ્રામવાર–નિયમિત રીતે પાળવામાં આવતો. બિશપને ટાંચણ વગર વીસ મિનિટ સુધી

વાખ્યાન આપતા જોઈ રાજકુમારોને સાનંદાશ્ચર્ય થએલું એમની નોંધપરથી જણાય છે. સુંઠનો અને ગ્વાવાનો મુરબ્બો, અને કેસાવા બિસ્કીટનો મોટો જથ્થો અહીંથી ભરી લીધો હતો. તેમજ ઉડતી માછલીની સુકી પાંખો જે ચોપડી વાંચતાં વાંચતાં અધુરૂ મુકીએ ત્યાં મુકવામાં કામ આવે છે તે પણ ઘણી લઇ લીધી હતી' એમ રાજકુમારોની રોજનિશીથી આપણે જાણીએ છીએ.

ટુંકામાં આ ભાગમાં તેમની સફર બહુ આનંદદાયક નિવડી હતી. તેઓ ત્રિનિદાદ, ગ્રેનેડા, સેંટ વિન્સેન્ટ, સેંટલ્યુશિયા, ડોમિનિકા, સેંટટોમસ, જેમેઇકા, અને બીજી ઘણી જગાએ પધાર્યા હતા. દરેકમાં નવું નવું જોવાનું અને જાણવાનું હતું. રાજકુમારોને આ જગાઓએ જવાથી ગુલામગીરી, ખાંડ વગેરે ઉપરની જકાત અને એવા બીજા ગહન અને ઉપયોગી વિષયોની ચર્ચા કરવાની તક મળી હતી. સેંટ લ્યુશિયા અને માર્ટિનિક જતાં આવતાં મનવારને પૂર્વે રોડનીએ કરેલા સમુદ્રપરના પરાક્રમોની જગાએથી જવાનું હતું. રાજકુમારો પોતાની નોંધમાં લખે છે કે અહિંથી મનવાર લઇ જતાં જો આપણા મનમાં સાનંદાશ્ચર્ય ઉત્પન્ન ન થાય તો આપણે ઇંગ્રેજ નથી એટલું જ નહિ પણ માણસે ન કહેવાઇએ. તેઓશ્રી કેટલીએક દરીઆવરધીની લડાઇઓની હકીકત લખીને પછી સ્વદેશ ખાતાની અડધી પડધી ઇચ્છા આ ટાપુઓના સમુદાયને ગમે તેને પણ આપી દઇને તેમનાથી છૂટા થઈ જવાની છે એ બાબત પોતાનો તિરસ્કાર દેખાડે છે. તેઓશ્રી લખે છે કે આખા સમુદ્રના તળીઆપર અંગ્રેજ બચ્ચાનાં મુડદાં વેરાયલાં પડયાં છે અને

આવું આવું નુકશાન ખમીને આ ટાપુઓનો પુનઃપુનઃ કબજો લેઇને છેવટે તેમનો આમ ત્યાગ !

રાજકુમારો ત્રિનિદાદમાં ડામરનું તળાવ જોવા પધાર્યા હતા. આ તળાવમાં પાણી ઘણુંજ છાછરાં છે પણ નીચેની જમીન ઘણી દગાખોર છે. ચાલતાં ચાલતાં પગની નીચેથી ખાડો પડીને માણસ માંહિ પેશી જાય અને બીજું કાંઇ નહિ તો તેનાં લુગડાં તો બગડે જ. રાજકુમાર જોર્જ તેમના ટટ્ટુ સાથે આમ ફસાઈ ગયા હતા. તેમના સાથમાં ભીરૂ હતા તે ભોમીઆ હબસી લોકોએ પાટીઆં મુકયાં હતાં તે ઉપરથી ચાલતા હતા.'

પોતાની વેસ્ટ ઇંડિઝની સફર દરમ્યાન રાજકુમારોને કુદરતી વિદ્યાના અભ્યાસથી ઘણો આનંદ પડતો. પોતાની રોજનિશીમાં ડોમિનિકામાં થતા જમીનપર રહેનાર કરચલા, અને ત્રિનિદાદમાંની વનસ્પતિઓનું વર્ણન કર્યું છે.' સ્કોચ લોયર '—સ્કોટલંડનો વકીલ એ નામની વેલનું વર્ણન મઝાનું છે. એ વેલો અજાયબ તરેહનો હોઇ કોઇ મજબુત અને ફાલેલા ઝાડના થડની પાસે ઉગે છે; એને ટેકે ટેકે વધી, એમાંથી પોષણ લઇને એ વેલો એટલો તો જોરવાન થાય છે કે મૂળ ઝાડને સૂકવી નાંખીને તેના શિખર ઉપર પોતે ફેલાઈ પેલા ઝાડનો નાશ કરે છે !

•

સાનફર્નાન્ડોમાં રાજકુમારો હતા ત્યારે તેમની તૂલા કરવામાં આવી હતી. એ વિશે નોંધ લેતાં રાજકુમારો કસરતના ફાયદાનું વર્ણન કરે છે. અને પોતાના હાથ મજબુત બન્યા તે માટે અને ૧૮૫૮ માં એટલીજ ઉમ્મરના ડયૂક ઓફ

એડિન્બરોના કરતાં પોતે એક ઇંચ વધારે ઉંચા થયા હતા તે માટે આનંદ દર્શાવે છે.

બરમ્યુડામાં રાજકુમારો સર લીઓપોલ્ડ અને લેડી મેકિલંટોકના મહેમાન હતા. બરમ્યુડાનો ઇતિહાસ રાજકુમારોએ લક્ષપૂર્વક જાણી લીધો. વળી ત્યાં એઓ ક્રિકેટની મેચો રમ્યા હતા. તેમજ મહાન કવિ શેકસ્પીઅરનાં પાત્ર પ્રોસપેરો, કેલીબન, એરિઅલ અને મિરેન્ડા કયાં રહેલાં હશે તેની શોધ પણ ચલાવી હતી. બરમ્યુડાથી બેકેન્ટે ઘર તરફ વળી હતી.

તરૂણ લશ્કરી ઉમેદવાર–મિડસીપ્મેન–તરીકે વહાણના દરેક આદમી સંબંધી રાજકુમારોને લાગણી થતી. મનવાર ઉપરની નોકરી સંબંધી પણ એમણે ઘણી નોંધો લીધી છે. આ નોંધોમાં તેમની લાગણી તરી આવે છે. ગુરૂવારે સઘળાને અડધા દિવસની રજા મળતી હોય એમ જણાય છે. આ રજા વખતે ખલાસીઓ પોતાની પેટીઓ ઉઘાડી એમાંથી સોય દોરો કાઢીને પોતાનાં લુગડાં ઠીકઠાક કરવા મંડે છે. બધા લોકોને કાંઇ સીવવાના કામથી આનંદ થતો નથી, પણ ખલાસીઓ તો આ પેટી ઉઘાડીને આનંદ ભોગવે છે. મનવાર ઉપર પોતાનું તાળુ કુંચી હોય એવી આ એકજ વસ્તુ હોય છે. અને ખલાસીઓ એ પેટીમાં પોતાનાં સોયદોરા, બટન, પૈસા, કાગળ પત્રો અને પોતાની મા બેનના કે માશુકના ફોટોગ્રાફ વગેરે રાખે છે. પોતાનાં સગાં વહાલાંને આપવા, પરદેશથી આણેલી ભેટો પણ એમાંજ રાખે છે.

રાજકુમારો મિડશિપ્મેન તરીકે પોતાને રહેવાનો ઓરડો

જેને 'ગનરૂમ' કહે છે તેનું આબાદ વર્ણન કરે છે. બાર માણુસો જમવા બેસે એટલે ભરાઈ રહે એવડું ટેબલ વચ્ચોવચ્ચ આવી રહેલું હોય છે. આજુબાજુ ઉંચે ઉંડી અભરાઇઓમાં તેમનો સામાન અવ્યવસ્થિત પડયો રહે છે. વળી ઓરડામાં ચારે ભીંતે તાળાંકુંચીવાળાં નીચાં કબાટ જડી લીધેલાં હોય છે. તેમના ઉપર જડી લીધેલી ગાદીઓ ઉપર ઘણા મિડશિપ્મેનો પડયા હોય છે. જેમનો પેરો અર્ધી રાત વેળાનો હોય તેને તો દિવસે ઉંઘવાનું મન થાય છે અને તેમાં એ રાત્ર ઠંડી અને પવનવાળી હોય તો તો ખાસ ઉંઘ આવે છે. આ ઓરડાની એક બાજુએથી પડદો ખસેડીએ તો અર્ધા તૂતક ઉપર જવાય છે. આ ઓરડામાં નજર કરીએ તો કોઇ પોતાનાં નિરિક્ષણો દફ્તરમાં નોંધતા હોય છે. કોઇ નકશો દોરતા હોય છે અને કોઈ પોતાનાં ચિત્ર પૂરાં કરતા હોય છે. ડાબી તરફ ખશેડાય એવું બારણું છે. એ બારણું ભંડારમાં પડે છે અને તે ખશેડીને કોણ છે કહેવાથી મનવારનો મુખ્ય ભંડારી ચા, કાફી, કોકો, બિસ્કીટ, શેરી, બિટર્સ કે બ્રાંડી સોડા જે જોઇએ તે આપે છે. અર્ધી રાતે જેનો નોકરીપર ખડું થવાનો વારો હોય તેને ઉંઘમાંથી ઉઠાવવામાં આવે છે. રાજકુમારોએ એ વખતનું બહુ મઝાનું વર્ણન પોતાના જાતિ અનુભવથીજ કર્યું છે. ઉંઘેલો ઉઠેલો 'મિડી' ખલાસીની પાસેના ફાનસને અજવાળે કાગળમાંથી દરેક પેરાપર કોણ કોણ જવાનું તે મિચાઈ જતી આંખે વાંચે, ઉપરી અમલદારને ઘાંટો પાડીને જણાવે અને પછી પોતાનાં માણસોને લઇને બીજે નોકરી ઉપર જાય એ જોઇને આપણને લાગ્યા વગર રહેતું નથી કે

જો કે એનું મન કામ ઉપર ગમે તેટલું હશે પણ બિચારાનું શરીર તો તત્પર હતું નથી !

એકેન્ટે ઉપર દર રવિવારની પ્રાર્થના વખતે દૂર પડેલાં પોતાનાં સગાં અને મિત્રોને માટે પણ પ્રાર્થના કરવામાં આવતી.

એકેન્ટે પોતાની સફર પૂરી કરીને ઇંગ્લાંડ લગભગ આવી પહોંચતાં મનવારપરના સઘળાં મનુષ્યો હર્ષાતુર થઇ ગયા હતા. તે કાળે તાર વગરના વિજળીના સંદેશાની શોધ થઇ નહોતી. અને સામાં મળતાં વહાણોની માર્ફત જ ખરખબર મળતી. એવા એક બનાવનું રમુજી વર્ણન રાજકુમારો નોંધે છે. ‘ સાંજરે છ વાગે એક અંગ્રેજ વહાણ પશ્ચિમ તરફ જતું હતું. તેની સાથે વાવટાથી વાતચિત કરવાનો યત્ન કર્યો પણ અમે એનો નંબર સમજી શકયા નહી.

તેથી અમે અમારી મનવાર એની પાસે લઇ ગયા. અને મોટા કાળા પાટીયા ઉપર ચાકથી લખીને તે ઉંચું કર્યું. અમે લખ્યું હતું કે મુખ્ય પ્રધાન કોણ છે ? અમે એટલામાં તો એનો ઘાંટો સંભળાય એટલા પાસે આવી ગયા હતા. વહાણના ઉપરીએ જાણ્યું કે અમે વહાણનું નામ પુછીએ છીએ તેથી એણે કહ્યું કે ‘ ફ્રેન્ચોન ’ ! અમારા કપ્તાન સાહેબ અને એમની સાથે ઉભેલા અમલદારો ‘ ફ્રેન્ચોન ’ ને સાટે ‘ ગ્લેડસ્ટન ’ સમજ્યા ! ! અમે ઘાંટો પાડીને બીજીવાર પુછયું કે ‘ કેટલા મત વધારે મળ્યા ’ ? આના જવાબમાં એ વૃદ્ધ પુરૂષે કહ્યું કે ‘ Non entieries ’ શું પુછો છો તે મને સમજાતું નથી !

અમારા લોકો અવાજ ઉપરથી એમ સમજ્યા કે (one hundred) એક સો. આ વેળાએ અમે એની છેક પાસે આવી પહોંચ્યા હતા અને એનો કુતરો ભસતો હતો તે સંભળાતું હતું. અમે એના વહાણુની આજુબાજુ ફરતા હતા અને આ વૃદ્ધ માણસ સુકાનપર હાથ રાખીને વિસ્મયતાથી જોતો હતો કે અમારે એવું શું કામ છે!

" વ્હાલા ઈંગ્લંડનો કિનારો દ્રષ્ટિએ પડયો અને અમારા-માંના દરેકનાં હૃદયમાં આનંદ વ્યાપી રહ્યો. દેશથી અમે ઘણા મહિના દૂર હતા પણ જાણે એટલાં વર્ષ ગેરહાજર રહ્યા ન હોઇએ એવું અમને લાગતું હતું.' નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ રોયલ એકેડેમીના ખાણા ઉપર હતા ત્યાં એમણે રાજકુમારોને લઇને બેકેન્ટે આવ્યાની ખબર સાંભળી. સ્પીટેડથી મનવાર આવ્યાની ખબરના તારના જવાબમાં તેઓશ્રીએ જણાવ્યું કે પોતે બીજે દિવસે બપોરે પોતાના કુમારોને લેવા પધારશે. તેઓશ્રીની સાથે નામદાર પ્રિન્સેસ અને રાજકુમારીઓ પણ હતાં અને બધાં રાજકુમારોને મળવાથી ઘણો આનંદ પામ્યાં હતાં. આ આનંદના સમયમાં આટલાન્ટા નામની આગબોટ ત્રણસેં માણસો સાથે ડુબી જવાના દુઃખ ભરેલા સમાચાર મળવાથી રાજકુટુંબના આનંદમાં ભંગ થયો હતો. રાજકુમારોના પ્રવાસમાં આ આગબોટ એક વખત તેમના સંગાથમાં હતી.

પ્રકરણ ૩ જું.

દુનિયાનું પ્રથમ દર્શન-દક્ષિણ અમેરિકા-દક્ષિણ આફ્રિકા-ઑસ્ટ્રેલિયા.

થોડો કાળ ઇંગ્લાંડમાં રહ્યા પછી જુલાઇ માસમાં રાજકુમારો પાછા બેકેન્ટેપર સ્વાર થયા આ વખત એઓ ઇંગ્રેજી ખાડીમાંના દરીઆઇ કાફલાની જોડે જોડે આયર્લાંડ વગેરે સ્થળે ફરીને પાછા સ્પીટેડ પધાર્યા હતા. રાજકુમારો ઇંગ્લાંડમાં આવીને તુરત મહારાણીશ્રીની હજુરમાં જઇ આવ્યા હતા. પોતાના પૌત્રોને સંપાદન થયેલા અનુભવ અને ઉપજેલા આનંદને લીધે એઓશ્રી ઘણાંજ પ્રસન્ન થયાં હતાં.

તેજ વર્ષના સપ્ટેમ્બર માસમાં રાજકુમારોને લઇને બેકેન્ટે પાસીફિક મહાસાગર તરફ જતા દરીઆઇ કાફલાની જોડે ગઇ હતી. પ્રથમની સફરના અનુભવ ઉપરથી રાજકુમારોને આ બીજી સફરપર જવાને ઘણી આતુરતા ઉત્પન્ન થઇ હતી. માઘેલનની સામુદ્રધુનીમાં થઇ, દક્ષિણ અમેરિકાના પાસીફિક મહાસાગર તરફને કિનારે આવેલા વાન્કવેર થઇ એમને સેંડ-વિચ્ ટાપુઓ તરફ જવાનું હતું. ત્યાંથી વખતે જાપાન, ચીન, ઓસ્ટ્રેલિયા, કેપઓફગુડહોપ, મલાયાનાં સંસ્થાન, લંકા, એડન અને સ્વેજની નહેરમાં થઇને ભૂમધ્ય સમુદ્રમાંના કાફ-

લાને મળવાનું હતું. આવી મોટી પૃથ્વિ પ્રદક્ષણા કરવાને તરૂણ રાજકુમારોને આતુરતા ઉપજે એમાં નવાઇ નથી. અત્રે તેમની રોજનિશી ઉપરથી એમને ઉપજેલો આનંદ જણાઇ આવે છે.

સ્પેનની ઉત્તરે થોડો કાળ સફર કર્યા પછી તેઓ થોડા વખતથી ફેરોલમાં છીપ્યા હતા અને ત્યારબાદ વિગો આગળ બધો કાફલો તેમને આવી મળ્યો હતો. અહીંથી તેમની મોટી સફરનો પ્રારંભ થયો. તેઓ મડિરા અને કેપવર્ડિસના ટાપુઓ તરફ ગયા. ત્યાંથી છેટે આવેલા મોંટવિડિઓ તરફ ગયા. તા. ૨૯ મી નવેમ્બરે તેઓએ વિષુવવૃત્ત ઓળંગ્યું. વિષુવવૃત્ત ઓળંગતાં નાવિકો ઘણી ગમ્મત ભરેલી રમતો કરે છે. તેઓ વરૂણદેવનો વેશ કાઢે છે અને વરૂણદેવ ત્યાં થઇને જતાં દરેક માણસનો ભોગ લે છે ! બીજી આગબોટપરથી એક ખલાસી 'વરૂણ' અને બીજો તેમની સ્ત્રી 'એમ્ફીટ્રાઇટ' બનીને મનવારપર આવ્યાં. વરૂણદેવ જોડે એમનાં 'રીંછ' પણ હતાં. એ થઇ રહ્યા પછી નવા એટલે વિષુવવૃત્ત પહેલાં ન ઓળંગ્યુ હોય તેવા માણસને મુડવાની ગમ્મત ભરેલી ક્રિયા–રમત–થઈ. બે એક શિવાય બધા મિડશિપ્મેન અને બીજા ૨૩૦ ખલાસીઓ મુંડાયા ! જેનો વારો હોય તેને આંખે પાટા બાંધીને વરૂણદેવની હઝુરમાં લાવતા અને દરેકની ચાલચલગત વગેરે સાંભળીને એઓ હુકમ કરતા કે ત્યાં રાખેલા ચાર નાના મોટા અસ્તરામાંથી કીયાવડે એને મુંડવો ! અસ્તરાની જાત નક્કી થયા પછી તે બિચારાને આંખે પાટા બાંધેલો ને બાંધેલો નિસરણીએ ચઢાવીને એક ઉંચી બેઠકપર લઇ જઇને ગોઠવેલી ખુરશી ઉપર બેસારતા. ત્યાં ગોળીઓ અને સુંઘવાની શીશી

લઇને હાકાર હાજર રહેતો! એમની જોડે હજામ પણ તૈયાર જ. પેલા માણસને સાબુથી ખૂબ ફીણ ફીણ કરીને પછી ધીરે રહીને ઓચિંતો બીજી બાજુએ પાંચેક ફીટ ઊંડા પાણી ભરેલા કેંતાનના વાસણમાં ધક્કેલી દેતા! વરૂણદેવનાં રીંછ ત્યાં પાણીમાં હાજર જ રહેતાં. પેલો માણસ જેવો પડયો કે એને ઝીલી લેઈ ઝબકોળી કાઢતાં! મનવારપરના પ્રથમ વર્ગના નાના અમલદારોએ રીંછના સ્વાંગ લીધો હતો. પેલો પડયો કે હસાહસ થઈ રહેતી! કેટલાક તો બંબાની સુંઢથી પાણી ઉરાડીને એક બીજાને તેમજ અમલદારોને તરબોળ કરતા! કેટલાક તો તૂતક ઉપર માત્ર ગમ્મતની ખાતર દોડતા અને અમસ્તાજ શઢપર ચઢ઼ડી જતા! રાજકુમારો પોતાની નોંધમાં લખે છે કે પાણી ઉરાડી બીજાને પલાળવાની જૂદી જૂદી તરેહની યુક્તિયો કરાતી. તેઓ છેક ભોજનના સમય સુધી રાજકુમારોની આગબોટ ઉપર રહ્યાં. એ બધો વખત બધા માણસોએ એમની જોડે ઓળખાણ કરીને ગમ્મત મેળવી. જેવા એ લોકો આવ્યા કે મનવારના કપ્તાન અને જેણે પૂર્વે વિષુવવૃત્ત ઓળંગ્યું હોય એવા અમલદારોએ એમનું સ્વાગત કર્યું. એ લોકોએ વરૂણદેવ અને એમ્ફીટ્રાઇટને ખંડણી તરીકે સાર્ડિન, મુરબ્બો, અથાણાં, કેક વગેરે હાજર કર્યા! આ પ્રમાણે સવારના પ્હોરમાં આ ગમ્મત કર્યા પછી રોજનું કામ ચાલુ થયું!

દક્ષિણ અમેરિકામાં રાજકુમારોને 'જમીનપરની મુસાફરીનો અનુભવ પણ મળ્યો હતો. તેઓ ઘાસના જંગલમાં ઘોડેસ્વાર થઇને જઇ આવ્યા હતા. ત્યાં તેમણે ફાંસાવડે અને 'બોલા' વડે જનાવરો કેમ પકડાય છે એ જોયું હતું. દોડતે

ઘોડે નાસતા જનાવરને ફાંસો નાંખવો અને જનાવર દોડે તેમ ઘોડાને પણ દોડાવવો. છેવટે દોડતાં થાકીને ફાંસામાં આવે કે પ્રાણિ તાબે થાય એમ કરવું. 'બોલા' વળી જૂદીજ જાતનું સાધન છે. બે ભારે અને એક હલકો એમ ત્રણ ગોળાને બે એક વાર વાધરડીથી છૂટા છૂટા ચાબુકની સાટોની પેઠે બાંધ્યા હોય છે. બોલા નાંખનાર પોતાના હાથમાં હળવો ગોળો પકડી બાકીના બે ગોળા માથા ઉપર ચક્કર ચક્કર ફેરવે છે અને પછી નાશી જતા જનાવરના પગ તરફ આબાદ ફેંકે છે. એ ભારે ગોળા ચક્કર ચક્કર થઈને નાસતા પ્રાણિના પગને વિંટળાઈ વળીને તેમને જકડી નાંખે છે. અને તેમનાથી ચલાતું નથી. આ બન્ને રીતથી ઘોડા વગેરેને પકડાય છે. નવા પકડાયલા ઘોડા ઉપર 'ગાઉકોસ' જાતના લોકો પ્રથમ સ્વારી કરે છે. એ લોકો નાનપણથી જ ઘોડા અને ઢોરમાં પલોટાઈ ગયા હોય છે અને ગમે તેવો દોડનાર કુદનાર કે મસ્તીખોર ઘોડો હોય તોયે તેને લેહજામાં વશ કરે છે.

મોન્ટવિડિઓથી રાજકુમારો ફોકલંડના ટાપુઓ ખાતે પધાર્યા હતા. આ તેરસેં માઇલની સફરમાં તેમને ઘણી ટહાડ અને તોફાનનો અનુભવ થયો હતો. સાધારણ રીતે આ સફર નવ દિવસમાં કરાય છે પણ દરીઓ તોફાની હોવાથી તેમને પંદર દહાડા લાગ્યા હતા.

બેકેન્ટે ફાકલંડ ટાપુઓ તરફ હતી તે વખત તેમને હૂકમ મળ્યો કે પેસીફિક મહાસાગર તરફ જવાને બદલે તેમણે બોર લોકોના વિગ્રહ પ્રસંગે તેમને શેહમાં રાખવા કેપ ઓફ ગુડ

હોપ તરફ તાબડતોબ ઉપડી જવું. રાજકુમારો આ હુકમન માટે પોતાની રોજનિશીમાં નોંધ કરે છે કે ઘણી સંભાળથી ગોઠવી કાઢેલી અમારી સફર પડતી મુકવી પડી. અને માધેલનની સામુદ્રધુનીમાં થઇને આન્ડીઝ, કઝકો, અને ટોટીકાકા વગેરે પ્રખ્યાત જગાઓ જોવાની અમારી આશા ઉપર એક ક્ષણમાં જ પાણી ફરી વળ્યું ! આ જગાઓના ઇતિહાસનું અમે પાછલા બાર બાર મહિનાથી મનન કર્યું હતું. કોટોપાક્ષી, ચીમ્બોરાઝોકિવટો, બ્રિટિશકોલંબીઆ, સેંકિવચ્ટાપુઓ, વાન્કુવરના ટાપુઓ અગર પેસીફિક મહાસાગર માંહેલી કોઈપણ જગા જોવાની અમારી આશા નિર્મુળ થઈ. અમારે લગભગ સાડા ત્રણ હજાર મૈલ દૂર કેપ ઓફ ગુડ હોપમાં જઇને બોર લોકોને શેહમાં રાખવાનું નિર્માણ થયું ! વખતે લડાઇનો ચાંદ બાંદ મળે એવી આશામાં જ સુખ માણવાનું રહ્યું !

સિમન્સના ઉપસાગરમાં આવીને રાજકુમારો બેકેન્ટેપરથી ઉતરી કેપટાઉન જોવા પધાર્યા. અહીં તેઓને ઝુલુના રાજા કેચ્વેચોની મુલાકાત થઈ હતી. આ રાજાના પ્રચંડ શરીરથી રાજકુમારોના મનપર તેની ભવ્યતાની છાપ પડી હોય એમ લાગતું હતું. તેઓએ એક બીજાને પોતાની છબીઓની ભેટ કરી હતી. આ રાજા બહુ ઉતાવળથી, બહુ ભાર દઇને અને ગંભીરતાથી વાત કરતો હતો. આ રાજા લોહીનો બહુ તરસ્યો, અને બોર લોકોના લોહીમાં પોતાનો ભાલો રંગવાને ઘણો આતુર જણાયો એમ રાજકુમારો લખે છે. ઝુલુ રાજા કહેતો હતો કે જો મને એકવાર મારા લોકોમાં જવાદો તો પછી હું માતુશ્રી ઈંગ્લાંડની રાણીની આજ્ઞાનું કદી ઉલ્લંઘન કરીશ નહી.

બોર લોકોની જીતના સમાચારથી બેકેન્ટે ઉપર દીલગીરી પથરાઈ રહી હતી અને કાફલાના અમલદારોમાં નેટલ ઉતરીને લડાઇમાં ભાગ લેવાને બદલે દરીઆમાં પડી રહેવું પડ્યું હતું તેથી નાઉમેદી ઉત્પન્ન થઈ હતી. રાજકુમારો પોતે લખે છે કે જમીનથી વીસ પચ્ચીસ મૈલ દૂર અમને નાંખી મુકયા હતા. અમે ત્યાં હતા તે પણ વખતે કોઇને ખબર નહી હોય ! આવી રીતે અમે બોરને શી રીતે શેહ આપતા તે સમજાતું નથી. અમારી હાજરી ખરેખાત નકામી અને મન મનાવવાની જ હતી. અમારૂં રહેવું માત્ર અમને ખોરાક પૂરા પાડનાર ઇજારદારને જ લાભદાયક હતું.

ઇંગ્લંડથી લોર્ડ રોબટર્સ આફ્રિકા આવ્યા, અને અઢાર દિવસમાં જ લડાઈ પૂરી થઇને તહ થઇ. કાફલા ઉપર અમારે હવે શું કરવું પડશે તેને માટે હજારો તર્કવિતર્ક થતા. અમારે તે હવે પશ્ચિમ તરફ જવું પડશે કે પાછા પેસીફિક તરફ હંકારાવું પડશે એ સૂઝતું નહોતું. તેવામાં એક દિવસ સવારે અમને નિશાનીઓ માર્ફત હૂકમ મળ્યો. અક્ષરે અક્ષર વાંચીને અમારો હૂકમ અમે સમજ્યા કે કાફલાએ શનિવારે મે-લ-બો-ર્ન તરફ હંકારી જવું ? અમે ઇંગ્લંડના આ હુકમથી ખુબ આનંદમાં આવી ગયા.

આસ્ટ્રેલિયા જતાં બેક્કેન્ટેને જબરૂં તોફાન નડયું અને તેનું સુકાન ભાગી ગયું. કાફલાનાં બીજા વહાણો દૂર હતાં. બેકેન્ટે વરાળયંત્રની કે સઢની મદદથી બીલકુલ આગળ ચાલે નહી અને પવન તો કહે કે મારૂં કામ. આવી નાચાર હાલતમાં મનવાર

દક્ષિણ તરફ આસ્ટ્રેલિઆથી દૂર ઘસડાઇ ગઇ. જ્યાં ત્યાં કરીને કામ ચલાઉ સુકાન બનાવ્યું પણ તેના હિસાબ નહી. બેકેન્ટેને એટલું નુકશાન થયું હતું કે ન્યુસાઉથવેલ્સ ગયા પછી તેને સમાર કામ સારૂ ગોદીમાં મુકવી પડી.

રાજકુમારોને ઓસ્ટ્રેલિયામાં ઠેરઠેર સારો આવકાર મળ્યો. તેમણે લાવરી અને કાંગારૂનો શિકાર કર્યો. તેઓ સોનાની ખાણમાં ઉતરીને સોનું શી રીતે કઢાય ને સાફ થાય છે, તેનું નિરિક્ષણ કરી આવ્યા. તેમણે નિશાળો અને સરકારી મકાનો જોયાં. અને 'બુમરાંગ' નાંખતાં શિખ્યા હતા. આપણા દેશમાં પહેલાં કોળી લોકો 'કાતર' નાંખતા તેવાંજ આ 'બુમરાંગ' હોય છે. અને દૂરથી આબાદ ધારેલી જગાએ ફેંકી શકાય છે. અહીં એક વખત એક પોલીસના સીપાઇએ રાજકુમાર જોર્જને હાથ ઝાલીને બાજુ ઉપર લઇ જવાથી રાજકુમારોને બહુ તાજુબી લાગી હતી. પછીથી ખબર પડી કે એઓશ્રી અને તેમની સાથેના માણસોની વાતચીતના કલબલાટથી લાવરીઓ બીતી હતી માટે તેણે બાજુએ ખસેડયા હતા !

આખી સફરમાં રાજકુટુંબની વર્ષગાંઠના તહેવાર ઉજવાતા. ૧૮૮૧ ના મેની ૨૪ મીએ રાજકુમારોએ નામદાર મહારાણીશ્રીને બેલમોરલ મહેલમાં મુબારકબાદીનો તાર મુકયો હતો, અને એ નામદારે તેનો ઉત્તર મોકલ્યો હતો. મહારાણીની વર્ષગાંઠનો તહેવાર આખા ઓસ્ટ્રેલિયામાં બડી ધામધૂમથી ઉજવાતો. આ આ પ્રસંગે ફ્રીમેન્ટલની મ્યુનિસિપાલીટીએ મુબારકબાદી આપી

તેના જવાબમાં રાજકુમારોએ આપેલો જવાબ એઓશ્રીની પ્રસંગોચિત બોલવાની શક્તિ દેખાડી આપે છે. તેમણે ઉત્તર આપ્યો હતો કે 'ઓસ્ટ્રેલિયાની ભૂમિ ઉપરની રાણી સાહેબની અમારા જ જેવી તેમજ વફાદાર રૈયતની ભેગાં નામદાર મહારાણીશ્રીની વર્ષગાંઠનો ઉત્સવ ઉજવતાં અમને વિશેષ આનંદ ઉપજે છે.'

કોઇ કોઇ વખતે રાજકુમારોને ન ઓળખવાથી રમુજી પ્રસંગ બનતા. તેઓ જ્યારે આલ્બની હતા ત્યારે એક એવોજ રમુજી બનાવ બન્યો હતો. રાજકુમારોએ આ બનાવની રમુજ ભરી નોંધ રાખી છે. આલ્બનીમાં હતા ત્યારે એક વખત સવારે ચાર વાગ્યે પી. ઓ. કંપનીની એક આગબોટ ત્યાં આવી હતી. આ આગબોટ ચાર કલાક રહીને 'એડિલેઇડ' ઉપડી જવાની હતી. રાજકુમાર જોર્જ લખે છે કે 'આ આગબોટ સાથે રક્ષણ સારૂ જોડે જનારી બોટના ઉપરી તરીકે મારે જવાનું હતું. એ આગબોટના તૂતક ઉપર ઉભેલા એના અમલદારો જોડે વાત કરતાં એક અમલદારે મને કહ્યું કે રાજકુમારો અમારી સાથે એડિલેઇડ આવે છે એ કેવી વિંટબણા અને પંચાતી! મેં કહ્યું ખરી વાત, એમ જ છે, વિંટબણાજ પડવાની! થોડીવાર પછી અમારી બોટનો ઉપરી અમલદાર આવ્યો અને એણે પી૦ ઓ૦ ના અમલદારોની સાથે અમારૂં ઓલખાણ કરાવ્યું! અમારે જ મોઢે અમારે માટે એવું બોલવાની પોતાની ભૂલ જોવાથી એ અમલદારો અને અમારી વચ્ચે હસાહસ થઇ રહી!'

રાજકુમારોએ પોતાની રોજનિશીમાં પી. એ. કંપનીના લાશ્કર–દેશી ખલાસી–ઘણું સારૂં કામ કરનારા છે એવી નોંધ લીધી છે.

મેલ્બોર્નમાં રાજકુમારો ટંકશાળ જોવા ગયા હતા. ત્યાં તેમણે સોનું કેમ ગળાય છે, તેનાં પત્રાં શી રીતે થાય છે અને તેની મહોરો કેમ પડાય છે એ જોયું. એટલુંજ નહી પણ તેઓએ પોતે અક્કેક મહોર પાડી અને સંભારણા દાખલ ઘડીઆળના અછોડામાં લટકાવીને પોતે લાવ્યા. કંતીઆનના પાટલુન, મીણીઆના ડગલા ને ટોપીઓ અને ભારે મજબુત બુટ પહેરી હાથમાં મીણબતીઓ લેઇ તેઓ બેલેરેટમાં ખાણમાં પણ ઉતર્યા હતા. ખાણમાં રાજગીત વગાડાતું હતું. રાજકુમારોએ સ્વહસ્તે તીકમ લઇને સોનાનાં રજકણ ભરેલા કવાર્ટઝના કડકા ખોદી કાઢ્યા. ખાણમાંથી બહાર આવ્યા ત્યારે આજ પોશાકમાં તેમની છબી લીધી હતી. બીજી પણ જોવાલાયક ઘણી જગાઓ તેમણે જોઇ હતી.

અહીંથી ઉપડીને બેકેન્ટે કિવન્લેન્ડ ગઇ હતી. બ્રિસ્બેનમાં પણ તેમને ઘણું સારૂં આતિથ્ય મળ્યું હતું; રાજકુમારો લખે છે કે ‘ ઇંગ્લંડથી ઉપડયા બાદ આલ્બનીમાં ઉતર્યા ત્યારથી તે આસ્ટ્રેલિયામાં રહ્યા તે દરમ્યાન અમે બીજી કોઈ જગાએ આવો આનંદ અનુભવ્યો નથી. ઈંગ્લંડથી ઉતરતું આસ્ટ્રેલિયા હમેશ અમારા હૃદયમાં બિરાજી રહેશે. ’

પ્રકરણ ૪ થું.

દુનિયાનું પ્રથમ દર્શન—છેક પૂર્વના દેશો–પૂર્વના દેશો અને ઇંગ્લંડ.

આસ્ટ્રેલીઆ પછી રાજકુમારો ફિજિ તરફ સિધાવ્યા. ત્યાંના મુળવતનીઓ હજુ સુધારામાં ઘણાજ પછાત છે. છતાં મહારાણીનાં સંતાન જોવાને તેઓ ઘણા ઉત્સુક હતા. પૂર્વે આ લોકો મનુષ્યભક્ષી હતા. અને નિરંતર કજીયા અને લઢાઇઓમાં જ એમનું આખું જીવન જતું. હાલ એ લોકોએ ઉપરના નઠારા રિવાજ છોડી દીધા છે અને બ્રિટિશ સામ્રાજ્ય નીચે રહીને ખ્રિસ્તિ ધર્મ અંગિકાર કર્યો છે. નવો ધર્મ એ લોકો એવી સારી રીતે પાળે છે કે યૂરોપિયન પ્રજાઓને પોતાની જાતને માટે શરમ આવે. આ લોકોએ રાજકુમારો સારૂ એક ખાસ ઘર તૈયાર કર્યું હતું અને એઓશ્રીના આગમનનો તહેવાર પાળીને એક મોટી મીજબાની કરી હતી. દરેક રાજકુમારને આ લોકોના મુખીએ વ્હેલ જાતની માછલીનો દાંત બક્ષિસ આપીને મોટું માન આપ્યું હતું. એ લોકોએ રાત્રે મોટો નાચ પણ કર્યો હતો. લોકો નાચતા હતા એ વખત બંદરપરથી કાફલામાંની એક આગબોટની ઉંચી કાઠી ઉપરથી વિજળીની રોશનીનો પ્રકાશ આવેલો જોઇને એ લોકોને

ઘણો આનંદ થયો હતો. એમનો એક મુખી જે વધારે ડાહ્યામાં ખપતો હતો તેણે એ અજવાળું શેનું છે એ ખોળી કાઢ્યું હતું ! એ કહે કે ઇંગ્રેજ લોક નવા સુરજ અને ચંદ્રમા બનાવે છે, પણ હજુ સુરજ બનાવવાનું એમને બરાબર આવડ્યું નથી; અને આ ચંદ્ર બનાવ્યો છે. ઇંગ્રેજ લોકો હજુ શું શું નવું બનાવશે તે જોવાને હું ઇચ્છું છું કે હું કોઇ દિવસ મરી જાઉં નહિ! કેટલાક ફિજિઅન્સ મનવાર ઉપર આવ્યા હતા. તેમને ગમ્મત કરાવવાને મુખ્ય ઇજનેરે તેમને વિજળીનો ધક્કો આપ્યો પણ તેમને તેની લગીરે બ્હીક લાગી નહોતી. નામદાર મહારાણીએ એ લોકોને સારૂ પોતાની છબી મોકલી હતી તેના ઉપર માત્ર એટલુંજ લખ્યું હતું કે 'વિટિમાં જે મ્હારા છે તેમને ભેટ.' આવા લાગણીવાળા લખાણથી આ લોકોના મન ઉપર ઘણી અસર થઈ હતી. એમના એક મુખીથી તો કહ્યા વગર ન રહેવાયું કે આવા નાના નાના રાજકુમારોને આટલે દૂર મોકલતાં નામદાર મહારાણી અને પ્રિન્સ ઓફ વેલ્સની છાતી કેમ ચાલી હશે.

રાજકુમારો ત્યાંથી જાપાન પધાર્યા હતા. નામદાર મિકાડોએ કુમારોને બહુ માન આપ્યું હતું. રાજકુમારો જાપાનમાં રહે ત્યાં સુધી રાજકુમારોની હજૂરમાં રહેવાને પ્રિન્સ હેગેસ કુશિમીની નિમનોક કરી હતી. પહેલી મુલાકાતે રાજકુમાર એડવર્ડે નામદાર મિકાડોને જાહેર કર્યું કે નામદાર મહારાણી શ્રીએ તેઓ નામદારને મૈત્રિના ચિન્હ તરીકે નજર કરવાને પોતાની છબી ચિતરવાનો હુકમ ફરમાવ્યો છે. જાપાનનાં શાહાનશાહબાનુને રાજકુમારોએ 'વાલાબી' જાતનાં પ્રાણિ

યોની એક જોડ નજર કરી હતી. તેઓ મનુષ્યનાં અનેક પ્રકારે અનુકરણુ કરતાં અને એકેન્ટે ઉપરનાં બધાં માણુસોની સાથે હળી ગયાં હોવાથી બધાંને ગમતાં. શહાનશાહ બાનુએ આવાં જનાવર પૂર્વે કોઇ વખત જોયાં નહોતાં અને જાપાનની ભૂમિ ઉપર પ્રથમ જ આવ્યાં હતાં તેથી આ નજરથી તેઓશ્રી ઘણાં ખુશી થયાં હતાં.

જાપાનમાં રાજકુમારોએ ઘણું ઘણું જોયું. નામદાર મિકાડોએ ઉદાર ચિત્તથી રાજકુમારોને ઘણી ઉમદા બક્ષિસો ભેટ આપી. અને પંડે રાજકુમારોને ઉતારો આપ્યો હતો તે મહેલમાં મુલાકાત લેવા પધાર્યા. અને ખાસ શહાનશાહને જ માટે તૈયાર કરવામાં આવતી મિઠાઇની અક્કેક પેટી ભેટ આપી.

એ નામદારે રાજકુમારોને ખાણું પણ આપ્યું હતું. પકવાનોની બનાવટમાં તેમજ ખાવાની રીતભાતમાં આ મિજબાની ખરેખરી જાપાની મિજબાની જ હતી. ખાતી વખત છરી કાંટાને બદલે માત્ર હાથીદાંતના લાંબા સોઇઆ વપરાસમાં લીધા હતા. અને ખાવાની વસ્તુઓ જાપાનીઝ રીતે તૈયાર કરેલી અને જાપાનીઝ રીતીએ જ પીરસવામાં આવી. આથી બધાંને બહુ આનંદ થયો. પરંતુ ખરેખરી મઝા તો તે દેશના રિવાજ પ્રમાણે બિજે દિવસે સવારમાં સંભાળ પૂર્વક લાકડાની પેટીઓ ભરીને આગલા દિવસના ખાણાનાં વધેલાં પકવાનો રાજકુમારોને ભેટ દાખલ આવ્યાં ત્યારે પડી. આ ભેટથી બધાને આનંદ થયો હતો.

પોતાની રોજનિશીમાં રાજકુમારો જાપાનના લોકો વિશે નોંધ લે છે કે તેઓ અમને ઘણા વિનયી, સભ્ય, સુશિલ, હસમુખા, આનંદી અને ખૂશમિજાજી લાગ્યા. અમે કોઈ પણ માણસને ગુસ્સે થએલો કે ખરાબ વર્ત્તન કરતો દીઠો જ નથી. તેઓ જબરા મહેનતુ, જાણે ઘોડા હોય નહિ, એમ કામ કરે છે. પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાં ધરાધરી એટલો બોજો ઉચકી શકે છે કે સ્વિસ્ મજૂરો જેઓ વધારે વજન ઉચકનારા ગણાય છે તે પણ અજાયબ થઇ જાય. તેઓ મશ્કેરી કરવા કરાવવામાં તૈયાર અને હમેશ હસતા જ દેખાય છે.

ચીનમાં પણ રાજકુમારોને જૂદી જૂદી જાતનો અનુભવ મળ્યો હતો. ડાંગરનાં વાવેતર, ખેતીવાડીની રીત અને સ્થિતિ ઉપર એઓનું ખાસ ધ્યાન ગયું હતું. ખેતરો નાનાં અને ખેતીની રીતને લીધે ખેતર નહિ પણ બગીચા હોય એમ કુમારોને લાગ્યું. ચીનાલોકોની રીતભાત તેમનાં ખાણાં પીણાં વગેરે બધી વાતની ઝીણવટથી તેમણે તપાસ કરી હતી. રાજ-કુમારો પોતાની નોંધમાં અભ્યાસી ચીનાઓની દયા ખાય છે. ત્યાં બાદશાહ શિવાય રાજ્યની દરેક નોકરીઓની લાયકીને સારૂ પરીક્ષાઓ હોય છે. ગમે તેવો ગરીબ માણસ હોય પણ પોતાના બુદ્ધિબળથી અને ખંતવડે ગમે તેવી મોટી પદવી મેળવી શકે છે. પણ તે અર્થે બીચારા ચીનના રહેવાશીને જન્મ સુધી પરીક્ષા અને પરીક્ષાઓ આપવી પડે છે! ચીનાઇ રાજ્યવ્યવસ્થાને માટે તેઓ લખે છે કે ત્યાંનુ રાજ્ય બંધારણ, કાગળ ઉપર લખેલું વાંચતાં તો ખરેખાત બિલકુલ ખામી વગરનું લાગે છે. ચીનની સ્થિતિ જોઇને રાજકુમારોને

ઘણી ઘણી વાતનો વિચાર કરવાનું સુજ્યું. ચીનની કેળવણી, અફીણનો સવાલ, પાદરીઓના કામના પરિણામનો સવાલ, તે દેશનો ધર્મ વગેરે ઘણા મહત્વના સવાલો અને બાબતો ઉપર તેમણે પૂર્ણ વિચાર કર્યો હતો. ચીનના પ્રાચીન ઇતિહાસ ઉપરથી ચીનના ભવિષ્યનો વિચાર પણ એઓશ્રીના મનમાં આવ્યો હોય એમ જણાય છે. આવા ગંભીર વિચારો ભેગો ભેગો ગમ્મતનો પણ વારો આવતો. હોંગકોંગમાં કોન્ફ્યુશિયસના સમછરીને દિવસે નીકળતા વરઘોડાથી તેઓશ્રીને ખૂબ મઝાહ પડી હતી.

સિંગાપોરમાં રાજકુમારોને માન આપવાને ઘણી ગમ્મતો અને ઉત્સવ કરવામાં આવ્યા હતા. જોહોરના મહારાજાએ લખલૂટ ખર્ચ કરીને તેઓશ્રીનું આતિથ્ય કર્યું હતું. આ જગાએ શિયામના રાજાએ તેમને આવકારનો સંદેશો અને સારી બક્ષિસો નવાજેશ કરી હતી.

લંકા—સીલોનમાં તો રાજકુમારો આનંદની સહેલ કરવાજ નિકળ્યા હોય એમ બન્યું હતું. અહીં એઓશ્રીએ જાદુગરના અને ગારૂડીના ખેલ જોયા હતા. લંકાના સરદારોનો પહેરવેશ જોઇને તેમને ઘણી અજાયબી લાગી હતી. મોટા ચોખંડા તકીયા જેવી પાઘડી અને બીજા પોશાકથી તેઓ વિચિત્ર લાગે છે. તેમાં એ રૂપાની સાંકળથી તેમની છાતી ઉપર લટકતાં રૂપાનાં મોટાં પત્રાં જોઇને હસું આવ્યા વગર રહેતું નથી. એ પત્રાં ઉપર લેખ કોતર્યા હોય છે તે વાંચતાં માલમ પડે છે કે આ તો સરકાર તરફથી મળેલા ચાંદ છે!

એમના માનમાં નીકળેલા સરઘસથી કુમારોને બહુ મઝા પડી હતી. ભૂતનો નાચ, અને હાથીઓએ કરેલા નમનથી તેમને ઠીક ગમ્મત પડી. તેઓશ્રીએ લંકાના ધર્મ સબંધી જ્ઞાન પણ સંપાદન કરવાનો યત્ન કર્યો હતો. તેઓશ્રીને બુદ્ધદેવના પવિત્ર દાંતનું નિરિક્ષણ કરવા દેવામાં આવ્યું હતું. હાથીના શિકારની સેલ પણ રહી ગઈ નહોતી.

લંકાથી રાજકુમારો મિસર ગયા હતા. નામદાર ખેદિવ, મો. લેસેપ્સ, અને બ્રગ્સબે એમણે રાજકુમારોના પ્રવાસમાં તેમને ઘણું જ્ઞાન સંપાદન કરવાનું તેમજ આનંદ મેળવવાનું મળે એવી ગોઠવણ કરી હતી. અહિં રાજકુમારો જગજાણીતા 'પિરામીડ' જોવા પધાર્યા હતા. પિરામીડ શંકુ આકારના હોઇને ચઢવાને પગથીઆંવાળા છે. ઉપર ચઢતાં આંકોશીઆં ઉંચાં આવે એવું થાય છે. રાજકુમારો લખે છે કે 'પા કલાકમાં સહેલાઈથી ઉપર સુધી ચઢી જવાય છે.' પિરામીડસ સ્ફીંક્ષ, નાઈલનાં દેવળો, હેલિઓપોલિસ વગેરે જૂના મિસરની મહતાનાં ચિન્હ તેઓએ નિહાળ્યાં. ખિલાના આકારના અક્ષરોમાં લખાયલા જૂનાલેખો વગેરેનું નિરિક્ષણ કર્યું. અને ત્યાંથી ખ્રિસ્તી ધર્મની પવિત્ર ભૂમિ તરફ તેઓશ્રીએ પ્રયાણ કર્યું.

આ પવિત્ર ભૂમિ–પેલેસ્ટાઇન–માં ઠેર ઠેર બાયબલમાં આવેલી જગાઓ, દેખાવો, નદીઓ વગેરે હોવાથી ધર્મનો જૂનો ઇતિહાસ જાણનારા ભોમિયા વગર આ પ્રવાસનો હેતુ સરતો નથી. કેપ્ટન કોન્ડર અને સર ચાર્લ્સ વિલ્સન એ બે વિદ્વાનો આ બાબતમાં એક્કા ગણાય છે. આ પ્રવાસમાં તેઓ રાજકુમારોની

સાથે રહે અને તેમને એ જગાઓ સંબંધી બાયબલમાં આવેલું બધું જ્ઞાન આપે એવી ખાસ ગોઠવણ કરી હતી.

થોડા અઠવાડિયાના આ પ્રવાસની છાપ રાજકુમારોના મનપર સારી જ પડી હશે. આ પ્રવાસ વિશેની નોંધો જોતાં આપણુને પ્રતિત થાય છે કે રાજકુમારોના મનમાં આ પવિત્ર ભૂમિના પ્રવાસને માટે માનપુરસ્સર ભાવનાઓ ઉત્પન્ન થઇ હતી. ખ્રિસ્ત ઇસુએ જે જગાએ પૂર્વે પોતાની પાસેના ત્રણ રોટલામાંથી હજારો માણસને ભોજન કરાવ્યાનો ચમત્કાર કર્યો હતો કહેવાય છે એ જગાએ ઇસુ જાત્રાળુઓની સન્નિધ રહે છે એમ સાધારણ રીતે મનાય છે. પોતે એ જગા જોયા બાદ તે વિશે પોતાની નોંધમાં જે ગંભીર શબ્દો લખે છે તેપરથી રાજકુમારોનાં જ્ઞાન અને મનની ઊંડાઇ આપણે માપી શકીએ છીએ. તેઓશ્રી લખે છે કે ઇસુ આ જગાએ નથી, તેમજ આ જગાએ છઇએ માટે આપણે પણ તેની વધારે પાસે હોઇએ એમ પણ નથી. ઇસુનાં વચનામૃતમાં જેજે ભાવ સમાયલો છે તે વિચારનો અને તે ભાવનાનો આપણે આપણા અંતઃકરણમાં સાક્ષાત્કાર કરીએ તો જ આપણે ખ્રિસ્ત ઇસુની વધારે સમિપે જઇએ. આનું જ નામ ઇસુની સાથે એકતા થઈ કહેવાય. ”

સિરિયા, એથેન્સ, ક્રેટ, સિસિલી, સાર્ડિનિયા, જીબ્રાલ્ટર વગેરે જોઇને આખરે કાફલો ફેરોલ આવ્યો. ત્યાંથી બિસ્કેનો ઉપસાગર વટાવીને બે વર્ષની સફર કરીને તેઓ ઇંગ્લંડ આવી પહોંચ્યા. રાજકુમારો લખે છે કે ડેવનશાયરનાં ધાન્યનાં ખેતરો, લીલાછમ જેવા ઘાસના ચકતા ઉપર તક્તાઓ અને સમુદ્ર કિનારા તરફ ઢોળાવવાળાં જંગલો જોઈ કાફલાના દરેક મનુષ્યનાં હૃદય

આનંદને લીધે ધડકવા લાગ્યાં. રાજકુમારો અને તેમનાં માતપિતા તેમજ ભગિનીઓ મળ્યાં. પૂજ્ય નામદાર મહારાણીને મળવા રાજકુમારો ઓસ્બર્ન પણ જઈ આવ્યા.

આ સફર પૂરી કરીને આવ્યા પછી થોડા દિવસમાં જ રાજપુત્રોને ખ્રિસ્તી ધર્મના 'જળસંસ્કાર' પછી કરવામાં આવતો 'સ્થિરિકરણ' નામનો સંસ્કાર કરવામાં આવ્યો. કેંટરબરીના મુખ્ય ધર્માધ્યક્ષ ટેઇટે આ ક્રિયા કરાવી હતી. નામદાર મહારાણી, પ્રિન્સ અને પ્રિન્સેસ ઓફ વેલ્સ, એકેન્ટે ઉપરના અમલદાર અને નામદાર મહારાણીશ્રીની ખાસ આજ્ઞાથી નૌકાસૈન્યના સિપાઇઓની ટુકડી અને ખલાસીઓ પણ હાજર હતા. આ ટાંકણા ઉપર આર્ચબિશપ ટેઇટે કરેલું વ્યાખ્યાન બહુ વખાણવા લાયક, સચોટ અને પ્રખ્યાત છે. ત્યાર પછી એઓ જાહેરમાં બીજું વ્યાખ્યાન આપી શકયા નથી. એમની જીંદગીમાં કરેલાં વ્યાખ્યાનોમાં છેલ્લું હોવાથી વળી તે ખાસ જાણીતું છે. આર્ચબિશપ પોતે તેમજ રાજકુમારો ઉપર આ ક્રિયાના ગાંભીર્યની છાપ પડી હતી. બન્ને રાજકુમારો લાંબી સફર કરીને સુખરૂપ પાછા પધાર્યા હતા. આ સફર ઘણી ઘણી રીતે તેમને કેળવણીરૂપ થઈ પડી હતી. એમને સમજણ પડી હતી કે જીંદગી તે માત્ર મોજશોખને સારૂ નહી પણ સ્વધર્મ બજાવવા સારૂ નિર્માણ થયલી છે. જેમ જેમ ઉમ્મર વધે તેમ તેમ ફરજો પણ વધતી જાય છે. આર્ચબિશપે વ્યાખ્યાનમાં કહ્યું હતું કે 'રાજકુમારો ! તમે હવે તરૂણ કુમારાવસ્થામાંથી નીકળી પ્રૌઢાવસ્થામાં પ્રવેશ કરો છો. જો કે બન્ને રાજકુમારોનાં કર્તવ્ય અહિંથી જૂદાં ફંટાય છે, છતાં બન્નેની સમિપ

પોતાના કુટુંબ પ્રતિ, પ્રજા પ્રતિ અને ઇશ્વર પ્રતિ બજાવવાના ધર્મ તો ખડા જ છે.'

'સારી રીતે ક્ષિતિજ સમસૂત્ર કરેલા મેદાનમાં ઈજનેરી જ્ઞાનની ભાગ્યે જ જરૂર પડે છે; ઉન્હાળામાં શાંત દરીઆની આરામ ભરેલી સફરમાં ખલાસીના નૌકાશાસ્ત્રના જ્ઞાનની કસોટી થઇ ને તેનામાં કેટલું પાણી છે તે જણાતું નથી; તેમજ એવી શાંત સફરથી એને અનુભવવાળું અને કોઇ વખત ખપમાં આવે એવું જ્ઞાન પણ મળતું નથી.'

'તમારી આજુબાજુ તમારાં મન નબળાં પડી જાય એવા ઘણાએ સંયોગો ઉત્પન્ન થશે જ અને તે વખતે એવી સત્તાને તાબે ન થઇને તમો અડગ રહેશો તો જ તમને વિશેષ લાભ થશે. ખ્રિસ્તિ ધર્મ અંગિકાર કરેલો દરેક પુરૂષ ખ્રિસ્તનો લડવૈયો છે. અને તેની પોતાની જીંદગી એજ યુદ્ધ પ્રસંગ છે. જો આપણો આશય ઉચ્ચ હોય તો પ્રભુને માલુમ કે આપણો પ્રયત્ન કરતાં આપણને પગલે પગલે કેટલાં વિઘ્ન નડશે. આવાં વિઘ્નો એજ વિશ્વાસીઓની જીંદગીની કવાયત છે. પોતાના સ્વધર્મ-કર્ત્તવ્યમાં ગાળેલું જીવન એજ સૌથી ઉચ્ચ અને સૌથી સુખી જીવન કહેવાય.'

પ્રકરણ ૫ મું.

નાવિક તરીકે જીવન.

રાજકુમાર ઍડવર્ડને કાંઈ નૌકાસૈન્યમાં દાખલ થવાનું નથી અને મારે તો એજ ધંધો કરીને કુશળ નાવિક થવાનું છે, માટે મારા ભાઇના કરતાં મારા ઉપર વધારે ધ્યાન આપો. એને ખાસ તકલીફ આપવાની જરૂર નથી એવું રાજકુમાર જોર્જે કહ્યું હતું તે આપણે જાણીએ છીએ. તે સમયથી તે પોતાના મોટા ભાઇના અકાળ અવસાનથી રાજકુમાર જોર્જને પોતાનો પસંદ કરેલો પ્રિય ધંધો તજી દેવાની નાપસંદ ફરજ પડી ત્યાં સુધી રાજકુમાર જોર્જે એક કુશળ નાવિકના જેવી કેળવણી લીધી છે. તેઓશ્રીએ નાવિકના ધંધાની દરેક બાબતની માહિતગારી મેળવી છે. તેમજ જોખમ ભરેલાં કે સહેલાં દરેક કર્તવ્ય બજાવ્યાં છે. તેઓશ્રીએ દરિયાની દરેક પ્રસાદી ભોગવી છે. તેઓશ્રીને દરીયો ઘણો લાગે છે છતાં મર્દાનગી ભરી નોકરી કરીને બિલકુલ વગસગ વગર હરીફાઇમાં ઉતરીને કેવળ આપબળથી પોતે એ ધંધામાં મહાનપદ મેળવ્યું હતું. નોકરી કરતાં બીજા ઉમેદવારોની સાથે હરીફાઈની પરીક્ષાઓ પણ આપી છે. બ્લેક અને નેલસન જેવા પૂર્વ કાળના પ્રખ્યાત અને બહાદૂર નૌકાસેનાધિપતિયોની પેઠે ઈંગ્લંડનું રક્ષણ કરીને

પોતાનું નામ અમર કરવાની રાજકુમારની ઉચ્ચ લાલસા હતી, પણ પોતાના ભાઇના અવસાનથી રાજગાદીપર આવવું પડવાનું અને તેની યોગ્યતા સંપાદન કરવાની કેળવણી લેવા જોઇએ માટે પોતાની ઇચ્છાનો તેમને ભોગ આપવો પડયો અને પોતાનો નૌકાસૈન્યની સાથેને. સંબંધ છોડી દેવો પડયો.

નૌકાશાસ્ત્રની કેળવણી લઇને નૌકાસૈન્યમાં નોકરી કરેલી હોય એવા રાજા ચોથા વુલ્યમ પૂર્વે ઇંગ્લંડની ગાદી ઉપર આવી ગયા છે. આ 'નાવિક રાજા' ઈ. સ. ૧૭૬૫ માં એટલે આપણા 'નાવિક રાજા' પાંચમા જોર્જથી બરોબર સો વર્ષ પૂર્વે જન્મ્યા હતા. જયારે રાજકુમાર તરીકે વુલ્યમ રાજા વહાણપર શિખવા ગયા હતા ત્યારે એમના પિતા ત્રીજા જોર્જ રાજાએ હુકમ કર્યો હતો કે રાજકુમારને અછોઅછોવાનાં ન કરતાં સાધારણ નૌકાસૈનિકના જેવા જ લેખવવા. રાજકુમાર વુલ્યમ અને રાજકુમાર જોર્જ વચ્ચે એક બીજી પણ સરખામણી કરાય એમ છે. રાજકુમાર વુલ્યમ ઈ. સ. ૧૭૮૨ માં જવાન અમલદાર તરીકે ન્યુયોર્ક પધાર્યા હતા, ત્યારથી બરાબર સો વર્ષે એટલે ૧૮૮૨ માં રાજકુમાર જોર્જ પણ ઉત્તર અમેરિકા તરફના કાફલાના ઉપરી તરીકે પધાર્યા હતા. અમેરિકાએ બન્ને રાજકુમારોને પોતાને ત્યાં નોકરી કરતા જોયા હતા.

પ્રથમના 'નાવિકરાજા' વુલ્યમે નૌકાસૈન્યની નોકરીમાં રહીને લડાઇમાં ભાગ લીધો હતો. સ્પેન અને પોર્ટુગલના કિનારા પાસેના સમુદ્રમાં લડાઇઓ થઇ તેમાં એઓ સામિલ હતા. ઈ. સ. ૧૭૮૦ માં કેપસેંટવિન્સેન્ટની લડાઇમાં નૌકા-

સેનાધિપતિ રોડનેએ સ્પેનના નૌકાસેનાધિપતિને કેદ કર્યો હતો. આ સરદારે જીબ્રાલ્ટરમાં રાજકુમાર વુલ્યમને નોકરી કરતા જોઇને કહ્યું હતું કે ઇંગ્લાંડ સમુદ્રની શહાનશાહતનો દાવો કરે છે તે વાજબી છે, કેમકે તેની નૌકાસેનામાં નાની નાની જગાઓ ઉપર પણ રાજવંશી પુરૂષોની નિમણુંક થાય છે. ખરે આમ હોવાથી સૈન્યમાં અતુલ બળ આવે છે.

એ 'નાવિકરાજાઓમાં આપણા હાલના રાજાની નૌકાસૈન્યની નોકરી ઘણી લાંબી છે. રાજા વુલ્યમે નૌકાસેનામાં અગીઆર વર્ષ નોકરી કરી હતી. દરમ્યાન તેમણે બે વર્ષ જર્મીનની મુસાફરી કરવામાં ગાળ્યાં હતાં. રાજકુમાર જોર્જ લાગલાગટ સોળ વર્ષ સુધી નૌકાસૈન્યમાં રહ્યા હતા. ઇ. સ. ૧૮૯૧ થી તેઓશ્રીએ છૂટક છૂટક નોકરી કરી છે. એ વર્ષમાં એઓશ્રીને પોતાનો પ્રિય અભ્યાસ અને ધંધો તજવો પડયો હતો તે આપણે આગળ જોઈ ગયા છીએ. વુલ્યમ રાજાના વખતમાં લાકડાની મનવારો હતી. હાલ લોઢાના બખ્તરવાળી મનવારો છે. તેમજ તે કાળનું નૌકાશાસ્ત્રનું જ્ઞાન કયાં અને હાલ ઓગણીસ અને વીસમી સદીનું નૌકાશાસ્ત્રનું શાસ્ત્રીય જ્ઞાન કયાં ?

બેકેન્ટની લાંબી સફર પછી તુરત જ બન્ને રાજકુમારો છૂટા પડયા નહોતા. છ મહિના પછીથી બન્ને ભાઇ છૂટા પડવાના હતા. એ છ મહિના તેમણે બહુધા સ્વિટ્ઝરલંડની મુસાફરીમાં ગાળ્યા. ત્યાં રાજકુમારો ફ્રેંચ ભાષાનો અભ્યાસ કરતા. રાજકુમાર જોર્જ થોડો કાળ પ્રખ્યાત અને પુરાણા

હિડલબર્ગમાં નામદાર સાતમા એડવર્ડના મિત્ર પ્રોફેસર ઇહ્નને ત્યાં રહ્યા હતા. અહીં એઓશ્રીએ જર્મન વિદ્યાર્થિઓના જીવનનું નિરિક્ષણ કર્યું હતું.

ઇંગ્લંડ આવ્યા પછી રાજકુમાર એડવર્ડને માથે રાજગાદીના વારસ તરીકે કરવાની ફરજો આવી પડી અને રાજકુમાર જોર્જની નિમણુક મનવાર ‘કેનેડા’ ઉપર થઇ. અમેરિકાનાં ઉત્તર અને પશ્ચિમ તરફના નૌકાસૈન્યના થાણાંના કાફલામાં તેમને નોકરી કરવાની હતી. આ ભાગમાં પોતે પ્રથમ મુસાફરી કરેલી હોવાથી જૂનાં ઓળખાણ તાજાં કરવાનો આ પ્રસંગ ઠીક આવ્યો હતો.

પોતાના ધંધાનાં દરેક હલકાં કે ભારે કામ રાજકુમાર જોર્જ કરતા એવું અમે અગાડી કહી ગયા છઇએ. મનવાર ઉપર કોયલા ભરી લેવાનું કામ ચાલતું હોય છે તે વખતે બહુ કંટાળો આવે એવો ગંદવાડ બની રહે છે. ચોતરફ કોયલાની રજ ઉડે અને લુગડાં, મોં, હાથ પગ કાળા, સીધી ભાઇ જેવા થઇ જાય. રાજકુમાર જોર્જ પંડે વારો હોય ત્યારે એવી નોકરી પણ બજાવતા. ઉત્તર અમેરિકાના કાફલામાં રાજકુમાર હતા ત્યારે એક રમુજી બનાવ બન્યો હતો. એક અમેરિકન ગૃહસ્થ મનવાર ઉપર મળવા આવ્યો હતો. એના મનમાં રાજકુમાર શું કામ કરે છે તે જોવાની ખાસ ઈચ્છા હતી. ઉપરી અમલદારે એક જૂવાન અમલદારને બોલાવીને પેલા ગૃહસ્થની સુપરદ કરી કે એગને બધી મનવાર બતાવવી. જૂવાન અમલદાર કોયલા ભરાવવાના કામ ઉપરથી આવેલ હોવાથી તેનાં લુગડાં, હાથ પગ, મોં વગેરે જોવા જેવાં

હતાં. આ અમલદાર પેલા ગૃહસ્થને બધે ફેરવી લાવ્યો અને જવાની વખતે પેલા ગૃહસ્થે વહાણના મુખ્ય સરદારને પુછ્યું કે તમારી મનવાર પર 'રાજકુમાર' કામ કરે છે ને ? મેં તો એમને જોયા જ નહિ. વખતે આવું ગંદુ કામ થતું હશે તે વખત રાજવંશી અમલદારને તો રૂમાં ભારીને કોરાણે મુકી છાંડી. જ્યારે બધું સાફસુફ થઈ જાય ત્યારે છોડતા હશો નહિ વારૂ? આ ગૃહસ્થને જ્યારે કહેવામાં આવ્યું કે તેમની પાસે ઉભેલા, તેમને બધી મનવાર ફરીને બતાવનાર અને કાબરચિત્રા વેશવાળા થઈ ગયેલા જુવાન અમલદાર તે જ રાજકુમાર, ત્યારે એની અજાયબી અને પોતાની બટકબોલી જીભને માટે પસ્તાવો કેટલો થયો હશે ?

તે પછી ગ્રીનિચની 'રોયલ નેવલ કોલેજ'માં કેટલોક ખાસ અભ્યાસ કરવાનો હતો. રાજકુમાર જોર્જ એ અભ્યાસની પરીક્ષામાં ઘણી ઉંચી પંક્તીએ આવ્યા હતા. ઇ. સ. ૧૮૮૫ માં રાજકુમાર જોર્જને લેફ્‌નેન્ટની સનંદ આપવામાં આવી હતી. એજ વર્ષમાં રાજકુમારે તોપો ટોર્પેડો અને વિકટ જગામાંથી વહાણ સલામત હંકારવાના હુન્નર સંબંધી કેટલોક અભ્યાસ કર્યો હતો.

ત્યાર પછી નામદાર મહારાણીએ રાજકુમાર જોર્જને દરબારી પ્રસંગે પોતાની તરફથી પ્રતિનિધિ તરીકે પોર્ટુગાલ મોકલ્યા હતા. ઓર્લિઅન્સનાં રાજકુમારી મેરી એમીલી અને પોર્ટુગાલના યુવરાજના લગ્નનો એ માંગ્લિક પ્રસંગ હતો. આતો માત્ર થોડી મુદતનો જ ગાળો હતો. રાજકુમાર પાછા પોતાની નોકાસૈન્યની નોકરી ઉપર હાજર થઈ ગયા હતા. જૂદી જૂદી મનવારો

ઉપર મળીને તેઓશ્રીએ ભુમધ્ય સમુદ્રના કાફલામાં ત્રણ વર્ષ કામ કર્યું હતું. એ દરમ્યાન એક કાળે એઓશ્રી પોતાના કાકા નામદાર એડિન્બરોના ડ્યૂકની સરદારી નીચેના કાફલામાં તેમના હજૂર પણ નોકરી કરતા. અને તેમને કાફલાના એક વિભાગની સરદારી ધરાધરી મળી હતી.

રાજકુમાર માલ્ટા હતા તે વખતની એક રમુજી વાત કહેવાય છે. પી૦ એ૦ કંપનીના એક હસમુખા કેપટન પોતાની વિતેલીજ વાત કહે છે કે 'પી૦ એ૦ ની અમારી આગબોટ માલ્ટામાં હતી ત્યારે રાજકુમાર જોર્જ પણ ત્યાં હતા અને એઓશ્રી અમારી આગબોટ ઉપર પધારવાના હતા. મેં મારા અમલદારોને હૂકમ આપ્યો હતો કે એક અમલદારે તૂતક ઉપર ખાસ ઉભા રહેવું અને જેવા રાજકુમાર આવવા નિકળે કે તુરત ખલાસીઓને તેમને માન આપવા સારૂ શઢે શઢે ચઢીને ઉભા રહેવાનો હૂકમ કરવો. અને મને મારા ઓરડામાંથી બોલાવવો. આ બિચારો અમલદાર ઘણીવાર તૂતક ઉપર ઉભો ઉભો થાકયો, પણ કાંઇ રાજકુમારને નીકળવાની ધામધુમ જણાઈ નહિ. એટલામાં આગબોટની છેક પાસે કોઇ નાની હોડી આવવાનો સણસારો સંભળાયો. વાટ જોઇ જોઇને કંટાળેલા અમલદારે હોડીની અંદરના અમલદારને ઉછળતે સાદે પુછ્યું કે "અરે ઓ પેલા રાજકુમાર કયારે પધારે છે? વહેલા પધારે તો સારૂં, હું તો વાટ જોઇને થાકયો," આટલું કહેતાંમાં તો હોડીમાંથી તે અમલદાર આગબોટ ઉપર આવ્યો અને પેલા અમલદારને જવાબ આપ્યો કે હું જાણતો હતો કે તમે મને માન આપવાને માણસોને શઢપર ચઢાવશો અને એવી એવી

રંજ ઉઠાવશો. તમારી આગબોટ કોયલા ભરવાના કામમાં રોકાયલી છે એવી વખતે એ બધી પંચાતો કેવી કંટાળા ભરેલી લાગે છે તે હું જાતે નાવિક છઉં માટે સમજું છઉં. અને માટે જ હું જાણી જોઇને છાનો માનો આવ્યો કે તમને એ બધી તકલિફ ન પડે. વાર થઈ માટે માફ કરજો!

નામદાર રાજકુમાર જોર્જની નૌકાસૈન્યની નોકરી દરમ્યાન ખાસ જાણવા લાયક બનાવ નંબર ૭૯ ની ટોર્પેડો બોટ સંબંધે બન્યો હતો. તે કાળે આ ટોર્પેડો સારામાં સારી ગણાતી હતી. રાજકુમારને આ ટોર્પેડો બોટનું ઉપરીપણું મળ્યું હતું. અને આ ટોર્પેડો બોટને લઇને સ્પિટહેડ જવાનો હુકમ મળી ચુકયો હતો. એટલામાં નામદાર વેલ્સના શાહજાદા એડવર્ડે પોર્ટસ્મથના કમાન્ડર-ઇન-ચિફને સંદેસો કહાવ્યો કે રાજકુમાર જોર્જ મને 'ગુડવુડ'માં મળે. રાજકુમારને જ્યારે તેમના પિતાનો સંદેસો કહેવામાં આવ્યો ત્યારે એઓશ્રીએ જવાબ દીધો કે મારી ટોર્પેડો બોટનું શું થશે સાહેબ? સર જોન કોમરેલ-જેઓ કમાન્ડર ઇનચિફના પદ ઉપર હતા તેમણે જવાબ દીધો કે આપને એક દિવસની છુટી મળશે. નામદાર વેલ્સના શાહજાદા આપને ગુડવુડમાં મળવા ઇંતેજાર છે! રાજકુમાર જોર્જે કહ્યું કે સાહેબ મને તો સ્પિટહેડ જવાનો હુકમ મળી ચુકયો છે અને મારે અમલ કરવો જ જોઈએ. રાજકુમાર ગુડવુડ ન જતાં પોતાની નોકરી ઉપર જ રહ્યા.

ઈ. સ. ૧૮૮૯ ના ઉનાળાની કવાયતની વખતે એક નાના કાફલાને 'લફરવીલી' નો બચાવ કરવાને મોકલ્યો હતો. ફુ-

બ્મનો–આપણાં જ વહાણો પણ જેને હુમલો કરવાનું સોંપ્યું હતું તેમની તરફથી પ્રતિક્ષણે હુમલો થશે એમ ભય રાખવામાં આવતો હતો. આથી નંબર ૭૯ અને બીજી બે ટોર્પેડો બોટને રાત્રે બાતમી મેળવવા સારૂ રવાના કરવામાં આવી હતી. તેમને આખી રાત ફરીને સવારે પાછાં આવવાનો હુકમ હતો. રાત્રે દરીઓ ઘણો તોફાની હતો અને તેમાંની એક ટોર્પેડો બોટ જોખમાઇ ગઈ. ઘણો તોફાની દરીઓ અને બોટ ખૂલ્લા દરીયામાં લાંગરેલી પડી હતી. એટલે જોખમમાં હતી, માટે એને બંદરમાં ખેંચી લાવવાની ખાસ ઉતાવળની જરૂર હતી.

આ ખબર જાણી કે નંબર ૭૯ પોતે જોખમાયલી બોટને લેવા ગઇ અને ત્રીજી ટોર્પેડો બોટ બંદરમાં ખબર કરવા આવી. જોખમાયલી બોટ બંદર બહાર પાસે પણ એક ખૂણે હોવાથી મુખ્ય અમલદારના વહાણ ઉપરથી દેખાતી નહોતી. થોડીવાર પછી નંબર ૭૯ પણ બંદરમાં આવી અને જાહેર કર્યું કે પોતાનું એકનું એક દોરડું તુટી જવાથી તે જોખમાયલી બોટને સલામતી ભરેલી જગાએ લઇ જઇ શકી નથી. તોફાની દરીઓ અને બંદરની બહારની જગા, આથી જોખમાયલી બોટને માટે બહુ ચિંતા થઇ હતી. પણ નંબર ૭૯ ફરી એકવાર આ જોખમાયલી બોટની મદદે જવા તૈયાર થઇ. નંબર ૭૯ જો કે આખી રાત્ર બહાર તોફાની દરીઆમાં રહેવાથી રાજકુમાર ઘણા શ્રમિત હોવા જોઇએ પણ એમની આતુરતા એટલી બધી હતી કે એઓને પોતાની નામના કરવાનો યોગ આપવો જોઇએ એમ ધારીને તેઓશ્રીને ફરી દરીએ જવા દેવામાં આવ્યા. તદ્દન નવું સુતળીનું મજબુત દોરડું લઇ પોતાના મિત્રને–બીજી ટોર્પેડોને–

જોખમમાંથી કાઢીને બંદરમાં લાવવા રાજકુમાર તોફાની દરીઆમાં સિધાવ્યા અને જોખમાયલી બોટને દોરડે બાંધીને સહીસલામત બંદરમાં ઘસડી એ લાવ્યા.

રાજકુમાર કરતાં વધારે અનુભવી અમલદારે પણ જો આ બોટને બચાવી આણી હોય તોયે તેણે વિકટ કામ કર્યું ગણી ઘણું જ માન ઘટે. એક તો ટોર્પેડો બોટની બાંધણી જ બહુ નાજુક હોય છે, તેથી આ કામ ઓર વિકટ હતું. કેમકે રાજકુમાર જોર્જને નેલ્સન અને બીજા કેટલાક પ્રખ્યાત નૌકાસેનાધિપતિઓની પેઠે દરીઓ ઘણો જ લાગે છે. અને તેમાં એ વળી ટોર્પેડો બોટમાં તો સાધારણ બોટ કરતાં પણ તોફાની દરીઓ બહુ લાગે છે.

ઇ. સ. ૧૮૯૦ માં રાજકુમારને પહેલા વર્ગની અરમાર 'થ્રશ'ના ઉપરી નીમીને ઉત્તર અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝ તરફ મોકલ્યા હતા. તેર મહિના ત્યાં રહ્યા તે દરમ્યાન તેમણે નૌકાસૈન્યનો અને જમીનપરની જે જે જગાએ પધાર્યા હતા તેમનો સ્નેહ સંપાદન કર્યો હતો. પોતાના કાફલાના ઉપરી અધિકારીને એઓશ્રીએ ખાસ વિનતિ કરી હતી કે મને મારી પદ્ધીના બીજા અમલદારના જેવો જ ગણવો.

રાજકુમાર જોર્જમાં સામા માણસની તૂલના કરવાની તેમજ માણસનું મન મેળવી લેવાની શક્તિ કેવી છે તે એઓ જ્યારે આગબોટ 'થ્રશ' ઉપર હતા તે વખતે બનેલા એક બનાવ ઉપરથી જણાઇ આવે છે. વેસ્ટ ઇન્ડિઝના કાફલામાં કુમારશ્રી હતા તે વખતે બીજા વહાણ ઉપર નોકરી કરતા એક જુવાન

ખલાસીને કેદી તરીકે એમની આગબોટમાં લઇ જઇને રાખવો પડયો હતો. આ જુવાનનાં આચરણ બહુ ભુંડાં હતાં. અને વારે વારે ગુન્હા કરતો. આ માણુસ 'થ્રશ' ઉપર હતો ત્યારના તેના વર્તનનું અવલોકન કરવાથી રાજકુમાર જોર્જને લાગ્યું કે આ માણુસ સારો નિવડે એવો છે. જ્યારે આ જુવાનની કેદ પુરી થઇ ને એને પાછા પોતાની આગબોટ ઉપર જવાનો સમય આવ્યો ત્યારે રાજકુમારે કૃપા કરીને એની જીંદગી સુધારવાનો નિશ્ચય કર્યો. એઓશ્રીએ એની બદલી પોતાની આગબોટ ઉપર કરાવી અને પછી પોતાની હજુરમાં બોલાવ્યો અને કહ્યું કે આગબોટના ઉપરી અમલદાર તરીકે હું તારા પાછલા બધા ગુન્હા જાણે થયા જ નથી એમ માની લઉં છઉં અને તને તદ્દન સારી ચાલનો ગણું છઉં. રાજકુમારે કહ્યું કે હું ભવિષ્યમાં સુધરીશ કે એવાં એવાં વચનોનું મારે કાંઇ કામ નથી. હું તો તારા અંતઃકરણની લાગણી સારી છે એમ સમજી તારા ઉપર વિશ્વાસ રાખું છઉં. એટલું યાદ રાખજે કે જો હવે એક વખત તેં ગુન્હો કર્યો તો ઉપરી અધિકારી તરીકે જે ગુન્હેગારના વર્ગમાંથી તારૂં નામ મેં કાઢી નાંખ્યું છે ત્યાં ફરી દાખલ કરવા શિવાય મારો છૂટકો નથી; માટે તારૂં પોતાનું ભવિષ્ય સુધારવું તારા પોતાના જ હાથમાં છે. હું જોઉં છઉં. કે બાર બાર મહિનાથી તને સમૂળગી રજા મળી નથી. માટે આ બીજા ખાસ રજા લઇને જનાર માણસોની સાથે તું પણ કિનારે રજા ઉપર જા. તારા ગુન્હા બદલ તારો પગાર બંધ કરવામાં આવ્યો છે અને તારે નામે બિલકુલ પૈસા જમા નથી માટે લે હું તને આ મહોર આપું છઉં. મારી ખાત્રી છે કે તું એનો ખોટો ઉપયોગ નહિ કરે. શું કરવું સારૂં છે અને શું

નઠારૂં છે એ જેમ હું સમજું છું તેમ તું પણ સમજે છે. માટે જા ઈશ્વર તને નઠારે રસ્તે જતાં બચાવે અને સન્માર્ગે ચઢાવે. રાજકુમારનાં વચન અને વર્ત્તણુકથી આ જુવાન ઉપર ઘણી જ અસર થઇ. એણે કાંઇ જવાબ આપ્યો નહિ પણ નમન કરીને ચાલતો થયો; ત્યાર પછી જેટલી મુદત એણે 'થ્રશ' ઉપર નોકરી કરી તે દરમ્યાન એણે એક પણ ગુન્હો કર્યો નહોતો, એટલું જ નહિ પણ પોતાની નોકરીમાં હમ્મેશ ચાલાક, તત્પર અને હુંશીયાર ગણાતો. નોકરી શિવાયના કાળમાં બીજા ખલાસીઓ જોડે ઘણો જ માયા ભરી રીતે વર્ત્તતો. 'થ્રશ' પછી બીજી આગબોટ ઉપર નોકરીએ ગયો ત્યાં પણ પોતાનું સદ્વર્તન ચાલુ જ રાખ્યું હતું અને સાધારણ ખલાસીમાંથી ચઢીને ઉતરતી પંક્તિનો અમલદાર થયો હતો.

ઉત્તર અમેરિકાના કાફલામાંથી રાજકુમાર ઇ. સ. ૧૮૯૧ ના ઓગષ્ટમાં પાછા ઈંગ્લંડ પધાર્યા ત્યારે તેમને ' કમાન્ડર ' ની પદવીએ ચડાવ્યા હતા. આ વખતે એઓશ્રીનું વય સત્તાવીશ વર્ષનું હતું. એવામાં કુમારશ્રી માંદા પડી ઉઠયા હતા. થોડા મહિના પછી યુવરાજ કલેરેન્સના ડયુકના અકાળ મરણને લીધે રાજકુમાર જોર્જને ડયુક ઓફ યોર્કની પદ્વી પ્રાપ્ત થઈ અને એઓ ઇંગ્લંડની રાજયગાદીના વારસ ગણાવા લાગ્યા ત્યારે આ નૌકા સૈન્યમાંની એમની કારકીર્દી કરતાં રાજ્યગાદી દીપાવવાની તૈયારીની કેળવણી તરફ વધારે લક્ષ આપવું ઇષ્ટ થયું.

થોડો કાળ પોતાનાં માતૃશ્રી અને બ્હેનોની સાથે મુસાફરી કરી આવ્યા પછી વચ્ચે ૧૮૯૩ ની કવાયતમાં એઓશ્રી 'મેલેમ્પસ' નામની આગબોટના કમાન્ડર નિમાયા હતા. ત્યાર

પ્રછી છેક ઇ. સ ૧૮૯૮ માં તેઓ કેપ્ટન નિમાયા ત્યારે પાછા અરમાર પર ચઢવા વારો આવ્યો. ઇ. સ. ૧૯૦૧ માં રાજકુમાર રીઅર એડમિરલ અને ૧૯૦૭ માં એડમિરલ થયા પણ દરીયાપર જનાર કાફલાના નૌકાસેનાધિપતિ તરીકે તો છેક ૧૯૦૮ માં જ જઇ શકયા. પ્રમથ તે વર્ષમાં કેનેડા જનાર કાફલા ઉપર એઓનો વાવટો ફરકયો. કેનેડાથી પાછાં ફરતાં એમની આગબોટ 'ઇન્ડોમિટેબલે' ઘણી જ ઝડપે મુસાફરી કરી હતી. એટલાંટિક મહાસાગર પર આટલું છેટું એ-ટલી ઝડપે કોઇએ કાપ્યું નહોતું. પોતાની આગબોટના આ પરાક્રમને માટે રાજકુમારને પોતાને એટલી આતુરતા હતી કે આગવાળાનું કામ કરવાનો પોતે પણ વારો ભરતા. પોતે કહેતા કે શરૂવાતમાં આગબોટ પર કોયલા ભરવાની નોકરી બજાવવી પડતી હતી તેવું જ કામ ફરી કરતાં મને ઘણો આનંદ થાયછે. 'ઇન્ડોમિટેબલે' સફર પુરી કરી ત્યારે રાજકુમાર ઘણા જ ખુશ થયા હતા. જે પાવડા વડે એ નામદારે કામ કર્યું હતું તે પા-વડો એ આગબોટ ઉપર એક આબરૂના ચિન્હ તરીકે અદ્યાપિ રાખી મુકવામાં આવ્યો છે.

રાજકુમાર જોર્જની નૌકાસૈન્યની કારકીર્દી સંબંધે એમના નૌકાસૈન્યમાના મિત્રો, એમના ઉપરી અધિકારીઓ અને સમકાલીન ગૃહસ્થોના અભિપ્રાય કેવળ નિસ્પૃહી અને વાજબી છે. નૌકાસૈન્યમાં નોકરીને અંગે બંધાયલા અભિપ્રાય ઉપર માણસની પદ્વીની કશી અસર થતી નથી. મિડિ—એટલે ઉમેદ-વાર તરીકે પોતાની કર્તવ્ય પરાયણતા અને રમતના મોહને માટે કુમારશ્રી જાણીતા હતા. બીજાના હાથ નીચે કામ કરનાર

અમલદાર તરીકે તેમજ જાતે ઉપરી હોય એવા અમલદાર તરીકે રાજકુમાર પોતે સ્વાભાવિક રીતે જ મનુષ્યોના આગેવાન હોય એમ જણાઇ આવતું હતું. એમની જોડે નોકરી કરનારાઓ ઉપર એમની છાયા પડતી અને ઉપરી અમલદારોને લાગતું કે આગબોટના નિયંત્રિત વહીવટ ચલાવવામાં અને ફરજો બજાવવામાં રાજકુમારને લીધે ઘણી જ કિંમતી મદદ મળતી.

દરીઆની નોકરીએ રાજકુમારનું અંતઃકરણ ઘણું જ કોમળ અને દુઃખીજનોને માટે લાગણીવાળું કર્યું છે. હાસ્યરસમય ગાયનો ગાનાર તરીકે રાજકુમાર આખા નૌકાસૈન્યમાં જાણીતા છે. રાજા તરીકે આ આનંદી સ્વભાવ અને આનંદજનક ગમત ઉપર અંકુશ રહે છે, છતાં પોતાના પુત્રો સાથે રમત ગમતમાં પોતે પુરતો આનંદ મેળવે છે.

નામદાર શહાનશાહે આ પ્રમાણે સખ્તમાં સખ્ત અંકુશમાં રહી નૌકાસૈન્યની નોકરીમાં ઘડાઇને આજ્ઞા ઉઠાવવામાં નિપુણતા મેળવેલી હોવાથી રાજ્ય કરવાની તેઓશ્રીમાં ખાસ યોગ્યતા ઉત્પન્ન થઇ છે; પ્રજાને ભવિષ્યમાં અનુપમ સુખ મળશે એનાં સુચિન્હ નજરે પડે છે.



પ્રકરણ ૬ ઠું.

દિલગીરી—આનંદ.

નામદાર રાજકુમાર જોર્જના જીવનમાં ઇ. સ ૧૮૦૯ માં એક જાણીતો બનાવ બન્યો હતો પ્રશીયાના પહેલા રાજાની તાજપોશીના દિવસે જાન્યુઆરીની ૧૮ મી તારીખે, પ્રશિયામાં દ વર્ષે દરબાર ભરાય છે. એ વર્ષમાં એ દરબા મુલતવી રહ્યો હતો. તે વર્ષના માર્ચ મહિનામાં નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ બર્લિન પધાર્યા હતા. તે વખતે તેમની સાથે ગયેલ રાજકુમાર જોર્જને પ્રશીયાનો "બ્લેકઈગલ" નો માનવંતે ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

બીજે વર્ષે રાજકુમાર જોર્જ આયર્લાંડ પધાર્યા હતા. તે વર્ષના નવેંબર મહિનામાં રાજકુમારને સખ્ત તાવ આવ્યો હતો. વખતે આયર્લાંડની મુસાફરીમાં આ મંદવાડનું બી રોપાયું હોય. એમને સેંડ્રિંગહામના મહેલમાંથી માર્લબરો હાઉસમા આણ્યા. જો કે આ તાવ કાંઇ ખાસ ભયંકર જણાતો નહોતે પરંતુ વૈદ્યો વિસ્મય પામતા હતા કે સાધારણ રીતે એક વીસ દિવસમાં ઉતરી જવો જોઇએ તેને બદલે તે ઘણો જ લંબાયો હતો. પ્રિન્સેસ ઓફ વેલ્સ—માજી શહાનશાહબાન અલેકઝાંડ્રા—અને તેમની કુંવરીઓ તે વખત લિવેડિયામાં રૂશિ

યાનાં શહાનશાહબાનુની સાથે રહેતાં હતાં, કેમકે રૂશિયાના શહેનશાહ-ઝાર-ત્યાં ભયભરેલ માંદગી ભોગવતા હતા. રાજકુમાર જોર્જની તબીયતના સમાચાર ક્ષણે ક્ષણે તાર મારફત એમને પહોંચાડવામાં આવતા. બની શકે એટલી ત્વરાથી એઓ પોતાના સુપુત્રની સારવાર કરવા દોડી આવ્યાં હતાં. આ તાવ તો હતો અને તેની સાથે સ્હેજ ઉધરસ જણાવાથી થોડો કાળ ભય પેદા થયો હતો. પરંતુ રાજકુમારના નાવિક કેળવણી લીધેલા ખડતલ શરીરે યારી આપી અને વિઘ્ન વટી ગયું. ડિસેંબર મહિનાની શરૂવાતમાં તો વળતાં પાણી થયાં અને રાજકુમાર જોર્જ પાછા તંદુરસ્ત થઈ ગયા. તે વરસના નાતાલમાં સેંડ્રિંગ્હામ મહેલમાં અખોવન રાજકુટુંબે અમન ચમનમાં એકઠાં થઈને આનંદ કર્યો.

આ કુટુંબમેળો ખરેખાત સંપૂર્ણ હતો કેમકે તેમાં ટેકનાં શાહજાદી મેરી પણ હતાં. સ્વ૦ ડયૂક ઓફ કલેરેન્સ-યુવરાજ-નુ વાગ્દાન આ રાજવંશી તરૂણી સાથે થયું હતું.

ડેન્માર્કના એલચી મોંસ્યુ ડિ ફાલ્બને ત્યાં યુવરાજ અને તરૂણ કુમારી મહેમાન તરીકે રહેતાં હતાં તે વખતે આ યોગ થયો હતો. આ વાગ્દાનથી દેવી શ્રી વિકટોરિયાને અપૂર્વ આનંદ થયો હતો. ઇંગ્લાંડના યુવરાજનું લગ્ન અંગ્રેજ રાજવંશી કુમારિકાની સાથે થશે એ ખબરથી બધી પ્રજા ખુશી ખુશી થઇ ગઈ હતી. પ્રિન્સ એડિના વિવાહની ખુશ ખબર અને પ્રિન્સ જોર્જને ભયંકર મંદવાડમાંથી આરામ થયો એથી એ નાતાલમાં સેંડ્રિંગહામ મહેલમાં રાજવંશી કુટુંબ આનંદ સાગરમાં ઝીલી રહ્યું હતું.

પણ 'ગમ ન પડે નરને, ગોવિંદની ગતિ ન્યારી;'

રાજકુટુંબનો આ આનંદ થોડો કાળ જ રહ્યો. નાતાલ પછીના અઠવાડિયામાં તો રાજકુમાર એડિને-ઈન્ફલુએન્ઝા-શરદી થઇ આવી. જોતજોતામાં એ રોગે ભયંકર રૂપ ધારણ કર્યું. ધન્વંતરી જેવા ગણાતા વૈદ્યોની પણ કારગત લાગી નહિ અને બિચારાં રાજમાતા અલેકઝાંડ્રા અને કુમારી મેરીની ઠઠવેઠ ધુળધાણી થઇ ગઈ. જાતે જ રાજકુમાર એડિ એકવડી કાઠીના અને નાજુક હતા. આમ હોવાથી દુષ્ટ રોગના ઝનૂન હુમલા સામે એમનુ સુકુમાર શરીર ટકી શક્યું નહિ. તારીખ ચૌદમી જાન્યુઆરીએ એ બિચારા રાજકુમારે પરલોક ગમન કર્યું. સુકુમાર કેળ ઉપર વિજળી પડે એ પ્રમાણે કુમારી મેને થયું. અમારી અદના કલમ એ દુઃખનું વર્ણન કરી શકતી નથી. એ તો '**तन वाहिको जानत, के मन जानत, के वह जानत है छतियां.**' રાજમાતા એલેકઝાંડ્રાને પણ આ કારી ઘા પહેલો જ હોવાથી અસહ્ય દુઃખ થયું. પ્રિન્સ ઓફ વેલ્સ-શહાનશાહ એડવર્ડ ના પારતાપની સીમા રહી નહિ. સ્વ. દેવી શ્રી વિકટોરિયાને પણ કારી ઘા લાગ્યો. જન્મથી સાથે જ રહેલા, રમેલા, ભણેલા અને ઉછરેલા જોડિયા શરીરના એક જ જીવ હોય એવા સ્નેહબદ્ધ બાંધવ રાજકુમાર જોર્જની વ્યથામાં પણ કાંઈ કહેવાનું રહ્યું નહિ. આખી સલ્તનતે આંસુ પાડયાં. અને ચોતરફથી દુઃખી માબાપ અને રાજવંશી કુમારી મે તરફ અવર્ણનીય પ્રેમમિશ્રિત દયાની ભાવના જાગૃત થઇ.

આ દુઃખદ બનાવથી રાજકુમાર જોર્જના જીવનનું વહન તદ્દન ફરી ગયું. રાજકુમાર એડિના મરણથી ખાલી પડેલા

યુવરાજપદ પર એઓશ્રીને આવવું પડયું એટલે બીજી રીતીએ કહીએ તો તેમને પોતાનો પ્રિય અને પસંદગીનો ધંધો તજવો પડયો. નૌકાસૈન્યમાં પરાક્રમ કરીને પોતાની કીર્ત્તિ અચળ કરવાની ઉચ્ચ અભિલાષા આ પ્રમાણે પડતી મુકવી પડી.

આથી રાજકુમાર જોર્જના મનમાં શું દુઃખ થયું હશે તે કલ્પી શકાય એવું નથી. નાવિક તરીકેના એઓશ્રીના જીવનથી વાકેફગાર લોકો જાણે છે કે એઓ માત્ર નાવિકના ધંધાને પસંદ કરતા હતા એટલુંજ નહિ પણ જન્મથી જ નાવિક થવાની યોગ્યતા ધરાવતા હતા. એક રાજકુમાર તરીકેના પોતાના વગર્થી નહિ, પણ આપબળે જ ઉંચામાં ઉંચી પદ્વી પ્રાપ્ત કરવાના સંકલ્પવાળા હતા, અને બધા જાણે છે કે એઓશ્રી પોતાના સંકલ્પની સિદ્ધિ મેળવત જ. પરંતુ સ્વધર્મ બજાવવાની ખાતર પોતાની જાતના આનંદનો ભોગ આપવો જ પડે. અને તેથી નાવિકના ધંધાથી તદ્દન જુદી જ તરેહની કેળવણી લેવાની જરૂર પડી. પોતાના પિતાને સહાય કરનાર થઈ પડવાની સ્તુત્ય ધારણાથી તેમજ કાળે કરીને પોતે પ્રિન્સ ઓફ વેલ્સ થાય અને અન્તે ઈંગ્લાંડના તખ્તપર બિરાજે એવી યોગ્યતા સંપાદન કરવાસારૂ એઓશ્રીને પોતાની રહેણી-કરણી-અભ્યાસ બધું ફેરવી નાંખવું પડયું. નિખાલસ અને સાદુ નાવિકનું જીવન કયાં અને તાજી મતવાજી ભરેલા દરબારી શિષ્ટાચાર ક્યાં ? પરંતુ નૌકાશાસ્ત્રની કેળવણીથી દરેક કામ કરવાની યોગ્યતા સંપાદન કરેલી હોવાથી રાજકુમાર જોર્જે પોતાના નવા ધર્મમાં પણ નિપુણતા સંપાદન કરી. અહીં એઓશ્રીએ પાર્લામેંટમાં, ગૃહમંડળમાં, પ્રવાસોમાં અને મેળાવડાઓમાં જુદા જુદા પ્રકારનાં મનુષ્યોને મળવાના

પોતાને મળેલા પ્રસંગનો લાભ લઇને મનુષ્ય જાતનો જ અભ્યાસ કર્યો. હવે યુવરાજ જોર્જના લગ્ન સંબંધી વાત મહત્વની થઇ પડી. યુવરાજ જોર્જને માથે સ્વ. યુવરાજ એડવર્ડના સઘળા હક્ક, સઘળી પદ્વીઓ અને સઘળી ફરજો આવી પડી હતી. આથી અને રાજવંશી કુમારી મેની તરફ આખી પ્રજા, રાજ કુટુંબ, અને દેવીશ્રી વિકટોરિયાની પણ શુભ ભાવનાઓ પ્રદિપ્ત થઇ હતી તેથી ચોતરફથી સઘળાંઓની એવી ઇચ્છા જણાઇ કે યુવરાજ એ જ કુમારી સાથે લગ્ન કરે. એમના હૃદયના ક્ષોભને કાંઇ શાન્તિ આપવાના અને આરોગ્યતા પુનઃ લાવવાના હેતુથી સ્વર્ગવાસી યુવરાજના મરણ પછી કુમારી મેને તેમનાં માતૃશ્રી મુસાફરીએ લઇ ગયાં હતાં. દુઃખનું ઓસડ દહાડા. યુવરાજ જોર્જ કુમારી મેના હૃદયને પ્રેમથી વશ કરી શક્યા અને એમણે સ્નેહાધીન બની યુવરાજની સાથે લગ્ન કરવાનું સ્વીકાર્યું. જે જે કુમારીઓની સાથે યુવરાજ લગ્ન કરી શકે એમ હતું તેમાંથી કોઇમાં પણ આ તરૂણી જેવી યોગ્યતા નહોતી. કુમારી મે પોતે રાજકુટુંબનાં અને દેવીશ્રી વિકટોરિયાનાં નિકટ સંબંધી હોઇ નાનપણથી જ યુવરાજ અને એમનાં ભાંડુઓ સાથે રમેલાં છે. કુમારી મેનાં માતૃશ્રી ટેકનાં ડચેસની રોજનિશી ઉપરથી રાજકુમાર જોર્જની નાનપણની મસ્તી તેમજ તેઓ નાનપણથી જ કુમારી મેની સાથે રમતા એ માલમ પડે છે. એઓશ્રી લખે છે કે 'પ્રિન્સ ઓફ વેલ્સ—એડવર્ડ—નાં છોકરાં અમારે ત્યાં આવ્યાં હતાં, અને એમના રાજકુમાર જોર્જ એટલું તોફાન કરતા હતા કે મારે પંડે ઉઠીને તેમને વારવાને છોકરાંઓના ખંડમાં જવું પડયું. વળી રાજવંશી તરૂણી મે અંગ્રેજ કુમારીકા હોઇને ઇંગ્લાંડમાં જ જાણે પ્રજાની આગળ જ મોટાં થયેલાં હતાં.

આથી આ શુભ પરિણામ આવ્યો. પરંતુ યુવરાજે પોતાની ઇચ્છા અને વાગ્દાનની વાત તદ્દન છુપી રાખી હતી. જે અણ-ચિંતવ્યાપણાને માટે અમે આગળ કહી ગયા છીએ તેવી અણચિંતવી જ આ ખબર બહાર પડી. દેવી શ્રી વિક્ટોરિયાએ ઘણી ખુશીથી આ લગ્નની પરવાનગી આપી અને પ્રજાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે સર્વત્ર સંતોષ અને આનંદ આનંદ ફેલાઈ રહ્યો. અમે શાહજાદી મેનું જીવનચરિત્ર લખતા નથી, એમના બાલપણની અને કેળવણીની હકીકતો લખતાં બીજો ગ્રંથ જ ભરાય. તેમાં વળી ગુજરાત વર્નાક્યુલર સોસા-ઈટીએ 'શહેનશાહબાનુ મેરી' નામનું સુંદર પુસ્તક બહાર પાડયું પણ છે. માટે અમે અહીં એ મહિષીના જીવનનો ઘણો જ ટૂંકો અહેવાલ આપીશું.

નાનપણથી જ એમનાં સુલક્ષણ જણાઇ આવતાં હતાં. દેવી શ્રી વિક્ટોરિયાનો જન્મ વર્ષના જે માસમાં થયો હતો તે જ માસમાં, તે જ મહેલમાં અને તેના તે જ ખંડમાં એમનો જન્મ થયો હતો, એટલું જ નહિ પણ એમનું એક નામ વિક્ટોરિયા પણ પાડયું હતું. એમનું આખું નામ મેરી ઓગસ્ટા લુઇ ઓલ્ગા પોલિન ક્લોડિન વિક્ટોરિયા એવું છે. એમનાં માતાપિતા રિચમંડમાં વ્હાઇટ લૉજમાં રહેવા ગયાં ત્યાં સુધી તેઓ કેન્સીંગ્ટન મહેલમાં જ રહેતાં હતાં. એઓ પોતે પાંચ પુત્રનાં પનોતાં માતા છે અને માત્ર એકજ પુત્રીવાળાં છે, તે જ પ્રમાણે એઓ પોતે પણ બધાં ભાંડુઓમાં એકનાં એક ગાર્ડન હતાં. ટેકનાં ડચેસ ખરેખરાં અંગ્રેજ સન્નારી હોઇને ઘણા ઉદાર ચિત્તવાળાં હતાં. જે જે સારાં કામમાં એઓ ભાગ લે, જે જે

જગાએ એઓ જાય ત્યાં ત્યાં કુમારી મે એમની જોડેને જોડે રહેતાં. તેથી લોકો એમને ટેકનાં ડચેસનો 'પડછાયો' એવું ઉપનામ આપતા. એમનાં માતૃશ્રીના દરેક સદ્‌ગુણની એમના ઉપર છાપ પડી છે. ટુંકામાં દિકરી રૂપે બીજાં ટેકનાં ભલાં ડચેસ જ મૂર્ત્તિમાન થયાં હોય નહિ એવું લાગતું.

નાનપણમાં એઓ ક્રિકેટ અને સંતાકુકડી રમતાં, ઝાડની ડાળીઓ ભાગીને તેનાથી પટા ખેલવાની રમત કરતાં અને રિચમંડ પાર્કમાં પોતાના માનીતા ટટ્ટુ ઉપર સ્વારી કરતાં. રિચમંડ અને આજુબાજુના પ્રદેશમાં કુમારી મેના નાનપણની ઘણી વાતો પ્રચલિત છે. સઘળાનો સાર એટલો જ છે કે તેઓ ખરેખરાં અંગ્રેજ કુમારિકા છે. એમને રમત સારી આવડતી. એમનો અભ્યાસ સારો હતો અને પાછળના જીવનથી સાબિત થયું છે કે એમને ઘરસંસાર ચલાવતાં પણ સારૂં જ આવડતું. વિકટોરિયાના યુગના જેવી સખ્ત કેળવણી એઓને મળી હતી. એમની કેળવણીમાં જો કશી પણ ભુલ કાઢી શકાય તો એટલી જ કે એઓને તદ્દન નરમ સ્વભાવનાં બનાવ્યાં છે. હાલ પણ અજાણ્યા માણસની આગળ એઓ સ્હેજ શરમાળ બનીને છૂટથી વાત કરતાં નથી. એઓને જ્યારે દરબારમાં પ્રથમ નમન કરવા લઈ ગયા ત્યાં સુધી એઓ બહારનાં લોકો જોડે ભેળાતાં જ નહિ. ઇટલીમાં ફ્લોરેન્સ નગરમાં જઈને એઓએ ભાષા અને સંગીતનો અભ્યાસ કર્યો છે, તેમજ એમણે જૂદા જૂદા દેશમાં પ્રવાસ પણ કર્યો છે. અઢાર વર્ષની ઉમ્મરે એમને દરબારમાં પ્રથમ નમન કરવા લઈ ગયા હતા. ત્યાર પછી એમણે દરબારના આનંદમાં અને બીજી ગમ્મતોમાં ભાગ લેવાનો

આરંભ કર્યો હતો. 'સીવણુ' નો એમને ખાસ શોખ છે પોતાની નવરાશની વખતમાં તેઓ પોતાને હાથે ધર્મખાતાંઓને મદદ કરવાને માટે સીવણનું કામ કરવામાં રોકાતાં.

ટેકનાં ડચેસ વર્ષમાં એકવાર 'રોયલ કેંબ્રીજ એસાયલમ' નામની સિપાઇઓની અનાથ સ્ત્રીઓની ધર્મશાળામાં શાક ભાજીની ભેટ આપતાં. આ વખતે વ્હાઇટલોજના બગીચામાં બધી વિધવાઓ આવતી અને ડચેસ પંડે બેસીને કુમારી મેને હાથે તેમને ધર્મ કરાવતાં. ડચેસ પંડે પણ શાકભાજીની ટોપલીઓ જાતે ભરતાં અને કુમારી મે તેમને મદદ કરતાં. મે, જા તો પેલાં વૃદ્ધ બાઇને આ કોબીઓ આપી આવ અને આ કોલીફ્લોવર લેવાને વહેલી પાછી આવ. ઉતાવળ કર, રસ ભીંશ નહિ નીકર હું કોવેન્ટગાર્ડનમાં* કોઇને ત્યાં નોકરીને માટે તારી ભલામણ નહિ કરૂં!! કુમારી મે કોઇ વખતે ડુંગળી લઈ જતાં આશંકાય તો તરત હસતાં કે કુમારી મે, કોઇ કાછીઆને પરણશો તો સંસાર શી રીતે ચાલશે? આવાં આવાં ટીંખળ કરીને ડચેસ બધાંને હસાવતાં.

શહાનશાહ બાનુ મેરી કેવાં છે અને કેવાં નિવડશે તે તેમના બાળચરિત્રથી આપણે સ્હેજ અટકળી શકીશું. એમને સાહિત્ય સંબંધી સચોટ કેળવણી મળીછે. ટેકનાં ડચેસ વિકટોરિયન યુગનાં હોવાથી આ કેળવણી જરી જૂની પદ્ધતિની હતી. એઓ જ્યારે છેક નહાનાં હતાં ત્યારે જોર્જ ઇલિયટ, કાર્લાઇલ, ટેનિસન અને ઈમરસનના ગ્રંથો એમને ખાસ પ્રિય હતા.

* એ નામનું લંડનમાં મોટું શાક બજાર છે.

મેકોલે, ફ્રાઉડ. મોલિયર, ગોટ અને ડેન્ટેનાં પુસ્તકો પણ એમના પુસ્તકાલયમાં નજર આવતાં. રિચમંડમાં ચઢતી પંક્તિના જ્ઞાનનાં ભાષણો સારૂ ઉઘાડેલા વર્ગમાં એઓ ઘણાં જ અભ્યાસશીલ શિખનાર હતાં. એમના બેસવાના ખંડમાં જોતાં જ એમના સાહિત્યના શોખની પ્રતિતી થાય છે. અભરાઇઓ ઉપર નામાંકિત ગ્રંથકારોનાં પુસ્તકો ગોઠવેલાં જણાય છે. ખંડની ભીંતો ઉપર પોતાને હાથે આલેખેલાં રંગીત ચિત્રો શોભા આપી રહ્યાં હોય છે. એમનું આલેખેલું એક ચિત્ર ઘણું વખાણવા લાયક છે. એ ચિત્રનું નામ ‘ રાણીના બંગલા પાસે સ્નેટિશામ આગળ, માર્ચીસ્ ઉપર ’ એવું છે અને એમાં જમીનનો વિશાળ પ્રદેશ અને વાદળાં ઘણી ખુબીથી ચિતર્યાં છે. આ ચિત્ર એઓએ ન્યુલેંડ, હલમાં ખલાસીઓનાં નબાપાં છોકરાંની ધર્મશાળાના લાભને અર્થે વ્હાઇટ–સન–ટાઇડના મેળા વખત વેચવા મોકલ્યું હતું. એ મોકલ્યું ત્યારે એઓ પ્રિન્સેસ ઓફ્ વેલ્સ હતાં અને જ્યારે ત્યાં પહોચ્યુંત્યારે એઓશ્રી રાણીને પદે આરૂઢ થયાં હતાં.

પોતાની માતૃશ્રીની સાથે રહેતાં ત્યારે એમના મંત્રી તરીકે હિસાબ રાખતાં ને કામકાજના પત્ર વ્યવહાર રાખતાં. આ અનુભવ એમને ઘણોજ લાભદાયક થઈ પડયો છે. સ્રીજાતિના અભ્યુદય સારૂ થયેલા દરેક મંડળ સાથે ટેકનાં ડચેસ સંબંધ ધરાવતાં હતાં અને તેથી એઓ પણ બધાના સંસર્ગમાં આવેલાં છે. પોતાનાં માતાની પેઠે એમને પણ નાટકોનો શોખ છે. સંગીતશાસ્રમાં એઓ નિપુણ હોઇને તેમનો રાગ મધુર, ભરેલો, અને ઉંચો છે. ધાર્મિક ગાયનો તરફ એઓની રૂચી વિશેષ છે. દેવી શ્રી વિકટોરિયાનાં નિકટનાં સંબંધી હોવાથી કુમારી મે

માર્લબરો હાઉસમાં ઘણો કાળ વ્યતિત કરતાં. નિકટની સગાઇ અને સમાન વય હોવાથી કુમાર જોર્જના ઘણા સહવાસમાં આવેલાં હતાં. એટલે જ્યારે કુમારશ્રીએ લગ્નની માગણી કરી ત્યારે ઉક્ત કારણોને લીધે બન્ને વચ્ચે સારો એખલાસ હતો. કુમાર જોર્જને તેમજ કુમારી મેને બગીચામાં ફુલઝાડ ઉછેરવામાં ઘણો આનંદ થતો. તેમના લગ્ન પછી યોર્કકોટેજમાં એઓ રહેતાં હતાં. ત્યાંનો બગીચો તેના ફુલની સુંદરતાને માટે જાણીતો છે.

એમના લગ્નના વાગ્દાનની વાત જાહેરમાં આવ્યા પછી તરતજ તેમના લગ્નની તૈયારીઓ થવા માંડી. પોતાના લગ્ન વખતે પહેરવાનો પોશાક સ્વદેશમાં જ બનેલો હોય એવી એમની ખાસ ઇચ્છાનુકુળ એમનો પોશાક સ્પીટલફિલ્ડમાં હાથની શાળમાં વણાયલા કિંમતી કપડાનો બનાવ્યો હતો. રૂપેરી કસબની દોરીના વણાટથી સુશોભિત કરાયલા આ પોશાકમાં ઇંગ્લંડ, આયર્લાંડ અને સ્કોટલંડનાં ખાસ પુષ્પો–ગુલાબ, થિસલ અને શેમ્રોકનાં ભરત ભર્યા હતાં.

રાજવંશી દશ કુમારિકાઓ રાજકન્યાની સખીઓ તરીકે હાજર થઈ હતી. સઘળાંએ સફેદ રેશમી પોશાક પહેરીને પોતાના હાથમાં સફેદ ગુલાબના રૂપાના તારની ગુંથણીવાળી મોટી મોટી કલગીઓ ધારણ કરી હતી. રાજકુમાર જોર્જ યોર્કના ડયૂક હતા. પૂર્વે લાંકેસ્ટર અને યોર્ક કુળોની અંદર પરસ્પર રાજગાદી સારૂ કલહ થઇને યુદ્ધ થયાં હતાં. બન્ને પક્ષ નજીકના સગા હોવાથી બન્ને પક્ષમાં રહેલાં માણસો પણ એકેકનાં સગાં હતાં. કોણ કિયા પક્ષમાં છે તે જાણવું મુશ્કેલ હતું.

એ યુદ્ધ વખતે બન્ને પક્ષનાં માણસોએ પોતાના ચિન્હ તરીકે ગુલાબનાં ફુલ ધારણ કર્યાં હતાં. લેંકેસ્ટરવાળાએ રાતું અને યોર્કવાળાએ સફેદ ફુલ પસંદ કર્યું હતું. ત્યારથી તે અદ્યાપિ પર્યંત યોર્કના ડ્યૂકનાં બખ્તર અને ઢાલ ઉપર સફેદ ગુલાબના ફુલનાં ચિત્ર ચિન્હ તરીકે રાખવામાં આવે છે.

મે મહિનામાં આ વાગ્દાન જાહેર થયું અને જૂલાઇ મહિનામાં લગ્ન થયું. દરમ્યાન યોર્કના ડ્યૂક-રાજકુમાર જોર્જ-અને તેમનાં ભવિષ્યનાં પત્નીને સાથે જાહેરમાં દેખાવ આપવાના બહુ પ્રસંગ મળ્યા નહોતા. રિચમંડમાં મ્યુનિસિપલ ઇમારતોના વાસ્તુ વખતે અને સ્વ. દેવી શ્રી વિક્ટોરિયાએ 'ઇમ્પીરીઅલ ઇન્સ્ટિટ્યૂટ' ખુલ્લું મુકવાની ક્રિયા કરી તે વખત આ સુખી દ્વન્દ્વે જાહેરમાં દેખાવ આપ્યો હતો.

રાજવંશના આ લગ્ન વખતે આખું લંડન કામકાજ તજીને આનંદ ભોગવવા મચી ગયું હતું. પ્રજા સમગ્રે શેરીએ શેરી ધ્વજા, પતાકા, તોરણ, કમાનો ઈત્યાદિથી શણગારી દીધી હતી. લંડનમાં આખી પ્રજાએ મળીને શેરીઓ શણગારી હોય એવો બનાવ આ પહેલો હતો.

સ્વ. દેવી શ્રી વિક્ટોરિયાની તબીયત તેવામાં સુદૃઢ હતી અને આ સઘળા આનંદમાં મુખ્ય ભાગ એઓશ્રીનો હતો. એમની સ્વારી મોટા દમામથી લંડન આવી અને એમણે બકિંગ્હામ મહેલમાં મુકામ કર્યો. વરકન્યા તેમને નમન કરવા અને આશીર્વાદ લેવા તેમની હજૂરમાં આ મહેલમાં પધાર્યાં હતાં. લગ્નની સાંજરે માર્લબરોમહેલમાં મોટી મીજબાની

આપવામાં આવી હતી. અંગ્રેજ, અને યુરોપિઅન ગૃહસ્થો અને દેશી રાજા રજવાડાની મોટી સંખ્યા હાજર થઇ હતી. સ્ત્રી અગર પુરૂષ દરેક મહેમાને–યોર્કનું ચિન્હ–ધોળા,ગુલાબનું ફુલ ધારણ કર્યું હતું. આખા દેશમાંથી હજારો માણસો લેઇને ખાસ ટ્રેનો આવતી અને લંડનના રસ્તા ઉપર બન્ને બાજુએ માણસોની તેવડી ચોવડી હાર કટાર થઈ રહી હતી. જૂલાઇ મહિનાના પ્રચંડ તડકામાં સઘળાં માણસો આ રાજવંશી યુગલને નિરખવાને કલાકના કલાક સુધી ઉભાં રહ્યાં હતાં. ઘણાં માણસો આ જોડાંને માત્ર સ્વારી પોતાની આગળથી જાય તેટલોજ વખત–એક ક્ષણ જ–જોઇ શકે એમ હતું છતાં અંગ્રેજ શાહજાદાનું અંગ્રેજ શાહજાદીની સાથે લગ્ન એ ઘણી વાત; એ વખતે તે કામ કરાય ? હવા પણ બહુ સારી એટલે વાદળાં કે વર્ષાદ વગરની હોવાથી આનંદની સીમા રહી નહોતી.

સેંટ જેમ્સના રાજકુટુંબના દેવળમાં અંગ્રેજી રાજધર્મ પ્રમાણે ક્રિયા કરવામાં આવી હતી. ખાસ જોડેલાં સંગીત પણ ક્રિયામાં દાખલ કર્યાં હતાં. કેંટર્બરીના મુખ્ય ધર્માધ્યક્ષે ક્રિયમાણ કર્યું હતું અને લંડનના બિશપે તેમને મદદ કરી હતી.

આ આનંદોત્સવમાં વરકન્યા શિવાય લોકોના હૃદયનું ખેંચાણ બુજર્ગ દેવી શ્રી વિકટોરિયા તરફ વિશેષ થતું હતું. નિર્માણ કરેલા વખતથી વહેલાં દેવી શ્રી એકલાં દેવળમાં પધાર્યાં. તેઓ કોઇના ટેકા વગર મોટી લાકડીના જ આધારે સ્હેજ લંઘાતાં પણ ધીરે ધીરે ગંભીરતાથી ચાલતાં, ડાબા જમણી નમન સ્વીકારતાં, સિંહાસન તરફ આવ્યાં. એમનું દયાવાન મુખારવિંદ જ શહાનશાહતનાં માલીક છે એમ પ્રતિતી

આપતું હતું. પછીથીઆ અગાડી તેમના પૌત્રે પોતાને હાથે દેવીને ટેકો આપ્યો અને એઓ પોતાના સિંહાસને બિરાજ્યાં. મુર્ત્તિમાન ન્યાય, દયા, ક્ષમા અને શૌર્ય હોય એવી એમની અતુલ શોભા દીપી રહી હતી. આર્ચ બિશપ બેન્સન પોતે પોતાની રોજનિશીમાં લખે છે કે એક તરફ દેવીની ભવ્યતા જોવાની તક અને બીજી તરફ આખી દુનિયા હોય તો પણ હું તો એમની તરફ જ જોઇ રહું. લગ્ન થઇ રહ્યા પછી એ ક્રિયાને અંગે વરકન્યાને દેવામાં આવતી શિખામણ વખતે મુખ્ય ધર્માધ્યક્ષે કહેલાં વચનો ખરેખાત સોનાનાં મૂલનાં છે. તેઓ બોલ્યા હતા કે દેખીતા તફાવત છતાં પણ લોકો પોતાનું સામાન્ય વર્ત્તન ઉંચામાં ઉંચી પંક્તિના ગૃહસ્થને અનુસરીને જ કરે છે. ઇશ્વરની નજરમાં ભક્તિ, સ્વધર્મપરાયણતા અને વિશ્વાસ એ અમુલ્ય ગુણો છે, તેથી રાજ્યના ડોળ દમામ તેમજ રાજ્યની ચિંતા અને ફીકરો હોવા છતાં પણ રાજ કુટુંબમાં પરસ્પર માન, આબરૂ, સંપ અને પવિત્રાઇ હોય એવું જોવાને અને જાણવાને લોક માત્ર આતુર હોય છે. કેટલાક લોક એવાં ભાગ્યશાળી હોય છે કે તેમનાં નાનાંમાં નાનાં કૃત્યો પણ વિચારશીલ હોય છે. આરજુમંદ અને ઉદ્યોગી આખી પ્રજા તમારા લગ્ન તરફ આકાંક્ષાની નજરે જૂવે છે કે ગમે તેવી ઇપ્સિત વસ્તુ પણ ચોખ્ખી રીતે પ્રાપ્ત થાય તો જ બરહક્ક એમ સમજીને ગાળેલી તમારી જીંદગીમાં તમારી રહેણીકરણી અનુકરણીય અને નીતિના સિદ્ધાંતો સમજાવવાને ઉદાહરણ જ હોય નહિ એવી નિવડે. સંસારનું મુળ મંડાણ કુટુંબથી જ થાય છે. સુખ શાંતિ અને કૌટુમ્બિક બળની અમુલ્ય બક્ષિસ મહાન પ્રભુના જ હાથમાં છે. ભવિષ્યમાં એ સઘળાની તમને

કદીએ ઉણપ ન રહો એવી જ માત્ર આખી પ્રજાની ઇશ્વર પ્રતિ પ્રાર્થના છે.

લગ્નનું સરઘસ બકિંગ્હામ મહેલમાં આવ્યા બાદ સ્વ. દેવી શ્રી વિક્ટોરિયાએ નવવિવાહિત યુગલના હાથ પોતાના હાથમાં લઇને તેમને પોતાની બન્ને બાજુએ રાખીને જરૂખામાં આવીને પ્રજાને દર્શન આપ્યું હતું. આથી નીચે ઉભેલાં અગણિત લોકોમાં ઘણો જ હર્ષ ફેલાઇ ગયો હતો. તે દિવસની ભીડ ઘણીજ હતી છતાં એક પણ નાપસંદ બનાવ બન્યો ન હતો.

પાછલે પહોરે એ યુગલ બકિંગ્હામ મહેલમાંથી સૅન્ડ્રિંગ્હામ જવાને નીકળ્યું. તે વખતે મુસાફરીના પોશાકમાં યોર્કના ડ્યૂક અને ડચેસે જરૂખામાં ફરી દેખા દીધી હતી. કુટુંબ સાથે હળીમળી રજા લઇને તેઓનું સરઘસ નીકળ્યું. લશ્કરી વાજાંએ 'ઓલ્ડ લૅંગ સીન 'નામનું મધુરૂં અને આનંદભર્યું ગાયન વગાડયું અને મહેલની ઘણી બારીઓમાંથી વધુવર તરફ શુકન તરીકે રેશમી સપાટા અને તાંદુલ ફેંકવામાં આવ્યા. શહેરમાં સ્વારી મેનસનહાઉસ આવી પહોંચી, ત્યાં લોર્ડ મેયરે અને લંડનની મ્યુનિસિપાલીટીએ માનપત્ર વાંચ્યાં અને પુષ્પો નજર કર્યાં ! લીવરપુલ સ્ટ્રીટ આગળ બીજું, કેંબ્રીજ આગળ વળી બીજું, એમ માનપત્રો સ્વીકારતાં સ્વીકારતાં આ સુખી દંપતિ સૅન્ડ્રિંગ્હામ આવી પહોંચ્યાં. ત્યાં તો આખી જાગીરપર સુ-શોભિત રોશની કરી હતી. યોર્કના ડ્યૂક અને ડચેસ પોતાના યોર્કકોટેજ પહોંચ્યાં, ત્યારે તો હર્ષનાદથી વાદળ ફાટી જશે એમ લાગ્યું. આ જગાએ આ રાજવંશી જોડાંએ પોતાની વિવાહિત જીંદગીનો આરંભ કર્યો.

આ શુભ બનાવ બન્યા પછી આજ આટલે દિવસે પણ તે દિવસે જે જે શુભ ઇચ્છાઓ રાખવામાં આવી હતી તે પૂર્ણ થઇ છે, લગ્ન સુખી નિવડયું છે અને સઘળાને અનુસરવાને સદ્‌ગુણોનું ખરેખાત ઉદાહરણ જ હોય નહિ એવું જણાય છે. ઇશ્વર કૃપા સર્વથા બળવાન જ છે.

પ્રકરણ ૭ મું.

સ્વદેશમાં પ્રવાસ-અને ગૃહસંસાર.

લગ્ન પછીના પહેલા વર્ષમાં યોર્કના ડયૂક અને ડચેસે ગ્રેટબ્રિટનમાં જુદી જુદી જગાએ પ્રવાસ કર્યો હતો. આ રાજવંશી દંપતિને ઠેકાણે ઠેકાણેથી તેમના લગ્ન નિમિત્તે પુષ્કળ ભેટો નજર થઇ હતી અને ઘણાં નગરોએ તેઓને પોતાના નાગરિક તરીકેના હક્ક નવાજીને માન આપ્યું હતું.

ઇ. સ. ૧૮૯૩ ના અકટોબર મહિનામાં તેઓ એડિન્બરો ગયાં હતાં. એડિન્બરો નગરની તરફથી જુદી જુદી સંસ્થાઓએ

તેમને કિંમતી નજરો કરી હતી. આ ભેટોનું વર્ણન કરતાં અન્ત આવે એમ નથી. યોર્કના શહેરી તરીકેના હક્ક એનાયત કરવાને મળેલા મેળાવડામાં ડયૂકે કહ્યું હતું કે તેમના નગરનું નામ જ પોતાનો ઇલ્કાબ હોવાથી એ નગરમાં એઓશ્રીને ખાસ આનંદ થતો હતો. પૂર્વે બીજા બે એક યોર્કના ડયૂકને એવા જ હક્ક મળ્યા હતા. એઓશ્રી બોલ્યા હતા કે મારા એવા નામદાર પૂર્વજોની જોડે પોતાનું નામ નોંધાય એ આબરૂ મારા મનથી નાની નથી. ત્યાંના મહાજનના મહેલમાં મોટા મેળાવડા રૂબરૂ નામદાર ડયૂકને અસંખ્ય કિંમતી ભેટો ભેગો એક રૂપાનો રસેલો 'લાવિંગ કપ*' પણ આપવામાં આવ્યો હતો. એડિન્બરો શિવાય આ સુખી યુગલે ન્યુકાસલ, એનિકકાસલ, પોપલર, અને બીજાં પણ ઘણાં સ્થળોએ પ્રવાસ કરી સઘળાંને આનંદ ઉપજાવ્યો હતો.

નામદાર યોર્કનાં ડચેસે ૧૮૯૪ ના જૂન માસમાં હાલના પાટવી કુમારને જન્મ આપ્યો હતો. ત્યાર પછી ૧૮૯૫ ના ડિસેંબરમાં તેમના કુટુંબમાં બીજા પુત્રની પધરામણી થઈ

---

*આ કપ—પ્યાલો—મોટી તાંબા કુંડી જેવડો હોય છે. અમુક અમુક પ્રસંગે તેમાં પંચ ભરીને હાજર હોય તે બધા તેમાંથી આચમની આચમની જેટલો મોઢે અડાડીને પીએ છે. એક નોકર પ્યાલો ઉચકીને અને બાજે તેની સાથે રૂમાલ લઇને ફરે છે. એક માણસે પીધા પછી રૂમાલથી સાફ કરીને બીજાના મોં આગળ ધરે છે અને તે તેમાંથી ઘુંટડો ભરે છે આ પ્રમાણે દરેકની આગળ ફરી વળે છે ઇંગ્લંડમાં ઘણી કોલેજો, નિશાળો, મંડળીઓ અને એવી સંસ્થાઓમાં આ રિવાજ છે. ઘુંટડો ભરતી વખતે જુદી જુદી સંસ્થાઓમાં જુદ જુદું કાંઇ બોલવાનું હોય છે.

હતી. ૧૮૯૭ માં દેવી શ્રી વિકટોરિયાનો હિરક મહોત્સવ હતો. એ આનંદમાં નામદાર ડચેસને પુત્રીના જન્મથી ઓર વધારો થયો હતો. ૧૯૦૦ માં તેમને ત્રીજું પુત્ર રત્ન સાંપડયું હતું. આ શિવાય ૧૯૦૨ માં અને ૧૯૦૫ માં એ પ્રમાણે બીજા બે પુત્ર ઇશ્વરે આપવાથી નામદાર ડચેસ પાંચ પુત્ર અને એક પુત્રીનાં પનોતાં માતા બન્યાં છે.

પોતાનાં ફરજંદોને ઉછેરવામાં એ નામદારે ખાસ ધ્યાન રાખ્યું છે કે છોકરાંને ખુબ આનંદ અને ખુબ રમત મળે, છતાં તેમના દરજ્જાને છાજતી અને ભવિષ્યમાં જે ઉચ્ચ સ્થાન એમને સંપાદન થવાનું છે તેને યોગ્ય કેળવણી પણ મળે. છોકરાં પ્રતિ તેઓ બહુ સખ્તાઇથી વર્તતાં નથી, તેમજ તેમને છેક લાલપાલમાં પણ ઉછેરતાં નથી.

દરેક સંતાનના મનમાં પ્રથમથી જ સારી રીતે ઠસાવવામાં આવ્યું છે કે વિનયયુક્ત અને બીજાની લાગણી ના દુભાય એવી વર્ત્તણુક રાખવી જોઇએ. દરેક પ્રસંગે પોતાના મનના ભાવને અંકુશમાં રાખીને મનોહર દેખાવું અને રહેમીયતવાળા થવું એ પુખ્ત ઉમ્મરના માણુસને પણ અઘરૂં પડે, તો નાના છોકરાથી કેમ થવાય ? એક પ્રસંગે પ્રજાજનો હર્ષનાદ કરી રહ્યા હતા તે વખતે થાકથી કંટાળેલા જણાતા પોતાના બીજા ભાઇને 'મોં હસતું રાખો, આનંદમાં હો એવા દેખાઓ, સતત્ સ્મિત કરતા રહેો' એમ કહેતા રાજકુમાર એડવર્ડને સાંભળ્યા છે ! સ્વ. શાહાનશાહ એડવર્ડનામાં મીઠી વાણીથી સમયોચિત બોલવાની વિલક્ષણ આવડત હતી. પોતાના પિતામહની પેઠે

રાજકુમાર એડવર્ડનામાં પણ આ શુભ લક્ષણ નાનપણમાંથી જ દેખાય છે.

રાજગાદીના વારસ હોવાથી બધા કુમાર કરતાં પ્રજા રાજકુમાર એડવર્ડને જોઇને વિશેષ આનંદ માને છે. 'સ્કોટસ્ ગાર્ડસ્' નામની ભવ્ય પલટણનો વાનપ્રસ્થ થએલો એક સૈનિક કુમારને લશ્કરી કવાયદ શિખવતો હતો. તે કહે છે કે ઘણી નાની ઉમ્મરમાંથી જ રાજકુમાર પોતાના પિતા અને પિતામહના જેવી જ ગંભીરતા અને દમામ રાખવાને બહુ આતુરતા બતાવતા. એમને ચાલતાં આવડયું એ સમયમાં યોર્કહાઉસ મહેલ આગળ રહેતા પહેરેગીરોનાં નમન ઘણી મનોહર રીતે સ્વીકારતા. વળી રાજકુંવરમાં માત્ર ગંભીરતા જ ભરી છે એમ પણ નથી. એમને હસવું ઘણું ગમે છે. અને મસ્તી તોફાન તરફ પણ વલણ વિશેષ છે. બહાર ખુલ્લી હવામાં રહેવું એમને બહુ પસંદ છે અને જનાવરો ઉપર એમને ઘણી પ્રીતિ છે. પોતે ઘણાં જનાવર પાળ્યાં છે. પોતાની પાળેલી મેનાંને પોતાના હાથમાંથી ખાતાં શિખવી શકયા ત્યારે એમને ઘણો જ આનંદ થયો હતો. જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે પોતાના ટટ્ટુ ઉપર સારી રીતે સ્વારી કરી શકતા. પ્રાણિઓ ઉપર એમની દયા એમણે જનરલ બેડનપોવેલ સાથે કરેલી વાત ઉપરથી જણાઈ આવે છે. એઓ કહે કે હું રાજા થઇશ ત્યારે એવો કાયદો કરીશ કે કોઈ ભોટિલાંની પુંછડી કાપવાનું નિર્દય કૃત્ય કરે નહિ. તેમજ કોઇ પણ માણસ પોતાના ઘોડાને કાયદો પહેરાવે નહિ. જો કે એમની દરરોજની સાધારણ રહેણી સુખી અને આનંદી નાના છોકરા જેવી જ છે પરંતુ આગળ જતાં

પોતે મહાન પદ્દીપર આવવાના છે એ એમને માલમ છે. રાજકુમારે નૌકાસૈન્યમાં ઉમેદવારી કરી છે તેમજ તેઓ સૈન્યમાં પણ ઉમેદવારી કરી આવ્યા છે. પોતે સૌથી મોટા દિકરા છે તેથી એમને આનંદ થાય છે. આ આનંદનું કારણ એમણે પોતે પોતાના જેવા લશ્કરી ઉમેદવારને એક વખત કહ્યું હતું ! એઓ કહે કે મોટા ભાઇ હોઇએ તો પછી આપણને બીજાનાં ઉતરેલાં લુગડાં તો ન પહેરવાં પડે ! આ વાત ઉપરથી રાજકુમારના નિષ્પાપી અને ભોળા અંતઃકરણ શિવાય બીજી પણ દાખલો લેવા જેવી એક બાબત માલમ પડે છે કે રાજકુટુંબમાં પણ મોટા ભાઇનાં લુગડાં ઠીકઠાક કરીને નાના ભાઇને પહેરવાં પડતાં હશે.

યોર્કના ડયૂકની નિશાળના સોમા સમછરીને દિવસે કેટલાક છોકરાઓ એ શાળાનો ઇતિહાસ માલમ પડે એવાં ચિત્રોનું એક પુસ્તક નજર કરવા રાજકુંવર પાસે આવ્યા હતા. રાજકુંવર નાની ઉમ્મરના હોવા છતાં તેમની બોલવાની છટા સારી છે. શહાનશાહ જોર્જે એકવાર કહ્યું હતું કે “ આ નાના કાકરને મારા કરતાં એ સારૂં ભાષણ કરતાં આવડે છે.” નિશાળના છોકરાઓ આવ્યા ત્યારે રાજકુંવરે ભાષણ તો કર્યું નહિ, પણ તેમની જોડે એવી રીતે વર્ત્યા કે સઘળાએ સંકોચ વગર આનંદ ભોગવ્યો. રાજકુંવરનાં ઘણાં નામ પાડયાં છે પણ તેમાં તેમના છેલ્લા નામથી એમને વારે ઘડીએ બોલાવવામાં આવે છે. દેવી શ્રી વિકટોરીઆ ઘણી વખત કહેતાં કે ઇંગ્લંડની ગાદી ઉપર ડેવિડ રાજા આવશે અને તે હિબ્રુ લોકોના એ નામના રાજાની પેઠે જ પોતે કીર્ત્તિ સંપાદન

કરશે. રાજકુંવર શહાનશાહ જ્યોર્જના સિંહાસનારૂઢ થયા પછી પ્રિન્સ ઓફ વેલ્સની પદ્વી પામ્યા છે. ગમે તેમ હોય પણ એમની નવી પદ્વીને આ નામ ઘણું જ છાજતું છે. કેમકે વેલ્સ ઉપર સંત ડેવિડની કૃપાછાયા છે એમ ગણાય છે. એઓ પોતાની સોળ વર્ષની ઉમ્મરે વેલ્સના શાહજાદા-પ્રિન્સ ઓફ વેલ્સની પદ્વી પામ્યા હતા.

કુમાર-પ્રિન્સ ઓફ વેલ્સને સારી સાર્વદેશી કેળવણી મળી છે. ત્રણ વર્ષ સુધી એમણે નૌકાસૈન્યમાં ઉમેદવારી કરી છે અને હવે લશ્કરમાં જોડાવાના છે. શાહનશાહ જ્યોર્જે પોતે આખી દુનિયાની મુસાફરી કરી છે. આવા અનુભવી પિતા પોતાનાં સંતાનોને પ્રવાસે ન મોકલે એમ બને નહિ. એથી વખતે થોડા કાળમાં રાજકુંવરો પ્રવાસે જઇને દૂર દૂરનાં સંસ્થાનોની પ્રજાને આનંદ ઉપજાવશે.

પ્રિન્સ ઓફ વેલ્સની ભવિષ્યની કારકિર્દી સુખદ નિવડશે એમ અત્યારથી લાગે છે. એઓ સુલક્ષણા છે. પોતાનો ધર્મ-ફરજ-બજાવવામાં હમેશ તત્પર, રમત ગમતોમાં આનંદી અને પોતાને મળવાની માનપ્રદ પદ્વીનો દરજ્જો જાળવવાને નિરંતર આતુર રહે છે; આ બધાની સાથે ખુશ મિજાજી છે. જ્યારે એમનો જન્મ થયો ત્યારે લોર્ડ રોઝબરી પ્રધાનપદ ઉપર હતા. તે વખતે પાર્લામેંટમાં નામદાર યોર્કના ડયૂક અને ડચેસને અભિનંદન આપવાનો ઠરાવ કરવાની દરખાસ્ત રજુ કરતાં એઓએ કહ્યું હતું કે “ ફ્રાન્સમાં પરાપૂર્વથી એક રિવાજ ચાલ્યો આવે છે. એ રિવાજને અનુસરીને ત્યાંના રાજકર્ત્તાના પુત્રને એક

ઇલ્કાબ એનાયત કરવામાં આવતો હતો. આ ઇલ્કાબ મારી સમજ પ્રમાણે ઘણો જ ડહાપણ ભરેલો અને ગમે એવા રાજપુત્રને પણ ઘટે એવો ઉચ્ચ અને સદ્‌ભાવનામય છે. ત્યાં રાજપુત્રો " ફ્રાન્સના પુત્ર " કહેવાતા. આપણે પણ આશા રાખીએ કે આ નવા જન્મેલા કુંવર કાળે કરીને ખરેખાત ' ગ્રેટબ્રિટનના પુત્ર ' નિવડે અને પોતાને જે મહાન પદ્વી અને મહાન ધર્મ પ્રાપ્ત થવાનાં છે તે વિષયે પણ તેઓ ' ગ્રેટબ્રિટનના ' પુત્ર પેઠે જ વર્ત્તે.

રાજકુંવરો કરતાં રાજકુંવરી મેરીનાં સુલક્ષણો કાંઇ ઓછાં આકર્ષક નથી. એઓ શહાનશાહબાનુ—એમનાં માતા—ની સાથે નિરંતર રહે છે. થોડાં જ વર્ષમાં એઓ એવી સંપૂર્ણતા પ્રાપ્ત કરશે કે આખા રાજ્યની કુમારિકાઓ એમના ઉપરથી પોતે ઘણી ઘણી બાબતોનું અનુસરણ કરશે. પોસ્ટ ઓફિસ બેંકમાં એમનું ખાસ ખાતું છે અને પોતાનો બધો હિસાબ કિતાબ પોતે જાતે રાખે છે. પોતાના બે મોટા ભાઇઓ નૌકાસૈન્યમાં ગયેલા હોવાથી રાજકુંવરી પોતાના ત્રિજા ભાઇના સહવાસમાં ઘણાં આવે છે. આ ત્રિજા રાજકુંવર ઘણા ખુબસુરત હોઇને તેમને સંગીત તરફ ઘણી અભિરૂચી છે. એઓ ઘણી તિવ્ર બુદ્ધિના છે, અને કાંઇ ન સમજાયું કે એનું કારણ ખોળી કાઢવામાં ઘણા જ આતુર રહે છે. જે જલસામાં આ રાજકુંવર હોય ત્યાં જો કોઈ જાદુગર ખેલ કરતો હોય તો એને ઘણું જ સાવધાન રહેવું પડે કેમકે એ એનું પોગળ તરત ખોળી કાઢે એવા છે.

ફ્રોગમોરના મેદાનમાં સઘળા રાજકુંવરો ક્રિકેટ રમે છે.

તેઓ ઘણીવાર ઇટન અને સેંટ જોર્જના નિશાળીયાઓ જોડે સ્પર્ધાની રમતમાં ઉતરે છે. શાહનશાહ ૭ મા એડવર્ડે રાજકુમારોને બે ડોલવાળુ એક નાનુ વહાણ ભેટ આપ્યું છે. આ વહાણ હંકારવાની સહેલ સઘળા રાજકુંવરો કરે છે. વિંડસર પાર્કમાં જ્યારે નવું ઘાસ કાપી લેવામાં આવે છે ત્યારે રાજકુમારો ઘણો આનંદ કરે છે. તેઓ ઘોડેસ્વારી અને ગાડી હાંકવાની મઝા પણ ભોગવે છે. તેઓ ફોટોગ્રાફી પણ સારી શિખેલા છે. રાજકુટુંબમાં માજી શહાનશાહબાનુ એલેકઝાંડ્રાથી માંડીને સઘળાં ફોટોગ્રાફી જાણનારાં છે. એમના પિતામહ—નામદાર સ્વ. શહાનશાહ એડવર્ડ જ્યાં જ્યાં જતા ત્યાંથી કુંવરોને ચિત્રવાળાં પત્તાં ખાસ ખોળ કરી કરીને મોકલતા.

રાજકુંવરોના જેટલું લંડનનું ભોમિયું તો કોઈ ભાગ્યે જ હશે. પોતાના શિક્ષકની દેખરેખ નીચે તેઓ લંડનનાં સઘળાં સંગ્રહસ્થાનોમાં જાય છે, અને છૂટથી બધા લોકોમાં ભેળાય છે. શહાનશાહ જોર્જ જ્યારે પ્રિન્સ ઓફ વેલ્સના પદ ઉપર હતા ત્યારે લંડનની કાઉન્ટી કાંઉન્સિલની આગબોટો અને ટ્રામ્વે ઉઘાડતી વખતના મેળાવડામાં કુંવરો એમની જોડે ગયા હતા. આગબોટને રસ્તે ગ્રીનિચ જઇને ત્યાંથી ટ્રામ્વેને રસ્તે પાછા આવવાની આનંદભરી શેલ કરી હતી.

રાજકુંવરો અને કુંવરીઓ પિતામહી—માજી શહાનશાહ બાનુ અલેકઝાંડ્રા ઉપર ઘણું હેત રાખે છે. એમનામાના ત્રણ પહેલાં સંતાનો શિવાય બીજાંઓને તો દેવી શ્રી વિકટોરિયાનું માત્ર ઝાંખું સ્મરણ હોય એ સ્વાભાવિક છે, કેમકે તેમની ઉમ્મર છેક નાની હતી. નાનપણમાં કુંવર એડવર્ડ—હાલ જેઓ પ્રિન્સ

ઑફ વેલ્સ છે તેઓ-રાજમાતાની પાસે ઘણા રહેતા. જ્યારે રૂશિયાના ઝાર અને ઝારિના પહેલીવાર ઓસ્બોર્ન પધાર્યાં, ત્યારે નાનાં ડચેસ ઓલ્ગાને તેમની જોડે લાવ્યાં હતાં. આ કુમારિકા-છેકજ નાનાં હતાં. ચાલતાં ચાલતાં આ બચ્ચુ પડી ગયું. કુંવર એડવર્ડ પોતે પણ નાના હતા. એઓ પણ એજ ખંડમાં હતા. તેઓએ એમની પાસે દોડી જઇને તેમને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો. એ જોઇને રાજમાતા હસ્યાં અને બોલ્યાં કે વખતે આ બનાવ ભવિષ્ય સૂચક જ છે. કુમારનો અને એમનો યોગ થશે.

પ્રિન્સ ઑફ વેલ્સ જોર્જ અને શાહજાદી મેરીની ગેરહાજરીમાં સઘળા સંતાનો માજી શહાનશાહબાનુ એલેકઝાંડ્રાની જ સંભાળમાં રહેતાં એઓશ્રી સંસ્થાનો અને હિંદુસ્થાનની મુસાફરીમાંથી જ્યારે પાછાં ફર્યાં ત્યારે જો કે બીજાં છોકરાંઓની પેઠે પોતાનાં માબાપ વગર અણુગમો તો ઘણો એ થયો હશે પણ મળતી વખત કહ્યું હતું કે 'તમે નહોતાં ત્યારે અમે ડાહ્યાં થયાં હતાં, કશું તોફાન કર્યું નહોતું.'

વિશ્રામવાર-રવિવાર-ને દહાડે સાંજરે ટેકના ડયૂક અને ડચેસ પોતાનાં છોકરાંને લઇને બેસતાં અને છોકરાં કિર્ત્તન ગાતાં. આ વખતે જ તેઓ શું શું શિખે છે એ પુછાતું. પોતાની બાલ્યાવસ્થામાં આવી આનંદમાં ગાળેલી ક્ષણો શહાનશાહબાનુ મેરીને હજુએ સાંભરે છે. ઉપલ્યા વર્ગના લોકો દરેક નાની નાની બાબતોમાં પણ અનુસરણ કરવા યોગ્ય હોય એવી સામાન્ય માન્યતા છે. અંગ્રેજી પ્રજામાં આ ઉંચા કુટુંબની રહેણી કરણી જોવાથી પ્રજાને કદીએ અસંતોષ નહિ થાય એ નિર્વિવાદ છે.

પ્રકરણ ૮ મું.

સામ્રાજ્યનો સંબંધ. (૧) સંસ્થાનોમાં પ્રવાસ.

જે કાળની હકીકત અમે લખીએ છીએ તે કાળે રાજકુમાર જોર્જ યોર્કના તેમજ કોર્નવાલના ડયૂકની પદવી ઉપર હતા. છેક એમનાં લગ્ન થયાં તે સમયથી જ તેઓશ્રી સંસ્થાનોની મુલાકાતે જાય એવો વિચાર ચાલતો હતો. આસ્ટ્રેલિયાએ પ્રથમ આમંત્રણ કર્યું હતું. ન્યુઝિલાંડે પણ દેવી શ્રી વિકટોરિયાના હિરક મહોત્સવ વખત એવું આમંત્રણ કર્યું હતું, તે ફરીથી કર્યું. તેમજ કેનેડા પણ પોતાના ભવિષ્યના રાજકર્ત્તાની મહેમાનદારી કરવા એક પગે થઈ રહ્યું હતું. જ્યાં ત્યાં ચોતરફથી આવી પ્રબળ રાજભક્તિ ઉભરી આવી હતી પણ એ પ્રવાસને યોગ્ય અને અનુકુળ પ્રસંગ આવ્યો નહોતો. કાંઇ કાંઇ વિઘ્ન આવી પડતાં હતાં. અને આ આમંત્રણો કમને ઉપકાર સાથે નાકબુલ કરવાં પડતાં હતાં. આખરે ઈશ્વરેચ્છાથી અનુકુળ સંયોગ આવીને ઉભો.

ઈ. સ. ૧૯૦૦ માં પ્રકટ થયેલા ઢંઢેરાની રૂએ આસ્ટ્રેલિયાના જુદાં જુદાં સંસ્થાનો એકત્ર થયાં હતાં. તાસ્માનિયા પણ આ મંડળમાં જ ભળ્યું હતું. આ એકત્ર થયેલાં સંસ્થાનો

એ ઢંઢેરાને અન્વયે હવેથી આસ્ટ્રેલિયાનાં જનસત્તાક સંસ્થાનો કહેવાવાનાં હતાં. દેવી શ્રી વિકટોરિયાની ખાસ ઇચ્છા એવી હતી કે આ એકત્ર સંસ્થાનોની પ્રથમ પાર્લામેંટ પોતાને બદલે, પોતાની તરફથી ખૂદ નામદાર ડ્યૂક ઓફ યોર્કે સ્વહસ્તે ઉઘાડવી.

એટલામાં તો દક્ષિણ આફ્રિકાનો વિગ્રહ થયો અને એ વિગ્રહમાં આસ્ટ્રેલિયાનાં સંસ્થાનો ઇંગ્લંડની મદદે ખડાં થયાં. આ મદદને માટે રાજ્ય તરફથી એકત્ર સંસ્થાનોનો ઉપકાર પણ ખૂદ નામદાર યોર્કના ડ્યૂકે શ્રીમુખે જાહેર કરવો એવો વિચાર ઉદ્‌ભવ થયો.

આવાં આવાં કારણોને લઇને ખૂદ પૂજ્ય દેવી શ્રી વિકટોરિયા અને સઘળાં લાગતાં વળગતાંની સમ્મતિથી નક્કી થયું કે નામદાર યોર્ક અને કોર્નવાલના ડ્યૂક અને ડચેસ સંસ્થાનોમાં પ્રવાસે નીકળે અને એકત્ર સંસ્થાનોની પ્રથમ પાર્લામેંટ પોતે ઉઘાડે. તેઓ ભૂમધ્ય સમુદ્રને રસ્તે થઇને સ્વેઝની નહેર, એડન, લંકા થઇને આસ્ટ્રેલિયા જાય; ત્યાંથી તાસમાનિયા અને ન્યુઝીલાંડ જાય અને વળતાં મોરેશિઅસ, દક્ષિણ આફ્રિકાના કેપસંસ્થાન અને કેનેડા પધારે; તેમજ રાજા અને પ્રજાની ખાસ ઇચ્છાનુસાર જુનામાં જુના સંસ્થાન ‘ન્યુફાઉન્ડ લેંડ’માં પણ જાય એમ નિર્માણ થયું. આ પ્રવાસ ખરેખાત મ્હોટો હતો. એ નામદારોને ૩૮૦૦૦ મૈલ દરીઆમાં અને ૧૨૦૦૦ મૈલ ખુશ્કીપર જવાનું હતું.

આવો નિશ્ચય થતાં તરત જ તૈયારીઓ થવા માંડી. પણ સરકારી ફ્રિડાનોકા બંધબેસ્તુ ન જણાવાથી ઓરિએંટ

કંપનીની આગબોટ 'ઓફિર' ભાડે રાખવામાં આવી. આ આગબોટમાં ફેરફાર કરીને રાજવંશી મુસાફરોની જરૂરીઆત ને લાયક બનાવી, નૌકાસૈન્યમાંથી અમલદારો, ખલાસીઓ અને સૈનિકોની નિમણુંક થઇ. એઓશ્રીના જુના શિક્ષક રેવરંડ કેનન ડાલ્ટનને "ઓફિરના" ધર્મગુરૂ નિમ્યાં.

સઘળી તૈયારી થઈ રહી એવામાં દેવી શ્રી વિકટોરિયાને અચાનક પ્રાણઘાતક મંદવાડ આવી પડયો. આ પરમ કૃપાળુ દેવી ક્ષણભંગુર જગતને તજી સ્વર્ગે સિધાવ્યાં. આખી પૃથ્વિ ઉપરની તેમની પ્રજા અને ઇતરજનો શોક સાગરમાં ડુબી ગયાં. આ દુઃખદ બનાવને લીધે આ પ્રવાસ પડતો મુકાશે એમ લાગ્યું. જ્યારે આખી સલ્તનત શોકગ્રસ્ત હોય ત્યારે આનંદ શી રીતે થાય? વળી એ પણ જોવાનું હતું કે પ્રિન્સ ઓફ વેલ્સના પદ ઉપરથી નામદાર એડવર્ડ શહાનશાહ તરીકે તખ્તનશીન થયા હતા, તેમના ઉપર પડેલી આ ઝફાના વખતમાં એઓશ્રીની પાસેથી નામદાર ડયૂકને દૂર કેમ કરી શકાય. આવે વખતે એઓશ્રી ડયૂકને પોતાની નજર આગળથી દુર કરી શકશે કે નહિ એ પણ વિચારવા જેવું હતું.

શહાનશાહ એડવર્ડ બહુ વિચારશીલ હતા. એમની આખી કારકિર્દીમાં એમણે પોતાનું ડહાપણ બતાવી આપ્યું છે. તેમણે આ પ્રવાસને માટે એકદમ કશો ઠરાવ કર્યો નહિ. આ દુઃખદ બનાવને થોડાં અઠવાડિયાં થઇ ગયા બાદ એઓશ્રીએ પોતાની જાતની ઇચ્છા, લાગણી અને સુખનો ભોગ આપવાનો નિશ્ચય કર્યો. આ પ્રવાસની ઇચ્છા ખદ દેવી શ્રી વિકટોરિયાની હતી. તેમજ તૈયારીઓ પણ એઓશ્રીએ કરી હતી. એ સ્વર્ગવાસી

દેવીના માનની ખાતર પોતે આ પ્રવાસ બંધ ન રહે એવો ઠરાવ કર્યો. એમના આવા આત્મીયબળ અને આત્મસંયમને માટે ચોતરફથી વાહ વાહ થઇ. આ પ્રવાસ કાંઇ મોજમઝાને માટે કરવો ધાર્યો નહોતો, આખી સલ્તનતના હિતની ખાતર આવશ્યક હતો. સઘળા પ્રધાનોનો પણ એવોજ વિચાર થયો હતો કે જ્યારે શહાનશાહ પોતે સલ્તનતના હિતની ખાતર આવી અણીની વખતે પોતાના પ્રિય પુત્રનો વિયોગ ખમી લેવાને રાજી છે, ત્યારે તો સ્વ. દેવી શ્રી વિકટોરિયાની ઇચ્છાનુસાર યુવરાજે આ પ્રવાસ કરવો જ જોઇએ.

પાર્લામેંટ ઉઘાડતાં તખ્ત ઉપરથી નામદાર શહાનશાહે કરેલા ભાષણમાં જ્યારે આ વિશે કહેવામાં આવ્યું ત્યારે પ્રજા હરખમાં આવી ગઇ. ઢીલમાં નાંખેલી તૈયારીઓ પાછી ધમધોકાર ચાલી, અને શહાનશાહના ભાષણ પછી એક મહિનામાંતો 'ઓફિર' પ્રવાસને માટે તૈયાર થઇને પોર્ટસ્મથના બંદરમાં લંગરાઇ.

દશ હજાર ઘોડાના બળવાળી, બે સ્ક્રુવાળી, વિશાળ ખંડોવાળી, સુશોભિત 'ઓફીર' સઘળી રીતે રાજવંશી પ્રવાસીને યોગ્ય બની રહી હતી. એના ઉપર ૧૨૫ ખલાસીઓ ૧૦૦ નૌકાસૈનિકો, ૮૮ નોકરો સહિત ૭ ઇંજનેરો, ૩૭ વાજાંવાળા, ૯ રસોઇયા, ૫૦ ભંડારીઓ અને ગુમાસ્તાઓ, એક ખજાનચી અને એક છાપનાર મળીને કુલ ૫૫૦ આદમીઓ હતાં. 'ઓફિર' એડન પહોંચે ત્યાંથી 'જ્યૂનો' અને 'સેંટ જોર્જ' નામની આરમારો તેની ખીજમતમાં

રહેનારી હતી. બ્રિટિશ ખાડીના કાફલામાંની ‘ ડાયાડમ ’ અને ‘ નિયોબી ’ નામની આરમારો જીબ્રાલ્ટર સુધી તેની સાથે જનારી હતી. તેમજ ‘ એંડ્રોમિડા ’ અને ‘ ડાયાના ’ નામની આરમારો જીબ્રાલ્ટરથી તે છેક પોર્ટ સૈયદ સુધી તેમની તહેનાતમાં રહેનારી હતી.

નામદાર યોર્ક અને કોર્નવાલનાં ડ્યૂક અને ડચેસ પોર્ટ-સ્મથથી નીકળ્યાં. તેમણે પોતાના કુટુંબની સાથે ગંભીરતાથી અને દુઃખી હૃદયે વિદાયગીરી લીધી. તેમનાં સંતાનો તેમની ગેર-હાજરીમાં શહાનશાહબાનુ અલેકઝાંડ્રાની દેખરેખમાં રહેવાનાં હતાં. શહાનશાહ અને શહાનશાહબાનુ જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં બનતાં સુધી આ રાજસંતાનો જોડેને જોડે રહેતાં. તેમને પોતાનાં માતપિતાની રજેરજ ખબરો મળતી અને તેઓ પણ તેમને રોજ પત્રો લખતાં. સ્ત્રીના હૃદયની ગુહ્યવાતો સ્ત્રી-ઓ જ સમજે. વાન્કુવેરની સન્નારીઓએ ડચેસના ઉતારામાં તેમનો ખાનગી ખંડ શણગાર્યો તેમાં ઠેર ઠેર તેમનાં સંતાનોની છબીઓ ગોઠવી હતી. ડચેસને આથી ઘણો જ આનંદ થયો હતો. ઠેકાણે ઠેકાણેથી તેમને તેમનાં સંતાનોને મોકલવાની ભેટો એનાયત કરવામાં આવતી.

તેમને વળાવવાને શહાનશાહ અને શહાનશાહબાનુ તેમજ કુંવરી વિક્ટોરિયા લંડનથી પધાર્યાં હતાં. બીજે દિવસે ઓફિર ઉપર મિજબાની કરવામાં આવી. આ વખતે ઘણા પ્રતિષ્ઠિત ગૃહસ્થો, પરદેશી રાજ્યપુરૂષો અને નૌકાસૈન્યના ઉપરી અધિકારીઓ હાજર હતા. સંસ્થાન ખાતાના સેક્રેટરી મી. ચેમ્બરલેન પણ હાજર હતા. ખુદ શહાનશાહે નામદાર ડ્યૂક

અને ડચેસની સલામતી લેવડાવી હતી. સંસ્થાનોએ બોઅર વિગ્રહમાં માતૃભૂમિની મદદે આવીને જે સ્નેહ બતાવ્યો હતો તેનો જાતોજાત આભાર માનવાને મારા પનોતા પુત્રને મોકલું છું એવું શ્રીમુખે કહ્યું હતું. નામદાર ડ્યૂકે આ સલામતીનો જવાબ આપતાં સમયોચિત ટુકું અને સ્નેહભર્યું ભાષણ કર્યું હતું. એઓશ્રી ભાષણમાં શહાનશાહ પ્રતિ એમ પણ બોલ્યા હતા કે ' આપનાં સંતાનો આપથી વિખુટાં પડતાં દિલગીર થાય એ સ્વાભાવિક જ છે. તેમ હોવા છતાં પણ કાર્યદક્ષતાની ખાસ જરૂર પડે એવું કામ આપની તરફથી અમને સોંપાયલું હોવાથી અમને ખાસ માન અને મગરૂરી ઉત્પન્ન થાય છે !

' આલ્બર્ટા ' નામની મનવારપર સ્વાર થઇ નામદાર શહાનશાહ આગળ ચાલ્યા. કિનારા ઉપર વાદિત્રોએ ' રૂલ બ્રિટાનિયા ' નામના મધુર ગાનના સુર છેડયા. આરમારો અને કિલ્લાઓ ઉપરથી તોપોની ગર્જના થવા લાગી. ' ઓફિર ' ની બન્ને બાજુએ બેવડી હારમાં ટોર્પેડો ચાલતી હતી. બધાંની વચ્ચે અને શહાનશાહની પછવાડી ધીમે ધીમે ' ઓફિરે ' પ્રયાણનો આરંભ કર્યો. સ્પિટ્હેડ' ભૂશિર વટાવ્યા પછી શહાનશાહની મનવાર બાજુપર થઇને ઉભી રહી અને તમારો પ્રવાસ શુભ, નિર્વિઘ્ન અને ફલિભૂત થાઓ એવું સૂચવતાં રૂમાલો ઉડાવ્યા; ' ઓફિર ' મોખરે થઈ અને ભરદરીએ પડી. આ પ્રમાણે આ અગત્યના પ્રવાસનો પ્રારંભ થયો.

તેઓ જીબ્રાલ્ટર પહોંચ્યા. હવે ભાષણો કરવાના અને હાથ મેળવવાના અનેક પ્રસંગોવાળા પ્રવાસનું મંડાણ થયું. દરેક

જગાએ શું શું કર્યું, શું શું જોયું વગેરે લખતાં મોટા ગ્રંથ ભરાય. અમારા ગ્રંથનું કદ નહાનું છે તેથી આ મનોરંજક બ્યાન અમારે ન છૂટકે ટુંકાવવું પડે છે.

આ આખા પ્રવાસમાં ડયૂકને 'ઓફાન્ટે' માં પોતે પ્રથમ કરેલો પ્રવાસ સાંભર્યો છે. જીબ્રાલ્ટરના ઉંચા ખડક ઉપર ચોતરફ વિજળીના દિવાઓને લીધે જાણે ઇંદ્રાપુરી હોય એવો દેખાવ થઈ રહ્યો હતો તે જોઇને ડયૂકને પોતે જ્યારે 'ઓફેન્ટે' પર સ્વાર થઇને અહિં પધાર્યા હતા ત્યારે આગબોટો ઉપર પ્રથમ જ તે વખત દાખલ થયેલી વિજળીની રોશની જોઇને લોકો કેવા ચકિત થયા હતા તે સાંભર્યું હશે. થોડો કાળ માલ્ટા રહીને પ્રવાસીઓ પોર્ટ સૈયદ પહોંચ્યા. તાર વગર વિજળીથી સંદેશો લઈ જનારાં યંત્ર 'ઓફિર' ઉપર ગોઠવ્યાં હતાં. દિવસાનુ દિવસ વિદ્યાની અજાયબ શોધો થતી જાય છે. સ્વેઝની નહેરમાં 'ઓફિર' સલામત હંકારી જનાર એક વૃદ્ધ ફ્રેંચ ખલાસી હતો. 'ઓફિરને' પોતાની જોડે આવેલી આરમારો સાથે 'માર્કોની' માર્ફત વાત કરતી જોઇને તે ઘણો તાજુબ થયો હતો. તાજુબ થાય એમાં નવાઇ એ નથી.

સ્વેઝની નહેરમાં એક આગબોટ ચોંટી બેસવાથી થોડો કાળ થોભવું પડયું હતું અને ત્યાંથી સીધા એડન પહોંચ્યા. આ જગાએથી પ્રવાસીઓ હિંદની સલ્તનતની સીમામાં પેઠા. મી. એસ કાવસજી દીનશા નામના પારસી ગૃહસ્થે એડનના રહેવાસીઓ તરફનું માનપત્ર વાંચ્યું. તે દિવસથી છવીસ વર્ષ પૂર્વે એજ જગાએ આ જ પારસી ગૃહસ્થના પિતાએ નામદાર

શહાનશાહ જેઓ તે કાળે વેલ્સના શાહજાદા હતા તેમની હજૂરમાં માનપત્ર વાંચ્યું હતું. એડનની જોવા લાયક જગાઓ, ટાંકાંઓ જોઇ મહેમાનદારી સ્વિકારી પ્રવાસ પાછો ચાલુ થયો.

પૂર્વના અપૂર્વ મહિમાનો પ્રારંભ તો સીલોન–લંકાથી શરૂ થયો. નામદાર ડચેસ પૂર્વ તરફના દેશોમાં પ્રથમ જ પધાર્યા હતાં. તેઓ પૂર્વની લીલીછમ વનસ્પતિ અને કુદરતી શોભા જોઇને ઘણાં જ આનંદ પામ્યાં હતાં. સીંગાલિઝ લોકોએ તેઓના શુભ આગમનને માટે ખાસ તૈયારીઓ કરી હતી. જુદી જુદી જાતનાં તાલવૃક્ષનાં પાંદડાં, જુદી જુદી જાતનાં પુષ્પો, લીલાં નારીએળ અને લીલા વાંસથી એક અપૂર્વ રચના કરી દીધી હતી. કોલંબો એક ભવ્ય નગર છે. મહેલો જેવાં ત્યાંનાં મકાનો સુંદર બાગ બગિચા, શીળો છાંયડો આપતાં સુંદર વૃક્ષો વગેરે જોઈને નામદાર ડચેસના અંતઃકરણમાં પૂર્વની અદ્‌ભૂત અને મનોહર સુંદરતાનો ખ્યાલ ઠીક આવ્યો હશે. કોલંબોના કરતાં કેન્ડી નગરમાં વધારે ઠંડક રહે છે. તેથી આ સુખી દંપતી ત્યાં પધાર્યાં હતાં. રેલ્વેની મુસાફરી બહુજ આનંદદાયક નિવડી હતી. જ્યાં જોઇએ ત્યાં અદ્‌ભૂત કુદરતી દેખાવો, અદ્‌ભૂત વિષુવની વનસ્પતિ, અદ્‌ભૂત રંગો. આગગાડી કોઇ જગાએ તાલવનમાં થઇને તો કોઇ જગાએ કદલીવનમાં થઈને પસાર થતી હતી. કોઇ બાજુએ ચાનાં, તો કોઇ બાજુએ ડાંગરોનાં લીલાંછમ ખેતરો આવી રહ્યાં હતાં. ઠેકાણે ઠેકાણે જાણે કુદરતે ખુશી થઈને પોતાની સર્વોત્કૃષ્ટ બક્ષિસો છૂટે હાથે આપી હોય એમ નજર આવતું હતું. કેન્ડીમાં પણ એમને એવો જ આવકાર મળ્યો. ઠેકાણે ઠેકાણે મનોહર રચનાઓ કરી હતી. પણ આ

રચનાઓ કરતાંએ નિરખવાનું વધુંએ હતું. પ્રથમ તો ત્યાંના જુના સરદારોને જોઇને સાનંદાશ્ચર્ય થયાં. એમનો પોશાક બહુ વિચિત્ર હોય છે. એમની પાઘડીઓ ચોખંડી તકીઆ જેવી હોય છે, અને કમ્મરે પચાસ સો વાર લાંબી સુફીઆની મલમલ વિંટાળેલી હોય છે. રૂપાની સાંકળે ગળામાં લટકાવેલાં મોટાં રૂપાનાં પત્રાં છાતી ઉપર આવી રહ્યાં હોયછે તે વાંચતાં માલમ પડે છે કે એ તો સરકાર તરફથી મળેલા ઇલ્કાબ અને માનના ચાંદ હોય છે! ચકચકી રહેલાં જવાહીરો એમની શોભામાં ઓર વધારો કરતાં હતાં. 'પેરાહુરા' નામનું હાથીનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. અનાદિ કાળથી આ સરઘસની ખ્યાતિ સંભળાય છે. ત્રેસઠ સુશોભિત સાજવાળા પર્વત જેવા હાથીઓ નામદાર ડ્યૂકને પોતાનાં ઘુંટણ નમાવીને અને સુંઢ ઊંચી કરીને કપાળે અડાડીને નમન કરતા હતા તે જોઈને ગંભીર અજાયબી ઉત્પન્ન થઈ હતી. બહુજ ઘોંઘાટ ભરેલો ભૂતનો નાચ વળી જુદા પ્રકારનો જ આનંદ આપતો હતો. નામદાર ડ્યૂક અને ડચેસ પણ નિરંતર થાક્યા કે કંટાળ્યા વગર નિયમસર દરેક જગાએ હાજર થઇ બધાંને આનંદ આપતાં હતાં.

તેઓ કલાડામ્માલીગવા નામના શ્રી બુદ્ધ ભગવાનના મંદિરમાં પણ પધાર્યાં હતાં. આ મંદિરમાં શ્રીબુદ્ધની ચિતામાંથી આણેલો તેમનો દાંત રાખવામાં આવ્યો છે. ઘણી ઘણી મહેનતે અને રંજે આખરે એને સિલોન આણીને આહિં રાખ્યો છે. પૂર્વે એક કાળે તોફાન ઉઠવાની અગમચેતીથી ત્યાં અંગ્રેજ સૈનિકોનો પહેરો રહેતો. વાંકેચુંકે રસ્તે થઇને રાજવંશી પ્રવાસીઓ આ પવિત્ર જગાએ જઈ પહોંચ્યાં. બારેક માણસો માય એવડો

નાનો ખંડ છે. પીળા ઝભ્ભા પહેરેલા બે મોટા ધર્મગુરૂઓ અને દેવળનો રક્ષક નિમાયલો સરદાર દ્વાર પાસે ઉભા હતા. સોનાના પાંખડીઓવાળા કમળની વચ્ચે સોનાના તાર ઉપર મુકેલો બે એક ઇંચ લાંબો આ દાંત છે. એવી ગોઠવણ રાખી છે કે જ્યારે જ્યારે એનાં દર્શણ ન કરવાનાં હોય ત્યારે ત્યારે આ પાંખડીઓ બિડાઇને સંપુટ બની જાય છે. એ સંપુટ ઉપર સોનાનું મોટું ઘંટના આકારનું ઢાંકણું ઢંકાય છે. કમળની બે બાજુએ બે મોટાં ઝુમ્મરો ટાંગેલાં છે. શ્રીબુદ્ધ ભગવાનના આ દેવળમાં જુનું અને નવું બે સાથે સાથે ભળેલું જણાય છે. દાંત અને બીજી બધી વસ્તુઓ ઘણા ઘણા પ્રાચીન સમયની હોઇ એ ખંડમાં વિજળીની રોશની કરવામાં આવે છે.

લંકામાં હતા ત્યારે ડયૂકે યુદ્ધના ૪૨૭૫ ચાંદ આપ્યા હતા. આ પ્રવાસમાં ૬૨૧૭૪ લશ્કરની કવાયદ લીધી હતી. પોતાના ત્યાં રહેવાના ટુંક સમયમાં ડયૂકે ઘણી ક્રિયાઓ કરી. તેમણે સિલોનની ઘોડેસ્વાર પલટનને નવો વાવટો આપ્યો હતો. આફ્રિકાથી પાછા ફરેલા સૈનિકોને પણ માન અકરામ આપ્યાં.

અહીંથી નામદાર ડયૂક સિંગાપોર પધાર્યા. ત્યાં મલાઇ સ્ટ્રેટના સુલ્તાનોને મળ્યા. નામદાર ડચેસે સુલ્તાનાની મુલાકાત લીધી હતી. સિંગાપોરમાં નામદાર ડયૂકના સન્માનાર્થે ચીના લોકોના રહેવાના ભાગમાં ઘણી જ સુંદર રચના કરવામાં આવી હતી. ઠેર ઠેર ચીનાઈ ફાનસો અને કાગળનાં વિચિત્ર પુતળાં કરવામાં આવ્યાં હતાં. રેશમી કપડાનો મોટો અજગર બનાવવામાં આવ્યો હતો અને એના પેટમાં રોશની કરવામાં

આવી હતી. શહેરના દરેક ભાગમાં કાંઈ કાંઈ નવી ગમ્મત કરવામાં આવી હતી. ઝાંઝોના ઝમકાર, ઢોલના ઢમકા, અને લોકોના જયઘોષથી સિંગાપોર ગાજી રહ્યું હતું.

ત્યાંથી પચ્ચીસેં મૈલની સફર કરીને નામદાર ડ્યૂક ઓસ્ટ્રેલિયા પહોંચ્યા; આ લાંબી સફરમાં ઘણી ગમ્મતો થઇ હતી. નામદાર ડ્યૂકે વિષુવવૃત્ત ઘણીવાર ઓળંગ્યું હતું, પરંતુ બધાને ગમ્મત પડે માટે એઓશ્રીએ પોતે જ વરૂણ મહારાજાની હઝૂરમાં જવાની રમતની ગમ્મત કરવાની ઇચ્છા કરીને, તેમાં દીલોજાનીથી ભાગ લીધો. વિષુવવૃત્ત ઓળંગતાં કરવાની આ ક્રિયાનો સમય આવે તેની પહેલાં અઠવાડીયા પહેલાં 'ઓફિર' ઉપરથી તેમની તહેનાતની આરમારોને સંદેશા કહાવ્યા હતા કે "હિઝ રોયલ હાઇનેસ નામદાર ડ્યૂક જ્યારે કોલંબોમાં હતા ત્યારે તેમને મી. અને મીસીસ નેપ્ચુન (વરૂણ રાજા અને તેની સ્રી) તરફથી તાર મળ્યો હતો કે તેઓ બન્ને તા. ૨૫ મી એપ્રેલે આ કાફલાનાં વહાણોપર પધારશે. નામદાર ડ્યૂક આશા રાખે છે કે તમે એમને તમારા વહાણપર આવકાર દેશો. તમારા વહાણ ઉપર ઘણા તરૂણો એ મહારાજને મળ્યા નહિ હોય, માટે તેઓને એમની હઝૂરમાં રજુ કરવા સારૂ અને વહાણપરના સઘળાની ગમ્મ્ત ખાતર તમે આ જૂનો રિવાજ અમલમાં આવવા દેશો. કાફલાની બધી મનવારોએ સંદેશા મોકલ્યા કે વરૂણ મહારાજની સ્વારી ભલે પધારે. સેંટજોર્જે તો વળી એમ પણ કહાવ્યું કે "નામદાર ડ્યૂકને જણાવજો કે મહારાજ વરૂણ, તેમનાં પત્ની, અને તેમની પુત્રીઓને માટે અમે અમારા તુતક ઉપરના નળ ગલ્લા રખાવ્યા

છે અને એઓ પધારશે ત્યારે અમારા પ્રથમ મુલાકાતે આવનાર ગૃહસ્થોને હાજર કરીશું !”

પચ્ચીસમાં તારીખે આ કાફલો જ્યારે વિષુવવૃત્ત ઉપરથી પસાર થયો તે દિવસે સંગીત અને રણશિંગડાના નાદ વચ્ચે વરૂણ મહારાજની સ્વારી પધારી. એઓ પૈડાં વગરની ગાડીમાં બિરાજેલા હતા. એમની ગાડી ખલાસીઓ ખેંચતા હતા. વરૂણ મહારાજનો ઘણોખરો દેખાવ ઇંગ્લાંડમાં ખ્રિસ્તમાસપિતાની કલ્પના છે તેવો હતો. એમનાં રાણી સમુદ્રના પાણી જેવા લીલા રંગના ઝભ્ભામાં સજ થયાં હતાં. તેમના સોનેરી વાળના ગુચ્છા દરિયાની લીલથી સુશોભિત કર્યા હતા. સમયોચિત બુદ્ધિ વાપરીને વરૂણ મહારાજ પોતાની બે કુમારિકાઓ–ઓસ્ટ્રેલિયા અને કેનેડા બન્ને દેશનાં રૂપક–પણ સાથે લાવ્યા હતા. આ પુત્રીઓ અને રાણી મહા બળવાન દેખાતાં હતાં, કેમકે પુરૂષોએ જ આ વેશ લીધો હતો ! જુના રિવાજને અનુસરીને તેમની જોડે હજામો, પોલીસના સિપાઇઓ, દાક્તર અને એમનાં રીંછ પણ હતાં ! આવ્યા કે તરત વરૂણદેવ નવાં આવનાર સ્ત્રીજન સાથે વાત કરવા રોકાયા. તેઓ નામદાર ડચેસ અને તેમની હજૂરની સન્નારીઓ પાસે પધાર્યા. અને પુછ્યું કે તમને બધાંને મારી પ્રજા તરીકે ગણવાં કે નહિ ? એમણે બધાંએ હા કહી, એટલે નામદાર ડચેસ અને બધી સન્નારીઓ ઉપર કૃપા કરીને તેમને દરીઆના પાણીના ચાંલ્લા જ માત્ર કરીને પોતાની પ્રજા તરીકે કબુલ રાખ્યાં ! મનવાર ઉપરના અમલદારોએ સચિત્ર પ્રમાણપત્ર તૈયાર કર્યું હતું તે તેમને આપ્યું. એઓ વરૂણ મહારાજ–દરીઆ–ની દિકરી છે એ કબુલ

રાખવાની કૃપા વરૂણદેવે કરી હતી તેનું આ પ્રમાણપત્ર હતું ! ગંભીરતાથી આટલું કર્યા પછી તોફાનનો વારો આવ્યો. નવા ઉમેદવારોને વરૂણ મહારાજની હજૂર લાવવાનો આરંભ થયો. નામદાર ડયૂકે પહેલ કરી. ઉમેદવારોને આંખે પાટા બાંધીને ઉંચી બેઠક ઉપર બેઠેલા વરૂણદેવની આગળ રજુ કરે છે. ત્યાં જૂદા જૂદા કદના રાખેલા ચાર અસ્ત્રામાંથી કિયા વડે ઉમેદવારને મુંડવો એ નક્કી કરીને વરૂણદેવ હૂકમ આપે છે; ઉમેદવારને સાબુ વગેરે ચોપડીને ફીણ ફીણ કરીને પછી ઓચિંતો બીજી બાજુએ રાખેલા મોટા ચાર પાંચ હાથ ઉંડા પાણીના કંતીઆનના વાસણમાં ઉથલાવી પાડે છે, એ અમે અગાડી કહી ગયા છીએ. નામદાર ડયૂક આવ્યા કે એમને સાબુ અને સફેતો ચોપડી ફીણફીણ કરીને પાણીમાં ઉથલાવી પાડયા ! ત્યાં ઉભેલાં રીંછોએ ખુબ ઝબકોળ્યા ! વહાણપરનાં મોટાથી નાનાં સુધી દરેક આશામીની એજ વલેહ થઇ. એડનથી પંખો ખેંચનાર તરીકે સોમાલી છોકરા નોકર રહ્યા હતા. તે પણ વરૂણીમાં આવી ગયા ! જ્યારે બધાંને ઝબકોળી રહ્યા ત્યારે વરૂણ મહારાજ ખુશ થયા અને પોતે સંતોષ પામ્યા છે એમ બોલ્યા ! તેઓ બોલ્યા કે વહાણ ઉપર બધી ગોઠવણ બરોબર છે, પરંતુ 'મુખ્ય શઢના' દોરડાને ચીરીને બરોબર સાંધવાં બાકી છે ! ખલાસીઓમાં નિરખથી વધારે દારૂ જોઇતો હોય ત્યારે એવું કહેવાય છે. આ માગણી થઇ કે ત્રણે મનવારોપર બધાને રોજ કરતાં વધારે દારૂ આપવાનો હૂકમ થયો ! ખલાસીઓમાં આ રમત મોટી તહેવાર જેવી ગણાય છે. દરેક જણે એમાં આનંદ અને ઉત્સાહથી ભાગ લીધો હતો અને

વધારે મળેલો દારૂ નોસ કરતાં તેઓએ નામદાર ડચેસ અને ડ્યૂકની સલામતી લીધી અને હુર્રેના પોકારોથી દિશાઓ ગજવી મૂકી !

આસ્ટ્રેલિયામાં મેલ્બોર્ન શહેરમાં નામદાર ડયૂક પ્રથમ ઉતર્યા. ત્યાં જ સંસ્થાનોની એકત્ર પાર્લામેન્ટ ઉઘાડવાની ક્રિયા કરવાની હતી. આસ્ટ્રેલિયાનો કાફલો 'ઓફિર' ને એસ્તકેબાલ લેવા આવ્યો હતો. તેમાંની દરેક મનવારે તોપો ફોડી તેમને માન આપ્યું અને તહેનાતમાં સામીલ થઇ. મેલ્બોર્ને દશ દિવસ સુધી તહેવાર પાળવાનું ફરમાન કાઢ્યું હતું. ઠેકાણે ઠેકાણે સુશોભિત કમાનો, તોરણ, ધ્વજા, પતાકાથી આખું શહેર શણગાર્યું હતું. રાજવંશી પરોણાંઓને આવકાર આપવામાં મેલ્બોર્ને બાકી રાખી નહિ. દરરોજ નવી નવી મોજ અને ગમ્મત. ઈ. સ. ૧૯૦૧ ના મે માસની દશમી તારીખે નામદાર ડયૂકે આ ક્રિયા કરી. ચાર હજાર લશ્કરી ઉમેદવારોની હાજરીથી શોભામાં ઓર વધારો થયો. સંગીતના નાદ વચ્ચે નામદાર ડયૂક અને વાઇસરોય પધાર્યા ત્યારે રાજભક્તિ ઉભરાઇ ગઇ. પંદર હજાર માણસો સભામાં હાજર હતાં. અનિવાર્ય અડચણોને લીધે ખૂદ શહાનશાહની ગેરહાજરીમાં નામદાર ડયૂકે તેમનું ભાષણ વાંચ્યું. આ ભાષણ કૃપા, માયા અને ગંભીરતા ભરેલું હતું; નામદાર ડયૂકનો અવાજ આ વિશાળ ખંડમાં પંદર હજાર માણસો સાંભળી શકે એવો છે. એ સર્વની વચ્ચે એઓએ પોતે ભાષણ કર્યું. એઓશ્રીએ કહ્યું કે આ ક્રિયા કરવાનું ફરમાન સ્વ. દેવી શ્રી વિકટોરિયાએ પોતાની સહીથી કાઢ્યું હતું. આફ્રિકાના વિગ્રહમાં ઓસ્ટ્રેલિયાની મદદને માટે

પ્રજાનો પંડોપંડ ઉપકાર માનવાનું શહાનશાહ એડવર્ડે ફરમાવ્યું હતું. દેવી શ્રી વિકટોરિયાના સ્વર્ગવાસ વખતે પ્રજાએ જે લાગણી પ્રદર્શિત કરી હતી તેને માટે પણ ઉપકાર માનવાનો હતો. શહાનશાહનું માનવું છે કે સંસ્થાનો એકત્ર થવાથી સમગ્ર બળ એકત્ર થશે અને મહાબળવાન સંસ્થાન અસ્તિત્વમાં આવશે. આથી આખા સામ્રાજ્યને અતુલ બળની પ્રાપ્તિ થશે. છેવટે એ નામદાર બોલ્યા કે "સીનેટ અને એકત્ર પાર્લામેંટના ગૃહસ્થો, શહાનશાહનો આ સંદેશો તમને જાતે પહોંચાડતાં મને બેહદ ખુશાલી ઉત્પન્ન થાય છે. શહાનશાહના નામથી, શહાનશાહના ફરમાનથી અને શહાનશાહની તરફથી હું આ પાર્લામેંટ ખુલ્લી મુકું છું."

આ શબ્દોચ્ચારણની સાથે જ જયઘોષ થયો. સર્વત્ર આનંદ આનંદ ફેલાઇ રહ્યો અને નામદાર ડચેસે વિજળીની ઠેસી દબાવતાં જ ઈંગ્લાંડ આ ખુશ બનાવનું વર્ણન આપતો વિજળીનો સંદેશો મોકલવામાં આવ્યો. એ ઠેસ દબાવતાં જ આસ્ટ્રેલિયામાં દરેક નિશાળોપર, દરેક સરકારી મકાનપર બ્રિટિશ વાવટો ફરફરવા લાગ્યો. સલામતીની તોપો ફુટવા માંડી. તરત જ નામદાર ડયૂક ફરી ઉભા થયા. બધા સાંભળે એવા સુસ્વરથી તેમણે શહાનશાહનો આવેલો તાર પ્રજાજનો સમક્ષ વાંચ્યો. શહાનશાહે કહાવ્યું હતું કે આજની અગત્ય ભરી ક્રિયા તમે કરો છો તે વખતે મારૂં હૃદય ત્યાં તમારી પાસે જ આવ્યું છે. હું ઘણીજ હોંશ અને આતુરતાથી આસ્ટ્રેલિયાનું શુભ ઇચ્છું છું."

આ સંદેશાથી પ્રજાભક્તિ પુનઃ જાગૃત થઇ ગઇ. હર્ષનાદ

અને જયઘોષની સીમા રહી નહિ. આ બધા આનંદ વચ્ચે આ ક્રિયા સમાપ્ત થઇ. આ મુખ્ય ક્રિયા પછી આસ્ટ્રેલિયામાં બીજી ઘણી ક્રિયાઓ નામદાર ડ્યૂકને હસ્તે થઇ. આસ્ટ્રેલિયા, ન્યુઝિલાંડ, તાસ્માનિયા, માઓરી લોકોની પલટણો અને ફીજીના સિપાઇઓની એકત્ર કવાયત ખરેખરી ભવ્ય અને જોવા જેવી હતી. આ કવાયત થઇ રહ્યા પછી તરત જ એક હસવા જેવો બનાવ બન્યો હતો. પોલિસ વગેરેની કટારો ઉભી હતી તેમની નજર ચુકાવીને એકાએક એક વૃદ્ધ બૈરી નામદાર ડ્યૂકની ગાડીની પાસે આવી અને પોલીસ અટકાવે તે પહેલાં તો પોતે આયર્લાંડના લોકો કરે છે તેવો એક જાતનો નાચ કરવા લાગી! અને પછી આયર્લાંડની ભાષામાં કહેવા લાગી કે હવે તમારાથી નહિ કહેવાય કે મેં રાજાની આગળ નૃત્ય કર્યું નથી. બધા લોકોને ખડખડીને હસવું આવ્યું. નામદાર ડ્યૂક ક્વિન્સલેંડ ગયા ત્યારે ત્યાંના પૂર્વના વતનીઓએ પણ ખુબ માન આપ્યું હતું. તેઓએ લીલી ઘાસ, પક્ષિઓના માળા, સાબરનાં શિંગડાં, કાંગારૂ અને એમનાં ચામડાં, બુમરાંગ અને ભાલા એવી એવી વિચિત્ર વસ્તુઓની કમાનો ઉભી કરી હતી. અને એના ઉપર દેશી લોકો રહે છે એવું ઝુંપડું બનાવીને તેમાં એક ખરેખરી દેશી સ્ત્રી પોતાનાં છોકરાંને લઈને બેઠી હતી. કમાન ઉપર જુદી જુદી જગાએ છ છ ફીટ ઉંચા કદાવર આઠ દેશીઓ, પુતળાં હોય નહિ એમ, ઉભા રાખ્યા હતા. તેઓ નીચે જયઘોષ અને હર્ષનાદ થતા હતા તોપણ જાણે નિર્જીવ પુતળાં હોય એમ હાલ્યા ચાલ્યા વિના સ્થિર ઉભા રહ્યા હતા. આ લોકોએ એક રાત્રે 'કોરોબોરી' નામની કૃત્રિમ લઢાઇની રમ્મત પણ કરી હતી. એને અંતે એમણે બુમરાંગ—જેને આપણા ગામડાના

લોકો કાતર કહે છે તે—નાંખવાની કળાની પ્રવિણતા બતાવી હતી. બુમરાંગ એ આપણી કાતરના જ જેવો લાકડાનો કડકો હોય છે. એ લોકો એવી સિફતથી બુમરાંગ ફેંકે છે કે સામા મારેલા માણસને વાગીને પાછું ચક્કર ચક્કર ફરતું મારનારની પાસે આવીને પડે! આપણા કોળી લોકોમાં પણ પહેલાં અશાંતિના વખતમાં કાતરો ઘણી વપરાતી. વાટપાડુઓ પ્રથમ જ દુરથી કાતર ફેંકી—સામા માણસને વગાડીને પછી લુંટવાને દેખા દેતા. નામદાર ડ્યૂકની સન્નિધ ભપકા ભરેલાં અને અલંકૃત કરેલાં લુગડાં પહેરેલા નોકરો આ જંગલી લોકોને હાજરી કરવા ખાણુંપીણું આપતા એ બહુ આશ્ચર્યજનક દેખાતું.

નામદાર શ્રી અગ્નિરથારૂઢ થઇને સિડની પધાર્યા હતા. આમ અનેક આનંદ અનુભવતા, હર્ષ ભર્યું આતિથ્ય ભોગવતા અને હજારોને હર્ષિત કરતા એઓ ન્યુઝિલાંડ જવાને પાછા 'ઓફિર' ઉપર સ્વાર થયા.

હજારો મૈલની સમુદ્ર યાત્રા થયા પછી ન્યુઝિલાંડના મેઘ વેષ્ટિત શિખરોવાળા પર્વતોનો બનેલો ન્યુઝિલાંડનો કિનારો દ્દષ્ટિગોચર થયો. નામદાર ડ્યૂકને માન આપવાને બંદરપર ઘણાં લોકો એકઠાં થયાં હતાં. અહિં પણ છોકરાંઓએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. કેટલાંકે રાતો, કેટલાંકે આસ્માની અને કેટલાંકે ધોળો પોશાક પહેર્યો હતો. આ છોકરાંઓને બ્રિટિશ વાવટાના આકારમાં ગોઠવ્યા હતા. ધોળો પોશાક પહેરેલી છોકરીઓ વાવટાની કાઠીની જગાએ ગોઠવાઈ હતી. આ નવિન ગોઠવણથી જાણે બ્રિટિશ વાવટો જીવતું પ્રાણિ હોય નહિ એવું

દેખાતું હતું. લશ્કરના તરૂણ ઉમેદવારોની કવાયત લઇને નામ દાર ડ્યૂકે ઘણાં વખાણ કર્યાં હતાં. તેઓ શ્રી વાનપ્રસ્થ થયેલા સિપાઇઓને પણ મળ્યા હતા. તે વખતે બોલ્યા હતા કે તેમણે નાના છોકરાંઓની કવાયત લીધી હતી અને ઘણા ખુશી થયા હતા. કેમકે એઓ જુના લાકડામાંથી ઉતારેલી ચીપો જેવા જ હતા. જેમ જુનુ લાકડું સખ્ત, સંગીન અને મજબુત દાણાદાર છે તેજ પ્રમાણે આ ચીપો પણ છે. આ વખાણ વૃદ્ધ સિપાઇઓ તેમજ નવા ઉમેદવારો બન્નેને આમ સામટું લાગુ પડતું હતું. જેવા જુના સિપાઇઓ સુદૃઢ મજબુત સારા અને સંગીન હતા તેવા જ આ ઉમેદવારો પણ હતા. જુના રહે-વાસીઓ 'માઓરી' જેઓ એક કાળે જંગલીમાં જંગલી હતા તેમની કન્યાઓને માટે ઊંચા પ્રકારની શાળાનો પાયો નાંખ વાની ક્રિયા કરી હતી. દેવી શ્રી વિકટોરિયાના રાજ્યમાં આ સંસ્થાન પ્રથમ વસ્યું હતું. રાજ્ય તરફનો સંદેશો સાંભળીને ત્યાંની પ્રજા બહુ પ્રસન્ન થઇ હતી. તેમણે પાછો એવો જ હૃદયની લાગણી ભરેલો સંદેશો કહાવ્યો હતો.

અસલના વતની 'માઓરી' લોકોનું સ્વાગત રોટોરૂ નામની જગાએ સ્વીકાર્યું હતું. ઘણી ઘણી રીતે જોતાં એ આતિથ્ય આ નામદારોથી કદીએ ભુલાય નહિ એવું હતું. આ લોકો પહેલાં નવા સંસ્થાનવાસીઓના કટ્ટા દુશ્મન હતા. હાલ ઘણીજ નિમકહલાલ અને વફાદાર પ્રજા છે. નામદાર ડ્યૂક અને ડચેસ આ લોકોમાં ઘણી છૂટથી બિલકુલ ધોખા વગર સંપૂર્ણ વિશ્વાસથી ભેળાતાં હતાં. એમને તેઓ નિખાલસ, બુદ્ધિશાળી અને માયાભરેલા તેમજ વિવેકી લાગ્યા. નામદાર

ડયૂકને આવકાર આપવાને એ લોકોમાં એટલો ઉત્સાહ ઉત્પન્ન થયો હતો કે એઓમાંના જેઓએ સુધરીને અંગ્રેજ પોશાક ધારણ કર્યો હતો અને પાર્લામેંટના સભાસદ થયા હતા તેઓએ પણ નામદાર ડયૂકના માનમાં એ પોશાક તજી પોતાની જાતનો પોશાક ધારણ કરીને સઘળા હર્ષમાં ભાગ લીધો હતો. આવી અર્ધનગ્ન સ્થિતિમાં તેઓએ નાચ કર્યો હતો. આ લોકોમાં મી. કેરોલ અને એમનાં પત્ની બન્ને શુદ્ધ 'માઓરી' છે, તેમણે દુભાષિયાની ગરજ સારી હતી. આ માઓરી ગૃહસ્થ પાર્લામેંટમાં પોતાની અગત્યની ફરજ ઘણી જ બાહોશથી બજાવે છે એમ બધા કહે છે અને છુટે મોંએ એમનાં વખાણ થાય છે. મીસીસ ડોનેલી નામની માઓરી લોકોની એક સ્ત્રી સરદારે પણ આ આવકારમાં ઘણો ભાગ લીધો હતો. નામદાર ડચેસને સઘળી ક્રિયાઓનો હેતુ અને અર્થ સમજાવ્યો હતો. આ સન્નારી પોતે 'માઓરી' હોઈને ઘોડા અને ઘેટાના એક મોટા વેપારીને પરણ્યાં છે. આ ગૃહસ્થ જાતે આયર્લાંડના રહીશ છે. જો કે એઓ તો તદ્દન અંગ્રેજ જેવાં થઇ ગયાં છે, પણ પોતાની મૂળ જાતના લોકો જોડે નિકટ સંબંધ રાખે છે અને એમના શ્રેયમાં હમ્મેશ તત્પર રહે છે.

'માઓરી' લોકોમાં ભેટની આપલેનો રિવાજ મુખ્ય છે. દેવી શ્રી વિકટોરિયાના પુતળાની અગાડી એ લોકોએ પોતાની ભેટો રજુ કરી હતી. ૧૮૭૧ માં નામદાર એડિનબરોના ડયૂકે આ પુતળું એ લોકોને ભેટ આપ્યું હતું. તેમના કદાવર વૃદ્ધ સરદારે પોતાની ભેટો મુકતાં કહ્યું હતું કે સ્વર્ગવાસ પામેલાં રાણી વિકટોરિયાની આગળ અમે 'માઓરી' લોકો પહેરે

છે તેવા આ પોશાક રજુ કરીએ છીએ. પરલોક વાસીઓ તરફ પ્યારની નિશાની તરીકે આમ ભેટ ધરવી એ અમારો જૂનો રિવાજ છે. આપ રાજવંશી ડયૂકને વિનતિ કરીએ છીએ કે અમારી આ નજીવી ભેટની આપ અવગણના નહિ કરો. યોગ્ય તો નથી, પણ સ્વીકારીને સાથે લઈ જશો. બસ એટલું જ. આ બધું અર્વાની બનાવટનું છે.

કિવિં જાતની સાદડીઓ, નરમ કુમાશના શણના દેશી લુગડા ઉપર જડેલાં પીંછાના હોડા, લીલા નંગ જેવા પથ્થરો, સરદારોનાં હથીઆર આ બધું કાંઈ નજીસ ન હતું. તેમજ પરાપૂર્વથી વારસામાં મળેલી આ વસ્તુઓ બહુ કિંમતી ગણાતી. તેજ દિવસે પાછલે પહોરે બીજા મેળાવડામાં નામદાર ડચેસે પીંછાનો હોડો ઓઢયો હતો એ જોઇને આ લોકોના આનંદની સીમા રહી નહોતી.

બે હજાર 'માઓરી'ઓ ચુપચાપ ગંભીરતાથી હાર કટાર ઉભા રહી પોતાના સરદારના હુકમની આતુરતાથી વાટ જોતા હતા. તેમની આગળ તેમનો વૃદ્ધ સરદાર કિવિં જાતની આદડી ઓઢીને બેઠો હતો. અશક્ત અને ઉમ્મરને લીધે વળી ગયેલો છતાં આ સરદારની મુખાકૃત્તિ જ કહી આપતી હતી કે એ આવા લડાયક લોકોનો આગેવાન અને સરદાર છે. એના પગ વચ્ચે દેવી શ્રી વિકટોરિયાએ સેવાના બદલામાં એનાયત કરેલી તરવાર આડી આવી રહી હતી. ધીરે રહીને આ સરદારે ઉઠી, નામદાર ડયૂકની સન્મુખ જઇને સુશોભિત કોરણી વાળો કોટીઆનો નાનો નમુનો રજુ કર્યો. જે કોટીઆમાં બેશીને એની જાતના પૂર્વજો પ્રથમ ન્યુઝિલાંડમાં આવ્યા હશે તેનો

આ નમુનો હતો. આપતી વખત એમણે કરેલું ભાષણ ટુકું હતું. એમણે કહ્યું કેઃ—

"ભલે પધાર્યા, ભલે પધાર્યા, ભલે પધાર્યા ! રાણી વિક્ટોરિયાની તરફથી અમારે માટે પ્યાર લઇને તમે તમારા નામાંકિત પિતાની પાસેથી આવો છો. તમે ન્યુઝિલાંડમાં 'માઓરી' લોકોને નિરખવા આવ્યા છો. મારા પૌત્ર ! પૂર્વે અમારા પૂર્વજો હવાઈકીમાંથી જે કોટલામાં બેસીને પ્રથમ ન્યુઝિલાંડમાં આવ્યા હતા તેનો આ નમુનો હું તમને અર્પણ કરૂં છું. કૃપા કરીને એ સ્વીકારો અને તમારા મહેલના પુરાતન ખંડમાં એને મુકી છાંડજો !

લગભગ ત્રણ કલાક સુધી 'માઓરી' લોકોએ નાચ કર્યો અને ગાયન ગાયું. છેવટે આકાશ ફાડી નાંખે એવી ગર્જનાથી ડ્યૂકની જે બોલાવી અને હૂર્રેના પોકાર કર્યા.

ના. ડ્યૂકને નિકળવાની આગલી રાત્રે એક અજાયબ ક્રિયા કરવામાં આવી હતી. ઇંગ્લાંડનાં રાજ્યકુટુંબ તરફથી જૂદે જૂદે વખતે અત્યાર સુધીમાં જે જે ભેટ 'માઓરી'ઓને આપવામાં આવી હતી તે બધી એ લોકો પાછી લાવ્યા. દેવી શ્રી વિક્ટોરિયા એક સરદારનાં ધર્મમાતા થયાં હતાં, તે વખતે ઘણાં વર્ષ ઉપર મોકલેલો સોનાનો પ્યાલો અને ચમચો, તેમજ બે તરવારો અને બીજી ઘણી કિંમતી વસ્તુઓ પાછી આણી હતી. એ લોકોમાં એવો રિવાજ છે કે જૂની ભેટો બતાવવી. જેથી આપનાર તરફ માન અને પ્રેમની ખાતર ભેટોની કેવી સંભાળ રાખવામાં આવે છે તે જણાય. એ લોકોના રિવાજ

પ્રમાણે નામદાર ડયૂકે આ બધી ભેટો બહુ સંભાળથી સાચવી રાખી હતી માટે સંતોષ બતાવ્યો અને સરદારોના હાથમાં પાછી આપીને તે રાખી લેવાની તેમને વિનતિ કરી.

નામદાર ડયૂક ત્યાં ઉની વરાળના ઝરા જોવા પધાર્યા હતા. વૃદ્ધ સોફાયા નામની સ્ત્રી એ ઝરા બતાવે છે. આ સ્ત્રીનો બાપ સ્કોટલૅંડનો અને મા 'માઓરી' હતી. એણે પોતાનું બધું જીવન આ કામમાં જ ગાળ્યું છે. એ ઘણી છટાથી, વાર્તા કહેતી હોય એમ, બધું સમજાવે છે. એણે ફાટોમાંથી નીચે ખળખળતું પાણી બતાવ્યું. એક ઝરામાં નામદાર ડયૂકને તે ઉડતો બતાવવાના હેતુથી તેણે સાબુની ગોટી નાંખી. થોડીવારે તરત જ પરપોટા આવીને ભડાકા અને ધડાકાની સાથે ફીણફીણ વાળી વરાળ ઘણે ઉંચે ઉડીને સો ફિટ ઉંચો ફુવારો બની રહ્યો.

આખા ટાપુમાંથી નામદાર ડયૂકને જોવાને હજારો લોકો દોડી આવ્યાં હતાં. કોઈ બે છોકરાઓની વર્ત્તણુક કહાણી જેવી લાગે છે. એ બે છોકરા દક્ષિણ કિનારે ડયૂક હતા ત્યાંથી ૧૩૦ મૈલ દૂર રહેતા હતા. એક નવ વર્ષનો અને બીજો અગીઆર વર્ષનો હતો. ઘેરથી નિશાળનું બહાનુ કાઢીને આ છોકરા પગે ચાલતા ડયૂકને જોવા નીકળી પડયા! રેલ્વેની સડકે સડકે ચાલતા પહેલી રાત્રે એક ઘાસની ગંજીને ઓથે, બીજી રાત્રે એક ખાઈમાં અને ત્રીજી રાત્રે રેલ્વેના માલના ગાડામાં પડી રહ્યા. આ ત્રણે દહાડા તેઓએ ગાજર ખાઇને ચલાવ્યું. જ્યારે ગાજર પણ ન મળી શકયાં ત્યારે ભુખના માર્યા પોલિસને શરણ થયા. અમલદારોએ એમના ઉપર રહેમીઅત કરી ખોરાક પુરો

પાડયો અને પગે ફોલ્લા પડી ગયલા હતા તે માટે ઇસ્પીતાલમાં મોકલ્યા. નામદાર ડયૂકને જતો જોવાને જે માંચડા તૈયાર કર્યા હતા તે ઉપર એમને મફત બેસવાની સોઈ કરી આપી. સર ડૅાનલ્ડ મેકેન્ઝી વૉલેસે કહ્યું હતું તેમ વખતે આ બધી મેદનીમાં આ બે તોફાની છોકરાઓ જેટલું બીજું કોઇ આનંદ નહિ પામ્યું હોય. એમના બિચારાં માબાપોને કેટલો સંતાપ કરાવ્યો હશે !

નામદાર ડયૂક બોલ્યા હતા કે ન્યુઝિલાંડે અમને ઘણો ન વિસરાય એવો આનંદ ઉપજાવ્યો હતો.

'એપલ-'શેબફળ' ની ભૂમિ ઉપર ભલે પધાર્યા' એવા બોલમાં તાસ્માનિયાએ એમને આવકાર આપ્યો હતો. અહિં પણ સુંદર કુદરતી દેખાવ, સરસ હવા, પાણી અને લોકોની વફાદારીભરી ભક્તિ એ ત્રણ જોવા જોવાં હતાં. તાસ્માનિયાનાં જંગલો કદાવર વૃક્ષોથી ભરેલાં છે. અને અહિંના લાકડાં કાપનારા ઘણા હુશિયાર હોય છે. અહિં નામદારની રૂબરૂ લાકડાં કાપવાની સરત થઇ હતી. મેકાર્દ્ધિ નામના માણસે છ ફીટ અને ચાર ઇંચ ઘેરાવાવાળું લાકડું ચાર મિનિટ અને પચ્ચીસ ક્ષણમાં કાપી નાંખીને એ સરત જીતી હતી. એક પછી એક ઘાનો વર્ષાદ જ પડતો હોય એમ જણાતું હતું. દરેક ઘા ધારેલી જગાએ આબાદ પડતો હતો. નામદાર ડયૂકે એનું બહુ વખાણ કર્યું હતું અને સોનાના ચાંદની સાથે આઠ મહોરોનું ઇનામ આપ્યું હતું.

પાછા ફરતાં દક્ષિણ અને પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં ઉતર્યા

હતા અને ઘણી ક્રિયાઓ કરી અને આનંદ ભોગવી આખરે ઓસ્ટ્રેલિયાને છેવટનું વંદન કરીને નિકળ્યા. જતી વખતે એ નામદારે લોર્ડ હોપટાઉનને ઘણી સુંદર ઇબારતનો પત્ર લખ્યો હતો. એમણે કહ્યું હતું કે અમે દીલગીરી ભરેલે હૃદયે આ દેશ છોડીને જઇએ છીએ. પણ અમારા આ પ્રવાસથી સામ્રાજયને પરસ્પર સ્નેહસંબંધથી મજબુત સાંકળી લે એવો જુસ્સો અને મૈત્રિ ઉત્પન્ન થયાં છે, એથી અમને પરમ સંતોષ થાય છે. સંયુક્ત સંસ્થાનો અને અહિંની પ્રજા તરફ અમારા હૃદયમાં પ્રેમ સર્વદા વાસ કરશે. એમના ભલામાં અમે નિરંતર ઉત્સાહ પૂર્વક ભાગ લેઇશું અને એમની સર્વ તરેહની ઉત્તરોત્તર ચઢતી જ થાય એવી પ્રાર્થના કરીશું.

મોરિશિયસમાં ઘણો થોડો કાળ રહીને ત્યાંની સુંદરતા નિહાળી હતી. દક્ષિણ આફ્રિકાનો વિગ્રહ હજુ શમ્યો નહતો. નામદાર ડ્યૂક અહિં આફ્રિકામાં પધાર્યા તે વખત આ વિગ્રહને અંગે તેમને ઘણી ક્રિયાઓ કરવી પડી હતી. જૂદી જૂદી ઇસ્પિતાલોની મુલાકાતે ગયા હતા. તેમજ બોર વિગ્રહમાં પકડાયલા કેદીઓની મુલાકાત પણ લીધી હતી. બોર કેદીઓએ એમને માનપત્ર મોકલી આવકાર આપ્યો હતો અને ઇચ્છયું હતું કે એમના શુભાગમનથી શાંતિ થાય તો સારૂં. તેઓએ ભેટો પણ મોકલી હતી. નામદાર ડચેસે મળતી વખતે તેમને દિલાસો દીધો હતો કે થોડા કાળમાં તેઓ છુટા થઇને પોતાના કુટુંબને મળશે.

નામદાર ડ્યૂકે કેપટાઉનમાં એક દરબાર ભર્યો તે વખતે તે નામદારે અગીઆરસેં માણસોની સાથે હાથ મેળવ્યો હતો.

તેઓ બાસુટો અને બીજા આફ્રિકન સરદારોને મળ્યા હતા. તેમણે દેવી શ્રી વિક્ટોરિયાના મૃત્યુને માટે પોતાની દિલગીરી બતાવી હતી. એમાના એકે એક લાકડી ભેટ આપી હતી. આવી જ લાકડી એણે પૂર્વે દેવીશ્રી વિક્ટોરિયાને પણ નજર કરી હતી. બીજા સરદારે કહ્યું કે 'અમે અમારા રાજાના પુત્રને અમારી નજરે જોઇએ છીએ, માટે આજના દિવસને ધન્ય ધન્ય છે. આ દિવસ અમે કદી ભુલીશું નહિ. આ રાજ્યની છાયા નીચે અમે શાંતિ અને આબાદાનીમાં રહીએ છીએ. ઓ સરદાર ! તને જોઇને અમારાં હૃદય આનંદમય થઇ જાય છે ! આ જગાએ અહિંનાં બાળકોની તરફથી નામદાર ડ્યૂકનાં સંતાનો સારૂ બાસુટો જાતનાં ટટ્ટુઓની ભેટ આવી હતી. આમ આનંદ ભોગવીને એઓશ્રીએ અમેરિકાના કેનેડા સંસ્થાન તરફ પ્રયાણ કર્યું.

આશરે ત્રણેક અઠવાડિયાની સફર કરીને નામદાર ડ્યૂક સેંટ લોરેન્સના ઉપસાગર અને નદીમાં થઈને કિવબેક પધાર્યા. અહિં ઘણી વસ્તી ફ્રેંચ લોકોની છે. એઓમાના મળેલા હજારો લોકોના વિલક્ષણ ઉચ્ચારણવાળા હર્ષનાદ ગાજી રહ્યા હતા. આ સ્થળે મળેલો આવકાર બીજાં સંસ્થાનોના કરતાં કોઈ પણ રીતે ઓછો નહતો. રાત્રે જ્યારે આ ભવ્ય કુદરતી દેખાવવાળા બંદર અને શહેરમાં રોશની કરવામાં આવી ત્યારે આખો પ્રદેશ સ્વર્ગીય શોભાવાળો બની રહ્યો. ઓફિરપરથી ઉતરીને નામદાર ડ્યૂકે કેનેડાના આ કિનારાથી છેક બીજા કિનારા સુધી રેલ્વેની મુસાફરી કરી હતી. કેનેડિયન પેસિફિક રેલ્વે કંપનીએ એમને માટે ખાસ નવી ટ્રેન તૈયાર કરી હતી. આ ટ્રેનમાં જુદી જુદી

બે સુશોભિત ગાડીઓ રાખવામાં આવી હતી. તેમનાં નામ યોર્ક અને કોર્નવાલ એવાં રાખ્યાં હતાં. આ બેમાં એક નામદાર ડયૂકની અને બીજી નામદાર ડચેસને માટે નિર્માણ કરી હતી. સુખ અને આરામનાં હરેક સાધનોથી ભરેલી આ ગાડીઓમાં મુસાફરી કરતાં જ્યાં જ્યાં તેઓ થોભતાં ત્યાં ત્ય મુબારકબાદીના તારના ટોપલે ટોપલા રજુ થતા હતા. મોંટ્રીઅલમાં નામદાર ડયૂકે અંગ્રેજીમાં તેમજ ફ્રેંચમાં ભાષણ કર્ હતું. આથી પ્રજાનો ફ્રેંચ વર્ગ ઘણો જ ખુશ થયો હતો. ઓટાવ નદીમાં નામદાર મોટા લાકડાપર બેશીને ચાર ધોધવા વટાવ ગયા હતા.

કેલગરી નામના શહેરમાં નામદાર પધાર્યા ત્યારે અમેરિકાન મુળ વતનીઓ–રાતા ઇન્ડિયનોનો ' પાઉવાઉ ' નામનો મેળાવડો કર્યો હતો. ત્રણ હજાર ઇન્ડિયનો, સ્ત્રીઓ–બાળકો સર્વે મહાન ગોરારાજાના કુંવરને માન આપવા આવ્યા હતા આઠસેં તો ઘોડેસ્વાર હતા. આ લોકોનાં નામ ઘણાં વિચિત્ર હોય છે. કોઇનું સફેત ભોટિલું, કોઇનું દોડતું સસલું, કોઇનું લોઢાની ઢાલ, કોઇનું આખલાનું માથું, અને કોઇનું કાનક શિયાળ હતું ! આ લોકોએ ડયૂકની સાથે ગંભીરતાથી વાત ચીત કરી હતી. તમને રોજ ખાવા મળો, અને તમારાં ઢોરનં વસ્તી આબાદ થાઓ એવા આશીર્વાદ તેઓ વારે વારે દેત હતા ! તેઓમાંના ક્રિસના સરદારે નામદાર ડયૂકને કહ્યું કે ' આટલા બધા લોકો શાંતિથી એકઠા થયા હોય એવું મેં મારી જીંદગીમાં આ પહેલું જ જોયું છે. હું આથી ધન્ય ધન્ય માનું છઉં. અમે બધા એક વાવટા નીચે વસીએ છીએ. એ

સામ્રાજ્યમાં રહીએ છીએ; અમારા બધાના ઉપર એક સરખા કાયદાનો અમલ છે. સર્વ શક્તિમાન ભૂત મનુષ્ય જાતિમાં સલાહ, શાંતિ અને સ્નેહભાવ દર્શાવતો તમારો વાવટો આબાદ રાખે! ત્યાંથી પશ્ચિમ તરફ આઘામાં આઘે આવેલા વાન્કુઅર શહેરમાં પધાર્યા હતા. ત્યાં એમને મળેલો આવકાર કોઇ રીતે ઉણપવાળો નહતો. એ નામદાર પણ બોલ્યા હતા કે જો કે તમે આઘામાં આઘા રહોછો, પણ અમારા હૃદયથી બિલકુલ આઘા નથી. આ જગાએ એક વૃદ્ધ ડોશી નામદાર ડયૂકને કોઇ નાનો અમલદાર સમજી, તેમની સાથે વાતે વળગી હતી તેથી ઘણી ગમ્મત પડી હતી.

વિક્ટોરિયા સંસ્થાને ડયૂકની જતી વખત કહેલા શબ્દો ઘણા અર્થવચ્છદ છે. 'યુવરાજ અને યુવરાજ્ઞી અત્રે પધાર્યા, અમને જોયાં અને અમારાં હૃદય જીતી લીધાં. અમારાં હૃદયો ડોળ દમામ અને તમાશાથી જીતાયાં નથી, પણ વિવેક, દિલોજાની અને સભ્યતાથી જીતાયાં છે. પ્રમાણિક અંતઃકરણનું વર્ત્તન હમેશ એવું જ હોય છે. એમનાથી છુટાં પડતાં અમને ખરેખરૂ દુઃખ થાય છે, કેમકે અમારાં હૃદય એમણે લઇ લીધાં છે.'

જાદી જાદી જગાઓ જોઈ, નાયગરાના મહાન ધોધની મુલાકાત લઇ, તે નામદારો ન્યુફાઉન્ડલેંડ સીધાવ્યાં.

ત્યાં પણ આનંદ આનંદ ફેલાઇ રહ્યો હતો. ત્યાંના નાનાં છોકરાંઓએ નામદારની હજૂર જઇને ઉત્તમ પ્રકારનો ન્યુફાઉંડ લેંડ જાતનો કુતરો જોડેલી નાની ગાડી કુંવરોને ભેટ આપવા રજુ કરી હતી. નામદાર ડયૂકે આ છોકરાંઓનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માન્યો હતો.

અહિંથી 'ઓફિર' સ્વદેશ તરફ હંકારાઈ.

પ્રકરણ ૯ મું.

સલ્તનતની સેવાની કદર.

આ સફરમાંથી પાછા ફર્યા પછી નામદાર ડયૂકને ઘણો આવકાર મળ્યો. તેમણે પોતાની સફરમાં જોએલી પ્રજાભક્તિનો અહેવાલ નામદાર સાતમા એડવર્ડને કહ્યો. ખૂદ લંડને એમનું પુનરાગમન સારી રીતે ઉજવ્યું. દમામ ભરેલી સ્વારી કાઢી એઓ ગીલ્ડહોલમાં પધાર્યા. લોર્ડ મેયર અને બીજા અધિકારીઓનાં ભાષણ થયા પછી નામદાર ડયૂકે સુરસ ભાષણ કર્યું. દરીઆપારનાં સંસ્થાનોએ જે પ્રીતિ અને ઉત્સાહ ભર્યો આવકાર આપ્યો હતો તે કહી સંભળાવ્યું. એમણે કહ્યું કે આ વખત એઓશ્રીએ ૩૩૦૦૦ મૈલ દરીઆની અને ૧૨૦૦૦ મૈલ જમીનની મુસાફરી કરી. જ્યાં જોયું ત્યાં મુઠીભર અંગ્રેજો રાજકાજમાં, વેપારમાં અને બધી બાબતમાં આગળ પડતા જણાયા હતા. એ નામદાર બોલ્યા કે રાજકર્ત્તા તરફ વફાદારી અને ઈંગ્લાંડ તરફ સ્વદેશ તરીકેની ભક્તિ અને પ્રીતિ એ બાબતો એમના જોવામાં ખાસ આવી હતી. જેમણે જન્મમાં પણ ઈંગ્લાંડ જોયું નથી અને જેઓ ઈંગ્લાંડ કદીએ આવી શકે એમ નથી એવા માણસો પણ ઈંગ્લાંડને પોતાનો સ્વદેશ–સ્વદેશ ભૂમિ–ગણી તેના ઉપર અતુલ ચાહના રાખે એ સાનંદાશ્ચર્ય ઉપજાવે એવું છે. આ પ્રમાણે મૂળવતન અને સંસ્થાનોની

અરસપરસ પ્રીતિના પરિણામની કિંમત આપણને દક્ષિણ આફ્રિકાના વિગ્રહમાં મૂર્ત્તિમાન થઇ છે. એઓશ્રીએ એમ કહ્યું કે જો પોતાની પદ્વી અને મોટાઇ ટકાવી રાખવી હોય તો ઈંગ્લંડે જાગૃત રહેવું જોઇએ, એમ બધા સંસ્થાનવાસીઓની પ્રબળ ઇચ્છા છે.

આ ટાંકણા ઉપર લોર્ડ રોઝબરીએ પણ ઘણું સમયોચિત ભાષણ કર્યું. આ સફરમાં નામદાર ડયૂકે પોતાનું કાર્ય પાર પાડવામાં અજબ કળા, વિવેક અને સ્વાર્પણ વાપર્યા છે, એમ લોર્ડ સોલ્સબરીએ પણ કહ્યું હતું.

પ્રિન્સ ઓફ્ વેલ્સનો ઇલ્કાબ ઇંગ્લંડના યુવરાજને જો તે રાજકર્ત્તાના અમલમાં જન્મે તો જ વશપરંપરા મળે છે. જો યુવરાજના જન્મ વખતે તેમના પિતા ગાદી ઉપર ન હોય અને પછીથી ગાદીપર આવ્યા હોય તો આ ઇલ્કાબ ખાસ સણંદ આપીને એનાયત કરવો પડે છે. સ્વ. એડવર્ડને આ ઇલ્કાબ એઓ પચ્ચીસ દિવસની ઉમ્મરના હતા ત્યારે મળ્યો હતો. કેમકે દેવી શ્રી વિકટોરિયાના અમલમાં તેમનો જન્મ થયો હતો. પરંતુ નામદાર ડયૂકના જન્મ વખતે સ્વ. સાતમા એડવર્ડ કાંઇ રાજા નહોતા. એટલે નામદાર ડયૂકને આ ઇલ્કાબ જન્મથી મળ્યો નહોતો. નામદાર જોર્જ પ્રથમ યોર્કના ડયૂક હતા. રાજકર્ત્તાના 'હયાત' મોટા છોકરાને આ ડચીનો વારસો મળે છે. માટે જ્યારે સ્વ. શહાનશાહ એડવર્ડ ગાદીનશીન થયા ત્યારે તેમને કોર્નવાલની ડચી મળી. ડયૂકની જાગીરને ડચી કહે છે.

પહેલા એડવર્ડ રાજાએ ઇ. સ. ૧૨૮૪ માં વેલ્સની રિયાસત ઇંગ્લાંડ જોડે એકત્ર કરી દીધી હતી. ત્યારથી તે અદ્યાપિ પર્યંત એકવીસ વેલ્સના પ્રિન્સ થઇ ગયા છે. આમાંથી આઠ રાજગાદી ઉપર આવી શકયા નહોતા. જૂના કાળમાં વેલ્સમાં સ્વદેશી રાજકર્ત્તા હતા. એ વર્ષમાં થએલા વિકટ વિગ્રહને અન્તે વેલ્સ તાબે થયા પછી પહેલા એડવર્ડે વેલ્સને તેમના સ્વદેશનો જ રાજા આપવાની બોલી કરી હતી. વેલ્સના કેરનાર્વનના કિલ્લામાં પોતાની રાણીએ પુત્ર પ્રસવ્યો હતો. એ પુત્રને વેલ્સનો શાહજાદો બનાવ્યો હતો. ત્યારથી ઇંગ્લાંડના રાજ્યકર્ત્તાનો પુત્ર ઉપર કહી ગયા પ્રમાણે આ પદ ધારણ કરે છે.

વેલ્સના શાહજાદા–રાજ્યકર્ત્તાના જેવાંજ રાજ્યચિન્હ ધારણ કરે છે. રાજાના મુગટમાં ચાર કમાનો હોય છે અને વેલ્સના શાહજાદાનામાં બે હોય છે, એટલોજ માત્ર તફાવત છે. કેટલાંક વર્ષથી સેકસની કુલની રાજચિન્હાંકિત ઢાલ પણ પ્રિન્સ ઓફ વેલ્સના રાજચિન્હમાં ઉમેરવામાં આવી છે. પ્રિન્સના રાજચિન્હમાં આસપાસ મુગટવાળાં ત્રણ શાહમૃગનાં પિંછાં અને નીચે 'હું કર્તવ્ય બજાવું છું' આવું એક સૂત્ર કોતરવામાં આવે છે. ઈ. સ. ૧૩૪૬ માં ક્રેસિના યુદ્ધમાં ઇંગ્લાંડના પ્રિન્સ ઓફ વેલ્સ–બ્લેક પ્રિન્સે બોહેમિયાના રાજાને સ્વહસ્તે માર્યો હતો. તેના રાજ્યચિન્હમાં આવાં ત્રણ પિંછાં અને ઉપર કહેલું સૂત્ર હતું. આ રાજા આંખે અન્ધ હોઇને પોતાની બન્ને બાજુએ આકેકો સ્વાર રાખી તેમના ઘોડાની લગામ જોડે પોતાના ઘોડાની લગામ સાંકળીને રણે ચઢયો હતો. આ પ્રસંગ બન્યા પછી બ્લેક પ્રિન્સે પોતાના રાજ્યચિન્હમાં એ રાજાનું રાજ્ય

ચિન્હ ભેળવ્યું હતું. પણ ખરૂં જોતાં શાહમૃગનાં ત્રણ પિછાં રાખવાનો રિવાજ એથી પણ પૂરાતન છે. પ્રથમ એક પિછું રખાતું. વખતે ત્રણ પિછાં–સૂત્ર અને એ બધું વેલ્સના શાહજાદાથી જ વપરાય એવું બ્લેક પ્રિન્સના વખતથી થયું એ હોય.

વેલ્સના શાહજાદા ચેસ્ટરના અર્લનું પદ પણ ધારણ કરે છે. પહેલા એડવર્ડના સમયમાં આ ઉમરાવપદ નવારસું થઈ ખાલી પડવાથી રાજાને પાછું મળ્યું હતું. ત્યારથી માત્ર રાજવંશીઓનેજ એ પદ આપવામાં આવે છે. કોર્નવાલના ડ્યૂકની પદ્વી ઉમરાવોમાં સહુથી શ્રેષ્ટ ગણાય છે. અને માત્ર રાજ્યકર્ત્તાના 'હયાત' મોટા પુત્રને જ મળવાની પરંપરા ચાલે છે. માત્ર એક જ વખત અપવાદ તરીકે બીજાને એનાયત કરવામાં આવી હતી. વેલ્સના શાહજાદાને એ જ પ્રમાણે રોથ્સેના ડ્યૂકની, કેરીકના અર્લની, રેન્ફ્રયુના બેરનની, સ્કોટલંડના સ્ટુઅર્ટની અને દ્વીપોના લોર્ડની પદ્વી મળવાની પણ પરંપરા છે. છેલ્લી બે પદ્વીઓ સ્કોટલંડના રાજાના મોટા કુંવરને અપાતી. પશ્ચિમ દ્વીપોના લોર્ડ જોન મેકડોનલ્ડના મરણ પછી આ પદ્વી ખાલસા કરીને પ્રિન્સ ઓફ વેલ્સને એનાયત કરી હતી.

યોર્કના ડ્યૂકની પદ્વી શહાનશાહ સાતમા એડવર્ડે પોતાના જન્મથી ઓગણસાઠ વર્ષ સુધી ધારણ કરી હતી. એમના શિવાય બાકીના વેલ્સના શાહજાદાઓ જેમણે એ પદ ભોગવ્યું છે તેઓએ રાજની લશ્કરી નોકરી શિવાય બીજા કોઈ પણ પ્રકારની દેશ સેવા કરી નથી. શહાનશાહ એડવર્ડ પોતાના માતૃશ્રી દેવી શ્રી વિક્ટોરિયાની તરફથી દરબારી ક્રિયાઓ અને મેળા-

લડામાં હાજર થતા. જૂના અસલી સાંકડા મનના રિવાજો, માત્ર દેખાવની ખાતર કરવામાં આવતું વર્ત્તન અને રૈયતથી અતડા રહેવાનું એઓશ્રીને બિલકુલ પસંદ ન હતું. અજ્ઞાન લોકમતની દરકાર રાખ્યા શિવાય એઓશ્રીએ બધે છૂટથી ભેળાવા માંડયું હતું. એઓ આનંદની ખાતર પ્રવાસ પણ કરતા. જેવી રીતે લંડનમાં તેવીજ રીતે પારિસમાં પણ એઓશ્રી જાણીતા હતા. એઓશ્રીનું માનવું હતું કે ગૃહસ્થાઇ માત્ર ઉપરના દંભ અને આડંબરમાં સમાઇ નથી. ગૃહસ્થાઈ કોનું નામ કહેવાય, એ આખા યૂરોપને એઓશ્રીએ દેખાડી આપ્યું હતું. જો પોતે નિષ્પાપ હોય તો પછી એને બીજા કોઇ અજ્ઞાની લોકોના અપવાદથી બ્હીવાની બિલકુલ જરૂર નથી એ એઓશ્રીએ પોતાની રહેણી કરણીથી દેખાડી આપ્યું હતું. એઓશ્રી નિ-ખાલસ, ઉચ્ચ અભિલાષી, આનંદી, તંદુરસ્ત અને સાધારણ રીતે ઉદારવૃત્તિના હતા. દરેક જાતમાં એમની મૈત્રીનાં પાત્ર હતાં. એઓશ્રી બધાંની જોડે શુદ્ધ મને અને છૂટથી ભેળાતા. ઇંગ્લાંડની નવી પ્રજામાં આ ગુણો જોવામાં આવે છે તે એઓશ્રીના અનુકરણને લીધે જ છે. તેમના કાળમાં ઉચ્ચ પદ્વીના અને વર્ત્તનમાં શ્રેષ્ટ કહેવાતા ઘણાએ હતા. છતાં આ સઘળાઓને માટે કાંઇ કાંઇ કહેવાતું. પરન્તુ ઘણા મિત્રોમાં છૂટથી ભેળાતા હોવા છતાં, જૂની રૂઢીઓનો કોટ પોતે તોડી નાંખ્યો હતો છતાં એઓશ્રીને માટે કશું પણ દુષિત કહેવાયું નથી. એટલુંજ નહિ પણ એમનું વર્ત્તન અમુક તરેહનું હશે એવી શંકા ધરાધરી પેદા થઇ નથી. દેવી શ્રી વિકટોરિયા રાજકીય બાબતોમાં એમની સલાહ ક્વચિત જ લેતાં અને ખદ રાજ-

કાજમાં તેઓશ્રી તખ્તારૂઢ થયા ત્યાં સુધી કદીએ સામીલ થયા જ નથી. ઇંગ્રેજી નવી પ્રજા ઉપર તેઓશ્રીથી થયેલી મહાભારત અસર તેમના માત્ર સાંસારિક બાબતોના વર્ત્તનથી જ થઇ છે.

નામદાર જોર્જની વેલ્સના પ્રિન્સ તરીકેની કારકિર્દી એમના આગેવાન પિતાથી જૂદી જ તરેહની હતી. જેટલો કાળ એઓ વેલ્સના પ્રિન્સ તરીકે રહ્યા તેટલો કાળ રાજા તરીકે કેળવણી લેતા હોય એવું જ બન્યું છે, જે જે બાબતોમાં વેલ્સના શાહજાદા મદદ કરી શકે તે તે કામ એમને કરવા દેવામાં આવતાં. આ પ્રમાણે કામ કરીને એઓશ્રી અનુભવ મેળવે અને ભેગો ભેગો રાજનો અને રાજદ્વારી બાબતોનો અભ્યાસ પણ કરે એમ કર્યું છે. દરીયાપારનાં સંસ્થાનોમાં એઓશ્રીને છૂટથી ભેળાવા દીધા છે. આથી બધા વર્ગમાં એઓશ્રી ઘણા લોકપ્રિય બનીને પાવરધા પણ થયા છે. ખરેખાત એઓશ્રી સઘળી રીતે જોતાં લોકના જ શાહજાદા હતા.

•

નામદાર યોર્કના ડયૂકને જ્યારથી પ્રિન્સ ઓફ્ વેલ્સનું પદ પ્રાપ્ત થયું ત્યારથી તે પદનું સૂત્ર “ હું મારી ફરજ અદા કરૂં છું ” એ એમનાં દરેક વર્ત્તનમાં દૃષ્ટિગોચર થાય છે. નવી પદવીને લીધે એમને પ્રજામાં ઘણું ભેળાવાનું થાય છે. દેશના હિતનાં ઘણાં કામોમાં ભાગ લેવો પડે છે.

મહાન એડવર્ડ તખ્તનશીન થયા કે તરત નામદાર: જોર્જને પ્રિન્સ ઓફ્ વેલ્સની પદવી પ્રાપ્ત થઇ નહોતી. સંસ્થાનોના પ્રવાસ પછી, ઈ. સ. ૧૯૦૧ ના નવેંબર મહિનામાં, લંડનગેઝેટમાં ખાસ જાહેર કરવામાં આવ્યું હતું કે ‘ હિઝ રોયલ હાઇનેસ

પ્રિન્સ જોર્જ ફ્રેડ્રિક અર્નેસ્ટ આલ્બર્ટ, કોર્નવોલ, યાર્ક, રોથસે, અને સાકસનીના ડયૂક; સેસ્કોબર્ગ અને ગોથાના પ્રિન્સ, કેરીક અને ઇન્વિરનેસના અર્લ; રેન્ફ્રયુ અને કિલાર્નીના બેરન, દ્વીપોના અધિપતિ અને સ્કોટલંડના મહાન કારભારી; કે. જી; કે. ટી; કે. પી; જી. સી. એમ. જી; જી. સી. વી. ઓ. એમને નામદાર રાજાશ્રીએ પ્રિન્સ ઓફ વેલ્સના અને ચેસ્ટરના અર્લની પદવીઓની સનંદ એનાયત કરવાની કૃપા કરી છે. આથી સઘળી જગાએ સંતોષ વ્યાપી રહ્યા હતો.

નવું પદ પ્રાપ્ત થએલા પ્રિન્સ ઓફ વેલ્સે પ્રજાહિતના કામોનો આરંભ કરતાં જ પ્રથમ સેંટબાર્થોલોમ્યુઝની ઇસ્પીતાલના પ્રમુખનો દરજ્જો સ્વીકાર્યો હતો. પોતે ત્યાં પધાર્યા તે વખત કારભારમંડળ, વિદ્યાર્થીઓ, લોર્ડ મેયર અને બીજા સંભાવિત ગૃહસ્થોએ એમને ઘણું માન આપ્યું હતું. આઠમા હેન્રી રાજાના વખતમાં સર ટોમસ ગ્રેહામે આ ઇસ્પીતાલ બંધાવી હતી. સેંકડો વર્ષથી આ ઇસ્પીતાલ અને વૈદ્યકની કોલેજ જન સુખાકારીનાં અગણિત કામો કર્યે જાય છે. સેંકડો વર્ષ થયાં પ્રજામાંના પરોપકારી પુરૂષો આ ઇસ્પીતાલને મદદ આપે જાય છે, અને એ નિશાળમાં શીખેલા ઘણા વૈદ્યોએ ઘણી કીર્ત્તિ સંપાદન કરી છે. તખ્તનશીન થયાની પૂર્વે પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે શહાનશાહ એડવર્ડ પણ એના પ્રમુખની પદ્વીપર હતા. હવે એજ પદ્વી નામદાર જોર્જને એનાયત કરવામાં આવી હતી.

કેપ ઓફ ગુડ હોપના વિશ્વવિદ્યાલયના ચેન્સેલરનું પદ પણ નામદાર જોર્જને આપવામાં આવ્યું હતું; તેમજ ત્યાં પ્રિન્સ ઓફ વેલ્સ પ્રોફેસર નામથી એક ઇતિહાસના પ્રોફેસરની નવી જગા કાઢવામાં આવી હતી.

સ્વર્ગવાસી દેવી શ્રી વિકટોરિયાનું પહેલું સમછરી પાળવાને જરાકુટુંબનો મોટો મેળો થયો હતો. ફ્રોગ્મોર અને વિંડસરમાં બધાં મળ્યાં હતાં, ત્યાંથી લંડન આવીને નામદાર જોર્જ જર્મન શહાનશાહની વર્ષગાંઠના ઉત્સવમાં ભાગ લેવા બર્લીન પધાર્યા હતા. જર્મન વર્ત્તમાનપત્રોએ ઘણા માયાભર્યા શબ્દોમાં તેમને આવકાર આપ્યો હતો. શહાનશાહ વુલ્યમે માન આવકાર આપવામાં ઉણુપ રાખી નહોતી. મોટો દરબાર ભરવામાં આવ્યો તે વખતે શહાનશાહ-કૈસર-વુલ્યમે ઇંગ્લંડના માનની ખાતર શહાનશાહ એડવર્ડે એનાયત કરેલા ગાર્ટરના ઓરડરનાં વસ્રાભુષણ પહેર્યા: હતાં.

ઇ. સ. ૧૯૦૨ માં પ્રગણુંઓના વાલી ઘોડાના પ્રદર્શન વખતે એગ્રીકલ્ચરલહોલમાં નામદાર જોર્જે પધારીને ઘણા ઉત્સાહથી ભાગ લીધો હતો. લોકોએ કરેલા હર્ષનાદ અને તાળીઓથી ઘણા ઘોડા ભડકયા હતા અને એક વાલી ઘોડો ચમકીને નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ બેઠાં હતાં તે સિંહાસન તરફ ધસ્યો હતો. એના સાર્ણાએ બહુ જ બળ અને સમય સૂચકતા વાપરીને પકડી રાખ્યો નહોત તો નામદાર પ્રિન્સેસને જરૂર વગાડત. આવે અણીને વખતે પણ નામદાર પ્રિન્સેસે પોતાનું મન કબજે રાખીને પોતાની જગા છોડી નહતી.

પહેલી માર્ચનો દિવસ સૈંટડેવીડનો તહેવાર ગણાય છે. તે વર્ષમાં સૈંટજેમ્સીસ મહેલમાં તે દિવસે વેલ્સના ગાયનનો જલસો કર્યો હતો. શહાનશાહ એડવર્ડને આમંત્ર્યા હતા. વેલ્સના અને બીજા ઘણા મહેમાનોને પણ નોતર્યા હતા. લગ-

ભગ ૮૩ ગાનારા હતા અને બધા વેલ્સના કારીગર વર્ગના હતા. ગાયન પણ વેલ્સનાં જ હતાં. માત્ર એક ગાયન ઇંગ્રેજી હતું. ગાયનથી બધાંને બહુ આનંદ થયો. ગાયન થઇ રહ્યા પછી મુખ્ય ગાયકની જોડે નામદાર શહાનશાહ એડવર્ડને વાતચીત થઇ હતી. એ નામદારે કહ્યું કે આજે તમે અમને સર્વોત્કૃષ્ટ ગાયનનો આનંદ ચખાડયો. એણે જવાબ દીધો કે આપ નામદાર ખુશી થયા છો એ જાણી અમને ઘણો જ હર્ષ થયો છે. શહાનશાહ કહે કે તમારા વેલ્સના લોકોનો સ્વર ઘણોજ મધુર હોય છે. એણે જવાબ દીધો કે નામદાર, ગાવાને માટે આ વિશાળ અને ભવ્ય ખંડ ઘણો ઉત્તમ છે. શહાનશાહ આ વેલ્સવાસીના વિવેકથી ખુશી થઇને બહુ હસ્યા. વેલ્સના સઘળા મહેમાનોને જમવાનું પણ હતું. મુખ્ય ગાયકને સોનાની મુંઠવાળી હાથીદાંતની લાકડી સ્મારક તરીકે આપવ.માં આવી હતી.

એ વર્ષોમાં નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ ઓફ વેલ્સે અગણિત જગાએ જઇને પરમાર્થનાં અને પ્રજાહિતનાં કામો કર્યાં છે. દરેક જગાની હકીકત અને ત્યાં ત્યાં બનેલા પ્રસંગો નોંધવા જેટલો આ નહાના પુસ્તકનો વિસ્તાર ન હોવાથી અમે દીલગીરી સાથે આ આનંદનો વિષય ટુંકામાં જ સમેટીએ છીએ.

પ્રકરણ ૧૦ મું.

સલ્તનતનું દુઃખ—યુવરાજની વહાર.

ઈશ્વર કૃપાથી દેવી શ્રી વિકટોરિયાએ લાંબુ આયુષ ભોગવ્યું હતું. આથી શહાનશાહ એડવર્ડની પ્રજાના મોટા ભાગને રાજ્યારોહણ અને તાજપોષીની ક્રિયાઓ તદ્દન નવી જ હતી. ઈ. સ. ૧૯૦૨ ના જ્યૂન માસની ૨૬ મી તારીખ એ ક્રિયાને માટે મુકરર કરવામાં આવી હતી. અને પ્રજા માત્ર એ ક્રિયાઓ નિરખવાને માટે ઉત્સુક અને આતુર બની રહી હતી. રાજ્યારોહણ સમયે ઈંગ્લંડ, સંસ્થાનો, તેમજ હિંદુસ્થાનની પ્રજા સમસ્ત સ્વર્ગવાસી દેવીશ્રીના પુત્ર તરફ અલૌકિક લાગણીથી આકર્ષાઈ રહી હતી. સામાન્ય રીતે જ ઈંગ્લંડની પ્રજા પોતાના રાજકર્ત્તા તરફ માનની લાગણી ધરાવે છે. પરન્તુ શહાનશાહ એડવર્ડ પ્રતિ તો એથી વિશેષતા હતી. પ્રજા માત્રનો પ્રેમ ઉભરાઈ રહ્યા હતો અને સઘળાં એમના પર વર્ણવાય નહિ એટલી મમતા રાખતાં. વળી ઈંગ્લંડના રાજાને 'રાજા અને શહાનશાહ' એવાં પદથી તાજપોસી થાય એ બનાવ આખા ઐતિહાસિક સમય માં પહેલો જ હતો.

જે કાર્યો અને કાર્યદક્ષતાથી શહેનશાહ એડવર્ડને 'શાંતિપ્રિય' નું બિરદ મળી ચુકયું છે તેનો એમણે ઘણા કાળથી આરંભ કર્યો હતો અને એમના રાજ્યારોહણના ઘંટનાદનો આરંભ થયો ત્યારે તો આખી દુનિયાંમાંથી તોપોના ધડાકા અને ગોળીઓના સણુસણાટ બંધ પડી ગએલા હતા.

લંડનમાં પ્રજાભક્તિ, આનંદ, મોજમઝા, ગમ્મત સર્વત્ર વ્યાપી રહ્યાં હતાં. ઠેકાણે ઠેકાણે ધજા, પતાકા, તોરણ, કમાનો વગેરેનો શણગાર કરી દેવામાં આવ્યો હતો. રાજાની સ્વારી જોવાને માટે પ્રજાજનોને બેસવાને રસ્તાની બન્ને બાજુએ બેઠકો તૈયાર થઈ ગઇ હતી. કેટલાક મહિના સુધી વેસ્ટમિનિસ્ટર એબી બંધ કરીને તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. એ પુરાતન દેવળને સુશોભિત કરવામાં કશી મણા રાખવામાં આવી નહોતી. વ્હાઇટહોલ આગળ મોટી કમાન ઉભી કરવામાં આવી હતી. શહેરમાં મેન્શનહાઉસ આગળની રચના ખરેખાત ભવ્ય હતી. આજુબાજુનાં સુશોભિત મકાનોથી એ ભવ્યતામાં ઓર વધારો થતો હતો. ઇગ્લાંડની બેંકનું મકાન સાદું પરંતુ રોશનીથી દેદિપ્યમાન થવાનું હતું. જોડે આવેલું રોયલએક્ષચેંજ એની સાથે સ્પર્ધા કરી રહ્યુ હતું. લંડનબ્રીજ ઉપર ધ્વજા, પતાકા, ફાનસો, તેમજ જૂદી જૂદી રચનાનો સુમાર નહતો. પિકાડિલી અને વ્હાઇટહોલ આગળની રચનાની સાથે સ્પર્ધા કરે એવી રચનાઓ નદીની બીજી બાજુએ દક્ષિણ તરફ પણ કરી હતી. લૌકિક આનંદ સૂચવવા સારૂ લંડનની આજુબાજુનાં સુંદર સ્થળો જેવાં કે હેમ્સ્ટેડહીથ, તેમજ બીજી ઉંચી જગાઓ

ઉપર મોટા અગ્નિ સળગાવવાની તૈયારીઓ થઇ રહી હતી. માત્ર લંડનમાં જ નહિ પણ આખા દેશમાં ઠેર ઠેર આવી ગોઠવણ કરી હોવાથી ગ્રેટબ્રિટિનમાં સર્વત્ર આનંદ આનંદ નજર પડવાનો હતો.

એક તરફ અતુલ આનંદનો આવો ઉભરો આવી તે ઉજવવાની તૈયારીઓ થઇ રહી હતી અને બીજી બાજુએ રાજવંસી તેમજ બીજા મહેમાનોની સરણ વહેવા માંડી હતી. છેક પૂર્વમાંથી આસ્ટ્રેલિયા, ફીઝી, લંકા અને દરેક સંસ્થાનમાંથી સંભાવિત ગૃહસ્થો અને રાજવંસીઓનાં આગમન શરૂ થઈ ગયાં હતાં. આખી દુનીઆનાં મોટાં રાજયના પ્રતિનિધીઓ પણ હાજર થવા માંડયા હતા. રાજાઓ, પ્રધાનો, યોદ્ધાઓ, અમલદારો, સિપાઇઓ અને ગૃહસ્થોથી વિશાળ લંડન ખિચોખિચ ભરાઇ ગયું હતું. જૂદા જૂદા રંગના, જૂદા જૂદા ચહેરાના લોકોનુ જાણે પ્રદર્શન હોય નહિ એવો બહાર બની રહ્યો હતો. આખી સલ્તનતના જૂદા જૂદા દેશનાં લશ્કરોના દેખાવથી કાંઈ જૂદાજ પ્રકારની શોભા થઇ રહી હતી.

હિંદની સલ્તનતના લશ્કરની શોભામાંતો કશી મણા જ નહોતી. હેમ્પટનકોર્ટ આગળ તેમની છાવણીમાં, તેમજ જ્યારે જ્યારે એઓ લંડનમાં જોવા કે આનંદ લેવા નીકળી પડતા ત્યારે લોકોનાં ચિત્ત તેમની તરફ ખાસ આકર્ષાતાં.

આવા આનંદ અને ધમાલની વખતે નામદાર પ્રિન્સ ઓફ વેલ્સને માથે ઘણી જહેમત ભર્યાં કામ આવી પડતાં. તેઓ

શ્રીને એક ક્ષણની પણ ફુરસદ મળતી નહિ. મહેમાનોનું આતિથ્ય કરવાનું એમને શીર હતું. દરબારી કામકાજોમાં પણ એમને હાજર થવું પડતું. આ બધું છતાં વળી પોતાની પદ્વીને લીધે કરવું પડતું તે તો જુદું. કોઇનું મન દુભાય નહિ, કોઇને તેની પદવી કરતાં વધારે માન અપાય નહિ, તાં કોઇને તેની પદ્વી પ્રમાણે આતિથ્યમાં ઉણપ પણ રહે નહિ અને સઘળા સંતોષાય એમ તો મહા વિકટ કાર્યદક્ષતા હોય તોજ બને છે.

આ પ્રમાણે રાજકુટુંબ, પ્રિન્સ ઓફ વેલ્સ, અમલદારો અને પ્રજા આનંદ સાગરમાં ઝીલતાં હતાં અને તાજપોષીની ક્રિયાને માટે ઉત્કંઠિત થઇ રહ્યાં હતાં, તે વખત અણધારી બાતમી મળી કે વખતે તાજપોષીની ક્રિયા બંધ રાખવી પડે.

નામદાર શહાનશાહ એડવર્ડને અણચિંતવ્યો ઉદરનો વ્યાધિ ઉપડી આવ્યો. આ વ્યાધિથી એમને ઘણી પીડા થતી હતી, પણ આવા આનંદના સમયમાં પ્રજાને અસંતોષ ન થાય અને તેમનાં મન ખાટાં ન થાય માટે એ નામદાર મુંગે મોઢે દુઃખ વેઠી લેતા હતા. વ્યાધિ દુઃસહ અને શસ્ત્ર ક્રિયા કર્યા વગર મટે નહિ એવો હોવાથી એક વાર આ શુભ ક્રિયા પતી જાય પછી વાત, એમ ધારી એ નામદાર પીડા ખમી રહ્યા હતા. રાજ્યાભિષેકને આગલે રવિવારે વિંડસર પધારતાં શહાનશાહને મૂર્છા આવી ને એઓશ્રી એક કલાક સુધી બેભાન રહ્યા. એમના ખાસ વૈદ્યે શસ્ત્રવૈદ્યને તેડાવી શસ્ત્રક્રિયા કરવા દેવાની રજા માગી તે એઓશ્રીને રૂચ્યું નહિ. જેમ તેમ રાત્રિ વીતી. સવારે વિંડસરથી પેડિંગ્ટન જવા નિકળ્યા. પેટની પીડા દુઃસહ હોવા

છતાં એઓશ્રીએ પોતાની મુખમુદ્રા સ્હેજે કુમળાવી નહોતી, કે રખેને મારી પ્રજા જાણે કે મને દુઃખ થાય છે અને તેથી એમના આનંદમાં ભંગ થાય. હજારો લોકોની મેદની એમનાં દર્શન કરવા મળી હતી, તેમાંથી કોઇને પોતાના દુઃખનો વહેમ ધરાધરી ન આવે એમ દ્રઢતાથી મુખમુદ્રા આનંદી હસતી રાખી. ચોતરફ જયઘોષ થઇ રહ્યા હતા, તેમની વચ્ચેથી નમન સ્વીકારતા શહાનશાહ અસહ્ય દુઃખ ભોગવતા પસાર થયા. ગાડી મહેલના બગીચામાં પેઠી કે એઓશ્રીને ફરી મુર્છા આવી અને વધારે વાર બેભાન રહ્યા. શુદ્ધિમાં આવ્યા ત્યારે તેમના વૈદ્યે વિનતિ કરીકે, મહારાજા! આપનું દરદ લઇ ચલાવવા જેવું નથી અને શસ્ત્રક્રિયા વગર છૂટકો નથી. રાજ્યાભિષેકનો વિચાર કરવાની આ વેળા નથી. શહાનશાહે ગુસ્સે થઇને કહ્યું કે રાજ્યાભિષેક સુધી હું વાઢકાપ નહિ કરવા દઊં, જાઓ મને સાંજરે મળજો. પાછલો પહોર બધો રાજકીય કામોમાં ગાળ્યો. સાંજરે વૈદ્ય પાછો આવ્યો, તેની પાસે શરીર તપાસાવ્યું અને પુછયું કેમ શો અભિપ્રાય છે? વૈદ્ય એકનો બે થયો નહિ અને શસ્ત્રક્રિયાની ખાસ તાકીદે જરૂર છે એમ જણાવ્યું. શહાનશાહે ગુસ્સે થઇને તેમને જવા કહ્યું અને બોલ્યા કે રાજ્યાભિષેક પહેલાં એ વાત તો કરવી જ નહિ. વૈદ્યે ફરી ફરી વિનવ્યા કે આપ મારૂં કહ્યું માનો પણ પોતે નાની ના જ કહી અને વૈદ્યને પોતાની પાસેથી જતાં રહેવાનું કહ્યું. જાતે થોડાબોલો હોવા છતાં એને આ મામલો ગંભીર જણાયો, એટલે પોતાના સ્વભાવની વિરૂદ્ધ વર્તન કરવાનો નિશ્ચય કર્યો. શહાનશાહ રાજ્યકાર્યમાં ગુંથાયા હતા તેમાંથી મોં ઉંચુ કર્યું ત્યારે વૈદ્યને

જોઇને તપી ગયા અને કહ્યું કે જાઓ, મેં કહ્યું નહિ કે જાઓ. પણ હિંમત રાખીને વૈદ્યે કહ્યું કે આપ મારી અરજ–વિનંતી-નમ્ર વિનતિ સાંભળો. પણ શહાનશાહે ત્યાંથી જતાં રહેવાનું કહ્યું. વૈદ્ય જતાં જતાં બારણા આગળ ઉભો રહ્યો અને ગમે તે થાય પણ શહાનશાહનો જીવ બચાવવાનો નિશ્ચય કર્યો. શહાનશાહે ફરી મોં ઉંચું કરતાં વૈદ્યને જોયો અને ગુસ્સે થઇને કહ્યું કે મેં જાઓ કહ્યા છતાં તમે ન જનાર કોણ? એકદમ ચાલ્યા જાઓ. વૈદ્ય એકદમ શહાનશાહ પાસે ગયો અને ઘુંટણીએ પડી શહાનશાહનો હાથ હાથમાં લઇને બોલ્યો કે મહારાજા ઈશ્વરની ખાતર મારી વિનતિ સાંભળો. શસ્ત્રવૈદ્યની સલાહ લેવા દ્યો અને જો આપ ના જ કહેતા હોતો અત્યારથી મારી જગાનું રાજીનામું સમજજો. હું કહું છું કે મારી સૂચના પ્રમાણે નહિ કરો તો આપ કાલે નહિ હો. શહાનશાહ ચમકી ઉઠયા અને બોલ્યા કે તમે શું કહો છો. શહાનશાહે વૈદ્યની મુખમુદ્રા ઉપરથી જોયું કે એમની સલાહ ન માની તો મૃત્યુ જરૂર છે. આમ જોઇને પોતાનો આગ્રહ તજ્યો અને દીલગીરીથી, તમારે જે કરવું હોય તે કરો એવું બોલ્યા. તરત જ બીજા ઓરડામાં હાજર રહેલા પ્રખ્યાત શસ્ત્રવૈદ્ય હાજર થયા. વૈદ્યની સ્વામીભક્તિ અને સમયસૂચકતા જોઈ શહાનશાહ પ્રસન્ન થયા. અને વધારે ન બોલતાં શસ્ત્રવૈદ્યને કહ્યું કે મારા વૈદ્યની ઇચ્છા છે કે તમે મને તપાસો. તેણે શરીર તપાસ્યું અને અભિપ્રાય આપ્યો કે 'તત્કાળ વાઢકાપ થવી જ જોઇએ. આરામ થવાનો માત્ર સંભવ છે. પરિણામ શો થશે તે મારાથી કહેવાય નહિ અને હું જોખમદાર નહિ.' બીજે દિવસે સવારે

વૈદ્યોની ગોઠવણુ મુજબ શસ્ત્રક્રિયા થઇ અને શહાનશાહનો અમૂલ્ય પ્રાણુ બચ્યો. શસ્ત્રક્રિયા પછી તરત શુદ્ધિમાં આવતાં જ શહાનશાહે પુછયું કે 'મારી પ્રજા મને માફ કરશે?'

પ્રજાને આ દુઃખદ સમાચાર વિજળીને વેગે ખબર પડયા અને બધે શોક ફેલાઇ ગયો. ઠેકાણે ઠેકાણે 'રાજ્યાભિષેક બંધ રહ્યો–શહાનશાહ ભયંકર માંદગી ભોગવે છે–વાઢકાપ કરવી પડી'–એ શબ્દો જ સંભળાતા હતા.

રાજમહેલથી માંડીને ગરીબનાં ઝૂપડાં ઘરાઘરીમાં ગમગીની ફેલાઇ રહી. રસ્તામાં, શેરીઓમાં અને મકાનોપર કરેલી શોભા ઝાંખીઝપ પડી ગઇ. એઓશ્રીને કેમ છે એમ જ ઠેર ઠેર વાતો થવા લાગી. લાખો આદમીઓનાં ટોળાં રાજમહેલ આગળ ખબર જાણુવાને રાત્રિ ને દિવસે આતુર ચહેરે ઉભાં રહેતાં. લંડનના બિશપે ગદગદ કંઠે આ ખબર જાહેર કરી તે સાંભળીને હજારો શ્રોતાઓની આંખો ભીની થઇ ગઇ. ઠેર ઠેર ઇશ્વર પ્રાર્થનાઓ થવા લાગી. હિંદુસ્થાનનું ઇંગ્લંડ ગયેલું લશ્કર હેમ્પ્ટનકોર્ટમાં પડાવ નાંખીને રહ્યું હતું. હિંદુ, સીખ, મુસલમાન વગેરે હરેક જાતિની ટુકડીઓએ પોતપોતાના રિવાજ મુજબ કરેલી પ્રાર્થના ખાસ જોવા જેવી રળીઆમણી અને ગંભીર હતી. ઇંગ્લંડમાં જ નહિ પણુ હિંદુસ્થાન અને બીજાં સંસ્થાનોમાં પણુ ઠેર ઠેર જૂદી જૂદી જાતના, જુદા જુદા ધર્મના અને જુદા જુદા પંથના લોકોએ શહાનશાહને જલદી આરોગ્ય મળવા સારૂ પ્રાર્થનાઓ કરી હતી.

આ કટાકટીની વેળાએ નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ—જોર્જ ઉપર અવર્ણનીય ફરજનો બોજો આવી પડયો. દરીઆના તોફાનની વેળાએ જેમ અનુભવી નાવિક તોફાનની સામે અડગ ઉભો રહે છે, તેમ એઓશ્રી આ અણીની વખતે મોખરે આવ્યા અને કર્તવ્યની ધુરા પોતાની ખાંધે લઇ લીધી. તે વખતથી તે નામદાર શહાનશાહ સાજા થઇને પ્રજાનાં મુખારવિંદ પુનઃ હસતાં થયાં ત્યાં સુધી પોતે હિમ્મતથી હસતે મુખડે પોતાની ફરજો બજાવીને કોઇને કશી વાતનું ઉણું પડવા દીધું નહિ.

શહાનશાહના મંદવાડના ખંડમાં નામદાર જોર્જને જ પ્રથમ દાખલ થવા દીધા હતા. આ અરસામાં તેઓશ્રી એક તરફ શહાનશાહની મરજી ઉઠાવતા હતા, તો બીજી તરફ શહાનશાબાનુ—માતા અલેકઝાંડ્રા અને કુટુંબનાં બીજાંઓને તેમ જ પ્રજાને સાંત્વન આપતા હતા. રાજ્યાભિષેક બંધ રહેવાથી પડેલી ખોટ તો કશાથી એ પુરાય એમ નહોતું, પણ જેમ બને તેમ દુઃખ ઓછું કરવાની તેવડ કરવામાં આવી હતી. ઘણા મહેમાનો તેમજ ઠેકાણે ઠેકાણેથી લશ્કરનું સમ્મેલન થયું હતું તે અમે વર્ણવી ગયા છીએ. કેટલાક પરૂણાઓ તો દિલગીરી ભરેલા દીલથી પાછા સિધાવ્યા. ગંભીરતાથી અને દુઃખભર્યે હૈડે તેમની વિદાયગીરી કરી. સંસ્થાનો અને હિંદુસ્થાનનાં લશ્કરો જેઓ હજારો મૈલ જળપ્રવાસ કરીને આવ્યાં હતાં તેમને રાજ્યાભિષેકમાં કશોએ ભાગ લીધા શિવાય જવા દેવાં એ એઓશ્રીને રૂચ્યું નહિ. એથી સંસ્થાનો અને હિંદુસ્થાનનાં લશ્કરોની કવાયત લેવાનું ઠેરવ્યું. શહાનશાહતની ઢાલ રૂપ આ બળવાન લશ્કરની કવાયત દરમ્યાન જે મહેલમાં નામદાર

શહાનશાહ શય્યાવશ હતા ત્યાં આગળથી જતાં આ લશ્કરે નમન કર્યું હતું. એ બધાના મનમાં શા શા ભાવ ઉત્પન્ન થયા હશે તે કહી શકાય એમ નથી. વખતે શહાનશાહ પોતે ધરા ધમધમાવતાં હજારો પગલાં સુતા સુતા સાંભળીને આનંદ પામતા હશે કે મારી સલ્તનતના વાવટાનું રક્ષણ કરનાર હિમ્મતવાન અને સબળ સેના છે. ખરેખાત શહાનશાહબાનુ, વેલ્સનાં પ્રિન્સેસ અને રાજકુમારીઓ કવાયત જોવા પધાર્યાં ત્યારે સર્વને આશ્વાસન મળ્યું હશે કે શહાનશાહની તબીયત ખરેખાત સુધરતી જ હશે; નીકર એઓ બધાં પધારે નહિ. નામદાર જોર્જ જો કે નાવિક છે તથાપિ જમીનપરના લશ્કર તરફ એમને અભિરૂચી ઓછી નથી. પોતે, શહાનશાહબાનુ અને રાજકુંવરીઓ સૈન્યની હરોળમાં ફર્યાં અને બધાને ખુશ ખુશ કરી દીધા. આ કવાયત વખતે જુદા જુદા અક્ષાંશવૃત્તમાંથી આવેલા સૈનિક ખરેખાત જોવા જેવા હતા. જુદા જુદા ચહેરાના અને જુદા જુદા રંગના મનુષ્યોના સંગ્રહસ્થાન જેવો દેખાવ થઇ રહ્યો હતો. છેક નૈરૂત્યમાં આવેલા કેનેડા, દક્ષિણમાં આવેલી લંકા, નાઇજેરીઆ, વાઇહાઇવાઈ, કેપસંસ્થાન, રોહડેશીઆ, સીરાલીઓની, સુવર્ણ ઉપકંઠ, ઉગેન્ડા, પશ્ચિમ અમેરિકાનાં સંસ્થાનો, દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનો અને પાસિફિક મહાસાગરના દ્વીપો એ પ્રમાણે ઘણી જ વિરલ જગાએથી આવેલી સેનાઓની રચના જોવા જેવી હતી. ઇંગ્લંડમાં આવી કવાયત પૂર્વે કોઈ કાળે થઇ નહોતી. કવાયતને અંતે આફ્રિકાના વિગ્રહમાં બહાદૂરી બતાવનાર સૈનિકો અને સેનાનીઓને ચાંદ એનાયત કરવામાં આવ્યા. નામદારશ્રીએ દરેકની સાથે હાથ મેળવ્યો અને વાતચીત કરી.

બીજે દિવસે ઐતિહાસિક અને પુરાતન હિંદના લશ્કરની કવાયતની શોભા તો અવર્ણનીય જ હતી. એનો દબદબા ભરેલો દેખાવ કાંઇ ઓર જ હતો. એ વેળા શહાનશાહબાનુ, પ્રિન્સ ઓફ વેલ્સ, અને ઘણા માનવંતા મહેમાનો તેમ જ બહાદૂર સેનાનીઓ હાજર હતાં. રાજ્યકુટુંબનાં બાળકો બારીઓમાંથી આ ભવ્યતા નિહાળી રહ્યાં હતાં. જો કે હિંદના નામ સાથે સદા સંકળાયલા અને પ્રિન્સ ઓફ વેલ્સનાં રાજબાળકોને ઘણા વહાલા, મદઝર ગજરાજ ત્યાં નહોતા પણ બીજી શોભા એવી હતી કે જોનાર ખુશ ખુશ થઇ રહે. હિમઆચ્છાદિત પર્વત વાસી ઠિંગણા ગુરખા, રાજવંશી દેખાવના ટેડા રજપુતો, યુદ્ધ કુશળ શીખ લોકો, સરહદપરના અર્ધ જંગલી પહાડીજનો, મદ્રાસીઓ, દક્ષણીઓ, હિંદુ અને મુસલમાનો, સુશોભિત પોશાક વાળા વાઇસરોયના અંગરક્ષકો, ગવર્નરોના અંગરક્ષકો, એમ બધા એકત્ર થવાથી તેમના અને પોશાકોના જુદા જુદા રંગથી બધી ભૂમિ જાણે હિંદની બનાવટનો ગલીચો હોય નહિ એવી બની રહી હતી. ઇમ્પીરીઅલ સર્વિસ કોર અને હિંદુસ્થાન નિવાસી ઇંગ્રેજોનું લશ્કર પણ બાકી રહ્યું નહોતું. સઘળા પ્રેક્ષકોને હિંદની મોટાઇનો ખ્યાલ આવ્યો હતો. હિંદુસ્થાનના રાજાઓ જેઓ ત્યાં હતા તેઓ જાણે ઘોડાની સાથે એક જ શરીર હોય નહિ એમ સ્વારી કરતા. તેમની આ કુશળતા જોઇને બધા પ્રેક્ષકોને આનંદ થતો. ખરેખાત હિંદની પદ્ધી, મહત્તા અને બળ લંડનના જોવામાં આજે જ આવ્યાં હતાં.

નામદાર પ્રિન્સ ઓફ વેલ્સે, સ્ટાર ઓફ ઇન્ડિયાના ગ્રાંડ કમાન્ડરનો પટકો અને ચાંદ ધારણ કર્યાં હતાં અને બીકાનેરના

મહારાજાએ મોકલેલા ચીનમાં પરાક્રમ કરી આવેલા સૈનિકોને શ્રીહસ્તે ચાંદ બક્ષ્યા હતા. હજારો મૈલની સફર કરીને આવેલા હિંદના લશ્કરની શહાનશાહના અચબુચ મંદવાડથી પોતાને થયેલી નાઉમેદી અવર્ણનીય હતી. હિંદના જનોની ગંભીરતાને લીધે તેમને થયેલી દીલગીરી ચહેરા ઉપર જણાઈ આવતી નહોતી, પરંતુ હૃદયમાં તો તીવ્ર લાગણી એમને પ્રજાળી રહી હતી. એમની આ લાગણીને માન આપીને શહાનશાહબાનુ–પ્રિન્સ ઓફ વેલ્સ અને રાજકુટુંબનાં સઘળાંએ તેમનું દુઃખ ઓછું કરવાને બની શકે તેટલું કરવામાં મણા રાખી નહોતી. શહાનશાહને બદલે શાહજાદાએ એમના અંતઃકરણમાં વાસ કર્યો.

હિંદનું લશ્કર કવાયત કરીને પાછું ફરતું હતું તે વખત રાજમહેલના જરૂખામાં શહાનશાહબાનુ પોતે તેમની છબી પાડી લેવા તત્પર ઉભાં હતાં. ઈંગ્લાંડના લોકોએ પણ તેમને જોઈને ' અમે ઘણા ખુશી થયાં ' એવી ગર્જનાથી આકાશ ફાડી નાંખ્યું હતું.

શહાનશાહે શહાનશાહબાનુને, પ્રિન્સને, પોતાના ભાઈઓને, કુંવરીઓને અને ટુંકામાં દરેક જણને હિંદના લશ્કરની કવાયત વખતે શું શું બને છે તેની યાદ રાખવા અને ત્યાંથી વળતાં પોતાની હજૂરમાં આવીને બધું વર્ણન કરી જવાનું કહ્યું હતું. મંદવાડની શય્યામાં પડયાં પડયાં પણ એ મહાનુભાવની હિંદ તરફ આવી પ્રેમભરી લાગણી પ્રદીપ્ત જ રહી હતી.

વળી ઇન્ડિયા ઓફિસમાં મોટો ભવ્ય મેળાવડો ભરવામાં

આવ્યો હતો. ત્યાં પણ પ્રિન્સ ઓફ વેલ્સ શહાનશાહને બદલે હાજર હતા. રાજા રજવાડા જે જે ત્યાં હતા તેમની ભેટો અને મુલાકાતો થઇ હતી. દરબાર પુરો થઇ રહ્યા પછી મહેમાનો હળીમળીને વાતચીત કરીને મોડી રાત્રે છૂટા પડયા હતા. ઠેર ઠેર લોકના આનંદમાં ભંગ થયો તેનું દુઃખ ઓછું કરવાને પ્રિન્સ ઓફ વેલ્સ અને પ્રિન્સેસ કેટલી રંજ ઉઠાવે છે, એ જ વાતો થતી. શહાનશાહ ભયથી વિમુક્ત થયા એવું સૂચવતા આવા મેળાવડાઓથી પ્રજાજનો ધૈર્ય રાખી શકયા હતા.

છેવટે ઇશ્વર કૃપાથી શહાનશાહ પાછા આરોગ્યતા સંપાદન કરીને ઉઠયા. લંડનના પંચ નામના પત્રે એક ચિત્ર પ્રકટ કર્યું હતું. તેમાં દરીઆના અધિપતિ ' વરૂણ ' હાથમાં ત્રિશુળ લઇને દાકતર હોય એમ ચિતર્યા હતા. તેઓ નામદાર શહાનશાહને કહેતા હતા કે મહારાજા, સરજમીના વૈદ્યોએ તો પોતાની ફરજ બજાવી. હવે આપ લગીર મારે ત્યાં આવી સુક્કી અને ક્ષારવાળી હવા લો એટલે તદ્દન આરામ થઇ જશે.' થોડા દિવસમાં શહાનશાહ સમુદ્રની સેલ ઉપર નીકળ્યા અને એમને તદ્દન આરામ થઇ ગયો.

તાજપોષીની ક્રિયા તા. ૯ મી ઓગષ્ટે થશે એવા દરબારી હુકમ જુલાઈ માસમાં કાઢવામાં આવ્યા. દૂર દેશથી પધારેલા હિંદી રાજા રજવાડા અને મ્હેમાનોએ વચલો કાળ ઈંગ્લંડ અને યૂરોપમાં મુસાફરી કરવામાં વ્યતિત કર્યો. સંસ્થાનો અને હિંદી લશ્કરને તાજપોષી સુધી રહેવાનું નક્કી થયું અને સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો. લંડને પોતાના શણગારનું ખોરંભે પડેલું કામ પાછું આરંભ્યું. પોતાની સ્વદેશની, સંસ્થાનની અને

હિંદની પ્રજાને શહાનશાહે સંદેશો મોકલ્યો હતો. ભયના વખતમાં બતાવાયલી કાળજી અને પ્રેમની એમના અંતઃકરણમાં કેવી છાપ પડી હશે તે એ ઉપરથી જણાય છે. તેઓશ્રી કહે છે કે 'મહાન શહાનશાહતના રાજકર્ત્તા તરીકે મારે બજાવવાની અગત્ય અને જોખમ ભરી ફરજો બજાવવાને જે મહાન પ્રભુની કૃપાથી હું પુનઃ શક્તિમાન થયો છું તે સર્વશક્તિમાન પ્રભુનો મને સાજો કરવાને સારૂ મારે આભાર માનવો ઈષ્ટ છે.'

આંજી નાંખે એવા દબદબાથી તાજપોષીની ક્રિયા નિર્માણ કરેલે દિવસે થઇ. પ્રિન્સ ઓફ વેલ્સ–યુવરાજ જોર્જ પોતાને શીરથી તાજ ઉતારીને શહાનશાહ સન્મુખ ઘુંટણીએ પડીને બોલ્યા કે 'હું, પ્રિન્સ ઓફ વેલ્સ, આ જીંદગીપર્યંત આપ શહાનશાહનો તાબેદાર થઉં છું. મારી જીંદગી, મારૂં શરીર આપનું છે. આ દુનીઆપર હું પાળું છું તે ધર્મ, વિશ્વાસ અને સત્યથી હું આપને જ અનુસરીશ. હું ઇશ્વરના સમ ખાઇને કહું છું કે સઘળા સંયોગોમાં હું આપના હિતમાં જ જીવીશ કે મરીશ.' ઉઠતી વખત એઓશ્રીએ શહાનશાહના તાજને હાથ અડકાડયો અને શહાનશાહને ચુંબન કર્યું. શહાનશાહે પ્રિન્સનો ડાબો હાથ પોતાના જમણા હાથમાં લઇને તેમને પોતાની પાસે લીધા અને પ્રેમભર્યું ચુંબન કરીને બોલ્યા કે 'મારા સુપુત્ર ઈશ્વર તને સુખી રાખો! પ્રિન્સે શહાનશાહનો હાથ ભીનો આંખથી લેઇ ઉંચો કરીને તેને માનપુરસ્સર ચૂમ્યો.

રાજકુળનાં બીજાં માણસોની પણ આવી આવી ક્રિયાઓ થઇ. શહાનશાહની સ્વારી તાજપોષી પછી પાછી ફરી તે વખતે પ્રજાજનોએ આકાશ ચીરી નાંખે એવા હર્ષઘોષ કર્યા.

પ્રિન્સ ઓફ વેલ્સને પણ પ્રજાએ એવા જ હર્ષનાદથી વધાવી લીધા.

બીજે દિવસે શહાનશાહે ત્યાં હાજર હતી તે હિંદી સેનાને માયાભર્યો સંદેસો કહાવ્યો હતો. હિંદુસ્થાનની દરેક ભાષામાં ભાષાન્તર કરેલો આ સંદેશો દરેક જણે વાંચ્યો. જેણે વાંચ્યો, તેના હૃદયમાં તેણે વાસ કર્યો અને દરેક જણ હજારો મૈલની સફર કરીને પાછા હિંદમાં આવતાં તેમણે હજારો મનુષ્યોને પહોંચાડયો.

સ્પીટ્હેડ આગળ થનારી દરીઆઇ કાફલાની કવાયત વખતે હિંદની સેનાને શહાનશાહનાં પુનઃદર્શન થયાં. હિંદીસેના હિંદુસ્થાન આવવાને 'હાર્ડિંજ' નામની મનવાર ઉપર ચઢી હતી. તે વખત દરબારી સેલધાની બોટમાં બેશીને નામદાર શહાનશાહ પધાર્યા. તેમને હિંદી સેનાએ જયનાદથી વધાવી લીધા હતા. નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ પણ એઓશ્રીની સાથે હતા.

પ્રકરણ ૧૧ મું.

સફેદ બરફ જેવી, ભવ્ય દેખાતી આગબોટ 'રિનાઉને' ઇ. સ. ૧૯૦૫ ના ઓકટોબર મહિનાની ૨૧ મી તારીખે જીનોઆથી પોતાનું લંગર ઉપાડયું અને જેમાં ભરતી આવતી નથી એવા ભૂમધ્ય સમુદ્રમાં પોતાની સફરનો આરંભ કર્યો. તેની પહેલાં બે દિવસ ઉપર નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ ઓફ વેલ્સ લંડનમાં વિકટોરિયા સ્ટેશનથી નીકળી યૂરોપ ઉપર થઇને જમીનને રસ્તે ત્યાં પધાર્યાં હતાં. ભૂમધ્ય સમુદ્રનો કાફલો તેની સઘળી અરમારો સાથે તહેનાતમાં હાજર હતો. થોડો કાળ તેઓ પોર્ટસેઇડમાં થોભ્યા. તા. ૨૮ મીએ સ્વેઝની નહેરમાંથી પસાર થઇને પાંચમે દિવસે હિંદની સલ્તનમાં એડન આગળ પ્રવેશ કર્યો. પોતાના પ્રથમના પ્રવાસોમાં એડન જોએલું હોવાથી તેઓશ્રી આ વેળા જમીનપર ઉતર્યા નહોતા.

આ જગાએ એટલે એડનમાં તેઓશ્રીને હિંદના વાઇસ-રોયનો સંદેશો મળ્યો કે 'હિંદની સલ્તનતની સીમાપર આ-વેલા પ્રથમ બંદરમાં આપ નામદાર પ્રવેશ કરો છો તે વખતે વફાદારી અને આનંદભર્યો આવકાર આપવાની હું છૂટ લઉં છું. આખા હિંદુસ્થાનની અખંડ એક જ આશા છે કે આપ શ્રીનો પ્રવાસ અદ્વિતિય અને શુભપરિણામવાળો નિવડે.' નામદાર પ્રિન્સે તરત જવાબ મોકલ્યો હતો કે નામદાર પ્રિન્સેસ

અને મારી તરફથી આપ તેમજ હિંદની પ્રજાપ્રતિ આદર અને શુભ ઇચ્છાનો સંદેશો મોકલવાની પ્રથમ તક હું સાધું છું. આપના માયાભર્યા સંદેશાથી અમને સંતોષ થયો છે.'

દૂર ક્ષિતિજ ઉપર હિંદુસ્થાનનો કિનારો જણાતાં પ્રિન્સને વખતે પોતે ન્હાના હતા ત્યારે ૧૮૭૫ માં શહાનશાહની જોડે હિંદુસ્થાન આવવાનું ન ઠર્યું તેથી થયેલી દીલગીરી સાંભરી આવી હશે. તે વખતે પોતાના પિતાની સાથે પધાર્યા હોત તો જુવત તેના કરતાં આજ ત્રીસ વર્ષ પછી પોતે પ્રિન્સ ઓફ વેલ્સનું પદ ધારણ કરીને પધાર્યા તે વખત ઘણું વધારે જોવામાં આવ્યું. તે વખતે જે જે દેશમાં મુસાફરીનાં સારાં સાધન ન હોવાથી જવાય નહિ એવું હતું ત્યાં હાલ રેલ્વેને લીધે મુસાફરીની ખાસ સુગમતા થઇ ગઇ હતી. સામાન્ય રીતે પૂર્વ તરફના દેશો જમાનાની જોડે આગળ વધતા નથી એવું કહેવાય છે; એ હિંદુસ્થાનના સંબંધમાં ખોટું પડે છે. પશ્ચિમ તરફની પ્રવૃત્તિ અને વિજ્ઞાનની અસરોને લીધે પુરાતન પૂર્વમાં પણ અનંત ફેરફારો થાય છે. બેશક પૂર્વના સુધારા ને ફેરફારો તે મહાન તત્વવેત્તાઓના જેવી ગંભીરતા અને નિરાંતથી થાય છે.

નામદાર પ્રિન્સના પાંચ માસના પ્રવાસની ગોઠવણ કરવાનું કામ સહેલું નહતું. શું શું કરવું એની ખોટ નહોતી, પણ શું શું રહેવા દેવું એ વિચારવા જેવું હતું. હિંદના ખજાનામાં પ્રાચીન અને અર્વાચીન વિલક્ષણતા અને વિચિત્રતા એટલી બધી ભરી છે કે નામદાર પ્રિન્સે ઘણું ઘણું જોયું પરંતુ હજુ ઘણુંએ બાકી રહ્યું છે. વાઇસરોયના ખાનગી કામદાર સર

વોલ્ટર લોરેન્સ, જી. સી. આઇ. ઇને ભાગ્ય આ કામ આવ્યું હતું. આ ગૃહસ્થે પોતાનું જ્ઞાન, પોતાની કળ અને પોતાના હૃદયમાં નિરંતર વાસ કરતી હિંદુસ્થાન તરફની પ્રેમાળ લાગણીનો યથેચ્છ અને યથાયોગ્ય ઉપયોગ કરીને નામદાર પ્રિન્સના પ્રવાસની ગોઠવણુ કરી હતી.

નામદાર પ્રિન્સ હિંદુસ્થાનના પ્રખ્યાત મુખ્ય દરવાજા મુંબાઇમાં પગ મુકે ત્યારથી તે તેઓ નામદાર દિન પ્રતિદિન વૃદ્ધિ પામતા કરાંચી બંદરથી વિદાય થાય ત્યાં સુધી તેમને રોજ જૂદા જૂદા પ્રકારનો અનુભવ મળે એવી ખાસ ગોઠવણી કરવામાં આવી હતી. એક દિવસ જૂના કાળની ટેડી રજપુતાઇ જોવાનું મળે, તો બીજે દિવસે અર્વાચીન સમયમાં વૃદ્ધિંગત થયેલા શહેરનો અનુભવ મળે. સરહદ ઉપરના પહાડી મુલકના અનુભવ પછી રેતાળ પ્રદેશની ખુબીઓ આ રાજવંશી પરોણાની આગળ રજુ થતી. ફળદ્રૂપ મેદાનો, દુષ્કાળના બાંધકામો અને દુષ્કાળથી પિડિત લોકોનાં રહેઠાણુ, હિમથી આચ્છાદિત પર્વતો, તદ્દન લીલોતરી વગરના ડુંગરો, ધગધગતી રેતીનાં રણુ, વિષુવવૃત્તમાં થતા વા વંટોળ, બ્રહ્મદેશના નયન તૃપ્ત કરે એવા પ્રદેશો, દક્ષિણુની મનોહારી અજાયબીઓ, ઘાટના પ્રદેશોની આલ્હાદક ખુબીઓ, આ બધું એક બીજાની પછી નિયમસર જોવાથી અલૌકિક આનંદ ઉત્પન્ન થઇ ઘણું જ્ઞાન સંપાદન થતું. એક જગાએ પડેલા શ્રમનું બીજે નિવારણુ થઇ જતું. તાશીલામાને કલકત્તામાં નિમંત્રેલા હોવાથી જાણે ટીબેટ જ ત્યાં આવ્યું હોય એમ લાગતું હતું. હિંદુસ્થાનની પવિત્ર જગાઓને પણુ વિસારવામાં આવી નહોતી. ટુંકામાં નામદાર શ્રીનો પ્રવાસ સુખ,

આનંદ, અને જ્ઞાનજનક અનુભવનો અવિછિન્ન પ્રવાહ જ બની રહ્યો હતો.

નામદાર પ્રિન્સે હિંદુસ્થાનની પવિત્ર ભૂમિ ઉપર તા. ૯ મી નવેંબરે પગ મુકયો. સુભાગ્યે તે દિવસ શહાનશાહની જન્મ તિથિનો હોવાથી બારામાં લડાઇનાં બારકસો ઉપરથી શહાનશાહની સલામતીની તોપોની ગર્જના થઇ રહી હતી. ત્યાર પછી નામદાર પ્રિન્સની સલામતીની તોપો ગર્જી ઉઠી. હિંદના વાઇસરોય તેઓશ્રીને આગબોટ ઉપર પ્રથમ નમન કરવા પધાર્યા અને ત્યાંથી તે નામદારની સાથે જ પાછા વળ્યા હતા. બંદર ઉપર લાખો પ્રજાજનની મેદની મળી હતી. મુંબાઇ નગરી પોતાનો સારે દિવસે–તહેવારે–સજવાનો પોશાક સજીને ઇંદ્રપુરીની સ્પર્ધા કરતી હતી.

શહાનશાહના શાહજાદાને નિરખવાને પ્રજાજનોમાં આપો આપ ઉત્સાહ સ્ફુરી નીકળ્યો. જાણે આખા હિંદુસ્થાને પોતાના પ્રતિનિધીઓ મોકલ્યા હોય એમ દરેક રસ્તા જૂદી જૂદી જાતના લોકોથી ખિચોખિચ ભરાઇ ગયા હતા. આંખને ઝંખવી નાંખે એવા દેદિપ્યમાન પોશાકવાળા રાજાઓથી માંડીને અર્ધનગ્ન ફકીરો બરાબરી નજરે પડતા હતા. તવંગર તેમજ ગરીબ અને આબાલવૃદ્ધ પ્રજાજનોની મેદની તેમની પ્રજાભક્તિ બતાવી આપતી હતી. સઘળાંના મનમાં એક જ ઇચ્છા પ્રબળ વસી રહી હતી અને તે શાહજાદાને નિરખવાની હતી.

નામદાર પ્રિન્સ મંડપમાં પધાર્યા. એમને બિરાજવાને માટે ઉચ્ચ આસન ઉપર તખ્તો તૈયાર હતાં છતાં ત્યાં ન બેસતાં

તેઓશ્રીએ અને નામદાર પ્રિન્સેસે છેક કોરસુધી જઇ, પગથીઆં આગળ ઉભાં રહીને મુંબાઇની કોરપોરેશનનું માનપત્ર અંગિકાર કર્યું. પગથીઆં નીચે કોરપોરેશનના પ્રમુખ, ઓ. સર. પીરોજશાહ મહેતા, અને બીજા સભાસદો ઉભા હતા. તેમની પાછળ મુંબાઇના અને બીજેથી પધારેલા સદ્‌ગૃહસ્થો ઉભા હતા.

સર પીરોજશાહના માનપત્રનો જવાબ વાળતાં નામદાર પ્રિન્સ બોલ્યા હતા કે પ્રિન્સેસને અને મને માયા અને ઉત્સાહ ભર્યો આવકાર આપવાને સારૂ હું તમારો આભાર માનું છું. પ્રિન્સેસ અહિં પધાર્યા છે તે સંબંધે તમે જે હેતભરી વાણીમાં કહ્યું, તેથી અમારા બન્નેના હૃદયપર ઘણી અસર થઇ છે. એઓ પોતે હિંદની ભૂમિ ઉપર પધારનાર પહેલાં જ પ્રિન્સેસ ઓફ વેલ્સ હોવાથી એમને મગરૂરી ઉત્પન્ન થાય છે.

તમારૂં આવકારનું ભાષણ ઘણું છટાદાર હોવા છતાં પણ શહાનશાહતની બીજી અમારા જેવી પ્રજાને અમે જે નજરોનજર જોઇએ અને અનુભવીએ છીએ તેનો પૂરતો ખ્યાલ આપવાને તે શક્તિમાન નથી. આ દબ્દબા ભરેલી ક્રિયા કરવાને હિંદના વિશાળ પાશ્ચાત્ય બંદરના નાગરિક જનોએ ઉઠાવેલી રંજને તેમજ તેમના સ્નેહભાવને ઉચિત રીતે જણાવી શકે એવી શબ્દશક્તિ તમારા ભાષણમાં નથી.

આજથી બરોબર ત્રીસ વર્ષ પૂર્વે મારા પ્રિય પિતા નામદાર શહાનશાહે આજે હું ઉભો છું તે જગાથી થોડે જ દૂર ઉભાં રહીને શ્રીમુખે કહ્યું હતું કે હિંદુસ્થાન નિહાળવાને તેમની આખી જીંદગીમાં તેમને આતુરતા ભર્યા સ્વપ્નો આવતાં હતાં.

પ્રિન્સેસ અને મારે માટે પણ હું એમ જ કહી શકું એમ છે. અમને પણ એવી જ ઉમેદ હતી. અમારૂં એ સ્વપ્ન ખરૂં પાડવાને તમે અને તમારી જોડે સામીલ ગૃહસ્થોએ જે જે કર્યું છે તેને માટે અમે ખરા અંતઃકરણથી તમારો આભાર માનીએ છીએ. આ પ્રમાણે મારા પિતાશ્રીને પગલે પગલે ચાલવામાં એઓશ્રીએ જે પરનાલિકા સ્થાપિત કરી છે તેને જ હું અનુસરૂં છું. અને પેઢી દર પેઢી એ રિવાજ ચાલુ રહેશે જ એમ મને ભરૂંસો છે. હિંદુસ્થાનની મુસાફરીને પરિણામે મારા પિતાના મનમાં આ વિશાળ દેશને માટે જે સ્નેહભાવના ઉત્પન્ન થઈ હશે તે કદી ઉણી થઇ નથી. ખરેખાત મને આશા, અરે મને દૃઢ વિશ્વાસ છે કે આ દેશ તરફ તેવી જ સ્નેહભાવના ઉત્પન્ન થઇને તે અમારા હૃદયમાં પણ ચિરકાળ વાસો કરશે.

હિંદવાસીઓના પ્રેમની અને માન આપવાને તેમણે ઉઠાવેલી રંજની કદરદાની ભરેલા અને નિખાલસ દીલથી કરેલા નામદાર પ્રિન્સના આ ભાષણની અસર જાદુ જેવી થઇ હતી. એમ કહીએ તો ચાલે કે એમના આખા પ્રવાસમાં પ્રજાજનોએ આપેલા સાદર આવકારનો પાયો જ એનાથી નંખાયો. લોકોની તરફથી આવા જ પ્રકારનું અને આટલું જ માન મળશે એવી એવી અટકળો ખોટી પડી. નામદાર પ્રિન્સેસ અને પ્રિન્સને જાતોજાત નિરખ્યાં અને એમનાં હેતભર્યા વચનો સાંભળ્યાં, કે પ્રજાના હૃદયમાંથી ધાર્યા કરતાં ઘણો જ વધારે ઉત્સાહ અને સ્નેહ ભર્યો આવકાર સ્ફુરી નીકળ્યો. આ પ્રવાસનો આરંભ જ આ પ્રમાણે મંગળદાયક થઇ પડયો.

મુંબાઇમાં ઘણા માનવંતા રાજવંશીઓની મુલાકાતો લીધી; શહેર સુધારા અને વધારાના ટ્રસ્ટે નવો નિર્માણ કરેલો રસ્તો ઉઘાડવાની ક્રિયા કરી. આ રસ્તાનું નામ મુંબાઇએ પ્રિન્સેસ સ્ટ્રીટ પાડીને નામદાર પ્રિન્સેસનું શુભ નામ મુંબાઇની સાથે સદાને સારૂ યોજ્યું. તેમણે વળી મુંબાઇના સંગ્રહસ્થાનનો પાયો નાંખવાની ક્રિયા પણ કરી હતી. નવી ગોદીનો પાયો પણ એમને મુબારક હાથે નંખાવ્યો. પણ સૌથી વધારે અગત્યની અને દબદબા ભરેલી ક્રિયાઓતો મુંબાઈની સન્નારીઓએ નામદાર પ્રિન્સેસના માનમાં મેળાવડો કરીને કરી હતી. પૂર્વે કોઇ પણ વખત જનાનખાનામાં રહેનાર સન્નારીઓનો આવો મેળાવડો થયો નહોતો. સન્નારીઓએ પોતાના યુવરાજની વધુ-યુવરાજ્ઞી અને પાશ્ચાત્ય દેશવાસી પોતાની ભગનીને આપણા પોતાના રિવાજ પ્રમાણે માનપાન આપ્યું હતું. આ મેળાવડો મુંબાઈના ટાઉન હોલમાં ભર્યો હતો. અહિંના મોટા વિશાળ ખંડને કિંમતી જરીઆન અને જરીનાં ભરત કામથી સુશોભિત બનાવી દીધો હતો. જમીન ઉપર બેમૂલા ગાલીચા બીછાવી દીધા હતા. નામદાર પ્રિન્સેસ ગાડીમાંથી ઉતરે ત્યાંથી રાતી બનાત જડી દીધી હતી અને એના ઉપલા બીજા છેડાથી જરીનાં બીછાનાં શરૂ થતાં હતાં. સન્નારીઓની આવકાર દેનાર મંડળીએ પ્રિન્સેસને બિરાજવા સારૂ એક તાજ ખડું કરી દીધું હતું. વિખ્યાત શહાનશાહબાનુ નૂરજહાનના તખ્તને નમુને આ તખ્ત બનાવવામાં આવ્યું હતું. એની સઘળી બનાવટ સોનું અને શહાનશાહી રાતા રંગના મખમલની કરી હતી. ઉપર સોનાનું રાજછત્ર આવી રહ્યું હતું. સિંહાસનના સ્થંભો, બેઠક અને બેઠકના હાથા એ બધાં કિંમતી જવાહીરોથી મઢી દીધાં હતાં. દરેક

હાથા ઉપર સ્વાભાવિક મોર જ હોય નહિ એવા સુશોભિત રંગે રંગેલો અક્કેકો મોર બનાવવામાં આવ્યો હતો. આ બધી ભવ્યતામાં દેદિપ્યમાન અને રંગબેરંગી વસ્ત્રાભુષણુ સજેલી અને ઝલેઝલે થઇ રહેલાં જવાહીરોથી પ્રકાશમાન કાંતિવાળી જૂદા જૂદા વર્ણુની સન્નારીઓથી કાંઇ ઓર વધારો થઈ રહ્યો હતો.

જેવાં પ્રિન્સેસ પધાર્યાં કે તેમના ચાલવાના રસ્તામાં ફુલ વેરવામાં આવ્યાં. અને જેવાં એ નામદાર ખંડના ભવ્ય દ્વારમાં આવ્યાં કે જૂદી જૂદી ત્રણુ ક્રિયાઓ કરવામાં આવી. લેડી પિટિટ નામનાં પારસી બાનુએ તેઓશ્રીને સાકર અને મીઠા-ઈથી વધાવી લીધાં. એમનું જીવન સાકર જેવું મિષ્ટ નિવડો એમ પ્રાર્થના કરી. તે નામદારના ચરણુકમળ આગળ શ્રીફળ વધેર્યું. એમના પાદાંબુજ આગળ શ્રીફળ ભાગ્યું એમ સઘળી અલાબલા ભાગી જાઓ એવી પ્રાર્થના કરી. તે નામદારને ધન ધાન્યની પુષ્કળતા અને આબાદાની સૂચવવા ચોખા, ઇંડાં, અને પાણી નજર કર્યાં.

એ પછી મીસીસ ચંદાવરકર—જેઓ હાલ લેડી ચંદાવરકર થયાં છે, તેમણે આરતીની હિંદુ ક્રિયા કરી. સુવર્ણુના થાળમાં પાંચ શગોવાળો કર્પુર જેવા સુગંધીવાન પદાર્થનો બળતો દિવડો મુકીને આરતી ઉતારવામાં આવી હતી. એમણે પ્રાર્થના કરી કે આપશ્રીના જીવનમાં સર્વદા આમ તેજ પ્રકાશજો. તેમણે વળી નામદાર પ્રિન્સેસના વિશાળ વિપદ અને ભવ્ય લલાટમાં કુમ-કુમનું તિલક કર્યું અને સદા સૌભાગ્ય રહે એવી પ્રાર્થના કરી.

ત્યાર પછી બેગમ મુમ્તાજન નસરૂલ્લાખાને મુસલમીન 'આમીન' ની ક્રિયા કરી. કાળા ભમર જેવા કેશપાશમાં સફેદ પુષ્પો ધારણ કરીને કેટલીક મનોહર કુમારિકાઓ પ્રિન્સેસની હઝૂરમાં હાજર થઇ. તેમણે એ નામદારના ચરણ-કમળ આગળ સોના રૂપાનાં પુષ્પો વેરીને દુનિયામાં ગરીબ લોકો પણ છે એની યાદ આપી. તેઓએ એઓશ્રીના હસ્ત-કમળમાં શાંતિના ચિન્હ તરીકે સુવર્ણવેષ્ટિત બદામો અને પુષ્કળતાના ચિન્હ તરીકે એવું જ શ્રીફળ આપ્યું.

જેવાં રાજલક્ષ્મીરૂપ પ્રિન્સેસ સિંહાસન સમિપ પહોંચ્યાં કે તેમના ઉપર સાચાં મોતીનો વર્ષાદ વર્ષાવીને કવિની "મોતીડે વુઠયા મે" એ ઉક્તિ સાચી પાડી. ત્યારબાદ પ્રિન્સેસની હઝૂરમાં, ઉર્દૂ–મરાઠી અને ગુજરાતી એમ મુંબાઈની ત્રણે ભાષાઓમાં માનપત્ર વાંચવામાં આવ્યાં.

આ આનંદ અને દબદબા ભરેલી અલૌકિક ક્રિયાવાળા આવકારનો જવાબ નામદાર પ્રિન્સેસે આપ્યો. આ પ્રવાસમાં તેઓશ્રીએ પ્રજાજનોનાં હૃદય કેવી કળાથી વશ કરી લીધાં હતાં તે એમનાં વચનોથી સમજાય છે. એમણે શ્રીમુખે કહ્યું કે તમે આપેલા માયા અને ભવ્યતા ભરેલા આવકારને માટે હું તમારો ઘણો જ ઉપકાર માનું છું. તમે બધાં અંતઃકરણની કોઇ શુભ ધારણાથી મને આવકાર આપવાને ઉમંગી બન્યાં છો તે હું સમજું છું. હિંદુસ્થાનમાં પગ મુકતાં જ હિંદુસ્થાનની સન્નારીઓને વિશે મારા મનમાં આશાજનક, સુખમય અને ઉજ્વલ ભાવનાઓ ઉત્પન્ન થઈ છે તેથી હું સમજું છું કે તમારી ધારણા ફળીભૂત થઇ ચુકી છે. આ પ્રવાસમાં મારો એ પણ

એક હેતુ છે કે મારે મારાથી બની શકે એટલી છૂટથી મારી હિંદવાસી બહેનોની જોડે ભેળાવું અને તેમની સ્થિતિનું નિરિક્ષણ કરવું. જેમ જેમ હું તમારાં બધાંની સાથે વધારે હળીશ, મળીશ અને ભળીશ તેમ તેમ હું તમારા જીવનનું નિરિક્ષણ વધારે કરી શકીશ. અને જેમ વધારે ભેળાઈશ તેમ તેમ જે ઉચ્ચ ગુણોને માટે મારી હિંદવાસી બહેનો જગજાણીતી છે તે ઉચ્ચ ગુણોની કદર વધારે કરી શકીશ.

પ્રથમ સમાગમે જ મારા મન ઉપર ઘણી જ મનોહર છાપ પડી છે. મારા આ હિંદુસ્થાનના પ્રવાસ દરમ્યાન હું જો આવું ને આવું જોઇશ તો ખરેખાત તમે તમારા માનપત્રમાં કહ્યું તેમ હું ઇંગ્લંડ જઇશ ત્યારે તમારી સુખભર યાદ અને તમારા તરફ મારા હૃદયમાં ઉત્પન્ન થએલી મમતા પણ સાથે લેતી જઇશ. આમ થવાથી આપણો સંબંધ વધારે નિકટ થશે અને આપણે એક બીજાં તરફ માન, મમતા, અને શુભ ઇચ્છા ધરાવતાં રહીશું.”

સ્હેજ બીજી આગતા સ્વાગતા થયા પછી હિંદુ, મુસલમાન અને પારસી કન્યાઓએ દીવાની આજુબાજુ ફરીને ગરબીઓ ગાઇ, અને છેવટે પ્રિન્સેસને શુભાશિષો આપી.

તે રાત્રે મુંબાઇએ દેદિપ્યમાન રોશની કરી હતી. સઘળાં મકાનો ઉપર રંગાબેરંગી દીવા ઝગઝગી રહ્યા હતા. જૂદા જૂદા રંગનાં વસ્ત્રાભુષણ સજેલાં પ્રજાજનો પુષ્પમયસજીવ વાટિકા જ હોય એમ નજર આવતું હતું.

નામદાર પ્રિન્સે મુંબાઇના ગવરનર લોર્ડ લેમિંગ્ટનને જતી

વખત સંદેશામાં કહ્યું હતું કે 'મુંબાઇએ અમને આપેલા હેત અને આદરભર્યા આવકારથી અમને લાગ્યું છે કે અમે જાણે ઘેર અમારા પોતાના જનોમાં જ છીએ' એ વાજબી જ હતું.

મુંબાઇના પ્રેમ ભર્યા આતિથ્ય પછી રાજવંશી મહેમાનોએ ઉત્તર તરફ ખાઇબર પાસ અને સરહદનું નિરિક્ષણ કરવા તે તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં મધ્ય હિંદુસ્થાનના રાજકર્ત્તાઓએ મુલાકાતનો આનંદ ભોગવ્યો હતો. શાહજાદાને માન આપવા એકઠા મળેલા રાજાઓની મુલાકાત ઇંદોરમાં લીધી હતી. સઘળાંમાં ભોપાળનાં બેગમ સાહેબ સર્વેનું લક્ષ આકર્ષતાં હતાં. આખી દુનીઆંમાં રાજકરનાર મુસલમાન સન્નારી એઓ એકલાં જ છે. પોતે પડદાનશીન હોવા છતાં સુશોભિત બુરખો પહેરીને આનંદને દરેક પ્રસંગે પધાર્યા હતાં. તેઓ સ્ત્રીજાતિને પડદાનશીન રહેવું એ યોગ્ય છે, એવી માન્યતાવાળાં છતાં પોતાના રાજ્યની દરેક બાબતથી માહિતગાર રહે છે. પોતાના આખા રાજ્યમાં એમણે મુસાફરી કરીને જાત અનુભવ મેળવ્યો છે. પોતાની રૈયતની હાલતથી વાકેફ રહે છે. જાતે જ અરજીઓ લઇને ફરીઆદ સાંભળે છે. કેળવણી અને સ્ત્રીકેળવણીનાં જબરાં હીમાયતી છે અને એ કામમાં રહેજ પણ અવરોધ થાય તો તેને તરત દબાવી દે છે. બેગમ સાહેબનો અમલ એટલો તો વખણાય છે કે એમની પછી પુરૂષ ગાદીએ આવશે એ સઘળાંને ખરેખાત ખેદજનક લાગે છે. ઇંદોરમાં પ્રિન્સ ઓફ વેલ્સે આવાં વિરલ રાજકર્ત્રીને જી. સી. આઇ. ઇનો માનવંતો ઇલ્કાબ આપવાની ક્રિયા કરી હતી. શાહજાદાએ એ માનવંતા ઇલ્કાબનાં ચિન્હ નામદાર બેગમ સાહે-

ખના કંઠમાં પહેરાવ્યાં અને તેમની સાથે હાથ મેળવ્યો. તેઓએ ઘણા માન પુરસ્સર નમન કરીને આવો માનવંતો ઈલ્કાબ મને જાતોજાત આપીને મારા માનમાં ખાસ ઉમેરો કર્યો માટે હું મારા ખરા જીગરથી આપનો અહેશાન માનું છું અને ઇચ્છું છું કે સર્વશક્તિમાન ઈશ્વર શહાનશાહને અને આપને સલામત રાખે એવું પોતાની ભાગીતુટી ઈંગ્રેજી ભાષામાં કહ્યું.

ઉદેપુરમાં નામદાર પ્રિન્સ ટેડી રજપુતાઈવાળા શુદ્ધ રજપુતોના ખાસ સમાગમમાં આવ્યા હતા. પશ્ચિમની કશી અસર આ જગાએ જણાતી નથી. સઘળાના કરતાં મહારાણાશ્રીની અલૌકિક ભવ્યતા કાંઇ ઓર જ છે. આખા હિંદુસ્થાનમાં તેમનો વંશ વિશુદ્ધિને માટે વિખ્યાતી પામેલો છે. એમનું તુખમ ઘણું જ શ્રેષ્ટ ગણાય છે. પરાપૂર્વથી ચાલતી આવેલી કિંવદંતીની અસરથી એઓ ઘણા જ સભ્ય, ડહાપણવાળા, અને રાજનીતિજ્ઞ ગણાય છે. હિંદુઓની માન્યતા પ્રમાણે નમુનેદાર રાજકર્ત્તા હોવા છતાં એઓશ્રી જાતે સાદા, સાધુ જેવા છે. પોતાનો રાજવહીવટ એ જ એમનું કામ અને પ્રજાજનની વચ્ચે રહીને ભોગવ્યો એ જ એમનો આનંદ. શરીરે કૃશ, ટટાર, કદાવર અને ભવ્ય આકૃતિવાળા હોઇ ઉત્તમ કુળના ઉત્તમ આભુષણરૂપ છે. એમના પૂર્વજોમાં ઘણા નામાંકિત વીરપુરૂષો થઇ ગયા છે. વીર પુરૂષો તેમજ વીરાંગનાઓ જેમણે જીવ જતાં સુધી પણ મુસલમાન વિજેતાઓને અટકાવ કરીને રંજ કર્યા હતા અને નમણું આપ્યું નહતું, એમના પુત્ર હોવા જોઇએ એવાજ હાલના મહારાણાશ્રી છે. અહીં પ્રિન્સની પરોણાગત અને બીજી ક્રિયાઓ થઇ તે પણ જૂના કાળને અનુસરતી હતી. જુની અને દેશી

રજપુતાઈ હવે હિંદુસ્થાનમાં દિવસાનુદિવસ ક્ષિણ થતી જાય છે. જ્યાં જ્યાં નજરે પડે છે ત્યાં ત્યાં એને જોઈને ઓછું સાનંદાશ્ચર્ય ઉપજતું નથી. માહારાણાશ્રીએ રાજમહેલથી માંડીને તે ગરીબનાં ઝુંપડાં ઘરાઘરી આખું શહેર શણગારવામાં લખલૂટ ખર્ચ કર્યું હતું. ઉદેપુરમાં પોતાના ભાષણમાં નામદાર પ્રિન્સે કહ્યું હતું કે 'અમે રજપુતો વિશે ઘણું ઘણું સાંભળ્યું છે. તેમ જ એ વર્ગના ઘણા ગૃહસ્થોને ઇંગ્લંડમાં મળ્યા છીએ. પરંતુ રજપુતોમાં પરાપૂર્વથી સ્વાભિમાન ઉત્પન્ન થાય એવા પ્રેમશૌર્ય, સ્વતંત્રતા અને સભ્યતાના સદ્ગુણોનું અવલોકન કરવું હોય તો તેમને તેમના પોતાના દેશમાં જ નિરખવા જોઈએ. હું અંતઃકરણપૂર્વક કહું છું કે પ્રિન્સેસે અને મેં રજપૂતોને માટે જે જે સાંભળ્યું હતું તે બધું અમે એક દિવસમાં જે જે જાતે જોયું તેની મોટાઈ આગળ કશી વિશાતમાં નહોતું. નામદાર પ્રિન્સે હિંદુસ્થાનમાં પ્રથમ શિકાર ઉદેપુરમાં જ કર્યો હતો. પ્રિન્સેસે તે દિવસ ઐતિહાસિક વસ્તુઓ અને કારીગરીના નાદર નમુના નિરખવામાં ગાળ્યો. જયપુર પધાર્યા ત્યાં નામદાર પ્રિન્સને બીજા રજપુત રાજ્યનો અનુભવ મળ્યો. જયપુરના મહારાજા નામદાર પ્રિન્સના જૂના મિત્ર છે. શહાનશાહ એડવર્ડ ૭ માની તાજપોષી વખતે પધારેલા રાજવંશી મહેમાનોમાં મહારાજાની ભવ્ય ગંભીરાકૃત્તિ ઉપર બધાનું લક્ષ ખેંચાતું. મહારાજાએ ખાસ પોતાને માટે આખી આગબોટ રાખી હતી, તેમ જ ઘણા જ ચાકર નફરો અને એઓશ્રી વિલાયતમાં રહે ત્યાં સુધી ચાલે એટલો ખોરાક અને પાણી પણ હિંદુસ્થાનથી જોડે રખાવ્યું હતું તે વાત સઘળાંના સ્મરણમાં તાજી જ છે. શહેરના રસ્તા પહોળા અને સિદ્ધા હોવા જોઈએ એ વાત

અમેરિકનોએ પ્રતિપાદન કરી છે એમ ઘણા માને છે, પણ સૈકાંના સૈકાં પૂર્વે બંધાયલા જયપૂરમાં રસ્તા વિશાળ અને સિધા છે. ઠેકાણે ઠેકાણે હાથી અને ઊંટ નજર આવતાં હતાં. ખરેખાત જયપૂરને જોતાં મધ્યકાળના હિંદુસ્થાનમાં વસતાં હોઇએ એવો ભાસ થાય છે. જયપૂરમાં પણ ઘણી ઉપયોગી ક્રિયાઓ થઈ હતી. કામનો ઘણો અંતરાય છતાં નામદાર પ્રિન્સ અહિં પણ શિકારગાહે પધાર્યા હતા. પોતાની જીંદગીમાં અહિં જ એમણે વાઘ પ્રથમ માર્યો હતો. નામદાર પ્રિન્સ કેવા આબાદ તાકેડુ છે એ સઘળાને સહજ જ જણાઈ ગયું હતું. જયપૂર મહારાજા ઘણા દયાળુ છે અને એમની દયાભાવનાને લીધે ગરીબ અને દુષ્કાળપિડિત જનોને ઉદારતા ભરેલો આશ્રય સતત મળ્યે જાય છે. સન ૧૮૯૯ માં એઓશ્રીએ દુષ્કાળથી પિડાતા જનોને મદદ કરવાને મોટી રકમ આપી છે. નામદાર પ્રિન્સના શુભ આગમનનું સ્મરણ રાખવા એઓશ્રીએ ૧૯૦૫ માં પોતાના એ ખાતાને ત્રણ લાખ રૂપીઆની મદદ કરી હતી. જયપૂરનાં મહારાણીએ નામદાર પ્રિન્સેસના માન દાખલ પોતાની તરફથી નેવું હજાર રૂપીઆ એ જ ખાતાને આપ્યા હતા. ખાણા વખતે પોતાની સલામતી લેવડાવી હતી તેના જવાબમાં નામદાર પ્રિન્સે કહ્યું હતું કે “આપ મહારાજાની દીનજનો તરફ દયાભાવનાનો ઉદારતાભર્યો તાજો દાખલો જોઇને અમારાં મન ઉપર ઘણી અસર થઇ છે. અમારા આગમનની યાદગીરી રાખવા આપે કોઈ જાહેરમકાન, અગર બીજું એવું કાંઇ પણ કર્યું હોત તેના કરતાં આપ મહારાજાની ઉદારવૃત્તિથી જ અસ્તિત્વમાં આવેલા આખી પ્રજાના હિતના આ દુષ્કાળ ભંડોળમાં સાથે આવી મોટી રકમ ઉમેરી તેથી અમને અધિક

આનંદ થયો છે. ખરૂં માનજો કે આના જેવો આનંદ અમને બીજા કશાથી થાત નહિ. નામદાર પ્રિન્સનાં વચનોથી સઘળાંને અતુલ આનંદ થયો હતો. રણમાં આવેલા બિકાનેરમાં વળી પ્રિન્સને જુદો જ અનુભવ સંપાદન થયો હતો. અહિના તરૂણ મહારાજા જૂનાં રીત રિવાજોની સાથે હાલના સુધારાના પણ મોહક છે. ઇમ્પિરિયલ સર્વિસનું એમણે ઉભું કરેલું લશ્કર અનુપમ છે. એમની ઉંટની પલટણ તેમજ પદાતીની પલટણે પોતાના રાજ્યની કીર્ત્તિ જ માત્ર જાળવી છે એટલું નહિ પણ સામ્રાજ્યના હિત સારૂ ખૂદ મહારાજાની સરદારી નીચે ચીન અને સોમાલીલેન્ડમાં ઘણું જ પરાક્રમ કર્યું છે. રણના મધ્યમાં આવેલા આ પુરાતન શહેરમાં નામદાર પ્રિન્સે સોમાલીલેંડમાં કરેલા પરાક્રમને સારૂં લશ્કરને કીર્ત્તિચંદ્ર આપતી વખત તેમની વીરતાનાં વખાણ કર્યાં હતાં. સામ્રાજ્યના હિતની ખાતર યુદ્ધે ચઢીને દરીઓ ઓળંગનાર હિંદના રાજ્યકર્ત્તાઓમાં આ મહારાજા અગ્રેસર જ છે. એઓશ્રી નામદાર પ્રિન્સ ઓફ વેલ્સના અંગરક્ષકનું માનભર્યું પદ ભોગવે છે અને એમનું સુશોભિત ચિત્ર ખૂદ માર્લબરો હાઉસના એક ખંડને શોભાવી રહ્યું છે. આ જોવા લાયક અને અજબ રાજ્યમાં નામદાર પ્રિન્સ રહ્યા ત્યાં સુધી જાણે વિસામો લેવા રહ્યા હોય એમ બન્યું. મુસાફરીમાં ઠેર ઠેર ક્રિયાઓ કરવી પડતી. શહેર બહાર આવેલા લાલગઢ મહેલમાં અને ગજનેર અગાઉ શિકારગાહની ગોઠવણ કરી ત્યાં એ નામદારને સુખ, વિલાસ અને વિશ્રાંતી મળે એવી ખાસ ગોઠવણો કરી હતી.

રણમાંથી નીકળીને નામદાર પ્રિન્સ લાહોર પધાર્યા. લાહોર

ત્યાંના વિશાળ અને રમ્ય બગીચાઓને માટે પ્રખ્યાત છે. કેટલાક તો એને બગીચાનું શહેર જ કહે છે. નાગરિકજનોએ અહિં ઘણો આવકાર આપ્યો. શાહજાદાને માન આપવાને આખા પંજાબના રાજાઓ એકઠા થયા હતા. એ સઘળાનો દેખાવ ખરેખાત ચિતાકર્ષક હતો. પંજાબ વીરત્વને માટે સુવિખ્યાત છે. અને તેથી જ એ પ્રાંતને હિંદુસ્થાનનો તરવાર વાળો હાથ એવું ઉપનામ મળ્યું છે. અહિં ઘણા લશ્કરની કવાયત લીધી હતી. શુરવીર પંજાબીઓ સમર્થ ઘોડેસ્વાર છે અને આ કવાયત વખતે એમણે પોતાનું નામ સાર્થક કરી બતાવ્યું હતું.

છેક સરહદપર આવેલા પેશાવરમાં નામદાર પ્રિન્સનું આગમન સરહદના તોફાની અને માંહોમાંહિ ટંટો ફિશાદ કરનારા સરદારોને શાંતિ અને સલાહરૂપ જ થઇ પડયું હતું. એઓએ પોતાનો કલહ કોરાણે મુકીને થોડીવાર પોતાનું વેર અને કજીયા તજીને નામદાર શાહજાદાને માન આપવા કમર કસી. એક પછી એક સઘળાઓએ પોતાની તરવારની મુઠ શાહજાદા આગળ નજર કરી. અને એઓશ્રીએ હસિત વદને પોતાનો હસ્તકમળ તેને અડાડયો. આ વખત જોવા લાયક શોભા બની રહી હતી. રંગબેરંગી ગાલીચા પાથરેલી જમીન છતાં, કિંમતી તંબુઓ તાણ્યા છતાં, દેખીતી શાંતિ છતાં, પેશાવરમાં દરેકની જીંદગી હરદમ જોખમમાં હોય છે. ત્યાં રહેનાર સૈનિકો, સેનાનીઓ અને અમલદારોને હમેશ સાવધાન રહેવું પડે છે. એ બધાને સારૂ સમુદ્રપારથી શહાનશાહનો સંદેસો હતો કે તેઓશ્રી તેમજ તેઓશ્રીની બીજી પ્રજા પેશાવરમાં રહેલાઓ પ્રતિ સ્નેહભાવનાથી ઉત્કર્ષાઇ હમેશ તેમની ખબર રાખે છે.

પેશાવરથી નામદાર પ્રિન્સ ખાઇબર પાસમાં છેક લુંડિકોટેલ સુધી પધાર્યા હતા. અફગાનીસ્થાનની સરહદ ત્યાંથી માત્ર ચાર મૈલ ઉપર જ આવી છે. કોઇને તો લાગે કે આ મુસાફરી જોખમ ખેડવા જેવી હતી. શાહજાદાની સ્વારી બેધડક પાસમાં થઇને ગઇ હતી. ઉંચા પર્વતોનાં શિખરો અને મોટી મોટી દિવાલ જેવા સીધા કઢણુ ઉપર ઘણે જ થોડે થોડે છેટે સૈનિકો ખડા થઇ ગયા હતા, તે દેખાવ જોયા જેવો હતો. નિર્જન પ્રદેશમાં થોડા થોડા હાથને છેટે, ટોચે ટોચે ઉભેલા આ વીર સૈનિકો કોરેલા પુતળા જેવા જણાતા હતા. લોકોના વિશ્વાસ ઉપર શાહજાદાની જીંદગી સોંપવામાં આવી હતી. યુદ્ધમાં જ ઉછરેલા, યુદ્ધમાં જ આનંદ માનનારા આ લોકો કાંઇ આપણા સર્વદાના મિત્ર પણ નહોતા. થોડા કાળ ઉપર જ આફ્રિદીઓના વિગ્રહમાં આપણી સાથે જ લડેલા હતા. જાતે પણ આફ્રિદીઓ હતા. તેમનામાંથી કોઇ કાંઇ અવળચંડું કરી ન બેશે માટે દરેકના ઉપર નજર રાખનાર પણ તૈયાર જ હતા. પરંતુ એઓ પણ આફ્રિદીઓ જ હતા. માત્ર છ અમલદારો શિવાય બધા ત્યાંના જ રહેવાસીઓ હતા. કેવો હિંમત ભર્યો વિશ્વાસ! એ લોકોએ આ વિશ્વાસનો લગીરે ભંગ કર્યો નથી અને નામદાર શાહજાદા હેમખેમ પાછા પધાર્યા હતા. એ લોકોને લશ્કરી તાલીમ આપનાર ઉપરી અમલદારનું ચાતુર્ય આથી જણાઈ આવે છે. અલિમસ્જીદના કિલ્લા આગળ તળેટીમાં માંડવો ઉભો કર્યો હતો. ૨૫૦૦૦ આફ્રિદીઓ જેઓ જન્મથી જ વીર યોદ્ધા હોય છે અને ખાઈબરપાસની દરેક જગાના ખાસ ભોમિયા હોય છે, તેમના દશ મુખીઓ ત્યાં આગળ હાજર રહ્યા હતા. એમણે પોતાના રિવાજ પ્રમાણે નામદાર શાહજાદાને નમન

કરીને કહ્યું કે ‘અમારો જાન માલ આપને આધીન છે.’ તેમણે મધપુડા વળગેલી લાકડીઓ નજર કરી. શાહજાદાએ તેનો સ્વીકાર કરીને શિરસ્તા પ્રમાણે ‘હું પાછો આવીને માગું ત્યારે રજુ કરજો’ કહીને પાછી આપી. નામદાર શાહજાદાએ મેજર રૂસ કેપલને હૃદયવેધક શબ્દોમાં મુબારકબાદી આપી. ખરેખાત શાહજાદાનાં આ વચનો માત્ર શિષ્ટાચારનાં નહોતાં, પણ ખરેખાત અંતઃકરણપૂર્વક કહેલાં હતાં. ત્યાંથી નામદાર પ્રિન્સ રાવળપિંડી પધાર્યા હતા. ત્યાં આગળ ૫૫૦૦૦ સૈનિકો સાથે હિંદુસ્થાનના કમાણ્ડર-ઇન-ચિફ હાજર હતા. લોર્ડ કિચ્નર તે કાળે કમાણ્ડર-ઇન-ચિફ-સેનાપતિ-હતા. નામદાર પ્રિન્સની છાવણીમાં તેમનાં સુખનાં સાધનો તૈયાર રાખી તેમને આસાયશ મળે તે ઉપર ખાસ લક્ષ રાખવામાં આવ્યું હતું. દરેક પ્રકારની કવાયતો કરવામાં આવી હતી. એ થઇ રહ્યા પછી નામદાર પ્રિન્સ જેઓ પોતે બ્રિટિશ સેનાપતિ છે તેમણે લોર્ડ કિચ્નરની માર્ફત લશ્કરને કહેવરાવ્યું હતું કે પોતે જે જે જોયું તેનાથી પૂર્ણ સંતોષ પામ્યા છે.

સમય બહુ નહોતો માટે નામદાર પ્રિન્સ કાશ્મીરના સિમાડાના પ્રદેશમાં જ પધારી શક્યા હતા. રાવલપિંડી આગળ લશ્કરી કવાયત વખતે લોર્ડ કિચ્નરે નામદાર પ્રિન્સને માટે ઘણી જ વખાણવા લાયક ગોઠવણો કરી હતી. ત્યાં સુખનાં દરેક સાધન તૈયાર હતાં એ અમે કહ્યું છે. કાશ્મીર મહારાજા શિયાળામાં રહે છે તે રાજધાની જમ્મુમાં તેમણે નામદાર પ્રિન્સનું આતિથ્ય કર્યું હતું. મનોહરતા, આરામ, અને સુખનાં સાધ-નોની સંપૂર્ણતાની બાબતમાં લોર્ડ કિચ્નરની વિસ્મયકારક ગોઠ-

વણો કાશ્મીર મહારાજાની ગોઠવણો આગળ કશા લેખામાં નહોતી. કાશ્મીરમાં રેશમના વહેપારની વૃદ્ધિનાં ચિન્હ છાવણીમાં અને ઠેર ઠેર નજર પડતાં હતાં. કુશળ અંગ્રેજોને નોકરીમાં રાખી તેમની સહાયતાથી મહારાજા રેશમના કીડા ઉછેરીને એ ઉદ્યોગ પોતાના રાજ્યમાં ધમધોકાર ચલાવે છે. કાશ્મીરનો નાનામાં નાનો ખેડુત પણ પોતે કીડા ઉછેરીને આ લાભદાયક ધંધામાં ભાગ લે છે. આ રાજ્યમાં બ્રિટિશ તેમજ હિંદુસ્થાનના ઇજનેરોના સાહસથી રેલ્વે પણ ધમધોકાર ચાલે છે. ઝેલમ નદીને વશવર્ત્તીની બનાવી દઇને તેની પાસે વિજળી ઉત્પન્ન કરાવાય છે. નામદાર પ્રિન્સની પધરામણીની યાદગીરી તરીકે મહારાજાએ પ્રજાની દરેક નાત અને જાતને લાભપ્રદ મોટી પાઠશાળા સ્થાપવાનો નિશ્ચય કર્યો છે. એજ પ્રસંગની ખુશાલીમાં ગરીબ લોકોને ભોજન કરાવવામાં આવ્યું તે વખત નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ, મહારાજા અને તેમના અમલદારો હાજર હતા.

અમૃતસર સીખ લોકોના પંથનું પવિત્ર શહેર છે. ત્યાં સઘળી પવિત્ર વસ્તુઓમાં પણ પવિત્ર એવું તેમનું સુવર્ણમય દેવળ છે. આ દેવળમાં ‘ ગ્રંથ સાહેબ* ’ ને રાખવામાં આવે છે. નામદાર પ્રિન્સને સીખ લોકોએ પોતાના રિવાજ પ્રમાણે ‘ વાહ ગુરૂજીકી ખાલસા, વાહ ગુરૂજીકી ફતેહ ’ ના શબ્દોથી વધાવી લીધા હતા. ‘ અકાળ એજ સત્ય છે ’ એ પણ એ લોકોનું છૂટા પડતી વખતે માન આપવાનું વાકય છે. સીખ

* સીખ લોકોના ધર્મ પુસ્તકને ‘ ગ્રંથસાહેબ ’ કહે છે.

લોકો ધર્મચુસ્ત અને હિંદુસ્થાનના વજ્રાંગીજનો* ગણાય છે. નામદાર પ્રિન્સે પોતાના ભાષણ દરમ્યાન કહ્યું હતું કે 'વીરત્વમય સીખ લોકોને પ્રિય આ શહેર જોયા વગર મારાથી પંજાબનો પ્રવાસ પૂરો કરાય જ નહિ.' સીખ લોકોએ માનપત્ર આપ્યું તેનો દાબડો તેમના સુવર્ણમય દેવળના આબેહુબ નમુના જેવો બનાવ્યો હતો.

દીલ્હી ઘણી અગત્યની ઐતિહાસિક વાતોનાં સ્મરણ કરાવે છે. હિંદુસ્થાનના રાજનગરનું પદ હજારો વર્ષથી દીલ્હી જ ભોગવે છે. એક પછી એક સેંકડો રાજવંશો બદલાઈ ગયા, એક પછી એક મહાન રાજાઓ પોતાની કાંઇક કાંઇક અસરો મુકીને ચાલ્યા ગયા, પણ ઇંદ્રપ્રસ્થ–હસ્તિનાપુર–દીલ્હી પોતાનું મહત્વ રાખી રહી છે. ૧૮૫૭ ના બળવાખોરોએ પણ દીલ્હીની મોટાઇ કબુલ રાખીને ત્યાં જ જમાવટ કરી હતી. નામદાર યુવરાજ આ પુરાતન શહેરમાં પાંચ દિવસ રહ્યા હતા. ઐતિહાસિક શહેરનું ગૌરવ સમજવાને માટે પોતામાં ઐતિહાસિક જ્ઞાન હોવું જોઇએ. નામદાર યુવરાજ અને યુવરાજ્ઞી બન્ને હિંદુસ્થાનના ઇતિહાસનાં સારાં ભોમીઆં છે. તેઓએ મહાન મોગલ શહાનશાહતના પાયતખ્તને બરોબર નિરખ્યું. તેઓ કિલ્લામાં ગયાં હતાં. આ કિલ્લામાં સુંદર 'દિવાને ખાસ' આવેલું છે. ઘણી જ ઉમદા કારીગરીથી આ વિશાળ ખંડના સુંદર આરસપહાણમાં કોતરણી કરીને તેમાં રંગાબેરંગી પથ્થરો

* ઈંગ્લંડમાં રાજ્ય વિપ્લવ થયો હતો ત્યારે પ્રજાપક્ષના ઓલિવર ક્રોમ્વેલના સૈનિકોને તેઓ પહેરતા તે બખ્તર અને તેમના શૌર્ય ઉપરથી 'વજ્રાંગી સૈનિકો' અગર 'વજ્રદેહી' કહેતા. સીખ સેના પણ એમની સાથે સરખામણી કરાય એવી જ છે.

અને બેમૂલ નંગ જડી દીધાં છે. આ કોતરણીની સરસાઇ દુનિઆમાં કશાથી થઇ શકે એમ નથી. પાદશાહ શાહજહાને આ સુંદર ખંડ ચણાવ્યો નથી, પણ જાણે પથ્થરમાં કવિતા જ લખાવી છે એમ કહીએ તો ચાલે. મહેલની સુંદરતાથી મોહ અને આનંદ પામેલા આ પાદશાહે ત્યાં કોતરાવ્યું છે કે 'જો પૃથ્વિ ઉપર સ્વર્ગ હોય તો તે આ છે, આ છે અને આ જ છે!' તેઓ કુતુબમિનારનાં ચારસેં પગથીઆં ચઢીને તેની ટોચે પધાર્યા હતાં. આ મિનાર ઉપર જતાં સાંકડો થતો સુંદર રેતીના પથ્થરથી બાંધેલો છે. હિંદુસ્થાનમાં મોગલ લોકોની ઢપની બાંધણીની શરૂવાત જ વખતે આ મિનારથી થઇ હતી. તેઓ જૂદી જૂદી કુશાદે, સુંદર અને ભવ્ય મસિદો અને કબરો જોવા પણ પધાર્યા હતાં. તેઓએ રાજાઓની મુલાકાતો લીધી અને વિકટોરિયા જનાના ઇસ્પીતાલ જોવા પધારીને લોકહિતની વર્તમાન સંસ્થાને પણ ઉત્તેજન આપ્યું હતું. દીલ્હીમાં માત્ર પુરાતન ઇતિહાસનું જ નિરીક્ષણ કરવાનું નથી. ૧૮૫૭ ના બળવાનાં સ્મારકચિન્હો પણ જોયાં.

જે કાળે ઇંગ્લાંડમાં ઇલિઝાબેથ રાણીનું રાજ્ય હતું તે વખતે પૂર્વના દેશોપર મહાન મોગલ પાદશાહ અકબરની આણ ફરતી હતી. એની રાજધાની આગ્રામાં હતી. આગ્રામાં ઘણી જગાઓ ખાસ જોવા જેવી છે! પણ સૌથી વધારે તો ત્યાંનો 'તાજમહાલ' છે. પૂર્વના મહાન પાદશાહે પોતાની દિલ-દારના ઉછળી રહેલા પ્રેમને આરસપહાણમાં ચિતરીને પૂર્વ વાસીઓ પોતાની પત્નીને કેવી અપૂર્વ રીતે ચ્હાય છે અને તેમને માટે કેવી માનની લાગણી ધરાવે છે તે બતાવી આપ્યું

છે. તાજમહાલ સર્વાંગે દોષરહિત, અદ્વિતિય અને બેમૂલ છે. દુનિયાં ઉપરનું કોઇ પણ મકાન એની સ્પર્ધા કરી શકતું નથી. એને જોતાં જ કવિયો, ચિતારાઓ અને નાદર કારીગરો આફ્રીન થઈ જાય છે. ખરેખાત કવિ, ચિતારા કે કારીગર તાજમહાલની ખરી ખુબી દર્શાવી શકતા જ નથી. એની ઝાંખી થતાં જ જાણે આરસપહાણમાં સ્વપ્ન જ આલેખ્યું હોય, એમ જણાય છે. એમ જણાએ છે કે કોઇ આદમીએ નહિ પણ મય દાનવે અગર વિશ્વકર્માએ પોતે જ બાંધ્યો હોય નહિ. એ નામદારોએ દિવસે તેમ જ ચંદ્રપ્રકાશમાં આ અલૌકિક તાજમહાલની શોભા નીરખી હતી. પ્રજાપ્રિય મહાન અકબરની કબર પણ જોનાર ઉપર એ બેનમૂન પાદશાહના પ્રતાપની છાપ પાડે છે. તાજમહાલ પોતાની બેગમ મુમતાજમહાલ બેગમની યાદગીરી સારૂ બંધાવીને આ પાદશાહી જોડું સદાને માટે ત્યાં જ આરામ કરે છે. આગ્રામાં આ મહાન બેગમની યાદગીરી છે તેમ બીજી પણ મહાન સન્નારીની યાદગીરી છે. પૂર્વની પશ્ચિમ તરફની શહાનશાહબાનુ–મહારાણી કયસરેહિંદ–વિક્ટોરિયાનો રાજદંડ હિંદુસ્થાનમાં જાદુઈ ભરેલી સત્તા ચલાવી રહ્યો છે. પ્રજાજનોની હૃદયવેધક અને ઉભરાઇ જતી રાજભક્તિના હર્ષનાદ વચ્ચે નામદાર યુવરાજે અહિં સ્વર્ગવાસી વિક્ટોરિયાનો સ્મરણસ્થંભ ખુલ્લો મુકવાની ક્રિયા કરી હતી.

નાતાલ ભોગવવા નામદાર યુવરાજ પ્રખ્યાત મરાઠા રાજકર્ત્તા, મહારાજ સિંધીઆની રાજધાની ગ્વાલીઅર પધાર્યા હતા. આ મહારાજા હિંદુસ્થાનના રાજકર્ત્તાઓમાં ઘણું વિખ્યાત પદ ભોગવે છે. સાતમા એડવર્ડના રાજ્યાભિષેકની સ્વારીમાં પોતાના

પિતા હાથી ઉપર ન બેસતાં ઘોડા ઉપર બેઠા હતા તેથી નામદાર યુવરાજના નાના કુમાર એડવર્ડને બહુ લાગી આવ્યું હતું. આ કુમાર એડવર્ડે જો નામદાર યુવરાજ અને યુવરાજ્ઞીને ગ્વાલિયરમાં પ્રવેશ કરતાં જોયાં હોત તો તેમના આનંદની સીમા ન રહેત. ત્યાં હાથીઓની જ સ્વારી કાઢવામાં આવી હતી. એ નામદારોને બેસવાના હાથીને નખશીખ રંગ્યો હતો. એના ભવ્ય કપાળમાં નામદાર યુવરાજનાં ચિન્હ અને સૂત્ર ચિતર્યાં હતાં. આંખ અને કાનની આજુબાજુ પણ સુંદર ચિત્રો શોભી રહ્યાં હતાં. તેના કાન સોનાનાં આભુષણોથી લચી રહ્યા હતા. તેને પહેરાવેલો સાજ કિંમતી જરીયાનનો હોઇ ઉપર સોને મઢેલો હોદ્દો આવી રહ્યો હતો. ખરેખર આ દેખાવ એવો તો ભવ્ય અને દબદબા ભરેલો હતો કે નાના કુમાર તો છક જ થઇ જાત. આ કુમાર હાલ પોતે વેલ્સના શાહજાદાના પદારૂઢ થયા છે.

પણ ગ્વાલિયરમાં દબદબો અને ડોળ જ માત્ર હતાં એમ નહિ. ત્યાંના મહારાજા પોતે જ રાજ કરે છે. તેઓ રાજનીતિ નિપુણ છે, તેમજ યુદ્ધ વિશારદ પણ છે. જૂનું અને નવું બન્નેને ચહાનારા હોઇને બન્નેનું યોગ્ય સંમિશ્રણ કરવાની કળા સારી જાણે છે. એમના ૫૦૦૦ સૈનિકોની કવાયત નામદાર યુવરાજે લીધી તે વખત મહારાજા પોતે પોતાના ઘોડેસ્વારોની સાથે કવાયતમાં સામીલ થઇને તેમને મોખરે રહ્યા હતા. એઓ રેલ્વેનાં ઈંજન ચલાવી જાણે છે. પોતાની મોટર પણ જાતે ચલાવી શકે છે. નામદાર યુવરાજને કોને કોને મેળવવા, અને શી શી મઝા ભોગવાવવી એવી એવી નામદાર યુવરાજની પધરામણીની

હરેક બાબતની ખબર જાતે રાખતા. એમણે આનંદ કરાવવામાં મણા રાખી નહોતી. વાઘનો શિકાર કરવાની સોઇ પણ કરી હતી. આવી દરેક બાબતની માહિતી ધરાવનારને છાજતી ગોઠવણ કરી હતી. ખાણા વખતે ટેબલની આજુબાજુ નાની રમકડાં જેવી આગગાડી ચક્કર ચક્કર ફર્યા કરતી હતી. આ ગાડીઓમાં શરાબ અને બીડીઓ વગેરે રાખવામાં આવ્યાં હતાં. મહેમાનો જે જે જોઇએ તે ગાડી થોભાવી પોતાને હાથે લઇ લે. દરેક મહેમાનને મહારાજાએ નાતાલના અભિનંદન પત્ર મોકલ્યા હતા. મહારાજાના લડાઇ ખાતાના શિરસ્તેદારને વૃદ્ધ નાતાલનો વેશ લેવડાવીને ઇંગ્લાંડમાં કરવામાં આવે છે તેવું નાતાલવૃક્ષ ઉભું કરવાની ગમ્મત નામદાર યુવરાજ્ઞીએ કરી હતી. આ ઝાડ-ઝાડની ડાળીઓનું બનાવીને તેના ઉપર ડાળે ડાળે રમકડાં અને મીઠાઇ ટાંગીને ઝગઝગાટ રોશની કરવામાં આવે છે. પછી છોકરાંઓને ત્યાં લઇ જઇ તેમને મીઠાઇ અને રમકડાં વહેંચી આપવામાં આવે છે. આ નાતાલવૃક્ષની વાત છાની રાખવામાં આવી હતી. આથી જ્યારે સરદારોનાં અને મહેમાનોનાં છોકરાંઓને નામદાર યુવરાજ્ઞી નાતાલવૃક્ષવાળા ખંડમાં લઇ ગયાં ત્યારે બધાં સાનંદાશ્ચર્ય પામ્યાં હતાં. હજારો ક્રિયાઓ અને દરબારી શિષ્ટાચારો છતાં નામદાર યુવરાજ્ઞીએ છોકરાંઓને અતુલ આનંદ કરાવવાનો શ્રમ લીધો હતો.

અહિંથી કલકત્તે જતાં આ નામદારો લખનૌમાં થોભ્યાં હતાં. બળવા વખતે લખનૌના ઘેરાનાં અને બળવાનાં સ્મારક ચિન્હો તેમણે નિહાળ્યાં હતાં. બળવા વખત બહાદુરી કરનારા વૃદ્ધજનો અહિં મળ્યા હતા. એમાં ત્રણ સન્નારીઓ પણ હતી.

અને તેટલી ત્વરા કરીને નામદાર યુવરાજ્ઞી વીર હેન્રી લોરેન્સની સાદી કબરને સેજદો કરવા પધાર્યાં હતાં. તેમણે આ સાદી કબર ઉપર સુંદર પુષ્પમાળ ચઢાવી. બળવાના બીજા વીરજનોની કીર્તિનું પણ સ્મરણ કર્યું. ખરેખાત જે પ્રજાનાં રાજકુટુંબીઓ પણ પોતાની પ્રજામાં નિપજેલા વીરજનોને સેંકડો વર્ષ થયા છતાં પણ સંભારીને યોગ્ય સન્માન આપે, તે પ્રજામાં જ વીરજનોનો જન્મ સંભવે છે; અને તે પ્રજામાં જ સ્વદેશ સેવાની ઉલટ પ્રદીપ્ત રહે છે. આ નામદારોની પધરામણીની યાદગીરીમાં લખનૌમાં નવી મેડિકલ કોલેજનો પાયો નામદાર યુવરાજ્ઞીને હાથે નંખાયો હતો.[1]

સન ૧૯૦૧–૧૯૦૨ માં જ્યારે યુવરાજ સંસ્થાનોના પ્રવાસ પર પધાર્યા હતા ત્યારે લોર્ડમિન્ટો કેનેડાના ગવર્નર જનરલની ઉંચી પદવી ઉપર હતા. તેમણે અને લેડીમિન્ટોએ નામદાર યુવરાજને કેનેડાની અજાયબીઓ બતાવવામાં બહુ ઉલટભર્યો શ્રમ લીધો હતો. આથી નામદાર યુવરાજને અને એમને જૂની મૈત્રી હતી. લોર્ડમિન્ટો આ વખતે હિંદુસ્થાનના ગવરનર જનરલ અને વાઇસરોયની માનભરી પદવીપર હતા. તેથી એ જ જૂના મિત્રોને આ વખત કલકત્તામાં પણ મળવાથી એ નામદારને વિશેષ આનંદ પ્રાપ્ત થયો. કલકત્તામાં લેડીમિન્ટોએ સરકારી મહેલમાં એ નામદારોનું સુખભર્યું આતિથ્ય કર્યું હતું. હિંદુ-સ્થાનના પાયતખ્તે એ નામદારોનું અનેક તરેહથી આતિથ્ય કર્યું. જેવાં નામદાર યુવરાજ્ઞી કલકત્તે પધાર્યાં કે તેમણે કલ-કત્તાની મ્યુનિસિપાલીટીએ નજર કરેલો બેમૂલો મોતીનો હાર ધારણ કર્યો. આથી સઘળાનાં અંતઃકરણો પ્રફુલ્લ થઇ ગયાં.

બંગવાસી પ્રજામાં પ્રજાભક્તિનો જુસ્સો એકાએક સ્ફુરી ઉઠયો. તેમણે ઠેર ઠેર રાજભક્તિનાં ગાન ગાયાં અને એ નામદારોને તદ્દન દેશી રિવાજે માન આપ્યું. અહિં નામદાર યુવરાજે જાહેર તેમ જ ખાનગી મુલાકાતોની આપ લે કરી. હિંદના આગેવાન પુરૂષોની ખાનગી લીધેલી મુલાકાતો સૌથી ઘણી જ અગત્યની હતી.

ટીબેટમાંથી તાસીલામા આ વખતે કલકત્તે પધાર્યા હતા. નામદાર યુવરાજ તેમને પ્રથમ લોર્ડ કિચ્નરના લશ્કરની જંગી કવાયત વખત મળ્યા હતા. પરંતુ કલકત્તામાં સૌથી વધારે અગત્યની ક્રિયા તો ભલાં સ્વર્ગવાસી વિકટોરિયાનો સ્મારકહોલનો પાયો નાંખવાની હતી. આ સ્મારકહોલમાં સ્વર્ગવાસી દેવી શ્રીની પવિત્ર જીંદગીની યાદ આપતાં, તેમજ હિંદુસ્થાનમાં કાંઇ પણ સુકૃત્ય કરેલાં હોય એવા એઓશ્રીના અમલદારોનાં, બીજા હિંદ હિતેચ્છુઓનાં અને ઐતિહાસિક બનાવોનાં સ્મારક ચિન્હો રહેવાનાં છે. પાયો નાંખવાની ક્રિયા કરી ત્યારે કલકત્તાના સુંદર ચોગાને અવનવો દેખાવ ધારણ કર્યો હતો. ઘણી મેદની મળી હતી. સાધારણ રીતે રાજકિય બાબતોમાં મતભેદ હોય જ. પરન્તુ આજે આટલા અસંખ્ય જનોમાં બિલકુલ મતભેદ નહોતો. મહાન સ્વર્ગવાસી દેવી વિકટોરિયાનું પવિત્ર નામ કલકત્તામાં સ્થાયી કરવાને, અને રાજકર્ત્તાના કુટુંબના પનોતા પુત્ર અને પુત્રવધુને માન આપવાને બધા એકેમતે એકેજથે એકઠા થયા હતા. ઇંગ્લંડના રાજકુટુંબ અને હિંદુસ્થાન વચ્ચેનો ખાસ નિકટ સંબંધ ખૂલ્લો જણાઇ આવતો હતો. ક્રિયા બહુ સારી હતી. નામદાર યુવરાજનાં વચનામૃત યથાયોગ્ય જ

હતાં તેમણે કહ્યું હતું કે 'આપણે સ્વર્ગવાસી દેવીના મૃત્યુથી થયેલો ઘણો જ ખેદ પ્રદર્શિત કરવાને, તેમના પ્રતિ આપણા અતુલ સ્નેહને લીધે અહિં એકઠા મળ્યા છીએ. ઘણા જ ઉચિત શબ્દોમાં તે નામદારે પશ્ચિમનાં મહારાણી દેવીશ્રી વિકટોરિયા અને પૂર્વનાં શહાનશાહબાનુ મુમતાજમહાલ બેગમની સરખામણી કરી હતી. તેઓએ કહ્યું હતું કે સ્વર્ગવાસી દેવી શ્રી પ્રતિ પ્રદર્શિત થયેલી આભારની આનંદમય લાગણીથી સ્વાભાવિક રીતે અમારાં હૃદયમાં મગરૂરી અને ઉત્કટ આશા ઉત્પન્ન થાય છે. તાજમહાલ જોવાથી અમારાં મન તેની સુંદરતા અને તેના ઇતિહાસથી મુગ્ધ બનીને આનંદમય થઈ ગયાં છે. દુનિયાં ઉપરની બીજી કોઇપણ વસ્તુ એની સુંદરતાની સ્પર્ધા કરી શકે એમ નથી. પરન્તુ જે સ્વર્ગવાસી દેવીની દયાભાવનાએ આટઆટલે દૂર અને આવા મોટા પ્રદેશના પ્રજાજનોનાં મન જીતી લીધાં છે, તે દેવીના આ સ્મારક ચિન્હવડે ભવિષ્યમાં સૈકાં ને સૈકાં સુધી ઇતિહાસકર્ત્તાઓના મનમાં તાજ મહાલ જોવાથી ઉત્પન્ન થાય છે તેવા જ પવિત્ર વિચારો ઉત્પન્ન થશે એમાં બિલકુલ શંકા નથી.'

પ્રકરણ ૧૨ મું.

બ્રહ્મદેશથી હિમાચ્છાદિત પર્વતો.

આ રાજવંશી પ્રવાસીઓ પૂર્વમાં છેટામાં છેટે બ્રહ્મદેશ સુધી પધાર્યા. ત્યાં ગયાં ત્યારથી તે તેઓ ત્યાંથી પુનઃ ઇંગ્લંડ જવા સારૂ પાછાં વળ્યાં ત્યાં સુધી, રંગુન-માંડલે વગેરે સ્થળોની સર્વ જાતની પ્રજાએ તેમને અવિછિન્ન આનંદ કરાવ્યો અને અપૂર્વ માન આપ્યું. બ્રહ્મદેશમાં દરેક જગાએ એક બીજી જ નવાઇ દેખવામાં આવતી. ત્યાં પડદાપોશીનો રિવાજ નથી. બ્રહ્મદેશની સ્ત્રીઓ છૂટથી બધે ભેળાય છે. બ્રહ્મદેશમાં કાંઇક જૂદી જ તરેહનો આનંદ માલમ પડે છે. બધાં દુનિયાદારીનાં કામ ત્યાં સ્ત્રીઓ કરે છે, તેથી તો એ આનંદ નહિ જણાતો હોય ? આ મોહભર્યા દેશમાં રાજવંશી પ્રવાસીઓ બૌદ્ધ ધર્મના નિકટ સંસર્ગમાં આવ્યાં, અહિંની બ્રિટિશ પ્રજાનો મુખ્ય ધર્મ એ જ છે. રંગુનમાં એ ધર્મનું શોડેગોન પેગોડા નામનું ભપકાભરેલું દેવળ છે. આ લોકોની વચ્ચે આવેલા આ દેવળની સાથે જ એમનું જીવન પણ જાણે સંકળાયલું છે. તેઓ નિરંતર તેના સંબંધમાં આવે છે. એ લોકોનાં ધાર્મિક અને સાંસારિક જીવન ભેળસેળ થઇ ગયાં હોય એવું જણાય છે. એનાં સુવર્ણમય શિખરો નીલ આકાશમાં ઉંચે તરી રહ્યાં છે.

ખરેખાત એકવાર જોયા પછી તે કદી ભુલાતાં નથી. આ પવિત્ર દેવળથી જ માત્ર ઉતરતું ગણાતું બીજું પવિત્ર દેવળ માંડળેમાં આવેલું છે. એને આરાકાન પેગોડા કહે છે. આ દેવળમાં શ્રીબુદ્ધ ભગવાનની મૂર્ત્તિ છે.

અહિં રાજવંશી મ્હેમાનોની આગળ કેળવાયલા અને અનુભવી હાથીઓએ સાગનાં મોટાં લાકડાંની લાતીઓ સિંચી બતાવી હતી. અગીઆર હાથી એમાં કામે લાગ્યા હતા. રંગુનના બંદરની નિચાણ આગળ આ હાથીઓ કાદવવાળા કાંઠા ઉપરથી ઘણાં જ મોટાં અને વજનદાર સાગનાં લાકડાં ખેંચી લાવતા, તેમને એક ઉપર એક એમ ગોઠવતા અને વાંકાંચુંકાં અગર લાંબાં ટુંકાં મુકાયાં હોય તો તેને ઠીકઠાક કરતા એ જોઇને ઘણું આશ્ચર્ય ઉત્પન્ન થયું. એ બધાઓ જોડે મળીને કામ કરતા હતા તે જોઇને તેમની સમજ શક્તિ અને ડહાપણનો આપણને ઘણો ઉંચો અભિપ્રાય ઉત્પન્ન થાય છે.

હોડીઓની સરત એ બ્રહ્મદેશની પ્રજાની જૂની રમત છે. એ સરત વખતે નદીને બન્ને કાંઠે મળેલી મેદની અને ઉત્સાહ જોતાં ઓક્ષફર્ડ અને કેમ્બ્રિજની આવી શરતો વખતની ધમાલ આપણે ભૂલી જઇએ છીએ. એક નહિ પણ કોડી "ઓક્ષફર્ડ અને કેંબ્રિજ" ને એકશાન કરી નાંખ્યાં હોય એવી આ મેદની અને ઉત્સાહ છે. એમના મછવા લાંબા, સાંકડા અને એક જ સાગના લાકડામાંથી કોરી કાઢેલા હોય છે. આ મછવા-કોટીઆં પચ્ચાસ ફીટ લાંબાં અને માત્ર બે કે ત્રણ ફીટ પહોળાં હોય છે અને એમાં માત્ર બે માણસો જોડે જોડે બેશી શકે છે. દરેક મછવામાં આશરે પાંત્રીશ હલેસાં મારનાર હોય છે

અને સુકાનીની બેઠક ઉંચે હોય છે. સામે છેડે એક માણસ બેશીને સતત ઝાંઝોનો ઝમકાર મચાવી મુકે છે. એનો હેતુ હલેસાં વાળાઓને ઉશ્કેરવાનો હોય છે. તીરના જેવા વેગથી આ મછવા દોડે છે. નામદાર પ્રિન્સને આવી શરત પણ બતાવવામાં આવી હતી.

વળી એ લોકોની ' પ્વે ' નામની રમ્મતમાં નિરંતર નાચ, ગાયન, નાટક અને વાદ્યની મઝા ચાલુ રહે છે. આ રમતો દિવસોના દિવસો સુધી ચાલે છે. એ પણ જોયું. આ જ પ્રાંતો બ્રિટિશ હકુમત નીચે છેલ્લા આવેલા છે. ત્યાંના સરદારોનો મેળાવડો પણ કરવામાં આવ્યો હતો. ઘણે ઘણે છેટેથી આ સરદારો પધાર્યા હતા. એક સ્ત્રી સરદાર તો પચ્ચાસ દિવસની મુસાફરી કરીને આ મેળાવડામાં હાજર રહેવા પધાર્યાં હતાં.

આ પ્રમાણે બ્રહ્મદેશે પોતાના ભાવિ રાજાને આનંદ કરાવવામાં આઘું પાછું જોયું નહિ. પછી દક્ષિણમાં મદ્રાસનો વારો આવ્યો.

લોર્ડ એમ્પ્થહિલ મદ્રાસના ગવરનર નિમાઇને હિંદુસ્થાન આવતાં પહેલાં દેવીશ્રી વિક્ટોરિયાને નમન કરવા ગયા હતા, તે વખત એ પરમ કૃપાળુ દેવીએ શિખામણ દીધી હતી કે ' મારી હિંદુસ્થાનની પ્રજા ઉપર રહેમિયત અને માયાથી વર્ત્તજો. ' એ ભલા ગવરનર પોતાનાં હરેક કામમાં આ શિખામણને અનુસર્યા છે. આખી હિંદુસ્થાનની સલ્તનતનું ત્રીજું શહેર–મદ્રાસ–પોતાની જૂનામાં જૂની મ્યુનિસિપાલીટીને માટે મગરૂર છે. એ શહેરે પોતાના ગવરનરની જોડે મળીને નામ-

દાર પ્રિન્સને ઘણો માનભર્યો આવકાર આપ્યો હતો. આ સમારંભમાં પ્રજા અને ગવરનર એકમતે વર્ત્યા હતા. આ વખતે ૧૮૮૭માં નામદાર દેવીશ્રી વિકટોરિયાની જ્યુબિલિ હતી તેની યાદ રાખવા ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટનો પાયો નાંખવાની શુભ ક્રિયા કરી હતી. હિંદુસ્થાનનાં પ્રથમ કૈસરેહિંદનું પવિત્ર નામ આ પ્રમાણે ઠેર ઠેર મશહુર હતું. રાજ્યગાદીના વારસ યુવરાજે મદ્રાસમાં પોતાના નિખાલસ અને હૃદયંગત ભાવનાદર્શક ભાષણમાં કહ્યું હતું કે પુસ્તકો ઉપરથી અગર તો લાંબા અભ્યાસથી અમને ખબર પડે તે કરતાં આ પ્રવાસમાં ઠેર ઠેર એક પછી એક સુંદર અને મનોહારી બનાવો બન્યા છે, તેથી નામદાર પ્રિન્સેસ અને હું હિંદુસ્થાનની લાગણીઓ વધારે સમજી શકયાં છઇએ.

મદ્રાસ પછી નમુનેદાર દેશીરાજ્ય મ્હૈસુરનો વારો આવ્યો. અહિંના મહારાજા અને તેમના પ્રધાનો એમ સમજે છે કે અમે પ્રજાના સેવક છીએ. રાજ્યમાં નવી પદ્ધતિ દાખલ કરી છે અને રાજ્યતંત્ર દિનબદિન સુધારામાં આગળ વધતું જાય છે. હાલ સઘળાં દેશીરાજ્યોમાં એ સુધારામાં અગ્રગણ્ય છે. અહિંનાં મહારાણી પણ સ્ત્રીઓની કેળવણીને માટે ખાસ કાળજી ધરાવે છે. એમણે સ્થાપેલી સ્ત્રીઓની પાઠશાળામાંથી બે સન્નારીઓ બી. એ. ની પદ્વી પ્રાપ્ત કરવા પામી છે. આ સન્નારીઓએ પોતે વિદ્યાનો અભ્યાસ કર્યા છતાં કુલાંગના તરીકેના પોતાના ધર્મ ત્યજી દીધા નથી. પતિ અને પ્રજાની સંભાળ અને સંસાર વ્યવહારના ધર્મો પણ યથાયોગ્ય રીતે બજાવે છે. ઐતિહાસિક શ્રીરંગાપટ્ટનને રાજવંશી અતિથીને આનંદ કરાવવાની યાદિમાંથી

વિસારવામાં આવ્યું નહોતું. ત્યાંથી પાછાં વળતાં એક બનાવ બન્યો હતો જેથી નામદાર યુવરાજ અને યુવરાજ્ઞીનાં દયાળુ દીલ દેખાઇ આવે છે. તેઓ આજુબાજુનાંઓને માટે કેટલાં લાગણીવાળાં છે, એ પણ જણાઇ આવે છે. વિજળીથી ચાલતી મોટર સાઇકલ ઉપર બેઠેલા કેટલાક સીપાઇઓ નામદારની આગળ રક્ષક તરીકે જતા હતા. તેવામાં એક એવી સાઇકલને અકસ્માત થવાથી સીપાઇ પડી ગયો અને એનો પગ ભાગી ગયો. નામદાર યુવરાજ એ જગાએ આવી પહોંચ્યા અને એને પડેલો જોયો કે પોતાની મોટર તરત ઉભી રખાવીને પોતે નીચે ઉતરી પડયા. એને ઇસ્પીતાલમાં લઇ જવાની ગોઠવણ થઈ ત્યાં સુધી એની પાસે રહીને એની સારવાર કરી. જતી વખત ફરમાવતા ગયા કે મને એની તંદુરસ્તીની ખબર વખતો વખત આપ્યે જવી. યુવરાજની આ ભલાઇથી સર્વેને ઘણો આનંદ થયો. લોકોને વગાડે એવી રીતે ગાડી દોડાવનાર અને પોતાની ગાડીની અડફટમાં કોઇ આવી જાય તો ગાડી દોડાવી મુકનાર અંધ ધનવાનોએ આ ભલાઈ જોઇને શરમાવા જેવું છે.

દશ વર્ષ પહેલાં મ્હૈસુરમાં મોટર ચાલી શકે એવું જ નહોતું. હવે ત્યાં ઠેર ઠેરના રસ્તા કુશાદે અને સારા થયા છે, તેમ જ ત્યાં ઘણી મોટરો દાખલ થઇ ગઇ છે. મ્હારાજાએ પોતાના રાજવંશી અતિથીને હાથીઓ શી રીતે પકડાય છે તે બતાવવાની ગોઠવણ કરી હતી. તે વખતે વગડામાં બધા મોટરોમાં બેશીને જ સીધાવ્યા હતા. મ્હૈસુરથી પચાસ મૈલ દૂર હાથી પકડવાની ખેડ બનાવી હતી. ચો તરફ મજબુત લાકડાં રોપીને વચ્ચે જગા રાખવામાં આવે છે. પાળેલા હાથીઓ બીજા

હાથીઓને ભોળવીને તેમાં લાવે છે અને પછી દરવાજા આડાં મોટાં લાકડાંની ભોગળો નાંખી તેમનાથી નીકળાય નહિ એમ કરવામાં આવે છે. નામદાર યુવરાજ્ઞીએ છેલ્લી ભોગળ વાસવામાં પોતાને હાથે મદદ કરીને આ ક્રિયા કરી હતી. આ ક્રિયાથી સઘળાંને ઘણી ગમ્મત પડી હતી અને જાણે એક દિવસ આનંદનો જ જૂદો રાખ્યો હોય એમ બન્યું હતું.

આ નમુનેદાર રાજ્યમાં મહારાજાએ રાજ્યબંધારણમાં પોતાની પ્રજાને હક્ક આપ્યા છે. આ પગલું આખા હિંદુસ્થાનમાં એમણે જ પ્રથમ ભર્યું છે. અહિંથી નામદાર પ્રવાસીઓ હૈદ્રાબાદના મુસલમાની રાજ્યમાં પધાર્યા. આતિથ્યધર્મમાં કુશળતાને માટે વિખ્યાત પૂર્વ તરફની રીતના આતિથ્યમાં નિઝામ સરકારે કશીએ મણા રાખી નહિ. નામદાર પ્રિન્સની મુલાકાતના અરસામાં જ એમનાં વીશેક વર્ષનાં તરૂણ અને મોટાં નિઝામજાદીનું દુઃખભરેલું મરણ થયા છતાં પણ તેમણે આવકારની ધામધુમમાં કશી કાપકુપ કરી નહિ. પણ પુત્રી શોકગ્રસ્ત પિતાને કશી ધામધુમ ન કરવાની નામદાર પ્રિન્સે આગ્રહપૂર્વક માગણી કરી. જાહેર ક્રિયાઓમાં માત્ર સિકંદરાબાદમાં એક કવાયત જ થઈ. નામદાર પ્રિન્સે નિઝામ-ઉલ-મુલ્કને આસ્વાસન આપવાનો સબળ યત્ન કર્યો. નામદાર પ્રિન્સેસ પણ જનાનખાનામાં પધાર્યાં અને પુત્રી વિરહથી ટવળતી સન્નારીઓને ધીરજ આપીને સાંત્વન કર્યું. યુવરાજે શિકારગાહની અને યુવરાજ્ઞીએ જૂનાં પ્રખ્યાત ખંડેરો જોવાની તક સાધી. યુવરાજ્ઞી ગોવળકોંડા પણ પધાર્યાં હતાં.

અહિંથી આ નામદાર પ્રવાસીઓ હિંદુ ધર્મક્ષેત્ર બનારસ

પધાર્યા. આ સ્થળે એમના શુભ આગમન ટાણે કરેલી કમાનો ખાસ વખાણવા લાયક બની હતી. પીત્તળના સામાનની, વણાટ કામની, કીનખાપની, શિકારની અને મૂર્ત્તિઓની કમાનો બહુ લક્ષ ખેંચતી હતી. મૂર્ત્તિની કમાનમાં દરેક ગોખલે ગોખલે હિંદુ પૌરાણિક મૂર્ત્તિઓ મુકવામાં આવી હતી. હાથીઓનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. એ નામદારોના હાથીને જાંબુડીઆ રંગે રંગીને સોનાથી સજ્જ કરી દીધો હતો. એ નામદારો આગળ રામલીલા અને કૃષ્ણલીલા ભજવવામાં આવી હતી. હિંદુસ્થાની મલ્લોએ કુસ્તી કરીને પોતાનું બલ અને કૌશલ્ય બતાવ્યું હતું. બનારસના મહારાજાના વહાણમાં બેશીને આ નામદારોએ શાન્તિ અને નિરાંતથી નહાવાના અને સ્મશાનના ઘાટના વિચિત્ર દેખાવ નિરખ્યા હતા. આ સ્થળે એમણે હિંદુ ધર્મની ખાસ તૈયારી વગર, રોજ બને છે તેમ થતી, ઘણી ક્રિયાઓ જોઈ હતી. તેઓ સાયંકાળે ફરી વહાણપર બેસીને કિનારે આવેલા શહેરમાં કરેલી રોશની જોવા પધાર્યા હતાં. અહિંની રોશની કદી વિસરાય નહિ એવી મનોહર બની હતી. ઘણાં કાળનાં પવિત્રજ્ઞાનની કેળવણી આપતાં ખાતાંઓ પણ જોયાં હતાં. હિંદુસ્થાનમાં સંસ્કૃત વિદ્યાના શિરોમણી જેવી અહિંની પાઠશાળાના પુસ્તકાલયને નામદાર યુવરાજ્ઞીનું નામ આપવાની ક્રિયા થઈ હતી. સેંટ્રલ હિંદુ કોલેજમાં તેમણે ચા પીધી હતી. આ પાઠશાળામાં મિસીસ–એની બિસેંટની પ્રેરણાથી પશ્ચિમના વિજ્ઞાન અને પૂર્વના તત્વજ્ઞાનનો સારો યોગ થાય છે. તેમણે પાઠશાળાનું કામ ચાલતું નિહાળ્યું હતું.

આ આખા માંગ્લિક પ્રવાસમાં જો કોઈ પણ વખત ના

ઉમેદી ઉત્પન્ન થઇ હોય, તો તે અહિં થઇ હતી. યુવરાજ નેપાળમાં તીરાઈમાં શિકારે જઇને ત્યાં એક પખવાડીઉં ગાળવાના હતા. નેપાળના મહારાજાશ્રીએ એમને માટે બધી ધામધૂમ ભરેલી તૈયારીઓ કરી હતી. પરંતુ ત્યાં એકાએક મહામારી ફાટી નીકળવાથી યુવરાજનું પધારવું બંધ રાખવું પડ્યું. આથી નામદાર યુવરાજ અને મહારાજાશ્રી બન્નેને ઘણી નાઉમેદી ઉત્પન્ન થઇ. નેપાળ જવાનું બંધ રહેવાથી નામદાર યુવરાજ સિંધિયા મહારાજાને ત્યાં ફરી શિકાર ખેલવા પધાર્યા. અને સર વોલ્ટર લોરેન્સને જોડે લઇને યુવરાજ્ઞી ફરી લખનૌ અને આગ્રા તરફ સિધાવ્યાં. એમની આ મુસાફરી ગુપ્તચર્યા જેવી જ હતી. આ વખતે કશી ધામધૂમ કરવામાં નહોતી આવી અને એઓશ્રી પ્રજાની રહેણી કરણી ઠીક નિરખી શક્યાં હતાં. સર વોલ્ટર અને એઓશ્રી ગામડાઓમાં અણધાર્યાં અને ઓચિંતાં જઈ ચઢતાં. દેરાદુન આગળથી મોટરમાંથી ઉતરી એઓશ્રી *ડાંડીમાં બેસી મસુરી પધાર્યાં. ત્યાંથી લેન્ડોરમાં આવ્યાં. હિમાલયપર આવેલા આ નાના સ્થળે યુવરાજ્ઞીએ ગરીબ ગામડીઆઓ પાસેથી લાકડીઓ વેચાતી લીધી. એમને ખરીદી કરતાં જોઇને એક ગરીબ બાળા ખુશી થઇને બોલી ઉઠી કે હવે આપણો ભાઈ દુકાન માંડી શકશે! એ બિચારો સૌથી ગરીબ છે, એ રાણીએ શી રીતે જાણ્યું હશે!

યુવરાજ અને યુવરાજ્ઞી પાછાં અલીધઢમાં એકઠાં થયાં. આ સ્થળે ઉદારવૃત્તિવાળા મુસલમાન ગૃહસ્થ સર સૈયદ અહમદની સ્થાપેલી મુસલમાન પાઠશાળાની મુલાકાત લીધી. ઇંગ્રેજી

---

* હિમાલય પર ચઢવામાં વપરાતી ડોળી.

વિશ્વવિદ્યાલયને ધોરણે આ પાઠશાળા ચલાવવામાં આવે છે. નામદાર યુવરાજ આ પાઠશાળા જોવા પધાર્યા ત્યારે તેના સ્થાપનાર ગૃહસ્થની તરફ પોતે માનની લાગણી જાહેર કરી હતી, એટલું જ નહિ પણ તેમની કબર જોવા પણ પધાર્યા હતા. આથી મુસલમાન પ્રજાને બહુ આનંદ થયો હતો. આ રાજ-વંશી યુગલના આગમનની યાદ રાખવાને ધનાઢ્ય મુસલમાન ગૃહસ્થોએ અલીઘઢમાં વિજ્ઞાનની શાળા કાઢવા સારૂ સારૂં ભંડોળ ઉભું કર્યું હતું.

હિંદુસ્થાનમાં એક બીજાથી વિરૂદ્ધ હવામાનવાળાં ઘણાં એ સ્થળ છે. તાપ અને ધૂળવાળા પ્રદેશમાંથી આ રાજવંશી યુગલ હિમ અને ઠંડકવાળા પ્રદેશ તરફ ઉપડી ગયું. તેઓશ્રી કવેટા અને ચમન પધાર્યા. લશ્કરી છાવણીઓ રૂપ હોવા છતાં પણ સંભાળથી આ સ્થળ બગીચાના ગુલાબનાં જેવાં બનાવ્યાં છે, તે તેમણે જોયું. પચ્ચીસ વર્ષ પૂર્વે થોડાં ઝૂંપડાં અને તેની આજુબાજુ ઠીંગરાઇ ગયેલાં સેતુરનાં ઝાડનાં થડીઆં જ માત્ર નજર આવતાં, ત્યાં હાલ સુંદર રસ્તાવાળું અને ૨૫૦૦૦ માણસની વસ્તીવાળું શહેર આબાદ થયું છે. લોકોના આરોગ્ય અને કેળવણીની સારી ગોઠવણ છે અને ચોખ્ખું પાણી લાવવાની યોજનાનો આરંભ થઇ ચૂકયો છે. પાણી આવ્યું કે એ શહેર ઘણું જામી જશે.

લશ્કરી છાવણી તરીકે કવેટા જેટલું મશહુર છે તેટલું જ ત્યાંની દ્રાક્ષ, પીચ અને એવા મેવાને સારૂ પણ છે. આખા હિંદુસ્થાનમાં ત્યાંનો મેવો વખણાય છે અને વેચાય છે. નામ-

દાર યુવરાજે અહિં સર રોબર્ટ સેન્ડમેનની કીર્ત્તિનાં વખાણ કર્યાં હતાં. આ શહેર પ્રથમ હયાતીમાં આણનાર એ બહાદૂર નર હતા. તેમના વડે જ જૂદા જૂદા તાયફાના વડા સરદારો અને બીજા જેઓ જેઓ બલુચીસ્થાન થાળે પાડવામાં સહાયક હતા તેઓ આજે નામદાર યુવરાજને અભિનંદન આપવાને એકઠા મળ્યા હતા. ત્યાં આગળ અફગાનીસ્થાનની મર્યાદા દર્શક દાટેલા ધોળા પત્થરોની આગળ, સલ્તનતની છેક સીમા ઉપર, નામદાર યુવરાજે ૧૨૭ મી બલુચી પલટણને નવા વાવટા આપવાની ક્રિયા કરી હતી. સરહદના આ ભાગના 'વોરડન ઓફ માર્ચીસ' નામના અમલદાર જનરલ સ્મિથ ડોરીને નામદાર યુવરાજને આવી વિકટ જગામાં અનંત અંતરાયો છતાં પણ રેલ્વેના ઇજનેરોએ કેવું મહાભારત કામ કર્યું છે, તે બતાવ્યું હતું. પૃથ્વિનું છાપરૂં હોય નહિ એવા ઉચ્ચપ્રદેશના આ પહાડી મુલકમાં અને ખીણોમાં જરૂરની વખતે લશ્કર લઇ જવાની કેવી સુગમતા કરી દીધી છે તે જોઇને આનંદાશ્ચર્ય ઉત્પન્ન થાય છે. યુવરાજ હમ્મેશ માણસના જ્ઞાન અને મહેનતના પોષિંદા છે. સરહદ ઉપર દૂર વેરાનમાં રહ્યે રહ્યે પોતાનો સ્વધર્મ બજાવનાર અમલદારોની અને લુંટફાટ મુકીને શાંતિથી રહેનાર પહાડી જનોની પાછા વળતી વખતે યુવરાજે ઘણા જ યથોચિત શબ્દોમાં વિદાય લીધી. રાજસેવકોની સ્વધર્મનિષ્ઠા અને આ પ્રદેશમાં થએલા સુધારા ખૂદ શહાનશાહને નિવેદન કરવાનું એઓશ્રીએ માથે લીધું.

બાંધકામ ખાતાના પરાક્રમરૂપ બોલનઘાટની રેલ્વે ઉપર થઇને, ઉન્હી રેતીનાં રણ વટાવતાં અને હિમ અને પર્વત-

માળાને પાછળ મુકતાં, આ રાજવંશી દંપતિ સમુદ્રની સપાટીપર આવેલા કરાંચી બંદરે આવી પહોંચ્યાં. રૂવાંના પોશાકને સાટે સુફીઆની મલમલ અને ગરમ મોટા ડગલાને સાટે સફેત ડકના પોશાકમાં સજ્જ થયાં હતાં. દિવસાનુદિવસ વૃદ્ધિંગત થતા અને જબરા વ્યવસાઇ આ બંદરથી તેમણે હિંદુસ્થાનની વિદાયગીરી લીધી. આ જગાએ જે પવિત્ર નામની જાદુઇ અસરથી આખી સલ્તનતનાં મન દૃઢ સંકળાઇ રહ્યાં છે, તે પવિત્ર નામની જ યાદ સારૂ તેમણે છેલ્લી ક્રિયા કરી. સ્વર્ગવાસી મહારાણી-કૈસરેહિંદની યાદમાં સિંધે તે દેવીનું સુંદર સફેત આરસનું પુતળું ખડું કર્યું છે. પુતળાની બેસણી નીચેના ભાગપર કાંસાની તકતીઓ છે; જેમાં હિંદ, ન્યાય અને શાન્તિની મૂર્ત્તિઓ ચિતરી છે. સિંધુનદીપર આવેલા આ શહેરમાં આ પુતળું જોવાજોગ છે. કરાંચી બંદર કાળે કરીને ધાન્યની આયાત અને નિકાશ સંબંધે દુનિયાંમાં મ્હોટામાં મ્હોટું બંદર થઇ પડશે.

પરમ કૃપાળુ સ્વર્ગવાસી દેવીશ્રી વિકટોરીઆના સ્મારક ચિન્હને ખુલ્લુ મુકતાં નામદાર યુવરાજે કહ્યું હતું કે “ વફાદારી અને પ્રેમ ભરેલા પાંચ પાંચ વર્ષના લાંબા પ્રયાસને અન્તે પૂર્ણ થયેલા આ સ્મારકને ખુલ્લું મુકવાની ક્રિયામાં ભાગ લેતાં યુવરાજ્ઞીને અને મને ઘણોજ આનંદ થાય છે. આપણાં ઘણાં વહાલાં સ્વર્ગવાસી કિવન એમ્પ્રેસના સ્મરણને યોગ્ય આ સ્મારક ખુલ્લુ મુકવામાં સિંધના લોકોની જોડે અમારાં નામ પણ સામીલ થયાં તેથી અમે અહોભાગ્ય માનીએ છીએ. તમે આપેલું વખાણવા લાયક, આ સ્મારકનો ઇતિહાસ સૂચવતું

આપાનીજ અમે વાંચ્યું છે અને મી. જાઇલ્સ્, મી. મોતીરામ અડરાણી અને બીજાઓ જેઓના શ્રમથી આ કામ ઉભું થયું છે તેઓનાં નામ જાણીને અમને પરમ સંતોષ થયો છે. આ સ્મારક ઉભું કરવામાં સિંધની દરેક જાતની પ્રજા સામીલ થઇ છે એ જોઇને અમને ખાસ સંતોષ થયો છે. મહારાણીની મૂર્તિની જોડે શાન્તી અને ન્યાયની મૂર્તિઓ ચિતરી છે એ ઘણું જ ઉચિત કર્યું છે. દેવીશ્રી વિકટોરીઆની યાદની ભેગાંભેગાં શાન્તી અને ન્યાયનાં નામ જોડયાં છે તે ઘણુંજ વાજબી કર્યું છે, કેમકે પોતાની ભરતખંડની પ્રજા હમેશ શાન્તી અને ન્યાયરૂપી સુખ ભોગવે એ એમની ઉત્કટ અભિલાષા હતી.

જે જગા ઉપર આપણે ઉભા છીએ એ જગાનું નામ "ધી કિવન્સ્ લૉન" પાડતાં મને સુખ ઉપજે છે અને યુવરાજ્ઞી અને હું ઇચ્છીએ છીએ કે આ પૂતળું અને એની આજુબાજુની લૉન અનંત કાળ સુધી પ્રજાને આનંદ અને આસાયેશ આપશે. ગૃહસ્થો ! મારી વીદાયગીરીના સંબંધમાં તમારી શુભ ઇચ્છાને માટે તમારો ઉપકાર માનું છું અને સિંધની પ્રજાનાં વફાદારીભર્યાં વચનો કૃપાળુ શહાનશાહ અને શહાનશાહબાનુને પહોંચાડવાનું હું ભૂલીશ નહિ. હિંદુસ્થાનના કિનારા ઉપર પગ મૂકતાં મુંબાઇએ આપેલા પ્રેમભર્યા આવકારથી અમારાં હૃદય ઉપર ઘણી અસર થઈ હતી. અમારા જવાને ટાંકણે કરાંચીની મમતા ભરેલી સારી ધારણાઓથી અમારાં મન ઉપર એવી જ અસર થઇ છે."

નામદાર યુવરાજને કરાંચીની મ્યુનિસિપાલિટિએ માનપત્ર

એનાયત કર્યું હતું જેનો જવાબ આપતાં એઓશ્રી બોલ્યા હતા કેઃ—" ગૃહસ્થો ! સિંધના પાયતખ્તમાં આવતાં યુવરાજ્ઞીને અને મને આવકાર આપવાને સારૂ તમારો ઉપકાર માનું છું. આ વખત દરેક જાતની પ્રગતિનો છે પણ તમે કરેલા સુધારા અને વધારા તો આ કાળમાં પણ અજાયબી ઉત્પન્ન કરે એવા છે. સિંધ અને પંજાબમાં નહેરો વગેરેના વધારાના આંકડા જોતાં થોડા કાળમાં તમારૂં શહેર અને બંદર વિસ્તીર્ણ અને અગત્યનાં થઇ પડશે.

કરાંચી જોવાનો યોગ મળવાથી મને બહુ આનંદ થાય છે, કેમકે ભવિષ્યમાં કરાંચી આપણી સલ્તનતમાં એક અગત્યનું સ્થાન ભોગવવાને નિર્માણ થયેલું છે; અને તમારા માનપત્રમાં દર્શાવેલા વિચાર અને લાગણીઓ ઉપરથી તુલના કરીએ તો તમે અને તમારી પછી થનારા ગૃહસ્થો કરાંચીને મક્કમપણે મોટા પાયા ઉપર અને દીર્ઘદર્શીપણાથી વધારવાના સવાલનો બહુ સરસ રીતે ફડચો લાવી શકશો. અમારી મુલાકાતની યાદગીરીમાં મુંબાઇ સરકારે સિંધુ ઉપરની હોડીઓના લેવાતા કરને કહાડી નાંખવાની સભ્યતા બતાવી છે તેથી અમને ઘણો આનંદ થાય છે. ખૂદ કરાંચીને સીધી રીતે એથી શો લાભ થશે એ હું જાણતો નથી, પણ સિંધના લોકોને આડકતરી રીતે પણ લાભ થાય એવા આ કરના ઘટાડાની જોડે મારૂં નામ જોડાવાથી મને મગરૂરી ઉત્પન્ન થાય છે.

તમારા વિદાયગીરીના શબ્દોને માટે અમે બન્ને તમારાં ઘણાં આભારી છીએ; પણ અરે, એથી અમને સ્મરણ થાય છે

કે અમારી હિંદુસ્તાનની મુલાકાત હવે પૂરી થઇ રહેવા આવી છે! તમને તેમજ આ વિસ્તીર્ણ અને અજાયબી ભરેલા દેશના સઘળા ભાગોમાંના અમારા બીજા મિત્રોને અમે કહીએ છીએ કે ખરેખર આ દેશ છોડતી વખતે અમારાં મન ઉપકાર અને પ્રેમની ભાવનામય જ બની ગયાં છે. આ દેશમાં અમે ઘણું ઘણું નવું જોયું અને ઘણું ઘણું નવું શીખ્યાં. અમે જેટલું જોયું તેટલાથી હિંદુસ્થાન અમારા મનમાં મૂર્તિમાન્ ખડું થઈ ગયું છે. જેટલું જોયું તે ઉપરથી અમારા મનમાં વધારે જોવાની આતુરતા ઉત્પન્ન થઇ છે. અને તેથી ગમે તે જાત અને ગમે તે ધર્મની, પણ અમારા જ જેવી, અહિંની પ્રજાને માટે અમારા મનમાં ચિરકાળની શુભ લાગણી અને શુભ ઇચ્છા પ્રદિપ્ત થઇ છે.

જો કે દરેક જગ્યાએ અમને ભભકા અને આનંદભર્યું આતિથ્ય મળ્યું છે અને હજારો સુખી અને આનંદી મનુષ્યોએ અમને આવકારથી હસતે મોંએ વધાવી લીધાં છે, તોપણ અહિંના સખ્ત હવાપાણીવાળા પ્રદેશમાં હજારો ઉદ્યોગી અને ધૈર્યવાન ખેડુતો યોગ્ય કાળે વરસાદ ન આવવાથી કેવી સખ્ત અને દુઃખી જીંદગી ભોગવે છે, તે અમારી જાણુની બહાર નથી. હિંદુસ્થાનની મુલાકાતનો અમને યોગ મળ્યો છે તેથી અમે બન્ને ખરા દિલથી આભારી છીએ. મારા મન ઉપર જે જે અસરો થઇ છે તે ભવિષ્યમાં અભ્યાસ અને નિરીક્ષણવડે ખીલશે અને તેથી કરીને બ્રિટિશ રાજ્ય સંબંધી સવાલો હું સમજી શકીશ. આ મોટા પ્રદેશની મુલાકાતથી હિંદુસ્થાનને લગતો નાનામાં નાનો સવાલ સમજવાની યોગ્યતા આવે છે એમ હું ખાસ માનું છું.

પ્રજાના દરેક વર્ગે પ્યાર અને શુભેચ્છા દર્શાવવાથી હિંદુસ્થાનના સઘળા ભાગોમાં અમારા પ્રવાસમાં અમને સુખ અને આનંદ મળ્યાં છે. આ હિંદુસ્થાનની ભૂમી ઉપર પગ મૂક્યો ત્યારથી રાજ્ય તરફ વફાદારી અને શહાનશાહ તરફ ભક્તિ બતાવવામાં આવી છે, તેથી અમારાં મન ઉપર ઘણી જ અસર થઇ છે. સોળ વર્ષ ઉપર હિંદુસ્થાનમાં થોડો કાળ રહેલા મહારા વહાલા ભાઈની જોડે તે કાળે સંબંધમાં આવેલાઓના હૃદયમાં એમની યાદ હજુ તાજી છે એ જોઇને પણ મને ઘણું લાગી આવે છે. આજે હિંદુસ્થાનને જતી વખતની છેલ્લી સલામ કરતાં અમારી આ મુલાકાત અમને સુખી અને ઘણા જ બોધદાયક અનુભવોના સતત અને અવિચ્છિન્ન સંયોગોથી ભરેલી નિવડી છે, એમ કહીએ તો તે સત્ય જ છે.

યુવરાજે પોતાના પ્રવાસને અંગે સંબંધમાં આવેલા ગૃહસ્થોને માન, ઉપાધિયો અને કીર્ત્તિચંદ્ર વગેરે આપવાની ક્રિયાઓ છેલ્લે દિવસે કરી હતી. ત્યાર પછી બે એક કલાકમાં પરવારી લઇ તે નામદાર અને યુવરાજ્ઞી ચાર મૈલ દૂર આવેલા કિયામારી બંદરપર પધાર્યા હતાં.કરાંચીનું સૈન્ય રસ્તામાં હારબંધ ઉભું રહ્યું હતું અને પ્રખ્યાત જેકબની ઘોડેસ્વાર પલટણનાં માણસો ખૂદ તેમની તહેનાતમાં હતાં. આ બંદર આગળ તેમની સ્ટીમર ' રીનાઉન ' નાંગરેલી હતી. બંદરપરના અમલદારો અને બીજા હાજર રહેલા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સાથે મળી ભેટીને એઓશ્રી સ્ટીમરમાં ચઢવા સિધાવ્યા. જતાં પહેલાં અડધો કલાક થોભીને તેમણે ઇડરના મહારાજા સર પ્રતાપસિંહ જેઓ આ પ્રવાસ દરમ્યાન પોતાનું રાજ છોડીને જોડે ને જોડે રહ્યા હતા તેમને

મળ્યા. વાદિત્રોએ બ્રિટિશ રાજગીતના સુર છેડયા અને નામદાર સ્ટીમર પર સ્વાર થયા કે તેણે લંગર ઉપાડી ધીરે ધીરે પ્રયાણનો આરંભ કર્યો.

'રીનાઉન' થોડે છેટે ગઇ તેટલી થોડી ક્ષણમાં જ નૌકા-સેનાધિપતિના સાદા પોશાકમાં સજ્જ થઇ, હાથમાં દૂરબીન લઇ તેઓશ્રી તુતક ઉપર જણાયા. યુવરાજ્ઞી પણ પોતાના હાથમાં દુરબીન લઇને સફેત સર્જના પોશાકમાં સજ્જ થઈને તુતક ઉપર આવેલાં દેખાયાં. તેઓ બન્ને લળીલળીને જતી વખતનાં નમન કરતાં હતાં.

મુંબાઇના ગવરનર લોર્ડ લેમિંગ્ટન નૌકાસૈન્યની આગબોટ 'ડફ્રીન' ઉપર સ્વાર થઈને 'રીનાઉન'ની પછવાડે વળાવવા પધાર્યા હતા. તેમણે પોતાની આગબોટ ઉપરથી આ રાજવંશી યુગલને સંદેશો મોકલ્યો કે "જેની આનંદભરી યાદ પ્રજાજનોનાં હૃદયમાં હમેશ તાજી જ રહેશે એવી આપ નામદારોની મુલાકાત પૂરી થવાથી મુંબાઇ ઈલાકાની વતી હું દીલગીરી જાહેર કરવાની રજા લઉં છઉં. એ મુલાકાત દરમ્યાન આપે બતાવેલી કૃપા અને મમતાવડે શહાનશાહના તખ્ત તરફ પ્રજાજનોમાં વિશેષ ભક્તિ ઉત્પન્ન થઇ છે. આપ નામદારનો જળપ્રવાસ સુખી નિવડો અને આપ આનંદમાં કુશળક્ષેમ ઘેર પહોંચો."

પ્રકરણ ૧૩ મું.

સ્વદેશ તરફ પ્રયાણ અને સ્વાગત.

આ રાજવંશી મહેમાનોના હિંદુસ્થાનના પ્રવાસમાં એક વાત ખાસ જાણવા જેવી છે. દૂર દૂરની અને વિકટ જગાઓમાં જવાનું, જૂદા જૂદા હવામાનવાળા પ્રદેશોમાં મુસાફરી કરવાની, અનેક ક્રિયાઓ કરવાની, રાજદરબારી શિષ્ટાચાર ઉપર ખાસ ધ્યાન આપવાનું, એ બધું છતાં આ લાંબા પ્રવાસમાં કશી અડચણ નડી નથી. બધું નિયમિતકાળે અને નિર્વિઘ્ને સમાપ્ત થયું. એટલાં બધાં માણસોમાં કોઇને પણ મંદવાડ ધરાધરી નડયો નથી. આ બધું નિર્માણ કરાયલા અમલદારોની દીર્ઘદૃષ્ટિ, કાર્યદક્ષતા અને ઈશ્વરકૃપાથી જ બની શકયું. ખૂદ યુવરાજ અને યુવરાજ્ઞીને પણ ઓછી તકલીફ નહોતી. અઠ્ઠાવીસ રાત્રો સુધી રેલ્વેની ગાડીમાં શયન કરવું એ સ્હેજ વાત નથી.

સ્વદેશ તરફનું પ્રયાણ સેલ કરવા નિકળ્યા હોય નહિ એવું હતું. તેમને કશી ક્રિયાઓ કરવાની નહોતી. તેઓ થોડો કાળ ઇજીપ્તમાં રહ્યા, ત્યાં કેટલીક દરબારી ક્રિયાઓ કરી હતી, પણ પિરામિડ વગેરે જોવા ગયા ત્યાં ખાનગી ગૃહસ્થ તરીકે જ પધાર્યા હતા. ભૂમધ્ય સમુદ્રમાં થઇને જતાં ગ્રીસમાં કોર્ફુમાં નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુ અલેક્ષાંડ્રા અણધાર્યાં

ભેગાં થઈ ગયાં. તેમની સાથે તેમજ ગ્રીસના રાજકુટુંબીઓ જેઓની સાથે આપણા રાજકુટુંબને સગપણ છે તેમની સાથે કેટલોક કાળ ઘણા આનંદમાં ગાળ્યો. ત્યાંથી જીબ્રાલ્ટરને રસ્તે થઇને 'રીનાઉન' સ્વદેશ તરફ વળી. તેઓ આનંદભેર પોર્ટ-સ્મથના બંદરે પહોંચ્યાં. ત્યાં આગળની ઘણી મનવારોએ સલામીની તોપોના ધડાકાથી તેમને આવકાર આપ્યો. અહિં યુવરાજના કુંવરો અને કુંવરી સામાં આવ્યાં હતાં તેમને મળવાનો અપૂર્વ આનંદ ભોગવી તેઓ લંડન તરફ સિધાવ્યા.

વિદાય થતી વખતે સૌથી છેલ્લી મુબારકબાદી જેમ એમણે આપી હતી, તેમ ભવ્ય વિક્ટોરિયા સ્ટેશનપર આગગાડી પહોંચતાં પણ તેમને પ્રથમ મળીને મુબારબાદી આપનાર શહાનશાહ પોતે જ હતા. રાજકુટુંબનાં ઘણાં માણસો, રાજના મોટા અમલદારો, તેમજ ઘણા પ્રતિષ્ઠિત પુરૂષો પણ હાજર હતા. પરન્તુ ખરો ઉમળકાભર્યો આવકાર તો સ્ટેશન બહારથી શરૂ થયો હતો. કાંઇ પણ શિષ્ટાચાર વગરનો તાત્કાલ ઉભરી આવેલો પ્રજાજનનો આનંદ ખરેખરો આનંદજનક હતો. પોતાના રસાલામાં માત્ર પોલીસ જ રાખીને સાદી છડીસ્વારીએ યુવરાજ પોતાને મહેલ પધાર્યા. પ્રજાજનનો આવો અતુલ આનંદ સૂચવતો હતો કે યુવરાજના પ્રવાસથી પ્રજાને સંપૂર્ણ સંતોષ થયો હતો.

થોડા દિવસ પછી પુરાણા વેસ્ટમિન્સ્ટર એબીમાં પ્રવાસ નિર્વિઘ્ને પૂરા થયા બદલ ઇશ્વરનો આભાર માનવાને મોટો સમાજ મળ્યો હતો. એ પ્રાર્થના વખતે ધર્માધ્યક્ષે કરેલું વ્યાખ્યાન મનન

કરવા યોગ્ય હતું. તેમણે "હું તમારા લોકોની વચ્ચે એક નોકરની પેઠે આવ્યો છું." એ ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનું વાકય પોતાના વિષય તરીકે પસંદ કર્યું હતું. ધર્માધ્યક્ષે કહ્યું હતું કે 'આપણે પ્રજાની નોકરી કરીએ છીએ, માટે જ રાજ કરીએ છીએ. નોકરી કરવાથી પ્રજામાં આપણા તરફ ભક્તિ ઉત્પન્ન થાય છે. જ્યાં સુધા હિંદુસ્થાનની અગણિત પ્રજાની આપણે સેવા કરીએ, નોકરી કરીએ, ત્યાં સુધી ઇશ્વર કૃપાથી આપણે હિંદુસ્થાનનું રાજ કરીશું. આવો સામાન્ય સિદ્ધાંત પ્રતિપાદન કરીને એઓએ યુવરાજને ઉદ્દેશીને કહ્યું હતું કે 'રાજવંશી પ્રવાસીઓ કુશળ અને હેમખેમ પાછા પધાર્યા તેથી થતા રાજકુટુંબના આનંદમાં આપણો પણ ભાગ છે. આપણે પ્રભુની પ્રાર્થના કરીએ કે આપણું રાજકુટુંબ પોતાની ફરજો બજાવતાં ધર્મશાસ્ત્રનું મહાન ઇસુ-ખ્રિસ્તે કહેલું 'હું તમારા લોકોની વચ્ચે એક નોકરની પેઠે આવ્યો છું' એ વાકય હમેશ પોતાના ધ્યાનમાં જ રાખશે. રાજાઓએ, યુવરાજે, રાજકુંવરોએ અને સૈન્યે સઘળાંએ પ્રજાની સેવા જ કરવાની છે.'

યુવરાજની સેવાની પ્રજાએ કરેલી કદર ગીલ્ડહોલમાં તે નામદારને આમંત્રણ કરીને લંડનના લોર્ડ મેયરે અથાગ માન આપ્યું હતું તેથી જણાઇ આવે છે. આવા કામને માટે આવો મેળાવડો પ્રથમ કયારે એ મળ્યો નહતો. હિંદુસ્થાનની પેઠે ત્યાં બધું પ્રકાશવાન અને ઝલાંઝલાં થઇ રહેલું નહોતું; લશ્કરી દમામ નહોતો; પણ છેક માર્લબરોહાઉસથી તે ગીલ્ડહોલ સુધી મળેલી લાખો માણસોની મેદની અને ખૂદ ગીલ્ડહોલમાં એકઠા થએલા પ્રતિષ્ઠિત પુરૂષોથી યુવરાજના પ્રવાસની પ્રજાએ

કરેલી કદર સાફ જણાઇ આવતી હતી. આ વખતે નામદાર યુવરાજે કરેલું ભાષણ, પૂર્વે આ જ ભવ્ય ખંડમાં સંસ્થાનોના પ્રવાસ પછી લોર્ડ મેયરનું જ આતિથ્ય સ્વીકારતાં કરેલા ભાષણ કરતાં કોઈ પણ રીતે ઉણપવાળું ન હોતાં તેઓશ્રીની પદ્ધીને છાજતું જ હતું. બિલકુલ તૈયારી વગર, સુરસ અને સમયોચિત ભાષણ કરવાની યુવરાજની શક્તિ જગજાહેર છે. પોતાના ભાષણમાં બીજી બાબતોની સાથે એઓશ્રી એ પણ બોલ્યા હતા કે–" લગભગ પાંચ વર્ષ પૂર્વે પ્રિન્સેસ ઓફ વેલ્સ અને મને લંડન શહેરે અને લોર્ડ મેયરે આ જ ભવ્યખંડમાં મિજબાની આપીને માન આપ્યું હતું. તે વખત હું દરીઆપારનાં સંસ્થાનોમાં પ્રવાસ કરીને પાછો આવ્યો હતો. એવા જ સુસંયોગમાં આજે આપણે પાછા મળ્યા છીએ. આજે હું હિંદની સલ્તનતનો પ્રવાસ કરીને આવ્યો છું. નામદાર કૃપાળુ શહાનશાહે સલ્તનતના દૂરના ભાગોમાં જવાનું સોંપેલું કામ આ પ્રવાસથી પૂરૂં થયું છે. બ્રિટિશ સામ્રાજ્યમાં સઘળી જગાએ જઇને આવું કાર્ય બજાવવાને શહાનશાહે આપેલી તકને માટે અમે બન્ને તેમનાં ઘણાં આભારી છીએ. તેમજ અમારો પ્રવાસ સુખરૂપ થઇ પડે તેને માટે કરેલી દરેક ગોઠવણને માટે અમે પ્રજાનાં આભારી છઇએ. આવો પ્રવાસ કરવાની અમને ગણી ઉત્કટ હોંસ હતી, તે પૂરી પડી છે. પ્રજાએ 'રીનાઉન' જેવી સુંદર આગબોટ અમારી તહેનાતમાં મુકી હતી એ અમારા ઉપર મોટું અહેશાન કર્યું છે. તેમજ હિંદુસ્થાનની સરકારે અમારી મુસાફરી સુખભર અને આનંદમય કરવાને કરેલી બધી ગોઠવણોને સારૂ અમે તેમનાં પણ આભારી છઇએ. અમારે માટે ખાસ આરામીઅત ભરેલી રેલ્વેની ગાડીઓ તૈયાર કરી હતી, જેમાં અમે

ઘણાં જ સગવડ, સુગમતા અને આરામથી નવ હજાર મૈલની મુસાફરી કરી હતી. તમે જાણીને ખુશી થશો કે એ ગાડીમાં અમે અઠ્ઠાવીશ રાત્રીઓ ગાળી હતી. તા. ૯ મી નવેંબરે અમે મુંબાઈ પહોંચ્યાં. મુંબાઇએ અમને ઘણોજ ભપકા ભરેલો આવકાર આપ્યો, ત્યારથી તે અમે તારીખ ૧૯ મી માર્ચે કરાંચી બંદરથી સ્વદેશ આવવા વહાણે ચઢયાં તે દરમ્યાન ઠેકાણે ઠેકાણે અમને પ્રેમ અને ઉત્સાહભર્યા આવકાર મળ્યા છે, જેથી અમારાં હૃદય ઉપર ઘણી અસર થઈ છે. એ બધાંની યાદ અમારાં હૃદયમાં હમેશ તાજી રહેશે અને કદીએ ભૂલાશે નહિ. તેમજ શહાનશાહ પ્રતિ ખરી રાજભક્તિ અને પ્રેમનાં ચિન્હ અમે દરેક સ્થળે જોયાં છે તેથી વળી અમારા હૃદય ઉપર વધારે અસર થઈ છે. મારા પ્રિય પિતાજી જે જે સ્થળે ત્રીસ વર્ષ પૂર્વે પધાર્યા હશે તે તે સ્થળે અમે ગયા ત્યારે તેમની પધરામણી વખતે હાજર હતા તે, અગર ત્યાર પછી જન્મેલા એવા દરેક જણના હૃદયમાં એમની પધરામણીની યાદ તાજી ને તાજી જ નજર આવી છે. એઓશ્રીની પધરામણી વિશે દરેક જણ આનંદ અને મગરૂરીથી બોલતું હતું. અફસોસ કરવા જેવું છે કે આમ દરેક જગાએ આનંદ, ઉત્સાહ, ભપકો અને દમામભરેલાં આતિથ્ય છતાં અમે પ્રવાસ કરતા હતા તે જ પ્રદેશમાં, તે જ સમયે, પ્રજાનો કેટલોક વર્ગ દુષ્કાળથી પિડિત હતો તે અમને યાદ છે. તેમનાં દુઃખ, ગરીબાઇ અને વિટંબણા અમે ભૂલી ગયાં નથી. જ્યારે અમે ગ્વાલિયરમાં હતાં ત્યારે દુષ્કાળ પિડિત અનાથોના ઉભા કરેલા આશ્રમો તપાસવાનો યોગ મળ્યો હતો. ત્યાં આગળ ૬૦૦૦ માણસો અને છોકરાંઓની દરેક રીતે લેવાતી સંભાળ જોઇને અમે સંતુષ્ટ થયાં હતાં.

કેટલાંક મોટાં ખંડિયાં દેશીરાજ્યોમાં કરેલો પ્રવાસ અમારાથી કદી એ ભુલાય નહિ એવો હતો. દરેક રાજકર્ત્તા અને એમની પ્રજાએ અમને ઉમળકા ભેર આવકાર આપ્યો હતો. એમણે અમારૂં આતિથ્ય કરવામાં આઘુંપાછું જોયું જ નથી. કેટલાક રાજકર્ત્તાઓ જોડે હું વધારે નિકટ સંબંધમાં આવ્યો છું, અને તેમનાં ઔદાર્ય, તેમનું પ્રેમશૌર્ય અને પ્રજાનું ભલું કરવાની તેમની શક્તિ જોઇને હું છક થઇ ગયો હતો."

"અમારા ઘણા જ ટુંકા પણ વિરલ પ્રવાસમાં અમારા મન ઉપર શી અસર થઇ એમ જો પુછવામાં આવે તો હું ટુંકામાં એટલું જ કહું કે હિંદુસ્થાન એક દેશ નથી એવી અમારી ખાત્રી થઇ છે. આપણે સાધારણ રીતે હિંદુસ્થાન જઇ આવ્યા એમ કહીએ છીએ. પણ હિંદુસ્થાન, રૂશિયાને બાદ કરતાં, આખા યૂરોપ જેવડો વિસ્તિર્ણ, ૩૦૦૦૦૦૦૦૦ જૂદી જૂદી જાતની, જૂદા જૂદા ધર્મ પાળતી, જૂદી જૂદી ભાષા બોલતી અને ઓછા વત્તા સુધારાવાળી માણસની વસ્તીવાળો એક ખંડ છે, એમ ઘણાનો ખ્યાલ જ નથી. તેના વિસ્તારથી, તેની ભવ્યતાથી, તેની જૂદી જૂદી જાતની પ્રજાથી, તેના જૂદાં જૂદાં હવામાનથી, તેનાં હિમાચ્છાદિત શિખરોથી, તેનાં નિસ્સીમ રેતાળ મેદાનોથી, તેની વિશાળ વેગવાન નદીઓથી, તેનાં બાંધકામોથી અને તેના પૂર્વના ઇતિહાસથી હું તો છક થઈ ગયો હતો. ત્યાંના પ્રજાજનોનાં ધૈર્ય, સાદું જીવન, અપૂર્વ રાજભક્તિ, અને અલૌકિક ધાર્મિકવૃત્તિઓનો મને સાક્ષાત્કાર થયો છે. આપણા રાજ્યનાં ન્યાય અને પ્રમાણિકતા ઉપર તેમને દૃઢ શ્રદ્ધા છે. મેં જે જોયું છે અને જે જે સાંભળ્યું છે તે ઉપરથી આપણા રાજ્ય

વહીવટમાં આપણે જો ત્યાંના પ્રજાજનો તરફ વધારે સહાનુભૂતિ રાખીએ તો આપણને રાજ કરવું બેશક વધારે સુગમ્ય થાય, એમ મારૂં માનવું છે. હું ભવિષ્ય ભાખું છું કે જે પ્રમાણમાં આપણી સહાનુભૂતિ વધશે તે જ પ્રમાણમાં પ્રજાજનોની શુદ્ધ પ્રીતિ પણ વધશે. દરેક જાતની પ્રજાના સુખ અને શુભ કરવાના આપણા સતત પ્રયાસ અને સબળ આકાંક્ષા પરત્વે હિંદના પ્રજાજનના મનમાં આપણો વિશ્વાસ અને શ્રદ્ધા સતત વધ્યાં કરે એવું આપણે શું ના ઇચ્છવું જોઇએ ? તેમ થવામાં આપણી તરફથી સહાનુભૂતિ વધવી જ જોઇએ."

આ પછી યુવરાજે મુંબાઇ, ગ્વાલિયર, કલકત્તા, કરાંચી વગેરે સ્થળોએ બનેલા બનાવો સુરસિક ભાષામાં થોડા થોડા વર્ણવ્યા હતા. છેવટે તેઓશ્રી બોલ્યા હતા કે "મારો પ્રવાસ માત્ર સાડાચાર મહિનાનો ટુંકો હતો. અને એટલા ટુંકા સમયમાં આવા વિસ્તિર્ણ દેશ સંબંધી વધારે સચોટ અને શુદ્ધ જ્ઞાન મેળવી ન શકાય એ હું જાણું છું. પરંતુ હિંદુસ્થાનના ગંભીર સવાલો સંબંધી આવું જ્ઞાન મેળવવાને લાગતા વળગતાઓએ જાતે ત્યાં જઇને જ જોવું–તપાસવું જોઇએ. દરેક બ્રિટન જે હિંદુસ્થાનમાં પ્રવાસે જશે અને ત્યાંના લોકોમાં રહેશે અને ભેળાશે તે અરસપરસની શંકાના નિવારણમાં ઓછો વત્તો પણ સહાયભૂત થઇ પડશે. આમ બનશે એટલે બન્ને પ્રજાઓમાં સહજ પણ અણવિશ્વાસ હશે તો તે નાશ પામશે. એમ થવાથી એક બીજા તરફ સહાનુભૂતિની વૃદ્ધિ થઈ ભ્રાતૃભાવના બળવાન થશે. આમ થશે એટલે હિંદુસ્થાનનો આપણો જૂનો સંબંધ તાજો થશે, એટલું જ નહિ, પણ નવો દ્રઢતર સંબંધ ઉદ્ભવશે. ઇશ્વર ઇચ્છા હશે તો પરિણામે, એક બીજાનાં મન જાણવાથી, ભરતખંડની પ્રજાનાં અને ઇંગ્લંડનાં હ્રદયો વધારે નિકટ આવી સ્નેહબદ્ધ થશે."

પ્રકરણ ૧૪ મું.

શાહાનશાહને મદદગારી.

યુવરાજના જગતના પ્રવાસની પ્રજા બહુ કદર કરતી હતી. દિવસાનુ દિવસ તેના અહેવાલો પ્રકટ થતા હતા. આ પ્રવાસોના વચગાળાના દિવસો યુવરાજ કાંઈ નકામા ગાળતા નહોતા. તેઓ તેવા કાળમાં સ્વદેશની જ સેવા કરતા. તેઓ મંત્રિમંડળમાં તેમજ જૂદી જૂદી તપાસને સારૂ નિમાયલી સભાઓમાં કામ કરતા. તેઓ સભાઓમાં હાજર રહેતા, તેઓ પ્રકટ થયેલા અહેવાલોનો–હિસાબોનો સંભાળ પૂર્વક અભ્યાસ કરતા. પોતે સભાના પ્રમુખ હોય તે સભામાંથી કવચિત જ ગેરહાજર રહેતા. તેઓ પાર્લામેંટની બન્ને સભાઓમાં પધારતા; કોઇ ચાલતી તકરારમાં રસ પડે તો એ પૂરી થાય ત્યાં સુધી રોજ પધારવાનું ચુકતા નહિ. બ્રિટિશ મ્યુઝિયમના ટ્રસ્ટી તરીકે અને ટ્રિનિટી હાઉસના માસ્તર તરીકે નિયમસર કામ કરતા. તેઓશ્રીએ કેન્સર નામના પ્રાણઘાતક રોગ નિર્મૂળ કરનારી શોધને માટે નિમાયલી સભામાં, તેમજ સલ્તનતમાં રૂનો પાક ઉગાડવાની બાબતની સભાઓમાં ખંત ભર્યું કામ કર્યું છે. તેમણે સેંટલુઇના પ્રદર્શનમાં ઇંગ્લાંડની વસ્તુઓ બતાવવાને નિમાયલી સભાના પ્રમુખ તરીકે અથાગ મહેનત

લીધી છે. તેમજ તેમણે વિગ્રહના સમયમાં સૈન્યને ખોરાક વગેરે પૂરો પાડવાની યોજનાઓની તપાસ કરનાર સભાની બેઠકોમાં લગભગ બે વર્ષ સુધી શ્રમ લીધો છે.

પોતાની કોર્નવોલની ડચી—જાગીરના સંબંધમાં અથાગ મહેનતો જારી હતી છતાં, શહાનશાહની આજ્ઞાનુસાર ઘણાં કામ તેઓશ્રીને કરવાનાં હતાં. ઇંગ્લંડ બહાર ઘણા દરબારોમાં શહાનશાહના પ્રતિનિધી તરીકે પધાર્યા છે. તેઓશ્રીએ અમીર ઉમરાવોને તેઓની જાગીરો પર મુલાકાત આપવામાં પણ સંકોચ કર્યો નથી. એવી જગાએ પધારે ત્યારે તેઓશ્રીને કાંઇને કાંઇ જાહેર કાર્યો પણ કરવાં પડતાં.

સેંટ જેમ્સિસ મહેલ, અને યોર્ક હાઉસના મહેલમાં યુવરાજ રહેલા હતા તે અમે કહી ગયા છીએ. ૧૯૦૩ માં, પોતાના યુવરાજ તરીકેના પદને લીધે તેઓશ્રીને માર્લબરો હાઉસ નામના મહેલમાં રહેવાનો હક્ક પ્રાપ્ત થવાથી તેઓશ્રીએ ત્યાં વાસ કર્યો. એ મહેલમાં વસ્યા પછી તેઓશ્રીએ શહાનશાહ અને શહાનશાહ બાનુને ત્યાંના પ્રમદવનમાં સૌથી પ્રથમ મિજબાની આપી હતી. આ મહેલના પ્રમદવનની મિજબાનીઓ પરાપૂર્વથી વખણાતી આવી છે પણ યુવરાજના સમયમાં તો પ્રથમના કરતાં બહુ જ આનંદદાયક થઇ પડી છે.

લાઇમ હાઉસ આગળ 'પાસમોર એડવર્ડ સેલર્સ પ્લેસ' નામની ખલાસીઓની ધર્મશાળા ઉઘાડવાની ક્રિયા યુવરાજે કરી હતી. ઘણા ખલાસીઓએ પણ ઉત્સાહથી આ ધર્મશાળાને યથાશક્તિ ભેટ કરી હતી. એક ખલાસીએ શરમાતાં શરમાતાં

નમન કરતાં યુવરાજ્ઞીના હસ્તકમળમાં દશ પૌંડની નોટ મુકી હતી. બીજાએ પુસ્તકો મુકવાની અભરાઇ અર્પણ કરી હતી, ત્યારે ત્રીજાએ તેમાં મુકવાનાં પુસ્તકો ભેટ કર્યાં હતાં. આ પુસ્તકો ખૂદ યુવરાજ્ઞીએ સ્વહસ્તે અભરાઇમાં ગોઠવ્યાં હતાં. કોઇએ પિઆનો તો કોઇએ ગ્રામોફોન આપીને ખલાસીઓને આનંદજનક સાધનો ઉમેર્યાં હતાં.

લેડનના વિશ્વવિદ્યાલયે યુવરાજને ડોકટર ઓફ લો (એલ. એલ. ડી.,) ની અને યુવરાજ્ઞીને ડાકટર ઓફ મ્યુઝિક (ડી. એમ, સી.) ની માનપ્રદ પદવીઓ એનાયત કરવાનો મેલાવડો વિદ્યાર્થીઓ, ઉપાધીધારીઓ, વિશ્વવિદ્યાલયના અમલદારો અને ગૃહસ્થોથી ભરાઇ ગયો હતો.

સ. ૧૯૦૫ માં ટેમ્સ નદીમાં આગબોટ ફેરવનાર નવી કંપની ઉભી થઇ હતી. એ કંપનીએ ટ્રામ્વે પણ ઉઘાડી હતી. એ આગબોટ પહેલ વહેલી ફેરવવાને દિવસે યુવરાજે ક્રિયા કરી હતી. લાખો લોકોની થટ મળી હતી અને વર્ષાદ ઝરમર પડતો હતો. છતાં પોતે અને તેમના બંને નાના કુમારો ત્યાં પધાર્યા હતા. તેમણે સૌથી પહેલી ટીકીટો ખરીદીને રૂપા નાણું આપ્યું. આ નાણું આ ક્રિયાની સુખદ યાદ તરીકે સંભાળી રાખવામાં આવ્યું છે. તેઓ આગબોટમાં બેશી એમ્બેંકમેંટથી ગ્રીનિચ સુધી પધાર્યા. ત્યાં તેઓશ્રીને માટે ઘોડા ગાડીઓ હાજર કરવામાં આવી પરન્તુ ઉપકાર સાથે તેમણે ના કહી. પોતેશ્રી અને કુમારો ટ્રામ્વેની સાધારણ ગાડીઓ ઉપર સવાર થઇને સહેલ કરતા કરતા છેક વેસ્ટમિન્સ્ટર બ્રિજ

સુધી પધાર્યા. ટેમ્સ ઉપરથી તેઓશ્રી પધારતા હતા તે વખતે અતુલ શોભા થઇ હતી. પરંતુ બ્લેકફ્રાયરબ્રિજ આગળ ખલાસીઓએ પાણીની ધારાઓ ઉડાવીને યુવરાજનાં રાજચિન્હ અને સૂત્ર દેખાય એમ બનાવ્યું હતું તે બહુ જ સુંદર હતું.

સન ૧૯૦૫ માં યુવરાજ કાર્ડિફ પધાર્યા હતા. મૂળ હેતુ તો ત્યાંની કોલેજનું ખાતમુહૂર્ત કરવાનો હતો પણ ત્યાં ગયા પછી તેમને ઘણા ઘણા મેળાવડામાં હાજર થવું પડયું હતું. આ પ્રવાસ તે ખરેખરો ભાષણો કરવાનો પ્રવાસ જ થઇ પડયો હતો.

સન ૧૯૦૬માં નામદાર યુવરાજ રાજ તરફથી સ્પેનના તરૂણ રાજાના લગ્ન વખતે પધાર્યા હતા. રાજવધુ પણ તેમનાં નિકટ સગપણવાળાં છે. લગ્ન થઇ રહ્યા પછી દેવળમાંથી પાછાં ફરતાં યુવરાજની ગાડી સ્પેનના રાજાજીની ગાડીની પાછળ જ હતી. તેવામાં કોઇ બદમાસે બોંબ ફેંકયો હતો. સુભાગ્યે ધારેલી અસર થઇ નહિ. આવી વખતે એઓશ્રી હાજર હોવાથી સ્પેનની ઘણી જ તરૂણ અને નવોઢા રાણીને ઘણું આસ્વાસન મળ્યું હતું.

સન ૧૯૦૭ની ગુડફ્રાયડેના તહેવાર ઉપર એક સમયે યુવરાજ પોતાની મોટરમાં ફ્રોગમોરથી વિંડસ્ટર પાર્કમાં થઇને આવતા હતા. તેવામાં લંડનથી સેલઘાહે નીકળી પડેલા કેટલાંક મનુષ્યો ભાડાની વિકટોરિયામાં બેશીને આવી પહોંચ્યાં. ઘોડો મસ્તીએ ચઢયો અને પોસ્તંગ ઝાડવા મંડી પડયો. ગાડી

ઉંધી પડીને ઘોડા માંહી દબાઇ ગયો. આ જ વેળાએ નામદાર યુવરાજની મોટર ત્યાં આવી. આ લોકોને આવી વિટંબણામાં જોઇને યુવરાજ મોટર ઉભી રખાવી ઉતરી પડયા. અને ડગલો ઉતારી નાંખી મદદ કરવા દોડી ગયા. પોતાની મોટરમાં હતાં તે ઓજારો પૂરતાં ન હોવાથી મોટરના હાંકનારને બીજાં હથીઆર લેવા દોડાવ્યો. ઘોડાને છૂટો કર્યો, ગાડીને ઠીક કરી અને ઘોડાને ગાડીવાળા જોડે છૂટો તબેલામાં મોકલાવ્યો. એની જોડે પોતાના નામથી ખાસ કહાવ્યું કે ગાડી વાળાની બિલકુલ કસુર નથી, ત્યારે જ એ બધાઓએ જાણ્યુ કે આ તો યુવરાજ છે. જરૂર વખતે તાત્કાળ મદદ કરવાની એઓશ્રીની ખાસીઅત જ છે. બધા તરફ સહાનુભુતિ એ એમનું ખાસ લક્ષણ છે.

ગરીબ લોકોનાં છોકરાંને ખૂલ્લી હવામાં આનંદ કરવાનું મળે માટે કેટલાક પરગજુ ગૃહસ્થોએ સારૂં ફંડ ઉભું કર્યું હતું. તેઓ હજારો છોકરાંને એપિંગ્ ફોરેસ્ટમાં ઉજાણી લઇ ગયા હતા. ઘણા પ્રતિષ્ઠિત ગૃહસ્થો તેમની સાથે હતા અને ગંદવાડ અને નઠારાં ઘરોમાં ઉછરેલાં ગરીબ બાળકો ખૂલ્લી હવાની મોજ ભોગવતાં હતાં. તેવામાં યુવરાજ અને યુવરાજ્ઞી પ્રથમથી ખબર કર્યા સિવાય ત્યાં પધાર્યાં. સુંદર પોશાકમાં સજ્જ થયેલાં દંપતી અને સુંદર મોટર જોતાં છોકરાં ધરાયાં નહિ. પોતાની રમત મુકીને બધાં એમને વિંટાઇ વળ્યાં, તે કેમે કર્યા ખસે નહિ. યુવરાજ્ઞીએ તેમની સાથે મોકળે મને માયાળુ માતાની પેઠે વાતચીત કરી. બધી તલાસ કરી, ફંડનો એહવાલ જાણી, પછી યુવરાજે પુછયું કે આવો આનંદ ભોગ-

જ્યા પછી આ બાળકોને પોતાનાં ગંદાં ઘરોમાં પાછું જવું ગમે છે? મોટાં છોકરાં તો જવાબ આપી શકયાં નહિ. પણ એક નાની છોકરીએ જવાબ આપ્યો કે ' જુવોને, ખેતરોમાં કાંઈ કામ ચાલતું નથી અને ગાયો એવી મારકણી અને નઠારી છે.'

નામદાર યુવરાજ પોતાની કોર્નવોલની જાગીર ઉપર પધાર્યા હતા. પોતાના ખેડુતોને શ્રીમુખે કહ્યું હતું કે તમે મને પ્રથમ તમારો મિત્ર ગણજો અને હું જમીનદાર છું એ ખ્યાલ ગૌણ રાખજો. પોતાના ખેડુતોને દરેક રીતે સુખ મળે તેવી એઓશ્રી ખાસ સંભાળ રાખે છે અને પરિણામે સઘળાં તેમને ઘણી જ મમતાથી ચ્હાય છે.

આ પ્રમાણે પ્રજામાં ભેળાવાના, પ્રજાનાં સુખ દુઃખ જોવાના, સાંસારિક અને અન્ય સુધારાને ઉત્તેજન આપવાના, કેળવણી, વ્યાપાર, હુન્નર, પુણ્ય, ધર્મ ઈત્યાદિ દરેક શુભ કાર્યમાં ભાગ લેવાના જે જે પ્રસંગો આવે તે યુવરાજ ચુકતા નથી. તેમને ઘણી ઘણી ક્રિયાઓમાં, મેળાવડાઓમાં, અને સભાઓમાં પધારવું પડે છે. એ બધાંનું સવિસ્તર વર્ણન ઘણું મનોરંજક થઇ પડે છતાં અમે જગાના સંકોચને લીધે કરી શક્તા નથી.

પ્રકરણ ૧૫ મું.

શાહાનશાહ સાતમા એડવર્ડનું અવસાન.

જન્મચરિત્ર લખનારને હમેશાં ઉત્સવ અને આનંદ વિશે જ લખવાનું હોતું નથી. જેમ આનંદ તેમ દીલગીરી ઉત્પન્ન થાય એવા પ્રસંગો પણ વર્ણવવા પડે છે. અમારે ભાગ પણ હવે ઘણોજ ખેદકારક પ્રસંગ લખવાની ફરજ આવીપડી છે.

કેટલાંક વર્ષોથી શહાનશાહ એડવર્ડ સાતમાએ વસંત રૂતુમાં યૂરોપ ઉપર સેલઘાહે જવાની પ્રથા પાડી હતી. આમ થવાથી ઇંગ્લંડના માર્ચ અને એપ્રિલ માસના સખ્ત પવન અને ઠંડા વર્ષાદને બદલે એઓશ્રીથી ગરમ અને ખુસ્નુમા રૂતુ અનુભવાતી. તેઓ વસંત રૂતુ ગાળી પાછા ફરતાં ભૂમધ્ય સમુદ્રમાં ક્રિડાનૌકામાં બેશી ઇંગ્લાંડ પધારતા. નામદાર યુવરાજને હિંદુસ્થાનથી પાછા વળતાં ભુમધ્ય સમુદ્રમાં શહાનશાહ પોતાના આવા જ એક જળપ્રવાસ દરમ્યાન મળી ગયા હતા એ અમે આગળ કહી ગયા છીએ.

સને ૧૯૧૦ માં શહાનશાહે બિઆરિત્ઝમાં વસંત રૂતુ ગાળી હતી. અનેક રાજકીય કારણોને લીધે આ વર્ષમાં તેઓશ્રી ભૂમધ્ય સમુદ્રમાં સેલઘાહે ન જતાં ત્યાં જ રહ્યા હતા. શહા-

નશાહ બાનુ એકલાં ગ્રીસ પધાર્યાં હતાં. બિઆરિત્ઝથી પાછાં ફરતાં નામદાર શહાનશાહને પારીસમાં સ્હેજ શરદી થઈ છે એવી અફવા ચાલી હતી; છતાં દરબારી ખબરોમાં તેઓશ્રીની તંદુરસ્તી સારી છે એમ જાહેર કરવામાં આવતું. ઇંગ્લાંડમાં આવ્યા બાદ એઓશ્રી પોતાના રાજકાજમાં જોડાઈ ગયા હતા; એ-ઓશ્રી નાટક જોવા પધારતા; આઠ વર્ષની ગેરહાજરીને અન્તે લૉર્ડ કિચ્નર ઇંગ્લાંડ આવ્યા તેમને મળવાનો શ્રમ લીધો હતો; રોયલ એકેડેમી તેમજ એવાં બીજે સ્થળે પધાર્યા હતા; પો-તાની તરફથી પ્રતિનિધી તરીકે ન્યુઝિલાંડ સિધાવતા યુવરાજને વળાવવાને પણ પધાર્યા હતા; તેમજ સેંડ્રિંગ્હામ મહેલમાં થતો સુધારો તપાસવાને જાતે પધાર્યા હતા. આવી આવી બાબતો ઉપરથી શહાનશાહની તબીયત સંબંધી સ્હેજ ઉત્પન્ન થઈ હતી તે ફીકર શમી ગઈ. સેંડ્રિંગ્હામની ઠંડી અને શરદ હવાને લીધે વળી સ્હેજ શરદી થઇ હતી છતાં શહાનશાહ દર અઠવાડીએ પોતાનું રાજકાર્ય કરવા લંડન પધારતા. તેવામાં શહાનશાહ બાનુ અલેક્ઝાંડ્રા પધાર્યાં. હમેશના રિવાજ પ્રમાણે શહાનશાહ તેમને લેવાને સ્ટેશનપર ન પધાર્યા ત્યારે ચોતરફ ફીકર ઉત્પન્ન થઈ. પોતાની આખી જીંદગીમાં એઓશ્રીએ પોતાનાં આ ધર્મ-પત્ની તરફ માનભરી લાગણી બતાવવાનો એક પણ પ્રસંગ જવા દીધો નહતો. છતાં આ વખત તેમ થવાથી પ્રજામાં એ-ઓશ્રીની તંદુરસ્તીને માટે અનેક તર્કવિતર્ક થયા. સ્ટેશન ઉપર પધારતાં કાંઈ બહુ મહેનત પડતી નથી. પણ તે ઉપરથી એ-ઓશ્રી મહેલ બહાર નીકળવાને અશક્ત છે એવું અનુમાન થયું. છેવટે જ્યારે પાંચ મહાન વૈદ્યોની સહીથી પ્રજાને જાણ થયું કે શહાનશાહની તંદુરસ્તી સારી નથી અને હાલત ઘણી ગંભીર

છે. ત્યારની પ્રજાની ફીકરનું વર્ણન કરી શકવું સહેલું નથી. હજારો ગાડીઓ શહાનશાહની ખબર પુછવાને જાઆવ કરતી. અંધારામાં અને વર્ષાદમાં પણ શહાનશાહની ખબર જાણવાને ઉત્સુક હજારો પ્રજાજનો મહેલની બહાર ઉભાને ઉભા રહેતા. આબાલવૃદ્ધ પ્રજાજનો, ગરીબ અને તવંગરો અને સૈનિકો બધા શહાનશાહને સારૂ ફિકરમંદ થઈ રહ્યા હતા. પ્રજામાં વખણાયલા અને ધન્વંતરી જેવા સમર્થ ગણાતા વૈદ્યો ખડાને ખડા રહેતા. પરન્તુ કુદરતની ગતિ જ ન્યારી છે. રાય અને રંક, અબલ અને સબલ, સર્વેને માટે છેલ્લો રસ્તો એક જ નિર્માણ થયેલો છે. વૈદ્યોની કુશાગતા છતાં અને પ્રજાજનોની અકથ ફીકર છતાં, નામદાર શહાનશાહે તારીખ છઠ્ઠી મેને દિવશે આ ફાની દુનિઆનો રાજદંડ તજ્યો અને પોતે પંચત્વ પામ્યા. એમના જેવા સુજન પુરૂષને યોગ્ય જ એમનું મરણ થયું હતું. છેલ્લી ઘડી સુધી પોતે રાજધુર ધારણ કરી રાખી હતી. મંદવાડ લાંબો નહોતો. અશક્તિ ઝાઝો કાળ રહી નહોતી. પ્રજાને પ્રથમ દરબારી જાહેરખબરથી મંદવાડની ખબર પડી અને બીજી દરબારી જાહેરખબર વખતે તો એઓશ્રી સાવધ નહોતા. પ્રજાજનો ફીકરમંદ ચહેરે મહેલની બહાર માત્ર એકાદ દિવસ જ ખડા રહ્યા હતા. આ પ્રમાણે આ શાન્તિપ્રવર્તક, શાન્તિરક્ષક અને શાંતિપ્રિય શહાનશાહ પોતાના કુટુંબની વચ્ચે શાન્તિ ભરેલી રીતે નિર્વાણ પામ્યા. આ દુઃખભર સમાચાર વજ્રાઘાતની પેઠે સર્વને સાલી ઉઠયા.

જે થોડો કાલ શહાનશાહની જીંદગી ટકશે એમ મહેલમાં આશા હતી, અને લોકો મહેલ બહાર ઉત્સુકતાથી ઉભા રહેતા

તે દરમ્યાન નામદાર યુવરાજ પોતાના પિતાશ્રીની હજુરમાં જ રહેતા. શહાનશાહબાનુને તેડવા પણ એઓ જ પધાર્યા હતા. મ્હેલમાં પધારતાં તેમનું સ્વાતિથ્ય પણ તેમણે અને યુવરાજ્ઞીએ જ કર્યું હતું. શહાનશાહના મૃત્યુના દુખદ સમાચાર લોર્ડ મેયરને જાહેર પણ એમને જ કરવા પડયા હતા. થોડાક સમય બાદ અંતર્મંત્રીમંડળમાં એઓશ્રી હાજર થયા હતા. તે વખત સ્વર્ગવાસી શહાનશાહ સંબંધે બોલતાં 'રાજાજી' એમ એઓ બોલ્યા હતા. કાયદા પ્રમાણે રાજગાદી એક ક્ષણ પણ ખાલી રહેતી નથી. અને તેથી યુવરાજ સ્વર્ગવાશી શહાનશાહના મરણની ક્ષણથી પાંચમા જોર્જનું પદ પામી ચુકયા હતા.

રાજકર્ત્તાના મરણ વખતે વિચિત્ર રિવાજો કરવા પડે છે. શોકના દિલાસાના સંદેશા ચોતરફથી આવે છે તેમજ ચોતરફથી મુબારબાદીઓ પણ આવે છે. ફરજમાંથી મુક્ત થવાતું નથી. કામ તજી દેવાતું નથી. નામદાર પાંચમા જોર્જને પણ આ જ રિવાજને તાબે થવું પડયું. પિતાનો દુર્નિવાર્ય શોક રાજધર્મમાં ગૌણ કરવો પડયો. સ્વર્ગવાસી શહાનશાહને અંતમંજલ પહોંચાડવાની ક્રિયાઓની તૈયારીમાં એઓશ્રી રોકાયા.

અંતમંજલ વખતે પ્રજાએ શહાનશાહ એડવર્ડને જેવું અપૂર્વ માન આપ્યું હતું તેવું ભાગ્યે જ બીજાને મળ્યું હશે. દેવીશ્રી વિકટોરિયાનું મૃત્યુ લંડનમાં નહોતું થયું. તેમના શબને લશ્કરી અસ્મારોની બન્ને બાજુએ મારેલી સફની વચમાં થઇને આઇલ ઓફ વાઈટમાંથી આણ્યું હતું. લંડનનો તે વખતનો દેખાવ જોનારને કદી વિસરે નહિ એવો હતો. પ્રજાની આંખમાંથી અશ્રુ

પ્રવાહ ચાલી રહ્યો હતો. એ દેવીનું રાજ્ય ઇંગ્લંડના સૌ રા-જાઓમાં લાંબામાં લાંબુ હતું એટલું જ નહિ પણ એમના પોતાના સદ્‌ગુણની છાપ અને અસરથી એમનું રાજ ખરેખાત અદ્વિતિય જ હતું.

પરંતુ સાતમા એડવર્ડની વાત વળી નિરાળી જ હતી. એમનું ટુંકું રાજ એકદમ પુરૂં થઈ ગયું. એઓશ્રીને હજુ ઘણું કરવાનું બાકી હતું. કટાકટીનો વખત હતો અને તેવામાં એઓશ્રીની ખાસ જરૂર હતી. એમના મૃત્યુથી ખરેખરૂં નુકશાન તો પ્રજાને જ થયું હતું. અરે એથી એ વધારે હતું. પોતાના અમલનાં થોડાં વર્ષોમાં જ એઓશ્રીએ પ્રજાજનનાં હૃદયો જીતી લીધાં હતાં. જેઓની સાથે એઓશ્રી કદી એક શબ્દ પણ બોલ્યા નહિ હોય એવાં અનંત માણસો એમના પર ફીદા ફીદા થઇ ગયાં હતાં.

મૃત્યુ થયું હતું તે ખંડમાંથી એમના સબને 'થ્રોનરૂમ'-સિંહાસનવાળા ખંડમાં મુકવામાં આવ્યું હતું. ભવ્ય દેખાવવાળા શુશોભિત આ ખંડમાં તેમના વફાદાર સિપાઇઓ જ તેમની તહેનાતમાં રહ્યા હતા. સિંહાસનની આગળ એક વેદી ઉપર જાણે સુવર્ણની જ હોય એવી મીણબત્તીઓ અખંડ બળ્યાં ક-રતી હતી. સૂર્યનાં કિરણો તેમજ કિલકિલ કરતાં પક્ષિઓ પણ ખંડમાં આવી શકતાં. ઉંધાં હથિયાર ઝાલીને કોરેલાં પુતળાં જેવા ગંભીરતાથી સ્થિર ઉભા રહેલા સૈનિકો શહાનશા-હતના શોકની મૂર્ત્તિ જેવા જણાતા હતા. આ જગાએ એમના મિત્રો અને ખાસ સેવકો એમને સેજદો કરવા આવ્યા હતા.

આ પ્રમાણે કુટુંબમાંથી મહેલનાં જનોમાં થોડીવાર રહ્યા બાદ શહાનશાહને તેમની પ્રજાને હવાલે કરવામાં આવ્યા હતા. શબની પેટી ઈંગ્લંડના પુરાણા વાવટામાં વિંટાળી હતી. પડઘમો ઉપર કાળાં લુગડાં લપેટી તેમના નાદ કમતર કરી નાંખવામાં આવ્યા હતા. શબની પેટી ઉપર રાજદંડ, મુકુટ વગેરે રાજચિન્હો મુકવામાં આવ્યાં હતાં. શોકગ્રસ્ત હૃદયવાળાં અસંખ્ય મનુષ્યોની થટ રસ્તાની બન્ને બાજુએ જામી ગઇ હતી. તેઓ ગંભીરતાથી ચુમશામ ઉભાં રહ્યાં હતાં.

નવા શહાનશાહ અને તેમની તુરત પાછળ તેમના બે કુમારો પગે ચાલતા હતા. તેમની પાછળ યૂરોપના રાજકર્ત્તાઓ અને ન આવી શકેલા રાજકર્ત્તાના પ્રતિનિધિઓ ચાલતા હતા. સઘળી પાયદસ્તમાં રાજમાતા અલેક્ષાંડ્રાના મનનો કાબુ જોવા જેવો હતો. આવા દુસહ દુઃખની ઘડીમાં તેઓ બીજી સ્ત્રીઓની પેઠે પોતાની ગાડીની ગાદીઓમાં છુપાઈ રહ્યાં નહતાં. પણ પોતાની વહાલી પ્રજાને દેખા દેતાં હતાં. દઢ મને પ્રજાજનોનાં નમન સ્વીકારતાં હતાં. હા દૈવ, આ જ રસ્તે આવી જ સ્વારીમાં તેઓશ્રી સાતમા એડવર્ડ સાથે, પાર્લામેંટ ઉઘાડવા, તાજપોષીની ક્રિયામાં ભાગ લેવા, અને બીજા ઘણા ઘણા પ્રસંગે પધાર્યાં હતાં, તે સ્વારીઓ કરતાં આજની સ્વારી કેવી દુઃખભરેલી હતી!

મહારાજાના શબને વેસ્ટમિનિસ્ટર એબીમાં આણ્યું. આ જૂના મકાનમાં ઘણા અગત્યના અને ઐતિહાસિક બનાવો બન્યાછે. એમાં ન્યાયની કચેરી પણ થઈ ગઈ છે. તાજપોષી વખતે ઘોડા

ઉપર બેશીને* ચેલેંજરે રાજપદારૂઢ થતા રાજાના હક્કમાં કોણ વાંધો લે છે અને કોઈ વાંધો લેતું હોય તો હું લઢવા તૈયાર છું, એવું કહેવાનો શિષ્ટાચાર આ મકાનમાં ઘણીએવાર ભજવાઇ ગયો છે. આ મકાનમાં એક રાજકર્ત્તાના ઉપર દેહાંતદંડની શિક્ષા ધરાધરી ફરમાવાઇ છે. આ મકાનમાં પ્રજા દર્શણ કરી શકે તેટલા માટે મહાન રાજદ્વારી પુરૂષોનાં શબને તેમના મરણ કાળે ઘણીએ વાર રાખવામાં આવ્યાં છે. આ મકાનમાં શહાનશાહતમાં પ્રેમ વધે માટે આખી શહાનશાહતના મહેમાનોનું આતિથ્ય કરવામાં આવ્યું છે. આવા ઐતિહાસિક અગત્યના મકાનમાં મહાન સાતમા એડવર્ડના શબને લાવવામાં આવ્યું.

દેવળ બહાર એકઠાં થયેલાં ઘણાં વાદિત્રોએ શોકગીત પૂરૂં કર્યું કે દેવળની અંદર બધું શાંત થઈ ગયું. અમીરો અને ગૃહસ્થો, રાજદ્વારી પુરૂષો અને રાજકીય પુરૂષો, સૈનિકો અને નૌકાસૈનિકો, દરબારી જનો, પરદેશી મહેમાનો, બધા પોતપોતાને સ્થળે ગોઠવાઇ ગયા; વિધવા થયેલાં શહાનશાહબાનું પો-

---

* તાજપોષી વખતે અમીરના જે કુટુંબનો આ ક્રિયા કરવાનો વંશપરંપરાનો હક્ક છે, તે ઘોડાપર બેશી ને આવે છે અને ભર્યા દરબારમાં રાજાનાં બિરદો બોલીને એઓનો રાજગાદી ઉપર સંપૂર્ણ હક્ક છે એમ જાહેર કરે છે. જો કોઈ વાંધો લેતું હોય તો આવી જાય એમ કહીને પોતાના હાથપર પહેરેલું મોજાં જેવું બખ્તર દરબાર વચ્ચે ફેંકે છે. આપણામાં બીડું ફેરવવાનો રિવાજ છે તેને મળતો આ રિવાજ છે. કોઈ વાંધો લેતું નથી એટલે આ અમીર નાગી તરવારે આવ્યો તેવી રીતે ચાલ્યો જાય છે.

તાના કુંવરો, કુંવરીઓ, પૌત્ર અને પૌત્રી વગેરે સાથે પધાર્યાં હતાં, તે બધાં મહારાજાના શબની પેટીની આજુબાજુ નિકટ ઉભાં રહ્યાં. કેંટરબરીના આર્ચબિશપે ટુંકી પણ પ્રેમભરી પ્રાર્થના કરી અને શ્રોતાઓનાં શોકગ્રસ્ત મનને શાંતિ આપી તેમની વૃત્તિ ઇશ્વર તરફના આસ્વાસન તરફ વાળી; સ્વર્ગસ્થ મહારાજાની કર્તવ્યપરાયણતા અનુસરણ કરવા યોગ્ય હતી તે સમજાવ્યું. આવું જીવન તે જ જીવન, એમ સર્વના અંતઃકરણમાં ઠસાવ્યું. જ્યારે એઓ છેવટનાં આશિર્વચનો ઉચર્યા તે વખત શોકમાં પણ જાણે કે સુખ હોય નહિ એવું સર્વને ભાસ્યું.

અત્યંત માનપુરસ્સર શહાનશાહ જોર્જે પોતાનાં માતૃશ્રીને પોતાના કરનો ટેકો આપીને તેમના રથમાં બેસાડયાં. યુવરાજ્ઞી મેરી હવે શહાનશાહ બાનું બન્યાં હતાં. તેઓએ ઘણાજ વિવેકથી પોતાનાં સાસુજી, માસી સાસુ અને નણંદોને અગ્રસ્થાને બેસાડી પ્રથમ વિદાય કર્યાં. તેથી સઘળા પ્રેક્ષકોને આનંદ થયો. ત્યાર પછી શહાનશાહ જોર્જ, શહાનશાહબાનુ, યુવરાજ, કુંવરો અને કુંવરીની સાથે મહેલે પધાર્યા. તેમની રાજપદવી જણાવાના કશાં એ ચિન્હ નહોતાં. કશો દમામ, આડંબર કે ડોળ નહોતો. પોતાને થયેલા અવર્ણનિય અને દુઃખદ શોક નિમગ્ન, કોઈ સાધારણ ગૃહસ્થ જાય એમ, પોતાને મહેલે પધાર્યા.

બધાંના ગયા પછી પ્રજાજનોનો વારો આવ્યો. વેસ્ટમિનિસ્ટરએબીનાં દ્વાર અઢી દિવસ સુધી સહવારના છથી તે રાતના દશ વાગતાં સુધી ખૂલ્લાં રહ્યાં હતાં. કોઇને કશો પ્રતિબંધ કે નિરોધ નહોતો. દરેક માણસ મહારાજાની હજૂરમાં

જઈ શકતું. માત્ર એક જ નિયમ પાલવાનો હતો, તે એટલો જ કે પહેલો આવેલો પહેલો દેવળમાં પેસે. દેવળ ઉઘડયા પહેલાં કલાકોના કલાકોથી લોકો પાંચ છ મૈલની લાંબીને લાંબી હારમાં ગોઠવાઇ જતા. દ્વાર વસાયા પછી આવનાર તો સહવારે પ્રથમ જોવાની તક મળે માટે આખી રાતની રાત ઉભા રહેતા. ઉગ્ર તાપ, વર્ષાદ, કે ટહાડની બિલકુલ ગણના કર્યા વગર આ પ્રમાણે લાખો માણસો પોતાના સ્વર્ગવાસી શહાનશાહને છેલ્લું માન આપવાને ઉત્કંઠિત બની રહ્યા હતા. ઉંચ અને નીચ, તવંગર અને ગરીબ, જુવાન અને વૃદ્ધ, સાધારણ ફેરીઆ અને કરોડાધિપતિયો, સંસ્થાનવાસીઓ અને બ્રિટનો, પૂર્વનાં અને પશ્ચિમનાં પુરૂષો—સ્ત્રીઓ—અને બાળકો એ પ્રમાણે દરેક તરેહનાં પ્રજાજનો તેમજ પરદેશીઓ તાગ જ ન આવે એવી હારોમાં ઉભાં રહ્યાં હોય એવો દેખાવ લંડનમાં અપૂર્વ હતો. તેઓ સઘળાં રાજભક્તિ અને રાજા પ્રતિ પ્રેમથી સંકળાયલાં હતાં. સ્વર્ગવાસી શહાનશાહની પ્રજાજનોનાં ચિત્ત આકર્ષવાની શક્તિ કેવી જાદુભરી હશે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

દેવલની અંદર મૃત્યુની છાયા જ નહોતી. સઘળે કર્તવ્ય પરાયણતામાં ગાળેલા જીવનનો વિજય જ નજર પડતો. સઘળે શહાનશાહ પ્રતિ પ્રેમ જ દેખાતો. અંગ્રેજ સૈનિકો અને છ ગુરખા સૈનિકો પોતાની જગાએ જડી લીધા હોય એમ ખડા રહ્યા હતા. મુગટ, રાજદંડ, રત્નકંદુક અને જુદાં જુદાં પદોની રત્નજડીત પટ્ટીઓ ઉપર સૂર્ય પ્રકાશ તેમજ મીણબત્તીઓનો પ્રકાશ પડીને સઘળું ઝગઝગાટ કરી મુકતો. છતાં આ બધાં રાજા—શહાનશાહનાં બાહ્યચિન્હ માત્ર હતાં. તે જાય, પણ

પ્રજાજનોનાં હૃદયમાં બિરાજી રહ્યા હતા તે ખૂદ શહાનશાહ તો ત્યાં હરદમ વાસ જ કરશે.

એ વખતે લંડનમાં ઘણા રાજકર્ત્તાઓ હાજર હતા. તેઓ તેમજ બીજાં ઘણાં રાજ્યોના પ્રતિનિધિઓ શહાનશાહ એડ-વર્ડના શબને નમન કરવા પધાર્યા હતા. જર્મન શહાનશાહ અને જોર્જ પંડે પણ વેસ્ટમિનિસ્ટર હૉલમાં પધાર્યા હતા. એ પ્રસંગે પણ સાધારણ પ્રજાવર્ગને ત્યાં જવાને બંધી નહોતી. એઓ રાજકર્ત્તા તરીકે નહિ, પણ પોતાના વડીલ—માતુલ—પિતા—સ્નેહાળ હૃદયવાળા આપ્તજનનો શોક કરવા પધાર્યા હતા. બંને ભાઇઓ—શહાનશાહ વુલ્યમ અને શહાનશાહ જોર્જ—મામા ફો-ઇનાં સંતાનો—પોતાના વડીલના શબ આગળ ઘુંટણીએ પડયા. બન્નેનાં નયનો અશ્રુપૂર્ણ હતાં. શાન્તિપ્રવર્તકની શક્તિ—અ-સર ચાલુ જ હતી. આ પવિત્ર ભૂમિપર આ શાન્તિપ્રિયની પવિત્ર હાજરીમાં અવિનાશી મૈત્રીનો કરાર કર્યો હોય નહિ, એ પ્રમાણે બન્ને ઉભા થયા અને પ્રેમપૂર્વક એક બીજાનો હાથ પકડયો. શહાનશાહની શાન્તિપ્રવર્તક શકિત શબને ભૂમિમાં ભંડારવાને દિવસે પણ ખૂલ્લી જણાઈ આવતી હતી. બકિંગ્હામ મહેલની બહાર એક બોઅર ગૃહસ્થે કહ્યું હતું કે "દશ વર્ષ પૂર્વે હું એમની સામે (શહાનશાહ એડવર્ડ—ઇંગ્લાંડની સામે) હથીઆર લઇને યુદ્ધે ચઢયો હતો. આજે જો મારી જીંદગી અર્પવાથી એમની જીંદગી બચતી હોય તો હું સ્વાર્પણ કરવા તૈયાર છું."

આ શોકમય પ્રસંગે કોઇ જમાએ કાળો રંગ દેખાતો જ

નહતો. છેક વેસ્ટમિનિસ્ટરથી તે પેડિંગ્ટન સુધી "ઠેકાણે ઠેકાણે ધોળા દુધ જેવા વાવટા ફરફરી રહ્યા હતા. તેમના ઉપર લીલાં લીલાં કચ જેવાં તોરણ અને માળાઓ દીપી રહી હતી. આ માળાઓ ઘણેખરે ભાગે પ્રજાજનોએ પૂરી પાડી હતી. ગરીબમાં ગરીબ માણસ પણ આવી માળાની ભેટ આપવાનું ભુલ્યું નહતું. ઉપર કહેલા રસ્તા સિવાય બીજે સ્થળે સફેદ અને જાંબુડી વાવટાઓ હતા. આતો શહેર-લંડન શહેરની વાત થઇ. પણ સજીવ લંડન-બધા પ્રજાજનોએ તો કાળો પોશાક પહેર્યો હતો. ઓમનિબસ હાંકનારાઓએ પોતાની ચાબુકોએ, મોટર હાંકનારાઓએ વળી એવે બીજે જ ઠેકાણે કાળાં કપડાં બાંધી દીધાં હતાં.

'બીગ બેન'-પાર્લામેન્ટના ટાવર પરનાં મોટાં ઘડિયાળનો શોકપ્રદ ઘંટનાદ તેમજ દર મિનિટે ફુટતી તોપોનો અવાજ શરૂ થાય તે પહેલાં તો-બારાં ઉપરથી સલામતીની તોપોની ગર્જના શરૂ થઇ. રાત્રે વર્ષાદનું એક સપ્ત ઝાપટું પણ થઈ ગયું હતું. પણ સવાર થતાં સૂર્ય પ્રકાશ્યો અને પરોઢના પાંચ વાગતાં પહેલાં તો આમનિબસ, ટ્રામ, રેલ્વે અને સ્ટીમબોટોએ દૂર અને પાસેથી લાખો જનોને લાવી લાવીને લંડનમાં ઠાલવ્યાં. હાઇડપાર્કમાં લશ્કરની છાવણી રાખી હતી. સ્હવાર થતાંમાં ત્યાં રાત રહેલા સૈનિકો રસ્તાની બન્ને બાજુએ ગોઠવાઈ ગયા. અને થોડી જ વારમાં ઉતાવળે આવતા નૌકાસૈનિકોનાં પગલાંથી લંડન ગાજી રહ્યું. પરરાજ્યોનાં જે જે સૈન્યના સમ્માનિત સેનાપતિ પદ સ્વીકારવાની શહાનશાહે કૃપા કરી હતી તે બધાં હાજર હતાં તેઓ પણ પોતપોતાને નિર્માણ થયેલે સ્થળે ગોઠવાઇ ગયાં.

તોપખાનાના સૈનિકો સહિત આઠ ઘોડા જોડેલી ખાલી તોપની ગાડી પ્રથમ આવી. તેની પાછળ સજ્જ કરાયેલો, પણ સ્વાર રહિત, શહાનશાહનો સ્વારીનો ઘોડો આવતો હતો. તેના ઉપર શહાનશાહનાં બૂટ ઉંધાં મુકેલાં હતાં. ઘોડાની પાછળ બીજો શોક કરનાર ચાલતો હતો. અર્લ માર્શલની યાદિમાં એનું નામ નહોતું, પણ સઘળા પ્રેક્ષકોનું લક્ષ એની તરફ દયાની ભાવનાથી આકર્ષાયું હતું. આ શોક કરનાર તે 'સીઝર' સ્વ. શહાનશાહનો માનીતો કુતરો હતો. એ ઘણોજ દેખાવડો છે અને ઘણાં વર્ષથી શહાનશાહની પાસેને પાસે રહેનારો હતો. મહેલમાં જે ખંડમાં શહાનશાહને મૃત્યુ પછી પ્રથમ સુવાડયા હતા તેમાંથી ગમે તે થાય પણ ખસતો નહતો. જ્યારે શહાનશાહને વેસ્ટમિનિસ્ટર એબીમાં લઇ જવામાં આવ્યા ત્યારે એને ઝંપ જ નહતો. કેટલાક દિવસ સુધી તો બિચારો ખોરાક પણ લેતો નહતો. એના શેઠ—શહાનશાહને જેમ લોકોનાં હૃદય વશ કરતાં આવડતાં હતાં તેમ આ બિચારાનું હૃદય પણ વશવર્ત્તી જ બનાવી દીધું હતું. લોકો એનો શોક જોઇને એની તરફ માયા અને મમતા ભરી લાગણી પ્રદર્શિત કરતાં હતાં.

થોડીવારમાં તોપોની ગર્જના પાછી ચાલુ થઇ અને બકિંગ્હામ મહેલમાંથી છેલ્લી ક્રિયા કરવાને સ્વારી નીકળી. એક બાજુએ જર્મન શહાનશાહ અને બીજી બાજુએ ડયૂક ઓફ કોનોટ સહિત સહુથી મોખરે શહાનશાહ જોર્જ ઘોડા ઉપર હતા. તેમની પાછળ, સ્પેન, ડેન્માર્ક, નોર્વે, ગ્રીસ, બેલ્જીયમ. પોર્ટુગલ અને બલગેરીઆના રાજાઓ હતા. પછી ગ્રીસ, આસ્ટ્રિઆ, સ-

વિયા અને રૂમાનિયાના યુવરાજો, જાપાનના પ્રિન્સ ફુશિમી, શીયામના રાજકુમાર, ઇજીપ્તના રાજકુમાર, અને યૂરોપના ઘણા રાજકુમારો હતા. શહાનશાહબાનુ અલેક્ષાંડ્રાની ગાડી આવી તે વખત આ બધી સ્વારીએ આજુ બાજુ ગોઠવાઇ જઇને તેમને નમન કર્યું. તેઓશ્રીની સાથે તેમનાં વિધવા થયેલાં બ્હેન રૂશિયાનાં માજી ઝારીના હતાં. પોતાની બ્હેનને આ દુઃખભર સમયમાં આસવાસન આપવાને એઓ રૂશિયાથી લોહી નાંખતાં પધાર્યાં હતાં. અન્ય રાજકુમારીઓ પણ તેમની જોડે જ હતાં. શહાનશાહબાનુ મેરી, નોર્વેનાં રાણીજી, કોર્નવોલના ડયૂક (નવા યૂવરાજ)–અને રાજકુમારી મેરી એ બધાં સાથે હતાં. રાજવંશીઓથી ભરેલી બાર ગાડીઓ હતી.

બધાંમાંથી માજી શહાનશાહ બાનુ અલેક્ષાંડ્રા, શહાનશાહ જોર્જ અને શહાનશાહ વુલ્યમ જ માત્ર વેસ્ટમિનિસ્ટર હોલમાં ફરી છેલ્લાં દર્શન કરવા પધાર્યા. થોડીવાર પછી કેન્ટરબરીના ધર્માધ્યક્ષ અને આમની સભાના ધર્માધ્યક્ષ બહાર આવ્યા. તેમની પાછળ કદાવર ગાર્ડસ્મેન શહાનશાહનો જનાજો ઉચકીને આવ્યા. જનાજાને તોપની ગાડી ઉપર સંભાળ અને માનપુરસ્સર મુકવામાં આવ્યો ત્યાં સુધી દરેક જણ ત્યાં ઉભું રહ્યું. જનાજાને સુંદર સફેદ સાટીનમાં વિંટાળ્યો હતો. તેના ઉપર પ્રજાના વાવટાઓ, ચિન્હો, અને રાજચિન્હો કસબથી ભરેલાં હતાં. શહાનશાહ બાનુ અલેક્ષાંડ્રાએ ધીરેથી કાંઇ કહેતાં શહાનશાહના અશ્વને અને 'સીઝર'ને તેમની આગળ આણવામાં આવ્યા. બન્નેને એ મહિષીએ પ્રીતિપૂર્વક થાબડયા. શહાનશાહ એ બન્ને ઉપર પ્રેમ રાખતા. એ બન્ને શહાનશાહ ઉપર પ્રેમ રાખતા.

આવી વખતે પ્રિયજનના પ્રિયજનને જોવાથીએ દુઃખમાં દીલાસો મળે છે.

નિર્માણ કરેલે સમયે બરોબર સ્વારીએ પેડિંગ્ટન તરફ ચાલવા માંડયું. અસંખ્ય લોકોની મેદની શહાનશાહના મૃત્યુથી પોતાને થયેલો ખેદ માત્ર પોતાની મુખમુદ્રા ઉપરથી જ તાદૃશ્ય બતાવી રહી હતી. દરેકના મનમાં શહાનશાહબાનુ, અને શહાનશાહ જોર્જ તરફ સહાનુભૂતિએ વાસ કર્યો હતો. વાજાંના શોકમય શરોદો અશ્રુપાત કરતાં પ્રજાજનોનાં ડુસ્કાંઓને ડુબાવીએ શકતા નહોતા.

પેડિંગ્ટન સ્ટેશનથી મહારાજાના શબને રેલ્વેની ગાડીમાં પધરાવ્યું. આ ગાડીઓ પણ શોકપ્રદર્શિત ચિન્હોથી ભરેલી હતી. રસ્તામાં ઠેર ઠેર પુલ વગેરે ઉપર હ્રદયભંગ થયેલાં પ્રજાજનોનાં ટોળેટોળાં ઉભાં રહ્યાં હતાં. ગાડી નજરે પડતાં જ દરેક મનુષ્ય પોતાની ટોપી ઉંચી કરી તેને માન આપતું. વિંડસરમાં પણ દીલગીરીની સીમા નહોતી. ત્યાંનાં પ્રજાજનો શહાનશાહના અંગત સંબંધમાં ઘણીએવાર આવે છે.

ચાળીસથી જ્યાદે વર્ષો ઉપર સેંટ જોર્જના દેવલમાં શહાનશાહ એડવર્ડનું, મહિષી અલેક્ષાંડ્રાની સાથે લગ્ન થયું હતું. એ જ દેવળમાં ઘણી આનંદભરેલી ક્રિયાઓ તેમ જ શોકજનક ક્રિયાઓ પણ કરવામાં આવી હતી. આ દેવળ આજે ચીકાર ભરાઇ ગયું.

શહાનશાહના જનાજાવાળી સ્વારી સ્ટેશનથી દેવળમાં આ-

વવા નીકળી કે તોપોની ગર્જના થઇ. આજે આખી સલ્તનતમાં લોકોએ પોતાનાં કામકાજ તજી દીધાં હતાં અને બધાં શોકગ્રસ્ત બની રહ્યાં હતાં. ગ્રેટબ્રિટનમાં, હિંદુસ્તાનમાં, ઓસ્ટ્રેલિઆમાં, દક્ષિણ આફ્રિકામાં, કેનેડામાં, પાસિફિક મહાસાગરના ટાપુઓમાં અને સર્વત્ર બધું સુમશામ અને શોકગ્રસ્ત હતું. આખી સલ્તનત કલ્પનામાં વિંડસરમાં થતી આ છેલ્લી ક્રિયામાં ભાગ લેતી હતી. દેવીશ્રી વિકટોરિયાના મૃત્યુ વખતે તોપની ગાડીને ઘોડા જોડવા એ જોખમ ભરેલું છે એવું શહાનશાહ એડવર્ડને જ સૂઝયું હતું. તેથી તે વખતે નૌકાસૈનિકોએ જનાજાની ગાડી હાથે તાણી હતી. આ વખતે પણ એઓશ્રીના જનાજાની ગાડી પણ નૌકાસૈનિકોએ ઘોડા ન જોડતાં હાથે ખેંચી હતી.

જનાજાની આજુબાજુ અંતરનાં સગાં–શહાનશાહબાનુ અલેક્ઝાંડ્રા, શહાનશાહ જોર્જ અને બીજાં–ઉભાં હતાં. શોકમય ગંભીર ગાયનના શરોદો છેડાયા, સ્તવન ગાનારા છોકરાઓના સ્વર નીકળ્યા, શોક અને આશાભરી ધાર્મિક ક્રિયા ચાલુ થઇ. જે ક્ષણે શહાનશાહ જોર્જ જનાજા પાસે ગયા અને તેના ઉપરથી રાજ્યચિન્હ ઉપાડી લઇને રાજ્યચિન્હનો નાનો નમુનો મુકયો, તે ક્ષણની ચિત્તવેધક અસર વર્ણવાય એમ નથી. ધીરે ધીરે જનાજો ભંડારમાં નીચે ઉતર્યો; કેન્ટરબરીના ધર્માધ્યક્ષે ગંભીરતાથી રંક અને રાયને લાગુ પડતા, પવિત્ર ધર્મ પુસ્તકની "માટીમાં માટી" એ આયતનો ઉચ્ચાર કર્યો.

ત્યાર પછી 'ગાર્ટરકિંગ ઓફ આર્મ્સ' નામના અમલદારે

કરુણામય કંઠે મર્હૂમ શહાનશાહ સાતમા એડવર્ડની બિરદાવળી કહી. ત્યાર પછી એજ બિરદાવળી નવા શહાનશાહના નામને લગાડી ફરી મોટેથી કહી. નામદાર શહાનશાહ શીર ઝૂકાવીને નમ્રતાથી પોતાની જોખમદારી ભરેલી ફરજોનો ખ્યાલ આપતી બિરદાવળી સાંભળતા હતા.

આપણે સર્વ શક્તિમાન ઈશ્વરની પ્રાર્થના કરીએ કે તે આપણા સૌથી શ્રેષ્ઠ, સૌથી બળવાન, અને સૌથી ઉત્કૃષ્ટ રાજ્યકર્ત્તા, રાજાજી જોર્જને દીર્ઘાયુ, આરોગ્ય, અને કીર્ત્તિ તેમજ સઘળાં સાંસારિક સુખ આપે. ઇશ્વરની કરૂણાથી તેઓશ્રી સંયુક્ત ગ્રેટબ્રિટન, આયર્લૅંડ, અને સમુદ્રપારનાં સંસ્થાનોના રાજા, ધર્મપ્રતિપાળક, હિંદુસ્થાનના શહાનશાહ અને સૌથી શ્રેષ્ઠ ગાર્ટરના ઓરડરના અધિપતિ થયા છે.”

“ઇશ્વર રાજાનું રક્ષણ કરો.”

પ્રકરણ ૧૬ મું.

શહાનશાહ પાંચમા જોર્જ.

શહાનશાહ સાતમા એડવર્ડ તખ્તનશીન થયા તે વખત રાજ્યનો મામલો બારીક હતો. બેશક પ્રજાના મોટા ભાગને તો એની ખબર નહોતી. પણ તે કાળે નિર્વિવાદિત પ્રબળ નૌકાસૈન્યને લીધે જ યૂરોપમાં ઇંગ્લાંડની વિરૂદ્ધ તહ થયા નહોતા. બાકી દક્ષિણ આફ્રિકા સંબંધે પરદેશમાં ચોતરફ ઇંગ્લાંડની વિરૂદ્ધ લાગણી ફેલાઈ રહી હતી. સમુદ્રપારનાં સંસ્થાનોમાં ઇંગ્લાંડની સાથે વધારે નિકટ સંબંધમાં આવવાની આતુરતા વધી હતી, અને મી. ચેમ્બરલેનની હિમ્મતભરી યોજનાથી અત્યાર સુધી તટસ્થ રહેતાં હતાં તે બધાં સંસ્થાનોમાં એક સલ્તનતમાં એકત્ર બનવાની તૈયારી હતી તે ખરૂં, પણ જર્મન સરકારની આગેવાની તળે યૂરોપમાં ઘણાંક રાજ્યો ઇંગ્લાંડની વિરૂદ્ધ એક્કો કરે, તેમજ રૂશિયા અને જાપાન ઇંગ્લાંડ વિરૂદ્ધ એશિયામાં કાંઇક ગોઠવણ કરે એ ઘણું જ સંભાવ્ય હતું.

શહાનશાહ એડવર્ડને માથે આ ભયનું નિવારણ કરવાની પ્રથમ ફરજ આવી પડી હતી; આવી વખતે તેઓ ઘણી બાહોશીથી વર્ત્યા. પોતાની જાતકુનેહથી તેઓશ્રીએ કોઇ

પણ પરરાજ્ય પોતાને ઇચ્છા હોય તોપણ ઇંગ્લાંડ વિરૂદ્ધ બિલકુલ પગલું ન ભરી શકે એમ કર્યું હતું. સન ૧૯૦૨ માં જાપાનની સાથે ઉલટો ઇંગ્લાંડને તહ થયો ત્યારે બધા અજાયબ થઈ ગયા. ફ્રાન્સની મરજી હોય તોપણ તે ઇંગ્લાંડ સાથે વિગ્રહ ન કરી શકે એમ બન્યું. રૂશિયાની સાથે પણ ઈંગ્લાંડને લાભકારક ગોઠવણો થઈ ગઈ. આ બધું પ્રધાનમંડળની મહેનતથી નહિ, પણ માત્ર શહાનશાહ સાતમા એડવર્ડની ચતુરાઇ, મોભો અને કળવિકળથી જ બન્યું હતું. એમની કારકિર્દીમાં ઈંગ્લાંડના રાજાની પ્રતિષ્ટા ઘણી જ જામી હતી. એઓશ્રી પરરાજ્યમાં મ્હેમાન તરીકે પધારતા, પોતાના રાજ્યમાં ઇતર રાજાઓનું આતિથ્ય કરતા અને પોતાના જાતિ સદ્દગુણોને લીધે જાતે પ્રબળ શક્તિરૂપ જ બની રહ્યા હતા. રાજદ્વારી બાબતોમાં ખુદ પોતાની જાતની અસર સચોટ થાય છે તે સમજતા અને હુમેશ એવા કામમાં જાતે જ પડતા. એઓશ્રી ડહાપણના ભંડાર અને હિમ્મતવાન હતા. આમ છતાં પણ આવા રાજ્યકર્ત્તાને પોતાના દેશના રાજ્યમાં અસ્વાસ્થ્ય હતું. રાજ્યના જૂદા જૂદા પક્ષની તકરારોએ એવું રૂપ લીધું હતું કે અમુક પક્ષ તરફ એમની વૃત્તિ વધારે ઢળે એમ બનવા જેવું હતું. પ્રજાના આવા પક્ષોને લીધે એઓશ્રીને પોતાનાં છેલ્લાં વર્ષોમાં છેક નિરાંત નહોતી. શહાનશાહ પાંચમા જોર્જને પણ પોતાના અમલની શરૂવાતમાં જ આ ફાટફુટનો તોડ કાઢવાનું નિર્માણ થયું હતું.

કાર્લાઇલે લખ્યું છે કે 'જે ન કરી શકે' તે નહિ, પણ 'કરી શકે' તે રાજા. શહાનશાહ જોર્જ આ પક્ષાપક્ષીનો ફડચો

કરી શકશે કે નહિ એમ ચોતરફથી પૂછાતું. પ્રજાના અંતઃકરણ ઉપર પોતાની શક્તિની છાપ બેસારતાં ઘણો વખત લાગે છે. વળી બધી પ્રજાને કાંઇ રાજાનો જાતિ અનુભવ હતો નથી. તેઓ માત્ર તેમનાં પોતાનાં ભાષણો દ્વારા જ તેમના વિચાર-મન કેવું છે એ જાણી શકે છે. શહાનશાહ જ્યોર્જને ખાસ મિત્રો થોડા છે. પોતાનાં નાનપણમાં નૌકાસૈન્યમાં જોડે નોકરી કરનારમાંના કેટલાકની જોડે એમને ગાઢ સ્નેહ બંધાયો છે. એ બધાની ખાત્રી હતી કે શહાનશાહ જ્યોર્જ ગમે તેવી ગુંચવણ હશે તોપણ તેનો નિવેડો લાવી શકશે.

રાજાની ફરજો કાંઈ તાજ પહેરવામાં અને આનંદ કરવામાં જ સમાતી નથી. તેમને પોતાના રાજ્યધર્મની દરેક વિગત જાણવી પડે છે. તેમને પ્રજાની સન્મુખ પોતાનાં કર્તવ્ય બજાવવાનાં છે. તેમનાં કૃત્યો ઉપર ટીકાઓ પણ કરાય છે. પણ શહાનશાહ જ્યોર્જ એક મનુષ્ય તરીકે પોતાને માથે આવી પડેલું સ્નેહાલ પિતાના મૃત્યુનું દુઃખ ધીરજથી ખમી શકે છે, તો તેઓશ્રી પોતાને માથે પડેલી રાજધુરા પણ ખમી શકશે જ એમ બધાં માનતાં.

શહાનશાહ સાતમા એડવર્ડની આખરની ક્રિયા થઇ રહ્યા પછી થોડાક કલાકમાં તરત જ એઓશ્રીને પ્રધાનના અંતર્મંડળ સન્મુખ હાજર થઇને પોતાની રાજધુરામાં જોડાવાનું હતું. ત્યાં એઓશ્રી શું કહે છે તે સાંભળવાને-જાણવાને પ્રજા ઉત્કંઠિત બની રહી હતી. તેઓશ્રી પ્રધાનોના અંતર્મંડળમાં બોલ્યા હતા કેઃ—

"તે નામદાર (સ્વ. શહાનશાહ સાતમા એડવર્ડ) ને પગલે પગલે અનુસરવાની કોશિશ કરવી અને વળી આ રાજ્યના રાજ્યબંધારણ અનુસાર ચાલતા વહીવટને નિભાવવો એ મ્હારા જીવનનો આતુર હેતુ હમેશ રહેશે. મ્હારા ઉપર જે ઘણી ભારે જોખમદારી આવી પડી છે તે મને બરોબર માલમ છે. આ મુશ્કિલ ફરજો અદા કરવામાં પાર્લામેન્ટ અને આ ટાપુ તેમજ સમુદ્રપારનાં મારાં રાજ્યની પ્રજાની મને સહાયતા મળશે. તેમજ મારામાં મહાન ઈશ્વર એ બધું કરવાને બળ પ્રેરે અને મને સન્માર્ગ દર્શાવે તેટલા સારૂ મારી પ્રજા ઈશ્વરની પ્રાર્થના કરશે જ એ હું ખાત્રીપૂર્વક માનું છું. અમારી પ્રજાના કલ્યાણના દરેક પ્રયત્નમાં મારી વ્હાલી પત્ની મારી નિરંતર સહાયકારિણી થઈ પડશે એ જાણીને હું ઉત્સાહિત બન્યો છું."

પછી પ્રધાનમંડળે વિનતિ કરી કે આપ નામદારના પરમ કૃપામય શબ્દો પ્રજાને જાહેર કરવાની પરવાનગી આપો; અને એઓશ્રીએ પરવાનગી આપી.

પ્રધાનમંડળમાં આવીને તુરત શહાનશાહે કહ્યું હતું કે કાયદાનુસાર મારા રાજ્યારોહણ વખતે સ્કોટલાંડના ધર્મના રક્ષણ સારૂ મારે પ્રતિજ્ઞા લેવાની છે. અને તે જેમ બને તેમ તાકીદે કરવાને હું તત્પર છું. સ્કાટલાંડના કાયદા પ્રમાણે એઓશ્રીને પ્રતિજ્ઞાના બે દસ્તાવેજો ઉપર મતું કરવું પડે છે. પ્રધાનમંડળની રૂબરૂ એઓશ્રીએ બન્ને દસ્તાવેજો ઉપર મતું

કર્યું અને પ્રધાનોએ પોતાની શાખ કરી. શહાનશાહે ફરમાવ્યું કે એ દસ્તાવેજો સેશન્સ કોર્ટમાં મોકલવા કે ત્યાં તેઓ નોંધાય. એમાંનો એક દસ્તાવેજ સ્કોટલાંડને અને બીજો પ્રધાનમંડળને દફતરે રહે છે.

પછી પ્રધાનમંડળે શહાનશાહને વફાદાર રહેવાના સોગંદ લીધા અને શહાનશાહનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનો હૂકમ આપ્યો.

પ્રધાનમંડળની બેઠકને બીજે દિવસે રવિવાર આવવાથી સોમવારની સવારમાં સેંટજેમ્સિસ મહેલ, ચેરિંગક્રોસ, ટેમ્પલ બાર અને રૈયલ એક્ષ્ચેંજનાં પગથીઆં ઉપરથી આ જાહેરનામું વાંચવામાં આવ્યું. તેમ જ આખા ગ્રેટબ્રિટનમાં અને આખી સલ્તનતમાં પણ ગંભીરતાથી પ્રજા સમક્ષ વંચાયું.

ટેમ્પલબાર આગળ જુના રિવાજ પ્રમાણે ક્રિયા કરવામાં આવે છે. પૂર્વે જ્યારે વસ્તી બહુ વધી નહોતી ત્યારે ટેમ્પલ બાર આગળ લંડનમાં જવાનો દરવાજો હતો. હાલ લંડનનો કોટ અને દરવાજો તોડી નાંખવામાં આવ્યા છે, પરંતુ ટેમ્પલ બાર આગળ દરવાજાના સ્મારક તરીકે એક સ્તંભ અદ્યાપિ છે. જુના વખતમાં દરવાજો બંધ કરીને અને આડાં ભુંગળો નાંખીને રસ્તો બંધ કરી શકાતો. પણ હાલ ત્યાં એવું કશું ન હોવાથી આ જુની ક્રિયા કરતી વખત રસ્તાની આડી રેશમી દોરડાં નાંખીને રસ્તો બંધ કર્યો હતો. લોર્ડ મેયર અને શહેરના બીજા પ્રતિનિધિઓ વગેરેની ગાડીઓ ટેમ્પલબારની શહેર તરફની

બાજુએ શહાનશાહનો ઢંઢેરો લઇને આવનાર સરઘસની વાટ જોતી ઉભી હતી. આ બાજુએથી રણશિંગડાંવાળાઓની પછવાડી ઢંઢેરો જાહેર કરનાર અમલદારોની ગાડી આવીને રેશમી દોરડાની આ બાજુએ ઉભી રહી. રણશિંગડાંવાળાએ ત્રણવાર નાદ કર્યો એટલે શહેરની બાજુએથી શહેરી અમલદારે આવીને પૂછયું કે "કોણ છે–કોણ આવ્યું છે?" તેને રાજદૂતના નોકરે જવાબ દીધો કે રાજાજીના અમલદારો આવ્યા છે અને હિઝ રોયલ મેજેસ્ટી જોર્જ પાંચમાના રાજ્યારોહણનું જાહેરનામું વાંચવા શહેરમાં આવવાની પરવાનગી માગે છે.

આ ઉપરથી શહેર તરફના રણશિંગડાંવાળાઓએ ફરી નાદ કર્યો અને રાજદૂતને અંદર આવવા દીધો. શહેરના અમલદારની જોડે રાજદૂત લોર્ડ મેયર પાસે ગયો અને મંત્રી મંડળનો હૂકમ તેને હાથોહાથ આપ્યો. લોર્ડ મેયરે મોટે અવાજે હૂકમ વાંચ્યો અને દરવાજા ઉઘાડવાનો–આડું નાંખેલું રેશમી દોરડું ખસેડવાનો, હૂકમ આપ્યો. પછી બધા અમલદારો અને ગાડીઓ શહેરમાં પેઠી. લોર્ડ મેયર અને એમના અમલદારો વગેરે સરઘસના રૂપમાં ગોઠવાયા અને શહેર તરફ ચાલ્યા. પ્રથમ જ થોડાં ડગલાં દૂર આવેલી ચેન્સરીલેન આગળ સરઘસ ઉભું રહ્યું અને રાજ્યના અમલદારોએ ખૂલ્લી ગાડીમાં ઉભે ઉભે ઢંઢેરો વાંચ્યો. ઢંઢેરો પૂરો થતાં છેવટના "ઈશ્વર રાજાનું રક્ષણ કરો" એ શબ્દોનું ઉચ્ચારણ થતાં જ હજારો લોકોએ પોતાની ટોપીઓ ઉંચી કરી અને રાજગીત ગાવા માંડયું. આ પ્રમાણે ઠેકાણે ઠેકાણે ઢંઢેરો વાંચવામાં આવ્યો.

નૌકાસૈન્યને, સૈન્યને, હિંદુસ્થાનને અને સમુદ્રપારનાં સંસ્થાનોને નવા રાજકર્ત્તા તરીકે સંદેશા ખુદ રાજાને જ મોકલવા પડે છે. એ સંદેશા કાંઈ પુરાણી અને શિષ્ટાચારવાળી ભાષામાં લખાતા નથી; પણ ખુદ રાજા પોતે જ પોતાની ઇચ્છાનુસાર શબ્દોમાં મોકલે છે.

વાઇસરોયની મુબારકબાદીના જવાબમાં શહાનશાહે હિંદુસ્થાનની સરકાર, દેશી રાજાઓ અને રૈયતને ખાસ સંદેસો મોકલ્યો હતો કેઃ–

"મારા ઘણાજ વહાલા પિતા અને શહાનશાહના મૃત્યુ સમયે મારી સલ્તનતની દરેક જાત અને દરેક ધર્મની પ્રજા અને દેશીરાજ્યો તરફથી આપ નામદારની માર્ફત સહાનુભૂતિ અને વફાદારી ભરેલા જે ઉદ્‌ગારો મને મળ્યા તે ગંભીર લાગણી સહિત હું સ્વીકારૂં છું.

સ્વ. શહાનશાહના મૃત્યુ વખતે સર્વત્ર ફેલાયલી દીલગીરીના આ ઉદ્‌ગારોથી મારા હૃદયપર ઉંડી અને ગંભીર અસર થઇ છે. પોતાના હિંદુસ્થાનના પ્રવાસની પ્રીતિભરી યાદ સ્વ. શહાનશાહના મનમાં હમેશ વાસો કરતી. તેમજ હિંદુસ્થાનનું હિત એમના હૃદયમાં સતત રમ્યાં જ રહ્યું હતું.

હિંદુસ્થાનની પ્રજા અને દેશીરાજ્યકર્ત્તાઓના મનમાં મારા તખ્ત તરફ અત્યંત વફાદારી ચિરકાળ વસે છે એવો મારો

પોતાનો જાતિ અનુભવ છે. એ બધાને મારા રાજ્યારોહણ કાળે તેમણે કરેલો મુજરો હું સ્વીકારૂં છું એવું જાહેર કરશો એવી મારી ઇચ્છા છે.

મારી પૂર્વે મર્હૂમ શહાનશાહ અને કૈસરેહિંદ દેવીશ્રી વિક્ટોરિયાની પેઠે જ મારી હિંદની સલ્તનતની આબાદાની અને સુખને માટે મારા મનમાં નિરંતર આતુરતા અને આનંદભરી કાળજી રહેશે."

હિંદના દેશી રાજાઓ અને પ્રજાઓ પ્રતિ પોતાના રાજ્યારોહણ કાળે વળી સંદેશો મોકલ્યો હતો કેઃ-

"મારા અત્યંત પ્રિય પિતાના શોકમય અને અણધારેલા અવસાનથી મહાન અને પ્રાચીન રાજવંશના વારસા તરીકે ઉતરેલા તખ્ત ઉપર હું આવ્યો છું.

ઈંગ્લાંડના રાજા અને હિંદના શહાનશાહ તરીકે હું મારી હિંદની સલ્તનતના રાજાઓ, રાજ્યકર્ત્તાઓ, ઠાકોરો અને પ્રજા માત્રને અભિનંદન આપું છું. હિંદની જુદી જુદી જાતો, વર્ગો, કોમો અને ધર્મવાળી સઘળી પ્રજામાં બ્રિટિશ સામ્રાજ્યના તાજ તરફ વફાદારી અને રાજમુકુટ ધારણ કરનાર તરફ અંગત સ્નેહભાવનાના નીકળેલા અસરકારક અને પુષ્કળ ઉદ્ગારોને માટે હું અંતઃકરણપૂર્વક તેમનો બધાંનો આભાર માનું છું.

ચિરસ્મરણીય મહારાણીશ્રી વિક્ટોરિયાએ સન ૧૮૫૮ માં

હિંદનો રાજવહીવટ ખુદ પોતાના હાથમાં લીધો ત્યારે તેઓશ્રીએ તાબાના રાજ્યકર્ત્તાઓ અને પ્રજા માત્રને ઢંઢેરો મોકલીને કહાવ્યું હતું. એ દેવીશ્રીના પ્રતાપી પુત્ર અને મારા માનનીય અને પુણ્યશ્લોક પિતાએ ત્યાર પછી પચાસ વર્ષે એ અતિશય પંકાયલા પ્રસંગને પોતે બીજો ઢંઢેરો મોકલીને સ્મરણીય કર્યો હતો. આ ઢંઢેરાઓ શહાનશાહતના ઉદાર, કલ્યાણકર અને ઉચ્ચ આશય દર્શાવનારા છે. હું પણ મારા ભવિષ્યના સઘળા અમલમાં નિષ્ટાપૂર્વક એ જ આશયનું સર્વથા અવલંબન કરીશ.

મર્હુમ શહાનશાહની ઇચ્છાનુસાર અને તેમને પોતાને જ પગલે ચાલીને પાંચ વર્ષ પૂર્વે મારાં પત્નીની સાથે મેં હિંદની મુલાકાત લીધી હતી. તે વખતે અમે ઐતહાસિક મહાન રાજ્યો સાથે, અમારા લોકોમાં છે તેના કરતાંએ વધારે પ્રાચીન સુધારાનાં સ્મરણચિન્હો સાથે, પ્રાચીન રૂઢીઓ અને જીવન વ્યવહાર સાથે, દેશીરાજાઓ સાથે, તેમજ એ સમગ્ર વિશાળ પ્રદેશોમાંની પ્રજાઓ, શહેરો, નગરો, અને ગામો સાથે જાતિ સહવાસમાં આવ્યાં હતાં.

એ આશ્ચર્યજનક પ્રવાસની અજખ અસરો અને તેના સ્નેહભર્યા સમાગમો અમારાં હૃદયમાંથી કદી પણ નાશ પામશે નહિ; અરે, ઝાંખા એ થશે નહિ.

જે ઉચ્ચ અને મુશ્કેલ કર્તવ્યો મારે બજાવવાનાં છે તેમાં તમારી તરફથી કર્તવ્યનિષ્ટ અને સબળ સહાનુભૂતિ મળશે એવો મને દૃઢ વિશ્વાસ છે. હમ્મેશ હિંદનું કલ્યાણ એ જ મારા

અમલનું પ્રેરકબળ થવું જોઇએ; એમ થવામાં જ્યારે જોઇએ ત્યારે તમારી તરફથી સર્વદા આતુરતાભરેલી સહાનુભૂતિ મળશે જ એમ હું માનું છું."

હિંદની આખી સલ્તનતમાં જુદી જુદી જગાઓએ આ ઢંઢેરા વાંચવામાં આવ્યો હતો. આ સુખદ ઢંઢેરામાં શહાનશાહ જોર્જે પોતે કરેલી હિંદની મુસાફરીમાં પોતાના હૃદયમાં જે જે અનુભવો અને લાગણીઓનો આવિર્ભાવ થયો હતો તેનું અને દેવીશ્રી વિક્ટોરિયાએ પરોક્ષ રીતે અને મર્હુમ શહાનશાહ એડવર્ડે પ્રત્યક્ષ રીતે હિંદના રાજવહિવટમાં સમાયલી જોખમદારી સમજીને જે સ્નેહભાવ દર્શાવ્યો હતો તેનું યથાયોગ્ય વર્ણન કરવામાં આવ્યું છે. વળી આ ઢંઢેરામાં ખુદ શહાનશાહ જોર્જ હિંદની હાજતો ધ્યાનમાં લઇને તેને ન્યાય આપવાની અને સુખ કરવાની ભલી ઇચ્છાઓ ધરાવે છે તેનો સાક્ષાત્કાર પણ થાય છે.

શહાનશાહ જોર્જની રાજ્ય પદ્વીઓમાં "ધર્મરક્ષક" એ પણ એક છે. આ પદ પ્રથમ ઇંગ્લાંડના રાજાને પોપની તરફથી મળ્યું હતું. પરંતુ હાલ તો તે બહોળા અર્થવચ્છબ્દ છે. પોતાની પ્રજાને ધર્મ સંબંધી સ્વાતંત્ર્ય છે અને કોઇના પણ ધર્મમાં વિક્ષેપ ન નાંખવો અને ધર્મ નિમિત્તે કોઇને પણ પિડા ન કરવી એ સ્થાપિત સિદ્ધાંત છે. એવી માન્યતા શહાનશાહ જોર્જની છે અને એવા જ હેતુથી પોતાની કાથોલિક પંથ અનુસરનારી પ્રજાની લાગણી દુખાય એવા શબ્દો રાજાને લેવાના સોગંદમાં હતા તે પોતે કાઢી નંખાવ્યા હતા.

શહાનશાહ જોર્જ પાંચમાની જન્મોતરીના ફળાદેશ ઉપરથી પણ જણાય છે કે પાંચમા જોર્જની કારકીર્દી એવી યશઃસ્વી નિવડશે કે પ્રજા એમના નામને માટે મગરૂર થશે. એક સર્વોત્કૃષ્ટ અને ડાહ્યા રાજ્યકર્ત્તા તરીકે હવેની પ્રજા તેમને ચિરકાલ સંભારશે.

શહાનશાહ જોર્જના અત્યાર સુધીના અનુભવથી એમનુ રાજ્ય યશસ્વી નીવડશે એવી ચોતરફથી આશા રખાય છે. હિંદ સલ્તનતની સમગ્ર પ્રજા પણ એવું જ માને છે કે એ કૃપાળુ શહાનશાહને હાથે હિંદનું શ્રેય જ થશે. સર્વ શક્તિમાન પ્રભુ આવા શુભ કાર્યમાં એમને સહાય થાઓ.

શહાનશાહ દીર્ઘાયુ થાઓ !

પ્રકરણ ૧૭ મું.

પરમ કૃપાળુ શહાનશાહનું હિંદમાં આગમન.

સ્વ. દેવીશ્રી વિકટોરિયાના વારસા તરીકે ઉતરેલો હિંદ પ્રતિ પ્રેમ શહાનશાહ પાંચમા જોર્જના હૃદયમાં સ્થાયી જ રહેલો છે. સ્વ. સાતમા એડવર્ડનો હિંદ પ્રતિ પ્રેમ પણ કાંઈ ઉણો નહોતો. તેની તેમજ પોતેશ્રી હિંદના પ્રવાસે પધાર્યા હતા તે વખત તે પ્રેમ વિશેષ પ્રાદુર્ભાવ પામ્યો હતો તેની અસરથી નામદાર શહાનશાહના અંતઃકરણમાં પોતાના રાજ્યારોહણની ક્રિયા પોતાની વફાદાર અને રાજભક્તિ ભરપૂર હિંદની પ્રજાની સન્નિધ થાય એવી ઉર્મિ ઉદ્ભવ થઈ. ઉપલકીયા જોનારને તે કાળે સમય બહુ બારીક ભાસતો હતો. અરાજ્ય અને અશાંતિ ઇચ્છનારા કેટલાક મૂર્ખ લોકોનાં અવિચારી કૃત્યોથી સંકુચિત મનવાળાં મનુષ્યો ભયગ્રસ્ત થઈ ગયાં હતાં. આંગળીના વેઢા ઉપર ગણાય એટલા મનુષ્યોનાં કૃત્ય તે આખી પ્રજાનાં કૃત્ય છે એમ ઘણાક ઉતાવળથી મત બાંધી બેઠા હતા. આવી કટાકટીના વખતમાં નામદાર શહાનશાહ

હિંદમાં પધારે એમાં કેટલાક રાજનીતિજ્ઞ પુરૂષો પણ જોખમ સમજતા હતા. હિંદના કેટલાક શુભચિંતકો પણ શહાનશાહની મુલાકાતના પરિણામ સંબંધે શંકાસ્પદ હતા. પરંતુ સઘળાના કરતાં નામદાર શહાનશાહે પોતે હિંદની ગરીબ અને રાજભક્તિપરાયણ પ્રજાની કિંમત ખરેખરી આંકી રાખી હતી. પોતાના પ્રથમના પ્રવાસ વખતે જે આવકાર મળ્યો હતો તેની અકૃત્રિમતા એઓશ્રી પોતે જ જોઇ શકયા હતા. આમ હોવાથી અનેક અંતરાયને હઠાવી એઓશ્રીએ હિંદમાં પધારીને પોતાની પ્રજાને આનંદ આપવાનો નિશ્ચય કર્યો. નિશ્ચય થતાંજ તે ધારણાનો અમલ કર્યો.

સરકારી રીતે જાહેર થયું કે ખુદ શહાનશાહ પોતાનું રાજ્યારોહણ જાતે જ પ્રજાને જણાવવાને હિંદમાં પધારવા કૃપા કરશે. હિંદમાં આ ખબરથી સર્વત્ર આનંદ ફેલાઇ ગયો. હિંદે ઉલ્લાસભર એઓશ્રીના સ્વાગતની ધામધૂમ ભરી તૈયારીઓ કરવા માંડી.

ઇસવી. ૧૯૧૧ ના નવેંબરની અગીઆરમી તારીખે એઓ શ્રી મહારાણી મેરી અને રસાલા સહિત હિંદુસ્તાન આવવાને ઇંગ્લાંડથી નીકળ્યા. ઈંગ્લાંડ અને હિંદુસ્તાનના ઇતિહાસમાં આ બનાવ અદ્વિતિય જ છે. ઇંગ્લાંડના રાજ્યકર્ત્તા પોતાનો દેશ છોડીને ગયાનો દાખલો પ્રથમ એકવાર જ બન્યો છે. તે કાળે રાજા ધર્મયુદ્ધ કરવા પધાર્યા હતા. પરંતુ પોતાની પ્રજાની ભક્તિથી આકર્ષાઇ તેમને સંતોષ અને આનંદ આપવા કોઈ

પણ રાજકર્ત્તાએ પૂર્વે આવી મુસાફરી કરી નથી. ઇજીપ્ત થઈ શહાનશાહ એડનમાં પધાર્યા. એમના પ્રયાણનું મનોહર ચિત્ર આપવાની લાલસાને અમારે સ્થળ સંકોચને લીધે જતી કરવી પડે છે. ખરૂં જોતાં એડન આગળથી જ હિંદુસ્તાનની સીમા શરૂ થાય છે.

એડનમાં જૂદી જૂદી જાતના લોકોની કદીએ ન જામેલી એવી ભીડ જામી હતી. સુશોભિત રચના કરવામાં બાકી રાખી નહોતી. સ્વ. દેવીશ્રી વિકટોરિયાના પુતળા અગાડી એડનની સ્વાગતમંડળીએ એઓશ્રીને માનપત્ર નજર કર્યું હતું, નામદાર શહાનશાહે પોતાની તેમજ શહાનશાહબાનુ તરફથી માયાભર્યો જવાબ આપ્યો હતો. તેજ દિવસે આગબોટ મદીનાએ હિંદી મહાસાગરમાં પોતાની સફર ચાલુ કરી હતી.

ડિસેંબર મહિનાની બીજી તારીખે સવારે આકાશ નિર્મળ હતું. પવનની મંદ લહરીઓથી સમુદ્રમાં નાનાં નાનાં મોજાં ઉત્પન્ન થઇ તે હાસ્ય કરી રહ્યા હોય એમ જણાતું હતું. પાલવાબંદર આગળથી અનંત દૃષ્ટિઓ દરીઆ તરફ પોતાના શહાનશાહના કાફલાનાં દર્શનને માટે ફેંકાઇ રહી હતી. છેવટે રાજવંશી મ્હેમાનોને લઇને આવતો કાફલો દૃષ્ટિગોચર થયો. પોતાની દરેક વર્ણની દર્શનાભિલાષી પ્રજાને સંતોષવા મહાન શહાનશાહ જોર્જ પધાર્યા.

મુંબાઇમાં પ્રજા ભક્તિની રેલ મચી રહી હતી. દરેક આગ-

ગાડી દેશના અંદરના ભાગમાંથી દર્શનાતુર પ્રજાજનોને લઈ આવતી. મૂળે ઘાડી વસ્તીવાળું મુંબાઇ માણસોથી ઉભરાઇ ગયું. દરેક જાત, દરેક ધર્મ અને દરેક વયનાં માણસોના સંખ્યાનો અંદાજ પણ કરી શકાય એમ નહોતું. મુસલમાન, પારસી, હિંદુ, રૂના વ્યાપારીઓ, શહેરીમંડળ વગેરેએ ઠેર ઠેર જોવા લાયક દરવાજા ખડા કરી દીધા હતા. મુંબાઇમાં ઘણા માંડલિક રાજાઓ પણ પધાર્યા હતા. આખી મુંબાઇ નગરીએ ધ્વજા, પતાકા અને તોરણનો શણગાર સજી દીધો હતો. લોકોનાં મુખારવિંદોપર દીવાળી કરતાં એ વિશેષ આનંદ વરતાઈ રહ્યો હતો. તોપની ગર્જના વચ્ચે નામદારે હિંદુસ્તાનની પવિત્ર ભૂમિપર પોતાનાં પહેલાં પગલાં મુકયાં. ખાસ તૈયાર કરેલા મંડપમાં એઓશ્રીને માનપત્ર નઝર કરવામાં આવ્યું. ખાસ તૈયાર કરેલા સિંહાસનપરથી એઓશ્રીએ પ્રજાનાં માનપાન સ્વીકાર્યાં.

તેઓશ્રી માનપત્રનો જવાબ શ્રીમુખે આપશે એમ કોઇના ખ્યાલમાં નહોતું; પણ તેઓશ્રીએ ઉભા થઇને પોતાના રાજ્યારોહણ પછી હિંદુસ્થાનમાં અને 'બ્રિટિશ રાજમુકુટના હીરારૂપ' મુંબાઈમાં ફરી પધારવું એવી ઉત્કટ ઇચ્છા પ્રથમ જ પ્રકટ થઈ હતી એવું શ્રીમુખે કહેતાં જ મંડપમાં હર્ષનાદ થઈ રહ્યો હતો. એઓશ્રીએ કહ્યું હતું કે તમારા માનપત્રમાં હું તમારાથી અજાણ્યો નથી એવું કહ્યું છે તે વાજબી છે. તમારી સુંદર નગરીમાં હું અજાણ્યો હોઉં એવું મને લાગતું જ નથી. છ વર્ષ પૂર્વે હું અહીં પ્રથમ જ આવ્યો હતો તે વખત જે સહાનુભૂતિ અને માયાભર્યો આવકાર મને મળ્યો હતો તે મારા

સ્મરણમાં હજુ તાજો છે. તમારા કિનારા પાસે આવતાં જ જે તાજુબી ભરેલું સૃષ્ટિસૌંદર્ય નજરે પડે છે તે તેમ જ સમુદ્રના હૃદયમાંથી નીકળતાં હોય નહિ એવાં તાલવૃક્ષોનું પ્રથમ દર્શન થાયછે તે હું ભુલી ગયો નથી. તેમ જ તેને માટે મારા મનનો મોહ બીલકુલ કમી પણ થયો નથી. તે વખતે તમારો પ્રીતિ ભર્યો આવકાર પામી હું આ વિશાળ દેશના કેટલાક ભાગમાં મુસાફરી કરી પ્રજાની સ્થિતિ જાણવાને નિકળ્યો હતો. આ પ્રમાણે મેળવેલા અનુભવવડે દરેક જાત અને નાતની પ્રજા તરફ મારા મનમાં સહાનુભૂતિ ઉત્પન્ન થયા વગર રહે જ નહિ. આમ હોવાથી કાળે કરીને મારા પ્રિય પિતાના અવસાનથી મારા વંશપરંપરાના રાજ્યાસનપર આવતાં મને પ્રથમ અને ઘણીજ ઉત્કટ અભિલાષા એ થઇ કે મારે મારી ભરતખંડની ભલી પ્રજાને ફરી મળવું.

મારી અને શહાનશાહબાનુની એ અભિલાષા આજે પૂર્ણ થાય છે તેથી અમારા મનમાં કાંઇ અસામાન્ય ઉર્મિયો ઉભરાય છે. જરૂરની વખતે થયેલા જોઇએ તેવા વર્ષાદથી આ પ્રાન્તમાંના કેટલાક ભાગમાં દુષ્કાળની રખાતી બીક દૂર થઇ છે અને રવીનો પાક સારો થશે તેથી અમારાં મનની ચિંતા દૂર થઈ છે એ સઘળાંને માટે અમે અંતઃકરણપૂર્વક ઇશ્વરનાં આભારી છેયે.

પૂર્વે ઇંગ્લાંડનાં એક રાણીને મુંબાઈ દાયજામાં મળ્યું હતું તે વાત તમારાં સુરસ માનપત્રથી મારા મનમાં તાજી થાય છે. હંફ્રી કુકે અઢીસેં વર્ષ પૂર્વે દાયજામાં મળેલા થોડાં માછીનાં

ઝૂંપડાવાળા આ બેટનો કબજો લીધો હતો. તમે અને તમારી પૂર્વે થઈ ગયેલા ગૃહસ્થોએ આજે એને બ્રિટિશ તાજનું બે મૂલ નંગ બનાવી દીધું છે. સુંદર, કિમતી અને ભવ્ય મકાનોની રચના હું આનંદભેર જોઉં છું. થોડાં જ વર્ષો ઉપર કરેલા ગૌણ જણાતા પણ ઘણા લાભદાયક શહેર સુધારા હું નિહાળું છું. અને સઘળાના કરતાં બેમૂલ રત્નની હોવી જોઇએ તેવી ખરેખરી ઝલકરૂપ સર્વ વર્ણની વસતીમાં શાંતિ, સુખ અને આબાદાની ફેલાવવાની તમારી મહેનત નિહાળીને મને સાનંદ ગર્વ ઉત્પન્ન થાય છે.

શહાનશાહબાનુને અને મને આવો ઉદારતા ભર્યો આવકાર આપવા સારૂં હું અંતઃકરણપૂર્વક તમારો આભાર માનું છું.

શહાનશાહબાનુ અને હું અમે બન્ને સર્વ શક્તિમાન પ્રભુની પ્રાર્થના કરીએ છીએ કે અમારી ભરતખંડની સલ્તનત ઉપર એમના આશીર્વાદ વર્ષાવે અને અમારી પ્રજામાં સદાકાળ શાંતિ અને આબાદાની રાખે.

શહાનશાહ મુંબઇમાં હતા તે વખત હિંદના હિતૈષી ‘દાદા’ વૃદ્ધ દાદાભાઇ નવરોજજીએ ગવરનર સાહેબને સંદેશો મોકલ્યો હતો કે “પરમકૃપાળુ શહાનશાહ અને શહાનશાહબાનુ પધારે તે વખત મારી તરફથી નીચેનો સંદેશો એઓશ્રીને નિવેદન કરવા કૃપા કરશો ?”

“મારો જન્મ ચોથા જોર્જ રાજાના અમલના મધ્યકાળનાં

વર્ષમાં થયો હતો. અને આજે છયાસી વર્ષે મારી પ્રિય માતૃભૂમિપર પરમકૃપાળુ શહાનશાહ પાંચમા જોર્જ અને શહાનશાહબાનુ મેરી પધારે છે તેમને અભિનંદન આપી વધાવી લેતાં મને ઘણું સુખ ઉપજે છે.” આ માયા ભર્યા કહેણુનો જવાબ નામદાર શહાનશાહે કહાવ્યો હતો કે “ તમારા માયા ભર્યા પેગામથી શહાનશાહ અને શહાનશાહબાનુને ઘણો સંતોષ થયો અને તેઓશ્રીએ એ સંદેશા સારૂ તમારો આભાર માન્યો છે. મુંબાઇની પ્રજાએ આપેલા જીગરભર્યા આવકારથી બન્ને નામદારોના હૃદયપર ઘણી અસર થઇ છે. બન્ને નામદારો આશા રાખે છે કે તમારી તબીયત સારી હશે અને તમારી વૃદ્ધાવસ્થા સુખ અને શાંતિમય નિવડે.”

ભાષણથી પ્રજાનાં હૃદય પ્રફૂલ્લિત કર્યા બાદ શહાનશાહની સ્વારી નીકળી. થોડે થોડે પગલે શહાનશાહ શિર ઝૂકાવી નમન સ્વીકારતા હતા. નામદાર શહાનશાહબાનુ હસિત મુખારવિંદથી દરેક પ્રજાજનનાં હૃદય જીતી લેતાં હતાં. ખાસ બાળકોને સારૂ એક દિવસ રાખવામાં આવ્યો હતો. હજારો કન્યાઓએ શહાનશાહની પ્રશસ્તિની ગરબીઓ ગાઈ હતી. ઘારાપુરીની ગુફા જોવા શહાનશાહ પધાર્યા હતા. અમારી અદના કલમ મુંબાઇની ભવ્ય અને રમણીય રચનાનું યથાયોગ્ય બયાન કરી શકતી નથી.

પોતાને માટે તૈયાર કરાયલી ગાડીમાં સ્વાર થઈ શહાનશાહે દિલ્હી તરફ પ્રયાણ કર્યું. તે વખત વિકટોરિયા ટર્મીનસ

સ્ટેશનને શણગારવામાં મણા રાખવામાં આવી નહોતી. ફુલ ઝાડો વગેરેના શણગારથી ગાડી જાણે બગીચામાંથી જ પસાર થતી હોય એમ બની રહ્યું હતું. ટ્રેનની આગળ એક 'પાઇલેટ' એન્જીન ચાલતું હતું. શહાનશાહની સલામતી અને સુખને માટે અત્યંત કાળજી રાખવામાં આવી હતી. જૂદી જૂદી જગાએ ચા, નાસ્તા, પાણી વગેરે સારૂ થોભીને આખરે શહાનશાહ તા. ૭ મીને ગુરૂવારે સ્હવારે દશ વાગતાં દિલ્હી પહોંચ્યા હતા.

પ્રકરણ ૧૮ મું.

—×–○–×—

રાજ્યારોહણના દરબારની માંગ્લિક ક્રિયાની ધામ ધુમ જોવાને માટે એશિયા, યુરોપ, અમેરિકા અને આખા હિંદમાંથી આવેલા પ્રવાસીઓથી દિલ્હી હલમલી રહ્યું હતું. શહેરના શણગારમાં કશી ઉણપ રાખવામાં આવી નહોતી. તા. ૭ મીએ પ્રભાત થતાં જ લશ્કરી ટુકડીઓ સલીમગઢના સ્ટેશન તરફ જવા માંડી હતી. તેમના તેમ જ ઘોડાઓની ખરીઓના નાદથી શહેર ગાજી રહ્યું હતું. છેક દરવાજાથી તે રીજ સુધીના રસ્તામાં લશ્કરની

બેવડી હાર સંફ મારીને ઉભી રહી હતી. જૂદા જૂદા ઈલાકાના અને જૂદી જૂદી જાતના લડવૈયાઓ પ્રેક્ષકોની દૃષ્ટિને આકર્ષતા હતા. સ્ટેશન આગળ એક ભવ્ય કમાન ખડી કરી દેવામાં આવી હતી. બરાબર દશનો ટકોરો થતાં જ શહાનશાહબાનુ અને શહાનશાહને લઈ આવેલી હોવાથી જાણે મગરૂરી ભરી હોય એવી ધીમી ગતિએ ટ્રેન આવીને ઉભી રહી. નામદારને ઉતરતાં જ સઘળાંઓએ હર્ષનાદે વધાવી લીધા. છેક મુંબાઇ જેટલે છેટેથી પધાર્યા છતાં શહાનશાહની મુખમુદ્રા શ્રમરહિત જણાતી હતી. બાદશાહી સ્વારી ત્યાંથી કિલ્લામાં ગઈ. કિલ્લામાં શહાનશાહે પ્રવેશ કરતાંની સાથે જ બાદશાહી વાવટો ચઢાવવામાં આવ્યો. દેશી રાજાઓ પોતાના સ્વાગતના તંબુમાં હાજર હતા. સરઘસના આકારમાં નામદાર શહાનશાહ પોતાના તંબુ તરફ પધાર્યા. સરઘસની અનુપમ શોભા વર્ણવી જાય નહિ એવી હતી. શહાનશાહ ઘોડા ઉપર સ્વાર થયા હતા. એમની જોડે બીજા અમલદારો પણ ઘોડા ઉપર હતા. અમલદારો વિંટાઈ વળેલા હોવાથી લોકો શહાનશાહના મુખારવિંદની ઝાંખી કરી શકયા નથી એવી વાત કાને આવતાં એઓશ્રીએ ખાસ હૂકમ કાઢયો હતો કે એમના ઘોડાની આજુબાજુ એમ વિંટાઇ વળવું નહિ પણ લોકોને અડચણ ન પડે એમ દૂર રહેવું. ત્યાર પછીથી બધા લોકો શ્રીમુખનાં દર્શન કરી શક્યા હતા. સ્વારી જ્યારે રીજ ઉપર આવી પહોંચી ત્યારે ત્યાં શહાનશાહને હિંદી પ્રજા તરફનું માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ઓ૦ મી. જેન્કીન્સે રૂપાની રકાબીમાં મૂકીને આ માનપત્ર અર્પણ કર્યું હતું.

માનપત્ર સાંભળીને નામદાર શહાનશાહે જવાબ આપવાની કૃપા કરી હતી કે:—

" અમારા હૃદય ઉપર ઘણી અસર કરનાર તેમજ વફાદારી અને રાજભક્તિથી ભરેલા તમારા માનપત્રને માટે શહાનશાહબાનુ અને મારી પોતાની તરફથી હું તમારો અંતઃકરણ પૂર્વક આભાર માનુ છું. તમારા શબ્દોથી ઇંગ્લાંડમાં અમારા રાજ્યારોહણકાળે અમારી બીજી બધી પ્રજાઓની પેઠે હિંદની પ્રજાએ પણ અગણિત મમતા ભર્યા સંદેસા અમને મોકલ્યા હતા, તેનું તેમ જ આ દેશમાં અમે આવ્યા ત્યારથી સઘળા વર્ગની અને સઘળી જાતની પ્રજા જે ઉદ્‌ગારો પુનઃ પુનઃ કાઢે છે તેનું અમને સ્મરણ થાય છે. મારા ગવર્નર જનરલ મારફત મને ખબર છે કે તેમને કાયદા ઘડનારા મંડળના સભ્યોના ડહાપણ ભરેલા અનુભવથી તેમજ હિંદના પસંદ કરેલા પ્રતિનિધિ સભ્યો તરફથી કેટલો ટેકો અને કેટલું બળ મળે છે."

હિંદની પ્રજા તરફ થી તમે અમને જે આવકાર આપ્યો છે તેની અમે ઘણી જ કદર કરીએ છીએ. સંપૂર્ણ ખાત્રી રાખજો કે તમારા માનપત્રમાં તમે 'હિંદી શહાનશાહતમાં સુલેહ શાંતિ આબાદી અને સંતોષ દિવસાનુદિવસ વધ્યેજ જાય ' એ શબ્દોમાં પ્રદર્શિત કરેલી આશાના કરતાં બીજી કોઇ પણ ઇચ્છા અમારા હૃદયની વધારે સમિપ નથી. "

નામદાર શહાનશાહનો જવાબ માત્ર તંબુમાં નહી પણ તેની,

બહાર પણ બરોબર સંભળાયો હતો અને તે સાંભ ને બધે આનંદ ફેલાઈ રહ્યા હતો. એ થઇ રહ્યા પછી સ્વારી બાદશાહી તંબુ તરફ ચાલી. ત્યાં ગયા પછી નામદાર શહાનશાહે દેશી રાજાઓને મુલાકાત લઇને માન આપ્યું હતું. ઉદેપુરના મહારાણાની ખાસ તહેનાતમાં રહેનાર રાજ્યકર્તા તરીકે યોજના કરી હતી.

બીજે દિવસે એટલે તા. ૮ મી ડિસેંબરે ના શહાનશાહે મર્હુમ શહાનશાહ ૭ મા એડવર્ડના પુતળાની તખ્તીનો પથ્થર મૂકવાની ક્રિયા કરી હતી. આ પુતળુ સમગ્ર હિંદની પ્રજાની તરફથી થયેલા ઉઘરાણામાંથી મૂકવામાં આવનાર છે. ગવર્નર જનરલ લોર્ડ હાર્ડીંજે નામદાર શહાનશાહની એ તખ્તીનો પથર મુકવાની ક્રિયા કરવાની વિનતી ઘણા વિનિત વચનોથી કરી હતી.

નામદાર શહાનશાહે કૃપાળુ થઇને એ વિનતીનો સ્વીકાર કરતાં ઉભાં થઇને જવાબ વાંચ્યો હતો કેઃ—

" તમે જે માનપત્ર આપ્યું તેણે મારા હૃદય ઉપર અસર કરી છે અને મારા સ્વર્ગવાસી પ્રિય પિતા, રાજા અને બાદશાહના આપણે સઘળા, અને વિશેષે કરીને હું, કેટલા આભારી છીએ તે વાતના સ્મરણને જાગૃત કર્યું છે. અમારા રાજવંશમાં હિંદની મુસાફરી કરનાર તેઓશ્રી જ પહેલા હતા. અને તેમની જ આજ્ઞાથી છ વર્ષ પૂર્વે હું આ મહાન અને અજાયબીથી ભરપૂર ભૂમિમાં આવ્યો હતો. એઓશ્રીના મરણનો શોક મારે આટલો વહેલો કરવો પડશે એનો મને તે કાળે બિલકુલ ખ્યાલ જ આવ્યો નહોતો."

"તમે કહો છો કે મારા પિતા સાથે અંગત ઓળખાણનો ખાસ હક્ક મળેલા એવા થોડા માણસોના નહિ પરન્તુ હિંદની તેમની અને મારી પ્રજામાંના હજારો માણસોના નાણાંમાંથી આ સ્મારક ચિન્હ ઉભું થયું છે."

"હિંદને માટે એઓશ્રી જેવી ગંભીર અને સ્થાયી લાગણી ધરાવતા હતા તેવી જ પ્રેમમય લાગણી હિંદનાં સંતાનોએ એઓશ્રી પ્રતિ આ સ્મારકથી બતાવી છે એ જાણીને હું આનંદ પામું છું."

"આવા સુંદર અને ઐતિહાસિક સ્થળે સ્થાપિત કરેલું આ ઉમદા પુતળું ભવિષ્યની પ્રજાને એઓશ્રીના પોતાની પ્રજા તરફના સમભાવ અને વિશ્વાસનું, તેમજ તમારા રાજ્યભક્તિમય સ્નેહનું સ્મરણ કરાવશે. હું ઇચ્છું છું કે ઇશ્વર કૃપાથી મારા રાજવંશ અને તમારી વચ્ચે આવી ભાવનાઓની પરંપરા ચાલુ જ રહેશે."

ત્યાર પછી લેખની તખ્તી નામદાર શહાનશાહે ગોઠવી. બાદ સરઘસ પાછું વળ્યું અને શહાનશાહ પોતાના તંબુમાં પધાર્યા.

તા. ૯ મીને શનિવારે નામદાર શહાનશાહબાનુએ હિંદી સ્ત્રીઓ તરફથી ગયેલા પ્રતિનિધિમંડળની મુલાકાત લીધી હતી. તે કાળે શહાનશાહબાનુ બોલ્યાં હતાં કેઃ—

"તમારા મનોહર ઉત્સાહ ભાર્યે આવકારથી મારા હૃદય-

પર ગંભીર અસર થઇ છે. મને મળવા આવેલી સન્નારીઓ તેમના વિનિત નમન અને અંતઃકરણપૂર્વક આજ્ઞાધારકપણાને માટે મારો ખરેખરા ભાવવાળો આભાર સ્વીકારશે એવો મને વિશ્વાસ છે. મારી પ્રજાના સ્ત્રી વર્ગનાં સુખ અને કલ્યાણ માટેની મારી નિરંતર વધતી જતી ઉત્કંઠાની હું તમને બધાંને ખાત્રી આપું છું. ઇતિહાસ ઉપરથી જણાય છે કે હિંદનો સ્ત્રી વર્ગ પોતાના ગૃહોમાં કેવી કલ્યાણકારી અને ભવ્ય અસરો કરી શકે એમ છે. અને પોતાનાં સંતાનોનાં હૃદયમાં તેમણે શિખવેલા શિખામણના પાઠોના ફળ તરીકે મક્કમ રાજનિષ્ઠા અને ભવ્ય સેવા ભર્યા ઉમદા કાર્યોથી તેમનો ઇતિહાસ ઝળાંઝળાં થઇ રહેલો છે."

"પડદામાં રહેનારી સન્નારીઓમાં, જો કે ધીરે ધીરે પણ ખચીત, વિકાસ થએ જાય છે એ વાત જાણીને મને સંતોષ થાય છે. મારી ખાત્રી થાય છે કે તમારી દિકરીઓ પોતાના ભવિષ્યના ભર્ત્તાઓની કેળવાયલી અને ઉપયોગી સહચારીણી થઈ શકે એ હેતુથી તેમને કેળવણી લેવાનું ઉત્તેજન આપવાને તમે બધાં ઇચ્છો છો."

"તમે મને જે રત્નજડિત ભેટ નજર કરેલી છે તે એક અમૂલી નજર તરીકે મારી સમિપ સદા રહેશે. જો કે આપણે જમીન અને દરીઓ મળીને હજારો મૈલ છૂટાં પડેલાં હોઇશું તોપણ જ્યારે જ્યારે હું તમારી ભેટ ધારણ કરીશ ત્યારે ત્યારે મારા અંતઃકરણમાં હિંદનાં તમારા ગૃહોની યાદ તાજી થઈ મને વારંવાર આ આનંદદાયી મેળાવડો સાંભરશે."

"તમારી રત્નજડિત ભેટ વંશપરંપરા શહાનશાહી વારસા તરીકે ભવિષ્યના રાજકુટુંબને મળશે જેથી હિંદની સન્નારીઓ સાથે ઇંગ્રેજી રાણીને થયેલા આ પ્રથમ સમાગમના ચિન્હ તરીકે તે સદા જળવાઇ રહેશે."

"તમારા અભિનંદનને સારૂ તથા મારી તેમજ શહાનશાહ પ્રતિ દર્શાવેલી શુભેચ્છાઓ સારૂ હું તમારો આભાર માનું છું; અને શહાનશાહતનાં બળ, ઐકય અને કલ્યાણ સારૂ પ્રભુની પ્રાર્થના કરવામાં હું સામીલ થાઉ છું."

નામદાર શહાનશાહ પોલોના અગડમાં પધાર્યા હતા. બીજે દિવસે રવિવાર હોવાથી વિશ્રામ લીધો હતો. મદ્રાસના લોર્ડ બિશપે 'આ જગતનું રાજ્ય આપણા પ્રભુનું અને એના ત્રાતાનું બન્યું છે' એ સૂત્રને આધારે ઉપદેશ કર્યો હતો.

સોમવાર અને ૧૧ મી તારીખે નામદાર શહાનશાહે લશ્કરને નવા વાવટા આપવાની ગંભીર અને દબ્દબા ભરેલી ક્રિયા કરી હતી, જે થઇ રહ્યા બાદ તેઓશ્રીએ ૧૮૫૭ ના બળવાના વખતના વૃદ્ધ થએલા શૂરવીર યોદ્ધાઓ જોડે વાત ચીત કરી હતી.

તા. ૧૨ મી ડિસબર અને મંગળવારનો દિવસ હિંદ અને બ્રિટનના ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાયો છે. તે દિવસે પૂર્વે ન થએલી એવી શહાનશાહી ક્રિયા થઇ હતી. પોતાનું રાજ્યારોહણ ખૂદ શહાનશાહ પોતે જ પ્રજા અને હિંદી રાજ-

વશીઓને જાહેર કરવાના હતા. એ દિવસે સવારના પહોરથી જ દિલ્હીમાં જાણે નવું ચૈતન્ય આવ્યું હોય એમ થઇ રહ્યું હતું. ઠેર ઠેર લશ્કરની ગોઠવણો થઇ ગઈ હતી અને લોકોની ઠઠ જામી રહી હતી. જે રસ્તે થઇને શહાનશાહની સ્વારી જવાની હતી તે રસ્તે લોકો જેને જેમ ફાવ્યું તેમ ગોઠવાઇ ગયા હતા. તૈયાર કરેલા માંચડાઓમાં બેશીને સ્વારી જોવાને પંદર પંદર અને વીસ વીસ રૂપીઆ ખરચતાં પણ જગા મળતી નહોતી. દરબારી છાવણીઓમાં સાડાનવ પહેલાં તો બધા પરોણાઓ હાજર થઇ ગયા હતા. દશ વાગતાંમાં તો વિશાળ છાવણી મનુષ્યો રૂપ મોજાંથી હલમલી રહેલો જીવંત મહાસાગર હોય એવું જણાતું હતું. દક્ષિણ ઉત્તર બે નાના મોટા અર્ધ ચંદ્રાકાર મંડપો આવી રહ્યા હતા. દક્ષિણ તરફના નાના મંડપમાં નામદાર શહાનશાહબાનુ, ગવરનર જનરલ અને ગવરનરો વગેરેની ગોઠવણ હોઇને સામેના મોટા મંડપમાં નેવું હજારથી લાખેક પરોણાની ગોઠવણ કરી હતી. દશ વાગતાં જ રાજા રજવાડા મંડપમાં હાજર થઇ ગયા હતા. થોડા વખતમાં જ શહાનશાહના ઘરખટલાના અમલદારો સાથે લોર્ડ-કર્યુ મંડપમાં આવ્યા હતા. તેમની પછી લેડી અને લોર્ડ હાર્ડીંજ હાજર થયા તે વખત હર્ષનાદ થઇ રહ્યો હતો. તેમની તહેનાતમાં હિંદી રાજકુંવરો હતા. એટલામાં જ તોપની ગર્જના થઇ રહી; ઘોડાઓની ખરીઓના પડઘાથી બધું વાતાવરણ ગાજી ઉઠયું. વાવટા કાઠી ઉપર શહાનશાહી વાવટો ફરકી રહ્યો અને ખૂદ શહાનશાહ અને શહાનશાહબાનુ પધાર્યા. લોર્ડ હાર્ડીંજે તેમને આવકાર આપ્યો. તેમની તહેનાતમાં છ

દેશી રાજાઓને રાખવામાં આવ્યા હતા. તેમજ શહાનશાહ બાનુની તહેનાતમાં પણ દેશી રાજા અને રાજકુમારો હાજર હતા. શહાનશાહે હિંદનું તાજ ધારણ કર્યું હતું. શહાનશાહ બાનુએ પણ ખાસ તૈયાર કરેલું તાજ ધારણ કર્યું હતું. તેમણે સિંહાસનપર પોતાની બેઠક લીધી એટલે દરબારી ક્રિયા કરાવનાર સર હેન્રી મેકમોહને નામદાર શહાનશાહની હજૂરમાં જઈને કાર્ય શરૂ કરવાની પરવાનગી માગી. તે પછી એટલે નીશાનો ગડગડયાં, રણવાદ્ય વાગ્યાં અને ક્રિયા ચાલુ થઈ.

સુકુમાર કાઠીવાળા, દઢતા અને દબ્દબા ભરેલ છતાં વિશ્વાસજનક અજબ મનોહરતાવાળા શહાનશાહ તેમની સાથે સૌંદર્યથી ભરપૂર અને પશ્ચિમના ઉચ્ચ સ્ત્રી જાતિના નમુનારૂપ અને પૂર્વની સ્ત્રીજાતિને શોભાપ્રદ શહાનશાહબાનુ ઊભાં હતાં. તેમનાં બેમૂલા તાજમાંથી તેમજ કિમતી પોશાકમાંથી ચો તરફ રંગબેરંગી કિરણો ફેલાઇને શોભા આપતાં હતાં. તેમની પાછળ અનેક યુદ્ધમાં મેળવેલા કીર્ત્તિચંદ્રોથી ઝગઝગાટ થઈ રહેલા બહાદૂરોએ તેમના ઉપર રાજ્ય ચિન્હો—છત્ર, ચમ્મર, મોરપિચ્છ, સુરજમુખ વગેરે ધર્યાં હતાં. મથાળે તાજનાં ચિન્હવાળી સોનાની છડીઓ અને ગદાઓ લઇને કેટલાક યોદ્ધાઓ ઉભા હતા. શહાનશાહની જમણી તરફ હિંદુસ્થાનના વાઇસરોય ઉભા હતા. પાછળ ઘરખટલાના અમલદારો, અને અગાડી આખી પૃથ્વિની એક પંચમાંશ વસ્તી ઉપર રાજ્ય ચલાવે છે તેવા હિંદમાંથી ચૂંટી કાઢેલા બાર હજાર અમલદારો, સાત કરોડ લોકો ઉપર અમલ કરનાર દેશી રાજા રજવાડા,

અંગ્રેજ સન્નારીઓ અને પડદામાં છતાં પણ પરખાઇ આવે એવી દેશી મૃગનયનીઓના સમુદાય આવી રહ્યા હતા.

થોડી શાંત ક્ષણો પછી મધુર, બુલંદ અને પ્રીતિકર અવાજે નામદાર શહાનશાહે બોલવાનું ચાલુ કરતાં જ બધા એકી ટશે જોઇને તેમના મધુર વચનોનું કર્ણદ્વારા પાન કરવા લાગ્યા. શહાનશાહ પોતે મનોહર વક્તા છે, છતાં આજનું એઓશ્રીનું ભાષણ તો અદ્વિતીય જ હતું. અર્ધચંદ્રાકર મંડપમાં એક છેડાથી બીજા છેડા સુધી તે સ્પષ્ટ સંભળાતું હતું; તેમના શબ્દો સાદા અને ડહાપણ ભરેલા હતા અને આખા ભાષણમાં ખરા જીગરની સહાનુભૂતિ રમી રહી હતી. તેઓશ્રીએ કહેવાની કૃપા કરી કેઃ—

"આભાર અને સંતોષની ખરી લાગણીવડે પ્રેરાઇને આજ હું તમારી સન્નિધ ઉભો છું. અમારૂં આ વર્ષ ઘણી ભવ્ય, અને આનંદમય, છતાં રંજ ભરેલી ક્રિયાઓ કરવામાં વ્યતિત થયું છે. અમારા પ્રથમ પ્રવાસમાં આ દેશમાં અમને અમારા પોતાના ઘરમાં મળે એવી જ મમતા ભર્યું આતિથ્ય મળ્યું હતું. આ દેશને અમે ચહાતાં શિખ્યા છીએ અને જો કે વચ્ચે ઘણો કાળ ગયો છે, તેમજ છેટું પણ ઘણું છે, છતાં આ દેશમાં ફરી આવવાની આશાને લીધે જ અમે આ લાંબો પ્રયાસ કર્યો છે. અમે ગયા જૂલાઇ મહિનામાં મોકલેલા સંદેસામાં આપેલું વચન અમે આ પ્રવાસથી અદા કરીએ છીએ. અમે કહ્યું હતું કે તા ૨૨ મીએ લંડનમાં વેસ્ટ મિનિસ્ટરના દેવળમાં અમારી તાજપોષીની ક્રિયા થઈ હતી એ ખબર અમે જાતે અમારી

હિંદની પ્રજાને આપીશું. તે વખત પ્રાચીન ક્રિયાઓ સહિત રૂઢીને અનુસરીને ઇશ્વરની કૃપાથી અમારા પૂર્વજોનું તાજ અમારા શિરપર મૂકાયું હતું. હિંદના વફાદાર રાજ્યકર્ત્તાઓ અને રાજ્ય ભક્તિવાળી અમારી હિંદની પ્રજા તરફ અમારી કેટલી પ્રીતિ છે તે, તેમજ હિંદી શહાનશાહતનું સુખ અને હિત અમારા હૃદયમાં કેટલું રમી રહ્યું છે તે જણાવવાને અમે કેવા ઘણા આતુર હતા તે શ્રીમુખે કહેવું એ પણ શહાનશાહબાનુના સહિત અહિં આવવાનો અમારો હેતુ છે.''

"વળી જેઓ તાજપોષીની ગંભીર ક્રિયા વખતે હાજર થઇ શકયા નથી તેઓને દિલ્હીમાં એ ક્રિયાની યાદમાં થતી ક્રિયામાં ભાગ લેવાની તક મળે એ મારી ઇચ્છા છે. આજના મહાન મેળાવડામાં મારા સુબાઓ, વિશ્વાસુ અમલદારો, મારા મોટા દેશી રાજ્યકર્ત્તાઓ, મારી પ્રજાના પ્રતિનિધિઓ અને મારા હિંદુસ્થાનના લશ્કરનાં જૂદાં જૂદાં પ્રતિનિધિ મંડળોને જોઇને નામદાર શહાનશાહબાનુને અને મને ખરો આનંદ અને સંતોષ પેદા થાય છે. એઓ બધા જેમ રાજભક્તિથી પોતાની તરફનું અભિનંદન અને તાબેદારી બતાવવા આવ્યા છે તેમજ હું મારા અંતઃકરણ પૂર્વક સંતોષથી ખૂદ જાતે સ્વીકાર કરીશ."

"આ મોટા ઐતિહાસિક બનાવ વખતે રાજા રજવાડા અને મારી પ્રજાની મારી તરફ સહાનુભૂતિ અને પ્રીમિમય શુભ લાગણીઓ જોઇને મારા હૃદયપર ઘણી અસર થઈ છે. એવી લાગણીઓનાં સંભારણામાં મારી તરફથી મારી ખાસ કૃપા અને

માન દર્શક બક્ષિસો આપવાનું મેં નક્કી કર્યું છે. એ બક્ષિસો મારા સર સુબા. ગવરનર જનરલની મારફત આ મેળાવડામાં જાહેર કરાવીશ."

"છેવટે, જેમ મારા પૂજ્ય પૂર્વજોએ તમારા હક્ક, અને છૂટનાં રક્ષણનાં વચન આપ્યાં છે તેમ પંડોપંડ વચન આપવાનો મને યોગ મળ્યો તેથી મને આનંદ ઉત્પન્ન થાય છે. તમારી સલાહ શાન્તિ અને આબાદીને માટે મારા હૃદયમાં ઘણીજ ઉત્કટ અભિલાષા રહેશે એવું વચન આપવાનો આજે યોગ મળ્યો તેથી પણ મને ખુશી પેદા થાય છે. પ્રભુની પવિત્ર કૃપા મારી પ્રજા ઉપર સર્વદા હજો, અને મારી પ્રજાનાં સુખ અને આબાદી વધારવાના મારા દરેક પ્રયત્નને તે ફળીભૂત કરજો."

"આહે હાજર થએલા સઘળા સામંતો અને પ્રજાને હું પ્રીતિ ભર્યું સ્વાગત કરૂં છું."

ત્યાર પછી ગવરનર જનરલ, કમાંડર ઈન ચિફ, ગવરનર જનરલના કાઉન્સીલના સભ્યો, અને તેમના પછી દેશી રાજ્ય કર્ત્તાઓએ નામદાર શહાનશાહને વફાદારી ભર્યું નમન કર્યું. આ ક્રિયા થઇ રહ્યા પછી નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુ સિંહાસન ઉપરથી ઉઠયાં અને દરબારના સમીઆણા તરફ પધાર્યા. ત્યાં સૌથી ઉંચી બેઠક ઉપર સોનેરી સિંહાસનો ગોઠવ્યાં હતાં તેના ઉપર બેસતાજ ગવરનર જનરલે દરબારનું કામ શરૂ કરવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાંજ વાદ્યના સુર

ચાલુ થયા અને બધાં શાંત થયા એટલે દિલ્હીના મેજર પેટને મોટે અવાજે શહાનશાહ પાંચમા જોર્જનો બાદશાહી ઢંઢેરો ઇંગ્રેજીમાં વાંચી સંભળાવ્યો. પછી તેમના મદદનીશ મલીક ઉમર હયાતખાને ઉર્દુમાં તેનું ભાષાંતર કહી સંભળાવ્યું. તેમાં કહ્યું હતું કેઃ—

'અમારા પ્રભુના એક હજાર નવસો દશના વર્ષમાં, અમારા અમલના પ્રથમ વર્ષમાં, જૂલાઈની ઓગણીસમી અને નવેંબરની સાતમી તારીખે અમારા બાદશાહી ઢંઢેરાથી એક હજાર નવસેં અને અગીયારમા વર્ષના જૂલાઈની બાવીસમી તારીખે સર્વ-શક્તિમાન પરમેશ્વરની કૃપા અને અનુગ્રહથી અમારા બાદશાહી રાજ્યારોહણનો ધાર્મિક ક્રિયા કરવાનો અમારો બાદશાહી વિ-ચાર જણાયો અને જાહેર કર્યો હતો તે અર્થેઃ—

તેમજ ગયા જુન મહિનાની બાવીસમી તારીખ અને ગુરૂ-વારે સર્વ શક્તિમાન પ્રભુની કૃપા અને અનુગ્રહથી અમે તે ક્રિયા કરવા શક્તિમાન થયા હતા તે અર્થેઃ—

અને ખ્રિસ્ત ઇસુના એક હજાર નવસેં અને અગીઆરના વર્ષમાં, અમારા અમલના પ્રથમ વર્ષમાં માર્ચ મહિનાની બા-વીસમી તારીખના બાદશાહી ઢંઢેરાથી અમે જાહેર કર્યું હતું કે ઉક્ત ધાર્મિક ક્રિયા જે રીતે કરવામાં આવી છે તે અમારા હિંદના સામ્રાજ્યમાં વસતા અમારા સ્નેહાલ પ્રજાજનોને શ્રીમુખે જણાવવાની અને અમારા ગવરનરો, લેફ્ટેનન્ટ ગવરનરો અને

અમારા બીજા અધિકારીઓને, અમારા રક્ષણ નીચેનાં દેશી રાજ્યોના રાજ્યકર્ત્તાઓ અને પટાવતો અને અમીરોને અને અમારા હિંદી સામ્રાજ્યના દરેક પ્રાન્તોના પ્રતિનિધિયોને અમારી સમક્ષ બોલાવવાની અમને ઇચ્છા અને ઉત્કંઠા હતી તે અર્થેઃ—

હવે આ અમારા શહાનશાહી ઢંઢેરાથી એ જ વાત જાહેર કરીએ છીએ. અને અમારા સર્વ અધિકારીઓ, અને દિલ્હીમાં હાલ ભેગા થએલા સર્વ રાજાઓ, સામંતો અને પ્રજાને અમારા શહાનશાહી આવકાર અને હિંદી સામ્રાજ્ય ઉપર અમને ઉત્કટ પ્રીતિ છે તેની ખાત્રી આપીએ છીએ. હિંદી સામ્રાજ્યના કલ્યાણ અને ઉત્કર્ષને માટે અમારા હૃદયમાં નિરંતર કાળજી રહે છે અને ભવિષ્યમાં પણ રહેશે.

ઇસ્વી સનના એક હજાર, નવસેં અને અગીઆરમા વર્ષમાં, અને અમારા રાજ્યના બીજા વર્ષમાં, ડિસેંબર મહિનાની બારમી તારીખે દિલ્હીમાં અમારા દરબારમાં આ ઢંઢેરો પ્રસિદ્ધ કર્યો છે.”

‘ પ્રભુ મલિક મુઆઝીમ કૈસરેહિંદનું રક્ષણ કરો.”

આ પ્રમાણે પોતાની તાજપોષી ખૂદ શહાનશાહે જાહેર કરવાનો અને તદર્થે તેઓશ્રીના હિંદના પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ પરિપૂર્ણ થતાં જ રણશીંગડાં વાગ્યાં, બેંડોના સુર અને સલામતીની તોપોના ધડાકા થઇ રહ્યા. આ ક્રિયા અંગે હિંદવાનોને આપવામાં આવનારી શહાનશાહી બક્ષિસો જાહેર કરવાને લોર્ડ

હાર્ડીંજ આગળ આવ્યા. દરબારમાં શાંતિ પ્રસરી ગઇ અને નામદાર શહાનશાહની આજ્ઞાનુસાર તેમણે નવાજેસોનું જાહેરનામુ વાંચી સંભળાવ્યું. હિંદમાં કેળવણી ખીલવવાને, તેનો વિશેષ પ્રચાર કરવાનું વચન; ખુશ્કી અને તરીના પચાસ રૂપીઆ સુધીના પગારદાર સૈનિકોને તેમનો અર્ધો પગાર; હિંદી સૈન્યના અમલદારો અને માણસોને બહાદૂરી બદલ વિકટોરીઆ ક્રોસનો ચાંદ મળવાની યોગ્યતા; ઓરડર ઓફ બ્રિટિશ ઇંડિયાના ખિતાબની પહેલી પંક્તિમાની સંખ્યામાં રાજ્યરોહણની પછીના દાયકામાં બાવન જણાનો વધારો કરવાની અને આ ઐતિહાસિક પ્રસંગ નિમિત્તે હાલ તુરત પ્રથમ પંક્તિમાં પંદર અને બીજી પંક્તિમાં નવી ઓગણીસ નિમનોકો; સરહદના સૈન્યના અને સૈનિક પોલીસના હિંદી અમલદારોની ઉક્ત પંક્તિમાં દાખલ થવાની યોગ્યતા ગણાશે, પોતાની લાંબી અને માનવંતી નોકરીને માટે જાણીતા થએલા હોય તે પ્રમાણમાં હિંદી સૈન્યના ચોક્કસ દેશી અમલદારોને હવે પછી જાગીર, ખાસ મહેસુલ ભરવાનો હક અગર ખાસ ઓછું મહેસુલ ભરવાનો હક્ક. તેમજ ઇન્ડિયન ઓરડર ઓફ મેરીટના સ્વર્ગસ્થ સભ્યોની વિધવાઓને હાલ માત્ર ત્રણ વર્ષને જ માટે મળતો ખાસ લવાજમ હવે પછીથી એવી સઘળી વિધવાઓને તેમના મરણ પર્યંત અગર તેઓ ફરી લગ્ન કરે તો તે પર્યંત આપવામાં આવશે; સનંદી અને બીજા પચાસથી કમી પગારવાળા નોકરોને તેમનો અર્ધો પગાર; જે સર્વ ઈસમોને ખિતાબો આપેલા છે તેઓને તેમના ખિતાબને લાયક માનાર્થે ચિન્હ તરીકે પટાઓ, તેમજ મહા-

મહોપાધ્યાય અને સમ્સૂ ઉ્ ઓલ્માના માનવંત ખિતાબ ધરાવનારાઓને હિન્દના પુરાતન સાહિત્યનું સંરક્ષણ કરવા માટે વર્ષાસન; આ દરબારના સ્મરણ તરીકે અને ઉત્તમ સેવાના બદલામાં વાયવ્ય સરહદના પ્રાંતમાં અને બલુચિસ્તાનમાં જન્મ પર્યંત અગર સ્થાનિક વહીવટદારની ઇચ્છાનુસાર એક પેઢી વધારે મહેસુલવાળી જમીનની બક્ષિસ; એવી એવી નવાજેશો જાહેર કરવામાં આવી હતી.

વળી રાજકર્ત્તાઓને પોતે ગાદી ઉપર આવે ત્યારે વળી સરકારને કરવો પડતો નજરાણો માફ કરવામાં આવશે. કાઠીઆવાડ અને ગુજરાતના બીન અધિકારી તાલુકદારોને વળી સરકારનું જે પરચુરણ દેવું હતું તે માંડી વાળવામાં આવશે. ઇમ્પીરીઅલ સર્વીસના સૈન્યની કદરદાની તરીકે તેમને બ્રિટિશ સૈન્યમાં કેટલીક ‘ ફાલતું ’ જગાઓ આપવામાં આવશે.

ગુના અને ગેરવર્તણુકની ખાતર કેદની શિક્ષા ભોગવતા કેટલાક કેદીઓને છોડી મૂકવામાં આવશે; તેમજ દગાથી નહિ પણ ગરીબાઇને લીધે કરવામાં આવેલાં દેવાને લીધે દીવાની કેદ ભોગવતા કેટલાક કેદીઓને તેમનાં દેવાં અદા કરીને છોડવવામાં આવશે. ઉપર પ્રમાણેની નવાજેશો જાહેર કરીને નામદાર શહાનશાહને નમન કરીને લોર્ડ હાર્ડીંજે પોતાની બેઠક લીધી. લોકોના હર્ષના પોકારો, વાદ્યોના અવાજ શાંત પડતાં નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુને પોતાના મંડપ તરફ પધારવાનું સરઘસ તૈયાર થયું એટલામાં શહાનશાહ ઉભા થયા.

દરબારી ગોઠવણુ પ્રમાણે હવે મંડપ તરફ પધારવાનુંજ જ હતું તેના બદલામાં શહાનશાહ કાંઇ બોલવાની કૃપા કરવા ધારે છે એમ જણાયું. પોતાના કરકમળમાં એક કાગળ હતો અને શહાનશાહ શું કહે છે તે કોઇને ખબર નહોતી તેથી બધા સ્તબ્ધ અને ચકિત થઇ ગયા અને ચોમેર શાંતિ ફેલાઈ રહી. તેઓ શ્રીએ બુલંદ અવાજે જાહેર કર્યું કેઃ—

"અમારી પ્રજાને જણાવવાની કૃપા કરીએ છીયે કે અમારા ગવરનર જનરલ ઇન કાઉન્સીલની મસલત કરીને અમારા પ્રધાન મંડળે અમને રજુ કરેલી સલાહ મુજબ અમારી રાજધાનીનું સ્થળ કલકત્તાથી બદલીને આ પુરાતન દિલ્હીમાં નક્કી કર્યું છે. તે સાથે એ ફેર બદલીને અંગે અમારા હિંદના સેક્રેટરીની અનુમતિથી અમારા ગવરનર જનરલ નક્કી કરે તેમ વહીવટમાં ફેરફાર સરહદની યોગ્ય વહેંચણી, બંગાળાને માટે નવો ગવરનર, બિહાર, છોટાનાગપુર અને ઓરિસાના વહીવટ સારૂ નવો લેફ્ટેનન્ટ ગવરનર અને કાઉન્સીલ, તેમજ આસામને સારૂ નવો કમીસનર જેમ બને તેમ જલદી નીમવાનું અમે નક્કી કર્યું છે. આ ફેરફારથી હિંદનો વહીવટ સારો બને અને અમારી પ્રિય પ્રજાની ચઢતી અને સુખ વધે એવી અમારા અંતરની ઇચ્છા છે." આ કૃપામય ફેરફારની વાત અચાનક સાંભળીને બધા હર્ષ ઘેલા બની ગયા. હર્ષનાદથી અને વાદ્યના સુરથી ગગન ભેળાઇ ગયું અને બધાએ સંતોષ અને રાજભક્તિ જાહેર કરી. આ દરબારનું કામ બપોરના બે વાગતાં સુધી ચાલ્યું હતું છતાં કોઇનો ઉત્સાહ મંદ પડયો નહોતો.

દરબારનું કામ પૂરૂં થયું અને દરબાર બરખાસ્ત કરવાની રજા આપીને સરઘસના રૂપમાં નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુ પાછાં સિધાવ્યાં. દરબારમાંથી બધો જાપતો દૂર થતાં અને નામદાર શહાનશાહના ગયા બાદ હજારો લોકોએ ઉલટભેર ત્યાં દાખલ થઈને સિંહાસન આગળ સાષ્ટાંગ નમન કર્યા હતાં. રાજભક્તિની પરિસીમા આવી રહી હતી.

એ દિવસે રાત્રે નામદાર શહાનશાહ તરફથી મોટું ખાણું આપવામાં આવ્યું હતું. રાજા રજવાડા, અમલદારો અને ગૃહસ્થો મળીને બે હજાર માણસોને એ નામદારની સાથે ભોજન કરવાનું માન મળ્યું હતું. ગવરનર જનરલે ઘણા અર્થવચ્છદ નમ્ર અને મિઠાશવાળા શબ્દોમાં નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુને સલામતી લેવડાવી હતી.

ખાણા પછી દરબારી મુલાકાતો લેવાઇ હતી જેમાં ચાર હજાર મનુષ્યોએ હાજરી આપી હતી.

બીજે દિવસે સ્હવારે નામદાર શહાનશાહે વોલંટીયર્સના અમલદારો અને સીનીઅર સબ એસિસ્ટંટ સર્જનોની મુલાકાત લીધી હતી. તે દિવસે એક ગાર્ડન પાર્ટિ આપવામાં આવી હતી. જેમાં જાત જાતના લોકો અને જાત જાતના સુંદર પોશાકો જોનારનાં નયનો તૃપ્ત કરતા હતા. તેજ દિવસે નામદાર શહાનશાહે જૂના જમાનાના રીવાજને અનુસરીને મોગલ બાદશાહ આપતા હતા તેમ પોતાની પ્રજાને દર્શન આપ્યાં હતાં. શહા-

નશાહ અને શહાનશાહબાનુ તાજ પહેરીને સામન બુર્જ ઉપર મુકેલાં સિંહાસનો ઉપર બિરાજ્યા હતાં. નીચે અસંખ્ય માણુસોની મેદની તેમને નિહાળવાને એકઠી થઇ હતી. લાખો લોકોનાં ચક્ષુઓ શહાનશાહને નિરખવાને તરસ્યાં થઇ રહ્યાં હતાં. લોકો દર્શનાતુર બનીને ઉંચે મોંઢે જોઇજ રહ્યા હતા. ભીડ ન થાય, અકસ્માત ન બને માટે ઘણી સંભાળ રાખવામાં આવી હતી. આવી છલકાઇ જતી રાજભક્તિ છતાં કોઇઓ કમનસીબ મનુષ્ય હિંદની પ્રજાને વફાદાર નથી એમ કહે.

બીજે દિવસે સવારે હિંદુસ્થાનના ધર્મ ગુરૂઓએ એક સરઘસ કાઢયું હતું. સીખ લોકોએ ' ગ્રંથ સાહેબ ' ને હાથી પર પધરાવ્યા હતા, બીજા પંથના હિંદુઓ, શ્રીમચ્છંકરાચાર્ય, રેવાના સ્વામી શ્રી રામપાણાચાર્ય, વૈષ્ણવ પંથના આચાર્ય, મનોહરદાસજી તેમજ ઘણા પંડિતોએ એ સરઘસમાં ભાગ લીધો હતો. કેટલા લોકો એમાં સામીલ થયા હશે તેનો ખ્યાલ એટલાથી જ આવશે કે એ સરઘસ એક મૈલથી વધારે લાંબું હતું. ભજન કરનારી મંડળીઓ પણ હતી. મદ્રાસના શેરીફ અને દિલ્હીની મ્યુનિસિપાલીટીના પ્રમુખે માનપત્ર નજર કર્યાં હતાં. તે કાળે બીજા ઘણાં શુભ વચનો ભેગું શહાનશાહ એ પણ ઉચર્યા હતા કે ' જે શહાનશાહતની રાજધાની દિલ્હી છે તે સદા સુલેહ, શાંતિ, આબાદાની, ન્યાય અને સંવૃદ્ધિ માટે ટકી રહો, અને તમારા શહેરની ચાલી આવતી ઐતિહાસિક પરંપરામાં મહત્તા અને કીર્ત્તિનાં હજુ પણ વધારે પ્રકાશમાન પ્રક-

રહ્યા ઉમેરાઓ. મદ્રાસના માનપત્રના જવાબમાં એ પણ કહ્યું હતું કે 'હું તમને ખાત્રી આપવાની અગત્ય ધારતો નથી કે તમારી મનોભાવનાઓમાં હું સર્વાંસે ભાગ લઉં છઉં અને મારી હિંદની પ્રજાની આબાદાની અને હિત હું મારા હૃદયમાં હમેશ ધારતો રહીશ.'

તા. ૧૪ મી સવારે રાજ્યારોહણ નિમિત્તે એકઠા થયેલા ૪૮૦૦૦ સૈનિકોની કવાયત નિરખી હતી. તેજ દિવસે રાત્રે રાજ્યારોહણ નિમિત્તે ખિતાબો વગેરે એનાયત કરવાની ક્રિયા કરી હતી.

તા. ૧૫ મીએ દિલ્હીને પાટનગર બનાવ્યું તે સુદૃઢ થવા ખાસ મૂહુર્તની ક્રિયા કરી હતી. લોર્ડ હાર્ડિંજે નામદારની વિનતી કરી હતી કે આપ ખાસ મૂહુર્ત કરો. નામદાર શહાનશાહના શબ્દો દિલ્હીનું તેજોમય ભવિષ્ય સૂચક હતા. પાટનગર બનાવવાના પ્રસંગના સ્મારક તરીકે નામદાર શહાનશાહનું પૂતળું જ ઉભુ કરવાની ખાયશ મહારાજા સીંધીયાએ જાહેર કરી હતી.

તા. ૧૬ બપોરે નામદાર શહાનશાહ અને શહાનશાહબાનું દિલ્હીથી રવાના થયાં હતાં. તેમનાં દર્શન કરવાને આખુ દિલ્હી તળે ઉપર થઇ રહ્યું હતું. તે દિવસે પાંગળાંને પગ આવ્યા હતાં અને મુંગાં વાચળ બની ગયાં હતાં. સઘળાંના હર્ષનાદે ગગન મંડળ ફાડી નાંખ્યું હતું. સ્ટેશન ઉપર અમલદાર વર્ગ અને ગ્વાલીયરના મહારાજા, સર પ્રતાપસિંહ તેમજ બીજાઓ

હાજર હતા. લોર્ડ અને લેડી હાર્ડીંજ પ્રથમ જ પધાર્યાં હતાં. આગગાડીમાં એઓશ્રી બિરાજ્યા ને ગાડી નેપાળ તરફ રવાના થઇ. બીજી ગાડી નામદાર શહાનશાહબાનુને લઇને આગ્રા ગઈ. ત્રીજી ગાડીમાં ગવરનર જનરલ અને લોર્ડ કયુ દહેરાદુન તરફ સિધાવ્યા.

આ પ્રમાણે આ મોટા ઐતિશાસિક અને હિંદની પ્રજાભક્તિના સ્મરણ સ્થંભરૂપી દિલ્હી દરબારની પૂર્ણાહુતી થઈ.

પ્રકરણ ૧૯ મું.

દિલ્હીથી નામદાર શહાનશાહ નેપાળમાં શિકારે પધાર્યા હતા. ત્યાં શિકારની ઉત્તમ ગોઠવણો થઇ હતી. જંગલની પેઠે શિકારના જંગલમાં પણ નામદાર શહાનશાહને માટે એક આસાયસ અને સુખ ભરેલું એક નાનુ મકાન તૈયાર કરવામાં આવ્યું હતું. તેઓશ્રી નેપાળ જતા હતા ત્યારે ટુંડલાના જંકશને ગાડી થોડીવાર થોભવાની હતી. શહાનશાહ પ્લેટફોર્મ ઉપર ઉતરીને આમતેમ ટહેલતા હતા તેવામાં એક કારીગર ખુદની જોડે એઓશ્રી શહાનશાહ છે એ જાણ્યા શિવાય વાતે વળગ્યો હતો અને પોતાનું કામ સમજાવ્યું હતું, આ સેલગાહ દરમ્યાન

એઓશ્રીએ ૩૦ વાઘ, ૧૩ ગેંડા અને કેટલાંક રીંછ અને હરણોનો શિકાર કર્યો હતો. પાછા વળતાં ટ્રેન સારા જંકશને થોભી હતી. પ્લેટફોર્મપર ફરતાં નામદાર શહાનશાહે જોયું કે લોકોને પોલીસે નીઘેબાની નીચે દૂર ઉભા રાખ્યા છે એટલે હુકમ કર્યો હતો કે તેમને છેક કઠેરા સુધી આવવા દો. આનંદમાં આવી ગયેલા લોકોએ પેટ ભરીને નામદારનાં દર્શન કર્યા અને પોતેશ્રી બીજી ગાડી તૈયાર થાય ત્યાં સુધી તેમની સમક્ષ સલામ લેતા ઉભા રહ્યા. અહિંથી નામદાર વિદાય થઈ ને છેવટે બાંકીપોર પહોંચ્યા હતા.

નામદાર શહાનશાહબાનુ આગ્રે પધાર્યા હતા. તાજમહાલ ફતેપુર સીક્રી જોઇ અકબર બાદશાહના મહેલની પણ તેમણે મુલાકાત લીધી હતી. આગ્રાથી તેઓ નામદાર નાગપુર ગયાં. ત્યાંની જગાઓ અને દેશી નાચનો તમાસો જોઇને દેશી રીત ભાત જોવાની તજવીજ કરી હતી. અહિં એઓશ્રીએ દેશી ગાડામાં મુસાફરી કરવાની ઇચ્છા બતાવી હતી. ગાડું તૈયાર ન હોવાથી એક કલાક ખોટી થઇને પણ એક કલાક સુધી ગાડામાં મુસાફરી કરી હતી. નામદાર સ્વર્ગવાસ સાતમા એડવર્ડ પણ જ્યારે પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે પધાર્યા હતા ત્યારે મ્હેસુરમાં શિકારે જતાં દેશી ગાડામાં બિરાજ્યા હતા. અમારા મિત્ર સ્વ. રા. બા. ચમનરાયજીને ત્યાં તે વખતનું એક ઓઇલ પેઇટિંગ છે. નાગપુરથી શહાનશાહબાનુએ અજમેર તરફ પ્રયાણ કર્યું હતું. અજમેરની જગાઓ જોઇને તેઓશ્રીએ પુષ્કરરાજ

જઇને ત્યાંની જગાઓ નિરખી હતી. અજમેરથી બુંદી તરફ સિધાવ્યાં હતાં. બુંદીના મહારાજા સાથે તેમણે સતુરનો દરવાજો, કિલ્લો વગેરે જોઇને મોટરમાં બેશી કોટા તરફ પ્રયાણ કર્યું હતું. બુંદીમાં બ્રિટિશ ક્રિમિનલ ઇન્વેસ્ટિગેટીંગ ડીપાર્ટમેન્ટના અમલદારોની સૂચના મુજબ બધી પ્રજાને દૂર રાખીને શહાનશાહબાનુના રસ્તા તરફ આવવા દીધી નહોતી. એઓશ્રીએ પુછયું કે અહીં વસ્તી છે કે નહિ? અમલદારોની ગોઠવણની વાત જાણતાં તુરતજ હુકમ કર્યો હતો કે સઘળા લોકો આવવા દો. જોત જોતામાં બુંદીમાં આ વાત ફેલઇ ગઈ અને આખું ગામ શહાનશાહબાનુના દર્શનને માટે હાજર થઇ ગયું. કોટાથી પાંચ મૈલ આગળ આવી તે મહારાણાએ પોલીટીકલ એજંટ અને લશ્કર સહિત આવકાર આપ્યો. એઓ નામદારે કોટાનો મહેલ, કિલ્લો વગેરે જોયું. રાત્રે રોશની કરવામાં આવી હતી. ના. મહારાણાએ કેટલાક હાથી, ઘોડા, હીરા, અને બીજી કિંમતી વસ્તુઓ જોવા મોકલી હતી તે જોઈ. અહીં પણ દુકાનોપર પ્રજાના એક કરતાં વધારે માણસને બેસવા દીધાં નહોતાં, બુંદીની પેઠે અહિં પણ લોકોને જોવાની છુટ આપી. હજારો લોકોએ નામદારનાં દર્શન કરીને આનંદ મેળવ્યો. બુંદીમાં મહારાજાએ આવકાર આપતાં જે શબ્દો કહ્યા હતા તેમાં એ પણ કહ્યું હતું કે 'મારા બાપદાદાઓ હમેશાં તાજ તરફ વફાદાર રહેતા આવ્યા છે. ટૉડરાજસ્થાન તેમજ બીજા ઐતિહાસિક ગ્રંથો આ વાતની શાહેદી આપી રહ્યા છે. મારા પૂર્વજોમાના અનેકોએ તાજને ખાતર લઢતાં પોતાના દેહ અર્પણ

કયા છે. જો કે હાલ બ્રિટિશ છત્ર નીચે સર્વત્ર શાંતિ છે તથાપિ બ્રિટિશ તાજની સેવા બજાવવાને હું તૈયાર છું." આ શબ્દોની નામદાર શહાનશાહબાનુ ઉપર ઘણી અસર થઇ હતી અને તેજ રાત્રિએ તાર કરીને તે નામદાર શહાનશાહને જણાવ્યા હતા. અહિંથી નીકળીને શહાનશાહબાનુ બાંકીપોર નામદાર શહાનશાહને મળ્યાં અને ત્યાંથી બન્ને નામદારોએ કલકત્તા તરફ મુસાફરી શરૂ કરી.

પ્રકરણ ૨૦ મું.

જ્યારથી એઓશ્રીના પ્રવાસની ખબર પડી હતી ત્યારથી જ નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુને યથાયોગ્ય આવકાર આપવાને કલકત્તા એક પગે થઈ રહ્યું હતું. આજ ત્યાં શોભા કરવામાં કશી કચાશ રહી નહોતી. ઠેકાણે ઠેકાણે ધજા પતાકા, તોરણો, કમાનો, આવકાર, લાંબાં આયુષ્ય અને આબાદી ઇચ્છતાં વાકયો, ઠેર ઠેર લખાયાં હતાં. લોકોનાં ટોળે ટોળાંથી આખું શહેર ઉભરાઇ ગયું હતું. મોટાં મોટાં મકાનોએ પણ પોતાના રાજ્યકર્ત્તા તરફ વફાદારી બતાવવાને શણગાર સજવામાં એક બીજા જોડે સ્પર્ધા કરી હોય એમ દેખાતું હતું. પૂર્વે કલકત્તામાં એટલી મેદની કદીએ મળી નહોતી.

નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુ પધાર્યા કે તરત જ સલામતીની તોપોએ પોતાના અવાજે ગગનમંડળ ચીરી નાંખવા માંડયું. લોર્ડ હાર્ડિંજે તેમને આવકાર આપ્યો. કિનારા ઉપર હારબંધ ઉભેલા લોકોએ પોતાના હર્ષ ધ્વનિથી તોપોના અવાજની પણ સ્પર્ધા કરી. બારામાં રહેલી મનવારોએ પણ સલામતીની ગર્જનાઓ કરી. કેટલાક શિષ્ટાચાર થયા બાદ કલકત્તાની કારપોરેસેને નામદારને માનપત્ર રજુ કર્યું. આ માનપત્રનો જવાબ આપતાં એઓશ્રીએ કહેવાની કૃપા કરી હતી કેઃ—

"કોરપોરેસન અને શહેરીઓની વફાદારી અને રાજ્યભક્તિની તમે આપેલી ખાત્રી સારૂ નામદાર શહાનશાહબાનુ તેમજ મારી તરફથી હું તમારો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું. તમારા શહેરમાં પૂર્વે મારા વ્હાલા પિતા રહ્યા હતા એ વાતના તેમજ છ વર્ષ પૂર્વે અમે પણ તમારા શહેરની મુલાકાત લીધી હતી તે વાતના તમે કરેલા ઉલ્લેખથી મારા હૃદયપર ઘણી અસર થઇ છે. અમને તે કાળે તમે જે આવકાર આપ્યો હતો તે અમે કદી પણ વિસરી શકીએ એમ નથી. આ મહાન નગરને પ્રથમ જોયું ત્યારથી અમારા હૃદયમાં જે સહાનુભૂતિની લાગણી ઉદ્ભવી હતી તે હજી પણ લગીરે ઓછી થઈ નથી. કલકત્તામાં બીજીવાર આવતાં જણાઇ આવતી તમારી ઉન્નતિ અને પ્રગતિથી અમને ઘણોજ આનંદ થયો છે."

"દિલ્હી દરબારમાં અમે જાહેર કરેલા ફેરફારની કેટલેક અંશે તમને અસર થશે, પરન્તુ તમારૂં નગર હમેશ હિંદુ-

સ્થાનનું મુખ્ય નગર જ રહેશે. તમારા નગરની બહોળી વસ્તી વ્યાપારના કેંદ્રસ્થાન તરીકેની તેની સ્થિતિ, તમારો ધમધોકાર ચાલતો વેપાર, તેનો પ્રકાશમાન ભૂતકાળનો ઇતિહાસ, અને તેની પરંપરાએ સઘળાંવડે તમારૂ નગર હિંદુસ્થાનના મુખ્ય નગર તરીકેજ રહેશે. તમારા નગરને નવા સ્થાપેલા બંગાળા ઇલાકાનું મુખ્ય નગર ઠેરવવાથી તેનો દરજ્જો ઓર વધ્યો છે. મને વિશ્વાસ છે કે નવા ઇલાકાના ગવરનર અને તેમની કોંસિલના ડહાપણ ભર્યા કારભારથી તારી વધારે ઉન્નતિ થશે. તમારા હૃદયમાં એવી અભિલાષાઓ ઉદ્ભવવા પામી છે કે હિંદ એક દિવસ વિસ્તૃત ઉદ્યાગ, હુન્નર અને ખેતીવાડીનો દેશ બને, એ મને ખબર છે. તમારા ઔદ્યોગિક સાહસોનું હું સતત સહાનુભૂતિ ભરી ભાવનાથી નિરિક્ષણ કરતો રહું છું. તમારી વ્યાપાર કુશળતાને અત્યાર સુધી જે વિજય મળ્યો છે તેથી વ્યાપાર એ એક ઉત્તમ અને કીર્ત્તિવંત ધંધો છે એવું તમારા યુવકોના મનમાં વધારે ને વધારે ઠસતું જશે એવો મને ભરોંસો છે."

"અમારે માટે તમારી શુભ લાગણીઓ સારૂ તેમજ અમારા શ્રેયને માટે તમારી પ્રાર્થના સારૂ હું તમારો આભાર માનું છું. અમારા હિંદની સલ્તનતનું ભલું કરવાની અમને હમેશ અંતઃકરણપૂર્વક લાગણી રહેશે. જેમ જેમ વરસો વીતતાં જશે તેમ તેમ મારા રાજ્યવંશ અને હિંદની પ્રજાની વચ્ચે જે ઉમળકા ભર્યો પ્રેમ છે તે વધારે સુદૃઢ થતો જશે એવી અમારી આતુરતા ભરેલી હોંશ છે."

શહાનસાહની મુખમુદ્રા ઉપરથી તેમજ તેમના સ્વર ઉપરથી સ્પષ્ટ જણાતું હતું કે એઓશ્રીનું છેલ્લું વચન ખરેખરા હૃદયના ઉમળકાનું હતું. એ છેલ્લા વચનથી કલકત્તાની પ્રજાને થયેલી અસર અવર્ણનિય હતી. ખરેખાત દિલ્હીમાં ઉચારેલાં એઓશ્રીનાં વચનોથી તેમજ કલકત્તામાં કહેલાં એમનાં વેણોથી હિંદની પ્રજાનાં હૃદય એઓ નામદારે જીતી લીધાં છે અને એની અસરો કાળે કરીને પ્રત્યક્ષ થશેજ.

ત્યાર પછી સરઘસ નીકળ્યું હતું. લોકોએ, બાળકોએ અને પડદા પછવાડીથી સન્નારીઓ ધરાધરીએ તેમને આવકાર આપ્યો હતો. એ છોકરાંઓ તો આનંદ અને હર્ષના નાદ કરી કરીને ઘાંટા બેસાડી દીધા હતા. આ પ્રમાણે પ્રજાભક્તિનો અનુભવ કરતા અને અનુપમ શોભા નિહાલતા એઓશ્રી સરકારી મહેલમાં પહોંચ્યા. 'જય રાજરાજેશ્વરની' ની ધૂન ચો તરફ લાગી રહી હતી!

કલકત્તામાં એઓશ્રીએ કેટલીક જગાઓની મુલાકાત લીધી હતી. લશ્કરની કવાયત જોઈ હતી, ગાર્ડનપાર્ટી આપી હતી. તેમજ દરબાર ભર્યો હતો. શરતો જોઇ હતી, આતસબાજી જોઇ હતી, બધી ધામધૂમોનું વર્ણન કરવાને અમને પુરતી જગા નથી. શરતને દિવસે, આતસબાજીની રાત્રે, મોટા સરઘસ વખતે, મોટા પાદશાહી મેળા વખતે, તેમજ બીજી ધામધૂમો વખત એક પણ અકસ્માત બન્યો નથી. પોલીસના બંદોબસ્તની જરૂર જણાઈ

નથી. શહાનશાહના ખાલી સિંહાસનને નમન કરવાને જે પડાપડી થઇ હતી તે વર્ણવી શકાય તેમ નથી. પાદશાહી મેળામાં નામદાર જૂજ માણસો સહિત પોતાની પ્રજાની અંદર ધીરે ધીરે ગાડીમાં બેશી પધાર્યા હતા. નામદારને સાફ કશો ખાસ પોલીસનો બંદોબસ્ત કરવામાં નહોતો આવ્યો. બંગાળીઓએ જોઇ લીધું કે શહાનશાહ પોતાની હિંદની પ્રજા પ્રતિ સંપૂર્ણ વિશ્વાસ ભરેલા હૃદયથી કશા બંદોબસ્ત વગર પોતાની પ્રજામાં ભેળાયા છે. આથી એમની પ્રજાભક્તિની ઉલટ ઘણીજ વધી ગઇ અને એમણે દરેક પ્રકારે હર્ષ તેમજ વફાદારી જાહેર કરી. સંકુચિત મનના માણસો બંગાળીઓની વફાદારીની શંકા રાખે છે. તેઓ કહે છે કે બંગાળીઓ હર્ષનાદ કરતા નથી. આજે તેઓ જૂઠા સાબીત થઇ ચૂકયા. રાજાની જય, રાજરાજેશ્વરની જય, એ શબ્દોથી દશે દિશા વ્યાપ્ત થઇ ગઇ હતી. પૂર્વે આવું કદી દીઠું કે સાંભળ્યું નહોતું. મોરનાં ઈંડા ચિતરવાં પડતાં નથી. હિંદને રાજ્યભક્તિ શિખવવી પડે? જન્મથીજ દરેક હિંદવાશી વફાદાર છે, રાજ્યભક્ત છે. નામદાર શહાનશાહ લંડનમાં હોય અને ત્યાંની પ્રજાની સાથે ભેળાય એવીજ રીતે કોઇ પણ અનુચર શિવાય એઓશ્રી પોતાની હિંદી પ્રજાની સાથે ભેળાયા. લાખો લોકોમાં પ્રજાભક્તિ, માન, સ્નેહ અને ઉમંગ શીવાય એઓશ્રીની દૃષ્ટિએ બીજું કાંઇ પડયું જ નથી. માત્ર ખોટો ભય ઉત્પન્ન કરનારા ડોઢ ડાહ્યા નહિ પણ જેમના અભિપ્રાયને વજન આપવું જ પડે એવાઓ પણ શહાનશાહની કલકત્તાની મુલાકાતમાં જોખમ સમાયલું છે એમ ધારતા હતા.

પણ જ્યારે કલકત્તામાં બનેલા બનાવ નજરે જોયા ત્યારે ગમે તેવા માણસની પણ ખાત્રી થઇ કે જ્યોર્જ પ્રત્યે પ્રજાની કેવી અદ્વિતીય ભક્તિ છે.

જાન્યુઆરી મહિનાની છઠ્ઠી તારીખે નામદાર શહાનશાહે કલકત્તા યુનિવર્સિટી તરફથી માનપત્ર સરકારી મહેલમાં સ્વીકારવાની કૃપા કરી હતી. પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે અહિં પધાર્યા ત્યારે કલકત્તા યુનિવર્સિટીની ડાક્તર ઓફ લોઝની માનની પદવી એમણે સ્વીકારી હતી. યુનિવર્સિટીના ફેલોઝ, અને બસેં ગ્રેજ્યુટસ હાજર હતા. તેઓ બધાને સિંહાસનવાળા દિવાનખાનામાં લઇ જવામાં આવ્યા હતા. ગવનર જનરલ યુનિવર્સિટીના ચેન્સેલરના પોશાકમાં સજ્જ થયા હતા. સર આસુતોષ મુકરજી વાઇસ ચેન્સેલરના પોશાકમાં હતા. ત્યાર બાદ નામદાર શહાનશાહ પધાર્યા હતા. સર આસુતોષે તેમને નમન કરીને માનપત્ર વાંચવાનો આરંભ કર્યો હતો. આ માનપત્ર ઘણું ડહાપણ ભરેલું હતું. તેમાં બ્રિટનના સંબંધથી હિંદને પાશ્ચમ તરફની કેળવણીનો, વિજ્ઞાનનો અને સાહિત્યનો કેવો લાભ થયો છે તેનું સ્પષ્ટિકરણ કર્યું હતું. આવા શાંતિમય રાજ્ય સાથે હિંદને પ્રાપ્ત થયેલા સંબંધને સારૂ ઇશ્વરનો ઉપકાર માન્યો હતો. ભેગાભેગી હિંદની યુનિવર્સિટીઓની ફરજો અને જોખમદારીઓનું પણ પણ વિવેચન કર્યું હતું. એક રૂપાના દાબડામાં મુકીને આ માનપત્ર નામદારને એનાયત કરવામાં આવ્યું હતું જે સ્વીકારવાની એઓશ્રીએ કૃપા કરી.

આ માનપત્રના જવાબમાં શહાનશાહ બોલ્યા હતા કે:—
"આજથી છ વર્ષ પૂર્વે કલકત્તાની યુનિવર્સિટીએ એનાયત કરેલી 'ડાકટર ઓફ લૉઝ'ની માનસૂચક પદવી મેં સ્વીકારી હતી તેની હમણાં યાદ કરૂં છું અને હિંદની ઉંચી કેવળણી તરફ મારી તીવ્ર અને હોંસભરી સહાનુભૂતિ છે એવું દેખાડવાનીં મને આ તક મળી છે તેથી મને આનંદ થાય છે."

યૂરોપિયનો અને હિંદવાસીઓની કેળવણી અને આકાંક્ષાઓ રફતે રફતે એક બીજાને સહાનુકુળ થઈને ઐક્ય થાય એમ થવામાં હિંદુસ્થાનની યુનિવર્સિટીઓ મદદ કરશે એમ હું ઇચ્છું છું. આવા ઐક્ય ઉપર હિંદુસ્થાનના ભવિષ્યનો મોટો અને મુખ્ય આધાર છે.

દિવસાનુદિવસ હિંદુસ્થાનની યુનિવર્સિટીઓએ શિક્ષણનો ક્રમ ઉન્નત અને વિસ્તારવાળો કર્યો છે તે મેં મારા જીગરની લાગણીથી નિહાળ્યો છે.

પરંતુ હજુ પણ ઘણું કરવાનું બાકી છે. જ્યાં સુધી પોતે સાહિત્ય અને વિજ્ઞાનની ઘણી અગત્યની શાખાઓનું શિક્ષણ તેમજ નવીન શોધખોળ સારૂ સુગમતાભર્યાં સાધન પૂરાં પાડી શકે નહિ ત્યાં સુધી કોઈ પણ યુનિવર્સિટી હાલના સમામાં સંપૂર્ણ છે એમ કહેવાય નહિ. તમારે તમારૂં જૂનું જ્ઞાન અને વિદ્યાનું સંરક્ષણ કરતાં સતાં આગળ વધીને પશ્ચિમના વિજ્ઞા-

નને સ્વીકારવાનું છે. તમારે તમારા તરૂણોનું ચારિત્ર્ય દ્રઢિભૂત કરવાનું છે. સુદૃઢ ચારિત્ર્ય વગર જ્ઞાનની કિંમત કાંઇ નથી.

તમારી મહાન જોખમદારીઓ તો સમજો છો એમ તમે કહો છો. તમારે બજાવવાના ધર્મમાં હું તમને ફતેહ ઇચ્છું છું. તમારા આશય હમેશ ઉચ્ચ રાખજો. તે સાધ્ય થવાને તમારા યત્ન અવિરત રાખજો અને ઈશ્વર કૃપાથી તમને ફતેહ જ મળશે.

છ વર્ષ પૂર્વે મેં ઇંગ્લંડથી હિંદ તરફ મારી સહાનુભૂતિ છે એવો સંદેશો મોકલ્યો હતો. આજે આહિં હિંદુસ્થાનમાં હું હિંદને આશા એ એક જ શબ્દની નવાજશ કરૂં છું. ચોતરફ નવા જીવનનાં ચિન્હ અને હીલચાલ નજરે પડે છે. કેળવણીને લીધે તમારામાં આશા ઉત્પન્ન થઇ છે. વધારે ઉંચી અને સારી કેળવણીને પરિણામે તમારામાં ઉચ્ચતર અને વધારે સારી આશાઓનો ઉદ્ભવ થશે.

દિલ્હી દરબારમાં મે જાહેર કર્યું હતું કે મારી આજ્ઞાનુસાર મારા ગવરનર જનરલ હિંદુસ્થાનમાં કેળવણીના પ્રસાર અને સુધારાને સારૂ મોટી રકમોની નીવાજશ કરશે.

મારી ઇચ્છા છે કે આખા હિંદમાં નિશાળો અને પાઠશાળાઓ પથરાઇ જાય, અને તેમાં અપાતા શિક્ષણને યોગે હુન્નરકળાઓ, ખેતીવાડી અને જીંદગીનાં દરેક કાર્યોમાં પોતાની

પદવી ટકાવી શકે એવા, વફાદાર તેમજ જનમંડળને ખપના એવા શહેરીઓ ઉદ્ભવ પામે. જ્ઞાનના પ્રસારને યોગે મારી હિંદની પ્રજાનાં ઘરોમાં આનંદ ફેલાઈ રહે અને તેમની મહેનતને શ્રમ કમી થાય એવી મારી ઇચ્છા છે. તેમ જ તેઓને જ્ઞાનનાં પરિણામ તરીકે ઉચ્ચતર વિચારો, સુખ અને આરોગ્ય પ્રાપ્ત થાય એવી મારી ઇચ્છા છે. મારી આ બધી ઇચ્છાઓ પૂરી પડવાનું સાધન માત્ર કેળવણી જ છે. હિંદમાં કેળવણીની અભિવૃદ્ધિને પ્રશ્ન મારા હૃદયમાં સર્વદા રહેશે.

મારા તરફ અને મારા રાજ્યવંશ તરફ તમારી વફાદારીની તમે આપેલી ખાત્રીથી, ગ્રેટબ્રિટન અને હિંદનું ઐક્ય વધારે સુદૃઢ થાય એવી તમારી ઇચ્છાથી, તેમ જ બ્રિટિશ છાયામાં તમે ભોગવો છો તે લાભોની તમે જે કદર કરો છો તેથી હું ઘણો પ્રસન્ન થાઉં છું. તમારા પ્રજાભક્તિ અને વફાદારી ભરેલા માનપત્ર સારૂં હું તમારો ઉપકાર માનું છું. ”

શહાનશાહના સદય હૃદયની સહાનુભૂતિ ભર્યાં વચનોની અસરનો એક જ દાખલો બસ થશે. યુનિવર્સિટી તરફથી આવેલા મંડળમાંના કેટલાકનાં નયનો સાનંદાશ્રુથી ઉભરાઇ ગયાં હતાં; અને એક ગૃહસ્થ તો બોલતા સંભળાયા હતા કે હવે અશાંતિ નહિ જ રહે.

શહાનશાહની કલકત્તાની પધરામણી પૂરી થઇ. તેઓશ્રી

તા. ૮ મીએ જેવી ધામધૂમથી પધાર્યા હતા તેવી જ ધામધૂમ સીધાવ્યા. લાખો લોકોએ શાલો અને રૂમાલો હવામાં ઉરાડીને જય ધ્વનિ કર્યો. 'રાજાકી જય, રાજરાજેશ્વરકી જય,' એ નાદ જ ચોતરફ સંભળાઈ રહ્યા હતા.

જતી વખત પ્રિન્સેપ ઘાટ ઉપર બંગાળાના કાયદા ઘડનાર મંડળે નામદાર શહાનશાહને માનપત્ર નજર કર્યું હતું. એના જવાબમાં શહાનશાહે એ પણ કહ્યું હતું કે 'બંગાળાની પ્રજા અમને અમારી વિદાયગીરી વખત પ્રેમ અને આભારથી છલાછલ થતાં હૃદયોની ભેટ આપે છે. ખાત્રી રાખજો કે નામદાર શહાનશાહબાનુને અને મને, અમારે માટે તેમજ અમારા વંશજોને માટે એ બેમૂલ ભેટ શિવાય બીજું કશું જોઇતું નથી. એ છલાછલ થતો પ્રેમ અને આભાર અમારા વંશજોને અમૂલ્ય વારસા તરીકે આપવા અમે અમારી જોડે લઇ જઇએ છિએ. અમારાં હૃદય ભરાઇ આવવાથી અમને સ્વાગત આપવા સારૂ તેમજ તમારી વચ્ચે અમારો નિવાસ સુખપ્રદ કરવા સારૂ તમે જે જે કર્યું છે તેનો યથાયોગ્ય શબ્દોમાં આભાર દર્શાવી શકાતો નથી. તમારાથી છૂટાં પડતી વખતે શહાનશાહબાનુ અને હું પ્રાર્થના કરીએ છિએ કે અમારી બંગાળાની પ્રજા નાત, જાત અને ધર્મના તફાવત શિવાય એક બીજાની જોડે સાહાનુભૂતિ અને ભ્રાતૃભાવનાં બંધનોથી જોડાય. તેમજ ઇશ્વરી સહાયથી તેઓ એકત્ર થઇને સમગ્ર પ્રજાનાં સુખ, સંતોષ અને આબાદાની સારૂ નિરંતર પ્રયત્ન કરે."

ત્યાર બાદ સઘળાનાં નમન ઝીલતાં ભરાઇ આવેલા હૃદયો-વાળાં શહાનશાહબાનુ અને શહાનશાહ કલકત્તાથી વિદાય થયાં.

નામદાર શહાનશાહના પ્રવાસ વખતે કાંઇ અનિષ્ટ થશે એવો ભય પોલીસને હતો તે છાની વાત નથી. ન્યાયની ખાતર કહ્યા વગર ચાલે નહિ કે પોલીસ કાંઇ આખી પ્રજાનો અણુ-વિશ્વાસ રાખતી નહોતી. પણુ કોઇક બદમાસ, કોઇક નબળા મનનો ઝનૂની કાંઈ તોફાન કરી બેસે એવી સંભાળ રાખવાની હતી. પણુ પ્રવાસનો પરિણુામ શો આવ્યો? અથથી તે ઇતિ સુધી એક પણુ નાખુશકારક બનાવ બન્યો નથી. નામદાર શહાનશાહ અને શહાનશાહબાનુને સર્વત્ર સંપૂર્ણુ માન અને ઉભરાઇ જતા પ્રેમથી જ વધાવી લેવામાં આવ્યાં હતાં.

સલાહ શાંતિ અને ન્યાયને લીધે બ્રિટિશ રાજ્ય તરફ દરેક હિંદવાસીની રાજ્યભક્તિ ઘણી છે. એમ છતાં પણુ બીજાં બળ છે કે જેને લીધે હિંદવાસીઓ બ્રિટિશ રાજ્યને ચહાય છે. પ્રથમથી જ દેવીશ્રી વિકટોરિયા તરફ પ્રજાને પૂજ્ય બુદ્ધિ છે. મર્હુમ શહાનશાહ ૭ મા એડવર્ડ યુવરાજપદે હોઇને અહિં પધાર્યા તે વખત ઈંગ્લાંડના તાજની સાથે તેમણે પ્રજાનાં હૃદયોનું બંધન કર્યું હતું. પણુ નામદાર શહાનશાહે તો તે બંધન મજબુત લોઢાની જબરી ઝંઝીરો હોય એમ કરી દીધું છે.

પ્રકરણ ૧૮ મું.

તા. ૧૦ મીએ નામદાર શહાનશાહનો હિંદનો પ્રવાસ પૂરો થયો. મુંબાઈ જતાં રસ્તામાં એઓશ્રી કલાકેક નાગપૂરમાં થોભ્યા હતા. મુંબાઇમાં પણ લોકો રાજ્યભક્તિથી ગાંડાંતૂર થઇ ગયાં હતાં. જતી વખત એપોલો બંદર ઉપર એઓશ્રીને ધારામંડળ તરફથી માનપત્ર રજુ થયું હતું. આ માનપત્રનો જવાબ નામદાર શહાનશાહે આપ્યો હતો કેઃ—

“ મુંબાઇ ઇલાકાની પ્રજાની વતી જે વિદાયગીરીનું માનપત્ર તમે આપો છો તેને સારૂ શહાનશાહબાનુ તેમજ મારી પોતાની તરફથી હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.”

“ તમારી રાજ્યધાનીમાં આવતાં જ અમને અંતઃકરણપૂર્વક આવકાર મળ્યો હતો. ત્યારથી શરૂ થઇને ગયાં પાંચ અઠવાડીઆમાં દરેક સ્થળે સ્થળે અમે ઉત્સાહિત રાજ્યભક્તિ જ નિહાળી છે. આજે વિદાયગીરીનાં અને નિર્વિઘ્ન પ્રવાસનાં લાગણીવાળાં તમારાં વચનો સંતોષ તેમજ ખેદભર્યા દીલથી સાંભળ્યાં છે.

" અમારી આ મુલાકાતથી હિંદને લાભ થશે એવા આશાભર્યા ભવિષ્યના તમે કરેલા સૂચનથી અમારા હૃદયની ઉત્કટ અભિલાષા અમે પૂર્ણ કરી એમ ધારીને અમારા હૃદયમાં આભારની વૃત્તિ વધારે દ્રઢિભૂત થાય છે.

" હિંદની મારી રાજ્યભક્ત પ્રજા વચ્ચે ફરીથી આવવાથી મને અતુલ આનંદ થાય છે. પ્રજાનો અમારા પ્રતિ શુદ્ધ પ્રેમ અને ભક્તિભાવ જોઈ શહાનશાહબાનુને અને મને કેવી મનોગત લાગણી થઈ તે શબ્દોથી વર્ણવી શકાય એમ નથી. અમને લાગે છે કે અમારા તરફ આવી ભાવનાઓ પ્રજાના હૃદયના ઉંડાણમાં વાસ કરી રહી છે.

" આ સુખ ભરેલા સમયમાં અમને ખેદ કરવાનું માત્ર એક જ કારણ હતું, તે એ જ કે અમે આ દેશમાં વધારે રહી શકવાને, પુરાતન મદ્રાસ ઇલાકાની મુલાકાત લેવાને, અને ઉદાર ચિત્તથી અમને નિમંત્રણ કરનારા અનેક દેશી રાજાઓનાં રાજ્યોની મુલાકાત લેવાને અમે સમર્થ નથી.

" હિંદનો કિનારો છોડીને જતાં અમને મળેલા ખૂશ્નુમા આનંદનું સ્થાયી સ્મરણ અમે લેતાં જઇએ છિએ. ઘણી જ વિચારવંત સંભાળ અને સ્નેહભરી લાગણી હોય તો જ અમને મળ્યો તેવો આનંદ ઉત્પન્ન કરે એવાં સાધનો યોજી શકાય છે.

"અમે આતુરતાથી વિશ્વાસ રાખીએ છીએ કે પરમેશ્વરની કૃપાથી અમારી મુલાકાતવડે આ મહાન ખંડના લોકોનુ સર્વ સામાન્ય કલ્યાણ થાઓ! પૃથ્વિ ઉપરના બીજા ભાગોમાંની મારી લાખો પ્રજાઓના લાભ અને આબાદાનીની પેઠે હિંદવાસીઓના લાભ અને આબાદાની પણ અમારા હૃદયની સમીપ રહી અમને એટલાં જ પ્રિયકર થઈ પડશે.

"આવો હૃદયંગત અને નિર્મળ પ્રેમ ભર્યો આવકાર આપવામાં સઘળી નાત જાત અને ધર્મની પ્રજાઓ એકત્ર થઈ છે તે જોઈને અમને અત્યંત આનંદ થયો છે. તેમના પોતાના જાહેર અને ખાનગી જીવનના નિત્યના સંબંધમાં આવું જ ઐકય અને એકરાગ ઉત્પન્ન થાય એ શું સંભવિત નથી? (હર્ષનાદ) એમ જો બને તો અમારા હિંદના પ્રવાસનું એક સુખપ્રદ ફળ સંપાદન થયું ગણાશે.

"અમે આવ્યાં ત્યારે તેમ જ અમારી વિદાયગીરી પ્રસંગે આટલી બધી લાગણીથી આવકાર આપનારા તમને—મુંબાઈના પ્રતિનિધિયોને—અમારી વિદાયગીરી વખતે અમારી હિંદની શહાનશાહતને પહોંચાડવાનો આ સ્નેહભર્યો સંદેસો સોંપીએ છીએ.

"સર્વ શક્તિમાન પ્રભુ હિંદની શહાનશાહતનું ભલું કરવામાં, તેમ જ તેને સમૃદ્ધિ અને શાંતિનાં સુખો મેળવી આપવામાં મને અને મારા વારસોને સદા સહાય આપો!"

આ થઇ રહ્યા પછી વિદાયગીરીની પળો પાસે આવી. શહાનશાહ અને શહાનશાહબાનુ સિંહાસનેથી ઉઠીને વિદાય થયાં. પ્રજાના લોકો તેમનાં સુગમતાથી દર્શન ન થઇ શકે એટલા દૂર હતા તે શહાનશાહે જોયું, અને શહાનશાનબાનુના કાનમાં ધીરેથી કાંઈ કહ્યું, એટલે એઓશ્રી છૂટાં પડીને દર્શનાતુર લોકો ઉભા હતા ત્યાં જઇને એકાદ મિનિટ ઉભાં રહ્યાં અને લોકોએ તેમને હર્ષનાદથી વધાવી લીધાં. એઓશ્રીએ ભરેલા હૃદયથી બધાનું નમન સ્વીકાર્યું. અને બાદશાહી યુગલ મદિનાપર જવા ઉપડયું. હિંદ છોડતાં બન્નેને થયેલો ખેદ તેમનાં મુખાર્વિંદપરથી જણાઇ આવતો હતો. શહાનશાહના જવાબના શબ્દો પણ ગળગળા હતા. છેક પાસે ઉભેલા પ્રજાજનોએ શહાનશાહબાનુનાં નયનમાંથી પડવાને ટમટમી રહેલાં સખેદાનંદાશ્રુનાં ટીપાં દીઠાં હતાં. તેમણે મહા મુશ્કેલીએ પોતાની ગંભીરતા જાળવી હોય એમ જણાતું હતું. પોતાની જોડેના કાફલા સહિત ‘ મદીના ’ એ લંગર ઉપાડયું. ધીરી ગતિએ હિંદને માત્ર થોડાં અઠવાડીઆં જ રહી , આનંદ આપી, પ્રજા માત્રનાં હૃદયો પોતાની સાથે લઇ નામદાર શહાનશાહ પાંચમા જોર્જ અને શહાનશાહબાનુ ઇંગ્લાંડ તરફ સિધાવ્યાં. એક રાજવંશીએ મુલાકાત વખતે કહ્યું હતું કે હું વૃદ્ધ થયો અને આપ નામદારને ફરી નિહાળી નહિ શકું; તેના જવાબમાં શહાનશાહે દુભાષિયા માર્ફત કહેવરાવ્યું હતું કે હું પાંચ નહિ તો દશ વર્ષે પણ ફરી આવીશ. એ સુહાગી દીન વહેલો આવે !

વિદાયગીરીને દિવસે શહાનશાહે ઇંગ્લાંડના મુખ્ય પ્રધાનને તારમાં સંદેશો મોકલ્યો હતો કેઃ—

"હિંદુસ્થાન છોડીને અમારા વતન તરફની સફરનો આરંભ કરીએ તે પહેલાં મારી ઉત્કટ અભિલાષાઓ ફળીભૂત થઇ છે અને સઘળાં ખાનગી તેમ જ જાહેર અને પ્રત્યક્ષ સાધનો દ્વારા મને માલુમ પડયું છે કે અમારા હિંદના પ્રવાસની ફતેહ અમારી સઘળી ધારણા કરતાં પણ વિશેષ થઇ છે, એ વાત જાણીને મારી સરકારના વડા તરીકે, તમે ખુશી થશો એવી મારી ખાત્રી છે. મુંબાઇ, દિલ્હી, અને કલકત્તા જ નહિ પણ શહાનશાહબાનુ અને હું જ્યાં જ્યાં ગયાં હતાં ત્યાં ત્યાં એમ જ બન્યું હતું. સઘળી વર્ણ, વર્ગ અને ધર્મની પ્રજા અમને ભુલાવો ન ખવાય એવા શુદ્ધ હર્ષ અને પ્રીતિ ભર્યો આવકાર આપવામાં એકત્ર બની ગઇ હતી. દિલ્હી દરબારનો દબદબા ભર્યો દેખાવ દીર્ઘદૃષ્ટિ અને ડહાપણ ભર્યા વિચારનું પરિણામ હતું. નામદાર વાઇસરોય અને તેમના અમલદારોના અથાગ શ્રમના ફળ તરીકે દરબારની ગોઠવણો પાર પાડી છે. વાઈસરોયની આનંદભરી મુલાકાત દરમિયાન અમારાં સુખ, સગવડ અને મોજની ખાતર આખું કલકત્તા તેનાથી જેટલું બની શકે તે કરવાને એકત્ર થઈ ગયું હતું. મને ખુશાલી ઉપજે છે

કે મારા અને ઇંગ્લાંડની મારી પ્રજા વચ્ચેના પરસ્પર વિશ્વાસ વડે જ હું મારા હૃદયની ઇચ્છા પૂરી પાડવા શક્તિમાન થયો છું. કાળના વહેવા સાથે અમારી મુલાકાતથી હિંદને અને સાધારણ રીતે આખી શહાનશાહતને જાથુનો લાભ થયેલો સાબીત થાય, તો મારા આ સંતોષમાં ઓર વધારો થશે."

સમાપ્ત.